# श्री जैन श्वेताम्बर कोन्फरन्स हेरल्ड.

खामेमि सव्वे जीवा, सव्वे जीवा खमंतु मे,
मित्ति मे सव्वभूएसु, वेर मज्झं न केणई.

પુસ્તક ૯ અંક ૯ વીર સંવત ૨૪૩૮ સપ્ટેમ્બર. ૧૯૧૨.

## GIVE US MEN !

GOD give us men! A time like this demands
Strong minds, great hearts, true faith and ready hands;
Men whom the lust of lucre does not kill;
Men whom the spoils of office cannot buy;
Men who possess opinions and a will;

Men who have honour; men who will not lie;
Men who can stand before a damagogue
And damn his treacherous flatteries without winking;
Tall men, sun-crowned, who live above the fog,
In public duty, and in private thinking:

For while the rabble with their thumb-worn creeds,
Their large professions, and their little deeds,
Mingle in selfish strife, Lo! freedom weeps;
Wrong rules the land, and waiting Justice sleeps.

—Oliver Wendell Holmes.

# NAYA KARANIKA

## ( A PRIMER OF JAIN LOGIC )

*Naya–karnika* means *Naya* and its K*arnika*. *Naya* means a standpoint or an aspect of viewing a thing from, that standpoint or aspect. Ka*rnik*a means a pericarp, or the central point of a flower. A thing which is to be viewed with different aspects is the pericarp or the central point and the various standpoints, from which it is viewed, from various petals surrounding the pericarp. Thus the title '*Naya*-Ka*rnik*a' is fully borne out by what is said in the work; the title is not irrelevant. Taken as a whole *Naya*–Ka*rnik*a means a flower which has for its pericarp or central point the thing to be viewed; and for its petals the various standpoints from which it ( the thing ) is viewed.

### BENEDICTION AND SUBJECT

वर्धमानं स्तुमः सर्वनयनद्यर्णवागमम् ।
संक्षेपतस्तदुन्नीतनयभेदानुवादतः ॥ १ ॥[1]

We revere [2] Vardhmàna, whose gospel is an ocean for all aspects of things in the form of rivers to flow into, by transcribing in brief the various aspects, culled from it (the ocean-like gospel), 1.

### NAMES OF THE NAYAS:—

नैगमः संग्रहश्चैव व्यवहारर्जुसूत्रकौ ।
शब्दः समभिरूढैवंभूतौ चेति नयाः स्मृताः ॥ २ ॥

(Seven) Stand-points are spoken of viz. the non-distinguished (*Naigama*), the collective-generic (*Sangraha*), the practical (*Vyavahara*), the straight-expression (*riju-sutra*); the verbal (*Shabda*), the subtle (*Sambhirudha*), and the such–like (*Evambhuta*) standpoint, 2.

---

1 The verses 1 to 21 are in *Anushtup* metre.

2. Mahavira, the last of the 24 *Tirthankaras* ( Prophets ).

## GENERAL AND SPECIFIC PROPERTIES OF THINGS.

अर्थाः सर्वेऽपि च सामान्यविशेषोभयात्मकाः ।
सामान्यं तत्र जात्यादि विशेषाश्च विभेदकाः ॥ ३ ॥

Among other properties, all objects have these two properties also, viz (1) सामान्य-*Samanya* or the generalizing (general) properties and (2) विशेष-*Vishesha* or the differentiating (specific) properties; the general expressing the genus *(Jati)* etc, the specific expressing the -species-differences-distinctions. 3.

## DISTINCTION BETWEEN GENERAL AND SPECIFIC PROPERTIES, OR ILLUSTRATIONS OF SAMANYA AND VISHESHA.

ऐक्यबुद्धि र्घटशते भवेत्सामान्यधर्मतः ।
विशेषाश्च निजं निजं लक्षयन्ति घटं जनाः ॥ ४ ॥

By means of general properties, in each of hundred (only for the sake of specification, a number of hundred is here placed. Truly it means 'all'.) jars, one idea (of jar-ness) is recognized; while by means of specific properties, people distinguish each individual-particular jar as their own. 4.

EXPLANATION—Suppose there are lying here many jars; if we look to them from the standpoint of their general property, we shall realize jar-ness or the quality of their being a 'jar' common in all of them: but if we view them from the aspect of their differentiating property, we shall feel their qualities different, some jars being large, some small, some jars of red colour, some of black, some belonging to A, some to B, and so on. 4

## THE CHARACTERISTICS OF THE NON-DISTINGUISHED OR NAIGAMA NAYA-STAND-POINT.

नैगमो मन्यते वस्तु तदेतदुभयात्मकं ।
निर्विशेषं न सामान्यं विशेषोऽपि न तद्विना ॥ ५ ॥

The non-distinguished (*naigama*), regards an object as possessing both the aforesaid (general and specific) properties; (because) there is no general property unaccompanied with the specific property

nor even the specific property is unaccompanied with it ( general property ). 5

*Naigama* (नैगम=न + एक + गम-नैके गमो यस्येति नैगम. न = not, एक = one, गम = aspect, view, standpoint ) means that which does not consider (only) one aspect, that is, which regards both *Sâmânya* and *Vishesha*. This aspect of *Naigama* is true because *Samanya* is not irrelative of *Vishesha* and vice versa. In the third verse we saw that all objects are possessed of both general and specific properties. 5

THE CHARACTERISTICS OF THE COLLECTIVE (SANGRAHA) NAYA —STANDPOINT.

संग्रहो मन्यते वस्तु सामान्यात्मकमेवाहि ।
सामान्यव्यतिरिक्तोऽस्ति न विशेषः खपुष्पवत् ॥ ६ ॥

The collective ( *Sangraha*) considers an object as possessing, only the general properties. This view of *Sangraha* is also right, because there exists no *Vishesha* apart from *Samanya* i. e. both *Vishesha* and *Samanya* are co-existing, coincident, like flower and space i. e. where there is flower, there is space, where there is space, there is flower. But *Samanya* devoid of *Vishesha* is khapushpavat (like sky-flower), quite nonentity-' no where '. 6

SANGRAHA ILLUSTRATED, OR INSTANCES OF THE COLLECTIVE STANDPOINT.

विना वनस्पतिं कोऽपि निम्बाम्रादिर्न दृश्यते ।
हस्ताद्यन्तर्भाविन्यो हि नाङ्गुल्याद्यास्ततः पृथक् ॥ ७ ॥

Not a single nimb, mango or any other tree is conceived apart from (its general property ) ' Vegetable-ness '.( This mango tree and this 'nimb tree and this oak tree and all other trees and plants give us the common idea of their being 'Vegetables'. As trees and plants they are different, but they are all alike ' Vegetables'. the common property of vegetableness is running alike through all of them. ) In the same way fingers etc. which are included in the idea of hands etc. cannot be conceived of separately from the hands etc. 7.

THE CHARACTERISTICS OF THE PRACTICAL -VYAVAHARA STANDPOINT.

विशेषात्मकमेवार्थं व्यवहारश्च मन्यते ।
विशेषभिन्नं सामान्यमसत्‌ खरविषाणवत्‌ ॥ ८॥

The practical (*vyavahara*) takes into consideration an object as possessing the specific properties only (as, or this view of *vyavahara naya* is also right because,) the general property as separate from the specific property is a nonentity as donkey's horns. 8.

INSTANCES OF THE PRACTICAL STANDPOINT.

वनस्पतिं गृहाणेति प्रोक्ते गृह्णाति कोऽपि किम्‌ ।
विना विशेषान्नाम्रादींस्तन्निरर्थकमेव तत्‌ ॥ ९ ॥

(You want the special vegetable of the mango-fruit. You ask your man in general terms, 'bring me a vegetable;' You do not specialize the mango-vegetable. What will your man bring? He may bring any vegetable other than the mango, which is of no use to you. Similarly the practical view of things (*Vyavahara naya*) has regard to specific properties of things only, irrespective of their general ones. General conceptions have no utility in practice.) If you ask a man to take a tree, what will he take but some specific tree as mango-tree etc; hence the same (general property) is of no use. 9.

ANOTHER ILLUSTRATION

व्रणपिण्डीपादलेपादिके लोकप्रयोजने ।
उपयोगो विशेषैः स्यात्सामान्ये न हि कर्हिचित्‌ ॥ १० ॥

When people apply poultice to a wound and ointment to feet, the use of specific properties is made, and never of the general properties. 10

EXPLANATION—A wound or a bruise or a mere scratch on the foot or leg or ankle or any other part of the body, would require 'ointment' for their healing, but the wound will require its special ointment, and so the bruise and the scratch. As genus,

they will all be ointments, but as species to heal the wound their properties must be different and specific. 10.

THE CHARACTERISTICS OF THE STRAIGHT EXPRESSION (*Rijusutra*) STAND-POINT :

ऋजुसूत्रनयो वस्तु नातीतं नाप्यनागतम् ।
मन्यते केवलं किन्तु वर्तमानं तथा निजम् ॥ ११ ॥

The straight expression (*Riju-sutra*) considers nothing past nor even future; but (it) only considers (1) a thing as it exists at present, and (2) recognizes the natural state of the thing i. e. its real natural state only. (It does not recognise the attributed state, as *Vyavahara Naya* does).

ARGUMENT AS TO THE CHARACTERISTICS OF THE STRAIGHT EXPRESSION STANDPOINT.

अतीतेनानागतेन परकीयेन वस्तुना ।
न कार्यसिद्धिरित्येतदसद् गगनपद्मवत् ॥ १२ ॥

(The *Riju sutra* point of view is also right, because (It is to no good to think of the past or the future or the unreal attributed (conventional) qualities. (The past, the future and the unreal, attributed qualities are 'nonentities', like flower in the sky) i. e. a thing living in the present and that in its real natural state is only true. 12

(A question is likely to arise as to the real natural and unreal attributed state of things. The author touches upon the point in the next verse.)

NIKSHEPAS OR MODES OF RECOGNIZING THINGS AND THEIR BEARING WITH THE RIJUSUTRA AND THE SUCCEEDING NAYAS.

नामादि चतुर्ष्वेषु भावमेव च मन्यते ।
न नामस्थापनाद्रव्याण्येवमग्रेतना अपि ॥ १३ ॥

[There are four modes of recognising a thing. They are technically termed '*Nikshepas*' They form the unreal attributed and the real natural state of the thing. The first three are unreal

attributed, the fourth and the last one is real natural. A thing is recognised by (1) its name (*Nama Nikshepa*,) (2) by its shape or image (*Sthapana Nikshepa*,) (3) by the unfailing causes surely to bring out or evolve its real natural state (*Dravya Nikshepa*) and (4) (the final effectual) real natural state (*Bhava Nikshepa*). From this we can see that neither the name, nor the shape or image, nor the unfailing causes surely bring out the real natural state of the things-constitute its real natural state. They are all its unreal attributed qualities. The only natural state (*Bhava Nikshepas*) of the things really constitutes the thing.]

[After this introduction into *Nikshepas* we can follow the author in the 13th verse.]

(The *Rijusutra naya*) recognises only the real natural state of a thing out of four (*nama, sthāpanâ, dravya, bhāvanikshepas*—impositions) beginning with the name (*nama*); And in the same way the succeeding standpoints.

*Rıju sootra* and its succeeding *nayas* viz. *Shabada*, *Samabhiroodha* and *Evambhoot* take cognizance of the fourth *Bhava Nikshep* only. They look upon things in real natural state. They give no weight to the unreal attributed state, viz. the name, or shape-image, or causes calculated to evolve the natural state. (*Nigama Sangraha*, and *Vyavahara* recognize all the aforesaid four modes, or *Nikshepas*). 13

THE CHARACTERISTICS AND INSTANCES OF THE VERBAL-SHABDA STANDPOINT.

अर्थ॰ शब्दनयोऽनेकैः पर्यायैरेकमेव च ।
मन्यते कुंभकलशघटाद्येकार्थवाचकाः ॥ १४ ॥

There are different words expressing one object; *Shabada naya* does not take into consideration the difference of the terms. It considers such words as equivalents, for example, (in Sanskrita a jar is called) *Kumbha*, *Kalasa*, *Ghata* etc. which are expressive of one and the same object (viz. a jar). 14.

THE CHARACTERISTICS AND INSTANCES OF THE SUBTLE (SAMABHIRUDHA) STANDPOINT.

मते समभिरूढोऽर्थे भिन्न पर्यायभेदतः ।
भिन्नार्थाः कुंभकलशघटा घटपटादिवत् ॥ १५ ॥

Whereas, the *Samabhiroodh Naya* does consider the difference of words expressing the same object. It holds that with the difference of the words expressing the object, the expression of the object also differs. *Samabhiroodha* considers such words as synonyms, and not as equivalents like *Shabda*.

For instance just as a jar ( घट ) and a cloth (पट) are different, so a jar, a pitcher, and a pot [*Kumbha, Kalasa* and *Ghata* though synonyms,] are different things-objects [according to their derivative meanings: for instance *Ghata* is that which makes a noise like *Ghata*, *Ghata*, and so on.] 15

ARGUMENT AS TO THE CHARACTERISTICS OF THE SUBTLE (SAMBHIRUDHA) STAND POINT.

यदि पर्यायभेदेऽपि न भेदो वस्तुनो भवेत् ।
भिन्नपर्यायो न स्यात् स कुंभपटयोरपि ॥ १६ ॥

(For] if different synonyms (*Paryayas*) of a thing do not distinguish that thing, there can be no such (distinction) between a jar and a cloth, which have (also) different words (Paryayas) for them. 16.

THE CHARACTERISTICS OF THE SUCH-LIKE STANDPOINT

एकपर्यायाभिधेयमपि वस्तु च मन्यते ।
कार्यं स्वकीयं कुर्वाणमेवंभूतनयो ध्रुवम् ॥ १७ ॥

An object may be denoted by only one term, but it is fulfilling (is in the state of fulfilling), at the very moment when it is denoted by the said term, its own natural function as expressed by the term, -then *Evambuta* recognizes it. According to *Evambuta* the expression of the object, and the fulfilling of the function of the object as expressed by the term must be simultaneous.17

ARGUMENT AS TO THE CHARACTERISTICS OF THE SUBTLE STAND POINT.

यदि कार्यमकुर्वाणोऽपीष्यत तत्तया स चेत् ।
तदा पटेऽपि न घटव्यपदेशः किमिष्यते ॥ १८ ॥

(For) If a thing be recognized, even when it does not fulfil its function, then why can the cloth not be called a jar ?

Explanation—For if a thing is not in the state of fulfilling the function, as expressed by the term at the very moment that the expression is made, and still it be recognized as that thing, then why ? even a jar can be called a cloth, though it is not in the state of fulfilling the function of a cloth. Etymologically *Evambhoota* means 'True in its entirety to the word and the sense,' all the qualities denoted by the word being prominent. *Samabhiroodha* is also true to the word and the sense, but not entirely, some of the qualities being in the back-ground, or not yet realized. *Shabd*a is also true to the word and the sense, but not so true as *samabhirudh*a, more qualities being in the back-ground here. Thus *shabda, samabhiroodha* and *evambhoota* are more or less one and the same sort of *nayas* and so *Shree Umāswāti Vāchaka* groups them all in one *Sāmprata*, but separately each succeeding *naya* is purer and of greater importance than the preceding one. 18

INTER-RELATION BETWEEN THE SAID STAND POINTS, THEIR IMPORTANCE AND THEIR DIVISIONS.

यथोत्तरं विशुद्धाः स्युर्नया सप्ताप्यमी तथा ।
एकैकः स्याच्छतं भेदास्ततः सप्तशताप्यमी ॥ १९ ॥

These seven stand-points -*nayas* are as we go down purer (i. e. each succeeding stand-point is purer than the preceding one. ) Each one may be subdivided into hundred ones, hence there would be, in all, seven hundred sub-divisions. 19.

अथैवंभूतसमभिरूढयोः शब्द एव चेत् ।
अन्तर्भावस्तदा पंच नयपंचशतीभिदः ॥ २० ॥

But if we include[1] the subtle (*samabhiroodha*) and such-like (*evambhoota*) in the verbal[2] (*Shabda*) stand-point, then there would be five stand-points, and the same can be divided into five hundred. 20

द्रव्यास्तिकपर्यायास्तिकयोरन्तर्भवन्त्यमी ।
आदावादिचतुष्टयमन्त्ये चान्त्याऽस्त्रयस्ततः ॥ २१ ॥

These ( seven aspects ) can be included into-grouped under [two i. e. ] (1) **dravyastika naya* which considers the common attributes to all the *dravyas* and recognises the real as well as the attributed state of things; and (2) **paryayastika-naya*, which considers the specific attributes of each object and recognises only the real natural state of the object. The former includes the first four and the latter the last three (according to some *āchāryas* the former includes the first three and the latter the last four.) 21.

---

1 Compare the *bhāsya* on *Umāswāti* in 1–35 observes :-

यथार्थाभिधानं शब्दः । नामादि प्रसिद्धपूर्वाच्छब्दार्द् अथ प्रत्ययः साम्प्रतः ॥
सत्सु अर्थेषु असंक्रमः समभिरूढ । व्यञ्जनार्थयोरेवम्भूत इति ॥

*Tatvarthadhigama Sutra-p,* 32.

2 नैगम संग्रह व्यवहारर्जुसूत्रशब्दा नयाः ॥ १–३४ ॥

*Tatvarthadhigama Sutra-p,* 32.

Note—From both of the above quotations it will appear that *Umaswati* makes a mention of five *nayas* including the suble and such-like ( *samabhiroodha* and *evambhoota* ) stand-points into the verbal (*Shabda*) and while doing so he gives a different name viz;—the suitable (*Samprata*) to what we know hereby the name 'Verbal' (*shabda*)

* More commonly called *dravyarthika* and *paryāyārthika nayas*.

HOW ARE ALL THESE ASPECTS EMBODIED IN THE JAIN PHILOSOPHY?

सर्वे नया अपि विरोधभृतो मिथस्ते,
सम्भूय साधुसमयं भगवन् भजन्ते।
भूपा इव प्रतिभटा भुवि सार्वभौम-
पादाम्बुजं प्रधनयुक्तिपराजिता द्राक् ॥ २२॥+

Oh Lord! although all stand-points differ from themselves *inter se*, they collectively serve your gospel, just as on earth kings though hostile to each other, after having been defeated in military warfare serve at the lotus-like feet of-pay homage to-the Sovereign-Emperor. 22.

CONCLUSION

इत्थं नयार्थकवचः कुसुमैर्जिनेन्दुः
र्वीरोऽर्चितः सविनयं विनयाभिधेन।
श्री द्वीपबंदरवरे विजयादिदेव-
सूरीशितु र्विजयसिंहगुरोश्च तुष्ट्यै ॥ २३ ॥

Thus the Lord Mahaveera-the moon among the *Jinas-Kevalins* was with modesty worshipped by means of flowers in the form of words explaining the significance of *naya*-stand-points by me named Vinaya [-vijaya ],in order to satisfy the Guru Vijayasinha - a disciple of Vijayadeva suri, in the beautiful seaport of shree Dveepa.* 23.

# *A Synopsis of the theory of Karma.*

AS EXPLAINED BY JAINISM.

The word *Karma* (कर्म) is derived from the Sanskrit root *Kri* (कृ) to do. It therefore ordinarily means "whatever is done through the instrumentality of mind, speech or action." But in

+ The verses 22 & 23 are in *Vasatn-tilaka* metre.

* The present Diva in Kathiawar.

the Jain technicality the word *karma* conveys a deeper significance than is commonly attached to it by non-Jains. Its meaning as understood by Jainism may be roughly defined thus.

"The groups of material substance attracted by the soul and impregnated by the power of its will *bhava* so as to fructify in various ways."

This definition is as imperfect as it is comprehensive and a crude attempt at putting in the smallest possible compass what has been discussed thread—bare and elaborately systemetised by the propounders of Jainism. The material particles have no influence over the soul unless and until they have been gathered by the will of the soul and imbued with its power. The whole position therefore resolves itself into the simple proposition that the soul is governed by its own will (*bhava*) which draws to itself such *karmic* particles as bear affinity to the nature of the will attracting it. The will determines the nature of *Karma* to be attracted. *karma* is thus the governing factor of all the actions of the individual soul and predominates over it on account of its bulk and gravitation. Contrary is the case when the soul asserts its spiritual power and disperses the *karmic* influences. There is thus raging a constant mute battle between these two entities over the battle-field of the soul, one sinking into submission when the other is in the ascendent, and *Vice Versa*.

These *karmas* are at the root of every movement of the soul. Whatever the soul does, it does at the bidding of the *karma*. The soul is guided through its infinite round of transmigrations in the orbit of *Sansar* (संसारचक्र) by it. It cannot breathe nay even stir of its own accord independent of the control of the *kârma*, though of course it can diminish and sometimes eradicate its power by its superior subjective strength, which the soul can develop when *karmic* forces are less inexorable. The question of pre-destination and free-will (*Prarabdha and Purushartha*) naturally steps in

at this stage of the enquiry--a subject too vast in itself to be adequately handled here. Both govern more or less the conduct of the soul. Jainism postulates five categories (*samavayas*) as governing the actions of the soul, of which the *karma* or predestination, and free-will or the liberty of action unhampered by the stress of the *karma*, are two. They seem opposed to each other-each the negation of other-but that is not the case. Out of the five categories, only one is predominant at a given time, the rest occupying subordinate position and hence less powerful but never totally inoperative.

The union of the soul with *Karma* dates from the beginning of Time. Did Time, in its absolute sense ever start running? No. Then the *Samyoga*-union of both may best be described as *Anadi* or beginningless. The chain of cause and effect may be lengthened back into the hidden Past without ever stopping. None can fathom this profound mystery except the Supreme Being, the *Kevalin*.

It may be doubted "The very word 'Union' is in itself a sufficient argument that there must be a point of time when they may have been united. To use the word *Samyoga* and not to assign a time when it occurred is a contradiction in terms." The answer which the Jainism vouchsafes is that the human language is quite an inadequate medium for conveying the right sense. What really is proposed to be conveyed is that at no time were they united. None, *Kevalin* not excepted, can point to any time when the union may be said to have taken place. The soul was never free from *Karma* at any time in the past. This negative mode of expression is more favourite with Jainism than the positive one, as the latter fails to convey the proper sense. The word 'union' is employed only to signify that though united, their respective attributes are never affected in the least nor absorbed one by the other into itself beyond reclamation. The simile employed by Jainism to typify this, is the union of water with milk. When mixed up they present to all intents and purposes, an ap-

pearance of one homogenious substance but they can be differentiated by placing the pot containing them on fire which eveporates the water and retains only the milk, the process showing that both are different in substance as well as in essence though they looked as one in essence in a combined form. Likewise, the Spirit and Karma look ostensibly as one substance, but really they are different in essence, both having attributes of their own having nothing in common with one another. Pure spirit plus the *karma* is termed soul.

*Karma* by its very nature is inert. It is *Pudgal* as the term goes among the Jains. This *Pudgal* pervades the whole space (*Akash*) in a variety of forms and combinations and is drawn or repelled by the soul by the sympathy or antipathy of its will. The *Pudgal* drawn by the soul goes to swell the volume of the previously accumulated K*armas*, of which three are 8 principal kinds classified according to the ways in which they obscure the innate nature of the soul. The soul is free when it shakes off this brood of K*armas* which binds it to earth and goads it relentlessly on, in its unceasing migrating course. These *Pudgal* or *karma* are composed of the primeaval atoms which is the pure ultimate state of *Pudgal* indivisible and invisible to the human eye. When two such atoms combine, the formation is termed binary group–*dwanuka skanhha*. The aggregation of three atoms is called tertiary group ( *tryanuka skandha* ), the aggregation of innumerable atoms is known as ( *asankhyâta-skandha* ) and so on *ad infinitum*.

The principal groups of *karmas* are called *Mula Prakritis* which, as mentioned above, are 8 in number. These are further subdivided into 158 *Uttara Prakritis* They are constantly at work to suppress or uplift the soul according as they are good or evil. The principal groups may be thus defined.

I. *Jnânavarniya Karma*:- The accumulation of Karmic groups (*Karma Vargana*) which shrouds the intellectual nature of the soul and obstructs the knowledge of all sorts. The intellectual

reasoning and all other mental faculties are rendered inoperative, sluggish or lethargic by the approximation of these *Skandhas*. The individual in whom these *karmas* preponderate, is ordinarily known as 'thick-brained.' He is incapable of arriving at any conclusion from given premises. There are infinite grades of this *karm* which stamp man as more or less intelligent or a dullard.

II. *Darshnavarniya Karma* :- The accumulation of *Skandhas* which overshadows the vital power of the soul. This *Karma* may be likened to a bandage of the eye obstructing the sight and disallowing perception of things. *Darshan* is a simple exercise of the visual faculty, without involving any conscious mentation which is a function belonging to *Jnana*. When *Darshanavarnia Karma* gives way, a clear perception supervenes.

III. *Vedaniya Karma* :- Accumulation of *Skandhãs* governing the physical nature of the soul. This Karma creates in the individual a sense of comfort or discomfort, suffering or enjoyment, health or disease and all other feelings pertaining to the physical system.

IV. *Mohiniya Karma* :- Accumulation of *Skandhas* which govern the affectional, passional and emotional nature of the soul, and furnish motive for love or hatred, like or dislike, attraction or repulsion, and overwhelm more or less the moral element. This *Karma* hinders the right understanding of Truth and betrays the soul into the meshes of endless confusion. One cannot discriminate right from wrong, truth from falsehood, when the bulk of this *Karma* is overpowering. Brightness of intellect or fineness of mental calibre are helpless and unavailing when *Mohiniya karma* rules with a heavy hand. Of all the *Karmas Mahiniya* is the most potent and lasts the longest. It is described as the mother of the rest of the *Karmas* supplying nourishment to them all. To conquer this mighty host is to destroy the rest of the brood which are powerless but for the help of *Mohiniya*.

V. *AyuKarma*—The accumulation of *Skanadhas* which set a

limit to the duration of individual existence and fix the age upto which one would persist in the body. The duration here below is not measured by the days, months or years but by breaths. And when the number of breaths allotted to the separate individual existence have expired, the soul flies form this tenament and animates a fresh body.

VI. *Nama Karma*— Accumulation of *Skandhas* which determine the colour, beauty, organization, symmetry etc. of the physical system.

VII. *Gotra Karma*—Accumulation of *Skandhas* which furnish basis for high or low birth as well as for the family, race, lineage, caste, posision, occupation, etc., in which the individual soul is born. The birth, in the absolute sense, is neither high nor low, nor has it anything to do with the spiritual unfoldment, since these institutions have been arbitrarily created by the human ingenuity, and not a dispensation of nature. This *Karma* affects the soul only in so fa1 as it affords better opportunities for its evolut ionin high birth where uplifting hereditary tendencies are congenial to the growth of Spirit and the environmental pressure less suppressing than in the low birth.

VIII. *Antaraya karma*—Accumulatiou of *Skandhas* which interfere with the success and prosperity in all undertakings. This *karma* also handicaps the freedom in action, governing as it does the physical and partly moral nature ot the individual.

These are only the rough outlines of the principal groups of *karma*, the sub-divisions of which have been so very minutely discussed and subtleties so nicely discriminated and explained in the Jain literature, as to turn the btightest intellect of this age perfectly giddy.

When the soul frees itself of these *karmas*, the perfect enlightenment is the reward, and thus emancipated and disembodied, it rests in Absolute Bliss for ever more. **SUSHIL.**

# *Karmas.*

As the wind blowing on a man is quite different from the man, so are such feelings as fear, anger, etc., had by a man different from the man. The wind is known as an external thing and is felt by the skin or the sense of touch; the feeling of the force of the wind is the man's, and the feeling of anger is the man's; the cause of the feeling in the case of the wind is known to be different from the man; the cause of the feeling in the case of anger is, they say, equally different from the individual feeling it.

He who feels the wind, is also he who feels the anger; and he is different in each case from the cause of the feeling.

The cause of the feeling of anger is said to be a real invisible substance composed of atoms of matter in combination with the individual, who is the knower of and different from the cause of the feeling.

It is in certain circumstances, of course, that the feeling of anger rises. He may feel that wind, as cold, or warm, or strong, and at the same time not feel any anger. Or again he may when the wind is blowing feel angry because it of. The wind is not the cause of his feeling of anger, because it may blow without being accompanied by this feeling of anger. Neither can the anger be a quality of him who feels it, because a quality is always present, and anger is not always present.

People do things driven by forces which are not themselves at all; and others blame the persons, as if the persons had done the thing intentionally and knowingly.

Of course, the person is responsible for the action, because he has the power of not doing it, but the force which is going on is not entirely of the person's own self. It is like a man in a wind who is walking along with wind and consequently much faster than he would or could otherwise walk; and so he is accused

of fast walking. It is really the wind that is operating,—of course the man lets it control him, but still it is the wind and not the man. In the same sense, people do things under the influence of forces that are as different from themselves as is the wind different from the man. The things that a man may do under the influence of these external-internal forces are killing, lying, stealing, lust, acquiring too much property, etc., etc. And the forces in question are such forces as faer, anger, deceitfulness, passion, greed, pride, etc. These forces are as different from us as the wind is; the wind is felt only on the surface of the body while these forces of anger, fear, etc. are felt inwardly, and may be supposed falsely to be our own factors. They become the causes of our actions, like the wind is the cause of the ship moving along; we do these unnatural things like lying when these external-internal forces like fear are blowing (so to speak, they are the means;) when they are operative, we lie, when the wind is blowing, the boat moves.

But there is an important difference between the examples used and the analogue of the wind; in the latter case there is one wind which everybody in it feels, whereas in the case of anger, fear and such forces, which are urging us on to action, no one is operated on except the one person who feels them and this is because he is combined with them or has generated them so that they are in combination with him like soot sunk into oil, or mud stirred up in water. He is the water and these forces are the mud obscuring the natural qualities of the water.

Your question in one of your recent letters as to by what 'light' (or means) I am conscious of darkness is a very good question; it certainly is not by means of any artificial light; it is truly my own faculty or nature that makes me aware of darkness.

1 sometimes take the view that feelings of any unpleasant character, like sorrow, fear, etc. are to be regarded as the same

sort of thing internally as winds blowing upon one are regarded externally; one feels the wind blowing all around him, but of course understands it to be the wind, which will die down in due course. And in the same way such feelings as reluctance when contemplating some disliked activity, or any feelings of the *mohaniya* group, may be looked upon as winds blowing over one, perhaps even hurricanes; that is, as some external force flying around one, to one's discomfort. I suppose the *karmas*, at least the *mohaniya karmas*, can be known inwardly by being felt, as one feels hunger etc felt as forces or tendencies urging us to some action which perhaps we do not wish to do, and which sometimes, as Mr. Bligh said somewhere in one of his books, are too quick for you, as they operate and you say or do some thing before you have time to stop them. I suppose these forces that one feels may be regarded as *Karmas* by him, and not-self. And I suppose they have real substance if one could only see it,—*pudgala* welling up within one.

### EACH SELF IS ONE NOT MANY.

It is most important to get a true understanding, and words are used as the only means of conveying to another person any piece of knowledge, and you cannot by speaking impart your knowledge or thought to another man, and in speaking you express not the whole but only part of the whole truth. This is where the question of points of views comes in, and it is very important, because vexation is often brought about by looseness of expression,—due possibly to looseness of thought, and even possibly to false views. Anyhow, it is most important to understand that in speaking of my objective self, my subjective self, my supreme and all such similar expressions; my higher self and my lower self, the self in question is not more than one, I myself am one; and these different descriptions of it are simply names of distinct modes in which I live. I am not different from myself whether spoken of as higher self or lower self; whether as objective self, or supreme self; it is quite true,—no, that is quite wrong

It is quite obvious that this is true, because if the higher self were different from the lower self, then the one would be not-self, whereas I cannot possibly be not-myself. I am I, and that which is called self, whether higher or lower, cannot be not-self; it must still be self, and only one self, myself. My lower self is not a second being, it is myself; there can be no fight between the higher and the lower self in the same sense as there can be a fight between two men. If I believe the body to be myself, then I am living as the objective self, and not as the body, as I do not live as the body, the body lives a different life which is not my life; but in believing the body to be myself I live as what is called the objective self,—holding this belief is called living as or being the objective self; being the objective self does not mean *being* the body for we never are the body. Fighting the lower self simply means resisting forces which are not, but which were believed to be, us. The same is true with regard to such expressions as inflow of the divine. The divine does not flow into us, it has always been in us, unless by 'us' we mean that which is not us at all—viz. the body. The inflow of the divine into man means truly the inflow of us into our bodies, the control by us of our bodies, so that the movements of our bodies are brought about by us, which is frequently not the case. If we have a thought to do good, but we do not make our body do it, the divine does not flow into the body. If we do it, then the divine does flow into the body,—or the man, if by man we mean that which is not us, or the body.

A SEEKER.

## ખમાવું છું, ક્ષમા કરજો.!

ગઝલ.

ગુરૂ શિરછત્ર બંધુ મિત્ર! પિતામાતા કે બ્હેની આપ
થયો અવિનય ત્રણે યોગે, ખમાવું આત્મ ભાવેથી. ૧

દિવાનો હું બનીને જો, ફરજ મારી બજાવી ના
થયો દારૂણ કપટી તો, ઉરે તે શલ્ય ના ધરજો. ૨

દિલેથી જો દીધી ડાઘી, વિચારે ચિંતવ્યું બુરૂં
વચન વસમા ઉચાર્યા જો, ખમાવું છું ક્ષમા કરજો. ૩

અમે ને આપ નહિ જુદા, હૃદય ખોટું જુદાઇ જ્યાં
હૃદય જો આપતું માફી, હૃદયમાં દેવતાઇ છે. ૪

જીગર મારૂં બળે દોષે, જીગર તોડી બતાવું છું
જુઓ ત્યાં છે લખાયેલો, "**ખમાવું**" શબ્દ કાયમનો. ૫

---

## ક્ષમાપના.

શિખરિણી

કદિ તુંથી બોલ્યો, ક્રુધિતવદને, માફ કરજે!
કટુ ભાવે કોદિ, જરીય વર્ત્યો, માફ કરજે!
થઇ છે ના પૂરી, મુજ ફરજ ત્હારા તરફની;
ક્ષમા દેજે, વ્હાલા! કરૂણ નજરે, ને હૃદયથી. —૧

વિચિત્રા સૃષ્ટિમાં, વિધવિધ પ્રસંગો મળી રહે,
અનિચ્છા હૈયાની, તદપિ દિલ કોથી લડી પડે;
છતાં હૈડાં ભેળાં, મુખ થકિ કદિ જો લડીમર્યા,
ક્ષમા યાચું વ્હાલા, કર કર ક્ષમા વિસ્મરી સહુ. —૨

સહુ રાત્રિ ગાળી, સ્મરણ બળ કાર્યે મચ્યું સહુ,
કરેલાં દોષોની, સજળ નયને ઝાંખીય કરી;
થએલી યાદીથી, હૃદય કુમળું દીન બની ગયું;
નમે ભીખે તુંથી, દીન હૃદયને માફ કરજે! —૩

પરંતુ, વ્હાલા! શું?, પ્રણયી દિલને ઇષ્ટ સહુ આ,
ક્ષમા લેવી દેવી, કપટનીતિ એ વિશ્વ જનની,
પ્રભુ તું વ્હાલાને, જગ વિષયકી મુક્ત કરસે,
પ્રપંચી વાયુ ના, તુજ દિલ સમીપે ફરકશે. —૪

"અમૃત"

## શ્રી વીતરાગ પરમાત્મને નમઃ

# શ્રી પર્યૂષણ પૂર્ણાહૂતિ.

**खामेमि सव्वेजीवा, सव्वे जविा खमंतु मे,**

**मित्ति मे सव्व भूएसु, वेर मझ्झ न केणई. ।**

**અર્થ**:—હું સર્વ જીવોને ખમાવું છું, સર્વે જીવો મને ક્ષમા આપો; સર્વ ભૂત ( જીવ ) સાથે મારે મૈત્રીભાવ છે; કોઇ પ્રતિ મારે વૈરભાવ નથી.

અહો, વીર પરમાત્માની ભાવદયા ! અહો એઓની પ્રાણી માત્રપ્રતિ નિષ્કારણ કરૂણા ! અહો, એઓશ્રીનો પરમ શાંત, પવિત્ર, કલ્યાણકારી બોધ ! અહો એઓશ્રીની જગત્ જીવ પ્રતિ વત્સલતા ! કોઇ પણ પ્રકારે જીવો જન્મ મરણનાં દુ:ખથી મુકાય, કોઇ પણ પ્રકારે એઓ વૈરાગ્ય ભણી વળે, કોઇ પણ પ્રકારે એઓને સત્સુખનો લક્ષ થાય, કોઈ પણ પ્રકારે દેહ, ધન, કુટુંબ, ઘર, યૌવન આદિ પૌદ્ગલિક વસ્તુઓનું અમહાત્મ્ય સમજાઈ તેમાં આરોપિત સુખનો એઓનો ભ્રમ ટળે, કોઇ પણ પ્રકારે એઓ દાન, શીલ, તપ, અને ભાવરૂપ ધર્મ આરાધે, કોઇ પણ પ્રકારે આધિ, વ્યાધિ, ઉપાધિથી ગ્રસ્ત સાંસારિક પ્રપંચજાળથી, વરસમાં બે–પાંચ દિવસ નિવર્ત્તી ઉપશાંત વૃત્તિ ગ્રહી, તત્વ વિચાર કરી એઓ સત્સુખનો રસ અનુભવે, આ વગેરે એ નિષ્કારણ કરૂણાળુ ભગવાનની અહોનિશ ચિંતવના હતી.

સંસારી જીવોને મ્હોટામાં મ્હોટું દુઃખ ફરી ફરી જન્મ–જરા–મરણ પામવાનું છે, આ એઓએ જાણ્યું; એ જાણી પોતે ધર્મ આરાધી પ્રબળ પુરૂષાર્થ વડે એ દુઃખથી મુક્ત થયા; અને પરમ નિષ્કારણ કરૂણાથી આર્દ્ર થઈ જીવો પ્રતિ કહેતા હવાકેઃ—

હે જીવો, આ સંસાર ( જન્મ–મરણ–રૂપ ભ્રમણ ) અનંત ખેદમય છે; અનંત દુઃખમય છે; તમને મ્હોટામાં મ્હોટું એજ દુઃખ છે; એનું તમને ભાન કેમ નથી આવતું ? અહો, એથી છુટવા તમે પ્રબળ સત્ય પુરૂષાર્થ કરો, પુરૂષાર્થ કરો.

આ પ્રકારે એઓશ્રી ફરી ફરી જીવોને ઢોકી ઢોકીને ઉપદેશ કરતા હતા. ઘણા હલુકર્મી નિકટ ભવ્ય ભાવિક આત્માઓ એ સદુપદેશથી નિર્વેદ પામી, સર્વ સંગ પરિત્યાગ કરી, પ્રબળ પુરૂષાર્થવડે કર્મ ક્ષીણ કરી આત્મસાધન કરતા હવા.

જેઓ સર્વસંગપરિત્યાગરૂપ યતિ ધર્મ ગ્રહી ન શક્તા, તેઓને સર્વ જીવ પ્રતિ સમદર્શી શ્રી **વીર**ભગવાન્ એ પ્રકારે બોધતા કેઃ—

હે ભવ્યો ! તમે વિશેષ ન કરી શકો, તો ગૃહસ્થપણે રહી તમારો ગૃહસ્થધર્મ શુદ્ધ વ્યવહારવડે ઉજ્જવળ કરો; જીવિતપર્યંત સર્વ વિરતિરૂપ શ્રામણ્ય ધર્મ ન આદરી શકો, તો ગૃહસ્થને યોગ્ય દેશવિરતિ ગ્રહણ કરો; પ્રતિ દિવસ ગૃહસ્થને યોગ્ય આવશ્યકાદિ અવશ્ય ધર્મ

કૃત્ય આચરો; દાન, શીલ, તપ, અને ભાવરૂપ ધર્મ સેવો; હમેશ ન બને તો પંચમી, અષ્ટમી, ચતુર્દશી આદિ પર્વ તિથિએ પવિત્ર ધર્મ આદરો; તેમ પણ ન બને તો વરસમાં આવતાં છ મુખ્ય અષ્ટાન્હિકોમાં, ( અઠવાડિયામાં; કાર્તિક સુદ, ફાલ્ગુણ સુદ, ચૈત્ર સુદ, આષાડ સુદ અને આશ્વિન સુદના દરેકના બીજા અઠવાડિયાં એમ એ પાંચ અઠવાડિયાં અને છઠું પર્યૂષણનું અઠવાડિયું. ) તો ધર્મ વિશેષે કરી આરાધો; અને તેમ પણ ન બને તો છેવટ પર્યૂષણપર્વ તો અવશ્ય આરાધો; એ પર્યૂષણ પર્વદિવસો પરમ કલ્યાણકારી છે, હે ભવ્યો ! જે જીવ જેટલું સુકૃત્ય જેવા ભાવથી કરે, તે જીવને તેટલું ફળ તે ભાવ અનુસાર પ્રાપ્ત થશે. આમ વિચારી મહદ્ ફળ પામવા તમે સત્વર સદ્‌ભાવપૂર્વક પ્રબળ પુરૂષાર્થ કરો.

હે ભવ્યો ! વરસના ૩૬૫ દિવસ સંસારની માયિક પ્રપંચ જાળમાં તમે રાચ્યા–માચ્યા રહો છો, તે આડે તમને સત્સુખનું ભાન નથી; તે સત્સુખનો રસ અનુભવવા કંઇ નહિં તો પર્યૂષણના આઠ દિવસ તો તમે એ જંજાળથી નિવૃત્તિ લો. એ આઠ દિવસોમાં ઇંદ્રિયોના નિગ્રહ-પૂર્વક સત્શાસ્ત્રનાં શ્રવણ, મનન, નિદિધ્યાસન કરો; સ્વાધ્યાય કરો; યથાશક્તિ પણ ચઢતા અને ઉજ્વળ ભાવવડે તપ–વ્રત આદરો; સત્શીલ સેવો, રાગ દ્વેષ મંદ કરો; પરમાત્મા પુરૂષોનાં ચરિત્રો શ્રવણ કરો; તેઓનાં ગુણગાન કરો; સત્પુરૂષોની સેવા–ભક્તિ કરો; જ્ઞાન–જ્ઞાનિયોનાં ભક્તિ–બહુ માન કરો; પરમકલ્યાણકારી વીતરાગમુદ્રાની પૂજા–ભક્તિ કરો; વીતરાગ શાસનના પ્રભાવ અર્થે વિવેક અને સદ્‌ભાવપૂર્વક મહોત્સવ કરો; સ્વધર્મવાત્સલ્ય કરો; જીવોને અભયદાન આપી અભય-પદ પામો; દુઃખી ઉપર અનુકંપા આણો; યથાશક્તિ પણ નિરાશી ભાવે દાન કરો; વરસ દિવસ પર્યંત થએલા દોષોનું પ્રતિક્રમણ કરો; એ દોષોને પાછા વળી જોઈ જાઓ; પશ્ચાત્તાપપૂર્વક તેની ક્ષમા ચાહો; ફરી તે દોષો ન થાય એવી સપ્રેમ પ્રાર્થના કરો; જીવમાત્ર પ્રતિનો વૈર–વિરોધ સરળભાવે, નિષ્કપટપણે, શુદ્ધ અંતઃકરણપૂર્વક, નમ્રપણે ક્ષમાવો; જીવમાત્ર પ્રતિ મૈત્રીભાવ ચિંતવો, આથી હે ભવ્યો ! તમારાં અનેક આવરણો, અંતરાયો ટળશે, ઓછાં થશે, નિર્જરશે, તમને સત્સુખનું ભાન થશે. માટે તમે જો તમારા આત્માનું શ્રેય ઇચ્છતા હો, તમે જન્મ–મરણરૂપ સંસારનાં દુઃખથી છુટવાના કામી હો, તો તમે આ પર્વના આઠ દિવસ તો નિવૃત્તિ લઇ પૂર્વોક્ત રીતે સમ્યક્ પ્રકારે આરાધો. ”

આવા પ્રકારે સર્વ જીવને સમદૃષ્ટિથી જોનારા નિષ્કારણ કરૂણાવાન્ દેવાધિદેવ શ્રી મહાવીર ભગવાન્ ભવ્ય જીવોનાં હિત અર્થે શ્રી પર્યૂષણ પર્વની આરાધનાનો ઉપદેશ કરતા હવા.

ચાલુ વરસમાં એ માંગલિક પર્વ વિશેષ પૂર્ણ થવા આવ્યાં છે. આ પૂર્ણાહુતિ એ નિમિત્તે દવાય છે. ભવ્ય જીવો વિવેકપૂર્વક સમ્યક્ પ્રકારે એ પર્વ આરાધી પરમ કલ્યાણ પામે છે.

જેઓના વરસના બધા દિવસો અવ્રતીપણે, વિષય કષાયમાં, હિંસાદિ પ્રવૃત્તિમાં, અને મન, વચન, કાયાના માઠા યોગમાં વ્યતીત થતા હશે તેના કરતાં જૈનોએ પોતાને આવા વિષય–કષાયની મંદતા રૂપ, વૈરાગ્યહેતુક મનોનિગ્રહકારક, ધર્મ સાધનના કલ્યાણકારી પર્વ દિવસો

પ્રાપ્ત થવા માટે પોતાને પુણ્યશાળી ગણવા ઘટે છે. આવાં પવિત્ર મંગલ પર્વો પોતાને પ્રાપ્ત થવાનું પ્રશસ્ત ગૌરવ આણવું ઘટે છે.

પણ એ ગૌરવ ક્યારે કર્યું છાજે અને એ ગૌરવ ક્યારે સાર્થક ગણાય, કે જ્યારે શ્રી **વીતરાગ પરમાત્માએ કરેલ ઉપદેશ–આજ્ઞા પ્રમાણે એ પર્વો આરાધવામાં આવે.**

જૈનોની વર્ત્તમાન સ્થિતિ અને આચરણો પર દૃષ્ટિ નાંખતાં ખેદ થાય છે, કે વિવેકની ઓછાશને લઈને કર્મની વિરાધનાને બદલે કર્મની આરાધના થાય છે.

જે પર્વ દિવસોમાં આરંભ–સમારંભનો સર્વથા ત્યાગ કરવો ઘટે છે, તે દિવસોમાં ધર્મના નામે આરંભ–સમારંભ થાય છે. જે પવિત્ર દિવસોમાં માન–લોભાદિ કષાયની નિવૃત્તિનો લક્ષ રાખવો ઘટે છે, તે દિવસોમાં માન આદિ કષાય તો મોઢા આગળ હિંડે છે. જે દિવસોમાં રાગ દ્વેષ ક્ષીણ નહિં તો મંદ કરવા ઘટે છે, તે દિવસોમાં તે ધર્મના (?) નામે વિશેષ પ્રકારે ઉદ્ભવે છે. આ કેવળ મોહનું સામ્રાજ્ય વર્તે છે.

આ પવિત્ર દિવસોમાં જીવોએ અનશન આદિ બાહ્ય આભ્યંતર તપ યથાશકિત આદરવાં ઘટે છે; આ દિવસોમાં જમણવાર આદિના આરંભ–સમારંભ ન ઘટે. સ્વામીવચ્છલ ( સ્વધર્મ વાત્સલ્ય ) એકલા જમણ આપવાથી થાય છે, એમ કાંઈ નથી; તેમ તે જમણ પર્યૂષણના દિવસોમાંજ થઈ શકે એમ પણ નથી. પર્યૂષણમાં સ્વધર્મવાત્સલ્ય અવસ્ય કર્ત્તવ્ય છે. પણ સ્વધર્મવાત્સલ્યના અનેક પ્રકાર છે, અને તે પ્રસંગને યોગ્ય, દ્રવ્ય, દેશ, કાળ, ભાવને યોગ્ય થઈ શકે. વર્ત્તમાન દેશ–કાળ જોતાં સ્વધર્મ અને સ્વધર્મી યોગ્ય વાત્સલ્ય તો તેમની માઠી સ્થિતિ સુધારવા, તેઓને વ્યાવહારિક–પારમાર્થિક જ્ઞાન–દાન આપવારૂપે થવું ઘટે છે.

જ્ઞાનીઓ કહે છે, કે વિવેક છે, ત્યાં ધર્મ છે. વિવેક વિના ધર્મ થઈ શકતો નથી. માટે સાર–અસાર, યોગ્ય–અયોગ્ય, હિત–અહિત, ઉચિત–અનુચિત, જરૂર–બીનજરૂર વિચારી પ્રવૃત્તિ કરવી ઘટે છે. પર્યૂષણ આરાધનામાં સ્વધર્મવાત્સલ્ય આદિ પ્રકારે વિવેકની ખામી બહુ જણાય છે.

વિવેકની ખામી અને કષાયની વૃદ્ધિ પ્રત્યક્ષ છે. આ વાત સર્વદેશીય નથી; એકાંતિક નથી. સામાન્યપણે છે, ઘણા આરાધકો વંદનીય છે. બાકી અત્યારે તો જમણ આપવામાં પર્યૂષણ આરાધના સમાઈ ગઈ છે ! પર્યૂષણ પુરાં થયે શ્રાવકો સાધું સમીપે વંદન અર્થે જાય, ત્યારે સાધુ પુછે. " ક્યું શ્રાવકજી, પર્યપણ આરાધના અચ્છી હુઈ ? " શ્રાવકજી પ્રત્યુત્તર આપે " હાં, સાહેબ, શેરે શેર ઘી પાયાથા. " પર્યૂષણ પર્વની આરાધનાની આવી સમજ તે વિવેકની ખામી નહિં તો બીજું શું ? વળી એ જમણ અર્થે કેટલાં માન–લોભ સેવવાં પડે છે ? પર્યૂષણ પર્વનું આરાધન સફળ ઇચ્છિનારાઓએ આ બાબત ધ્યાનમાં લઈ વિવેકથી વર્તવું ઘટે છે.

સમ્યકત્વના ભૂષણરૂપ સ્વધર્મવાત્સલ્યની નોકારસી (નવકારશી)ના જમણમાં અને શાસન પ્રભાવનાની પતાસાં, બદામ કે સાકર શ્રીફળ વહેંચવારૂપ—ભાવનામાં સીમા આવી ગઈ !છે

એથી પણ એ વાત્સલ્ય અને પ્રભાવધર્મ જળવાતો હોય, જૈનીઓની સાર સંભાળ સમજ અને વિવેકપૂર્વક લેવાતી હોય; વીતરાગ માર્ગનો પ્રભાવ-દેખી જીવો એ ભણી આકર્ષાતા હોય, વળતા હોય, તો સારૂં છે. માન-ઇર્ષા-દેખાદેખી એ વાત્સલ્ય તથા પ્રભાવરૂપ ભૂષણને દૂષણ આપે છે, એ સંભાળવું જોઈએ છે.

શ્રી **વીર** ભગવાનના જન્મચરિત્ર શ્રવણ વખતે શ્રીફળ ફોડવાની પ્રથા ક્યાંથી પડી હશે ? શ્રી **વીર** ભગવાનનાં નામે પાલણું બંધાય છે, અને જેને પુત્ર ન હોય એવા જૈનો પુત્રપ્રાપ્તિ માટે શ્રી **વીર** ભગવાનનાં જન્મચરિત્ર વાંચનના દિવસે પાલણું બાંધવાની માનતા રાખી, પુત્ર થયે પાલણું બાંધે છે,-આ પ્રથા ક્યાંથી પડી હશે ? આવી આવી પ્રવૃત્તિઓ સમકિતનાં દૂષણરૂપ ખરી કે નહિં, એ બધું પર્યૂષણના આરાધનારાઓએ બહુ બહુ વિચારવાનું છે.

તપશ્ચર્યા થાય છે; એ બહુ સારૂં છે. સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, દેવ-સેવા, ગુરૂ-ભક્તિ, સ્વધર્મવાત્સલ્ય, પ્રભાવના, શ્રી વીરચરિત્રશ્રવણ, યથાશક્તિ દાન, તથા દયાનાં કામો એ વગેરે ધર્મ-કરણીઓ થાય છે, એ બહુ સારૂં છે. તે બધું સમજપૂર્વક સમજવાની ઇચ્છા-અભ્યાસ-પ્રયાસપૂર્વક, વિવેકપૂર્વક કરવાથી પરમ કલ્યાણકારી છે. પરમાર્થ જાણવું પરમ આવશ્યક છે.

સંવત્સરી પ્રતિક્રમણ કરી જૈનો અન્યોન્ય તથા બધા જીવોને ક્ષમા ચાહે છે, ક્ષમા આપે છે, આગલાં પાપોનું પ્રતિક્રમણ કરે છે, વૈર-વિરોધ ટાળે છે, આ બધાં બહુ બહુ સારાં કલ્યાણ-કારી કાર્યો છે. તે બધાં સમજપૂર્વક, વિવેકપૂર્વક, આમળો રાખ્યા વિના કરવાથી વિશેષ વિશેષ કલ્યાણકારી થાય છે.

શ્રી **વીર**પ્રભુનો ઉપદેશ કેવળ જીવોનાં કલ્યાણ અર્થે છે. તો તેઓશ્રીએ શ્રી પર્યૂષણ આરાધના અર્થે જે જે અગાઉ કહેલા પ્રકારો પ્રકાશ્યા છે, તે પ્રમાણે વિવેક અને સદ્ભાવથી વર્તતાં અનંતકોટિ કલ્યાણ છે.

આવાં પવિત્ર પર્યૂષણ પામવા માટે જૈનોએ પ્રશસ્ત ગૌરવ આણવું ઘટે છે; પુણ્ય માનવું ઘટેછે.

ખેદની વાત છે, કે મહાવીરશાસનમાં બે ફાંટા પડી ગયા છે;-દિગંબરી અને શ્વેતાંબરી શ્વેતાંબર પર્યૂષણ ભાદરવા સુદ ૪-૫ ના પૂર્ણ થાય છે. દિગમ્બર પયૂષણ ત્યાર પછી શરૂ થઈ પૂર્ણિમાએ પૂર્ણ થાય છે. શ્વેતાંબરોમાં પણ જૈન-પ્રતિમા માનનારા અને પ્રતિમા નહિં માનનારા બે વિભાગ પડી ગયા છે. પ્રતિમા માનનારામાં પણ કોઈ ચોથની સંવત્સરી માને છે; કોઈ પાંચમના પયૂષણ પૂર્ણ માને છે. પ્રતિમા નહિં માનનારા તો પાંચમજ માને છે. આ ચોથ-પાંચમના અંગે અનેક ઝગડા ચાલે છે. સહૃદય સુજ્ઞ જીવોને રાગ-દ્વેષથી મુકાવાનાં સાધન રૂપ આ પવિત્ર પર્વમાં રાગ દ્વેષનાં કારણ વધવા રૂપ ઝગડાથી ત્રાસ છુટે છે; તેઓનાં હૃદય રડે છે; દ્રવે છે. શ્રીમદ્ રાજચંદ્રે આ ભિન્ન ભિન્ન પર્યૂષણની પ્રથા સંબંધી કહ્યું છે કે:—

' મતાંતરથી બેવડો લાભ થાય છે એવું આ પર્યૂષણ સમ્યક્દૃષ્ટિથી જોતાં જણાયું; એ વાત રૂચી; તથાપિ કલ્યાણઅર્થે એ દૃષ્ટિ ઉપયોગી છે. સમુદાયના કલ્યાણઅર્થે જોતાં બે પર્યૂષણ દુઃખદાયક છે. પ્રત્યેક મતાંતર સમુદાયમાં વધવાં ન જોઇએ; ઘટવાં જોઇએ."

આત્મહિતનાં કારણરૂપ પર્વ દિવસોમાં કે તેને ઉદ્દેશી કોઇ પણ જીવ પ્રતિ રાગ-દ્વેષ કે વૈર-વિરોધ ન ઘટે; તે વૈર-વિરોધાદિની તો હાનિજ ઘટે. પર્વ દિવસોનો હેતુ તો કેવળ ધર્મ આરાધનનો, આત્મ-સાધનનોજ હોય. છતાં જીવો અજ્ઞાનમાં ખેંચાઇ જઇ, કદાગ્રહમાં તણાઇ જઈ, માનમાં લેવાઈ જઈ, મતમતાંતર વધારે, ઝગડાની જાળ પાથરે, રાગ-દ્વેષ વધારે, અને એમ કરી ધર્મ-માર્ગનો અંતરાય આણે, એ સમ્યગ્દૃષ્ટિ જીવોને તો ધર્મકૃત્ય વિશેષના વધારે દિવસો મળતાં આલ્હાદ ઉપજે છે, પણ શુદ્ધ સનાતન વીતરાગ માર્ગમાં રાગ-દ્વેષ વૃદ્ધિરૂપ ઝઘડા દેખી તેઓ કંપે છે. સુજ્ઞ આત્માર્થી મુનિવરોએ, સદ્‌ગૃહસ્થોએ, શાસનનો સત્ય અર્થે વિજય ઇચ્છિનારાઓએ આ બાબત ધ્યાનમાં લઇ જીવોને માધ્યસ્થ ભાવે સદુપદેશ આપી રાગ ને દ્વેષથી કદાગ્રહથી, મતમતાંતરથી, બચાવવા ઘટે છે; ઝઘડાથી વારવા ઘટે છે.

શ્રાવણ અને ભાદરવા માસમાં પર્યૂષણ પર્વ નિયત કરવામાં પરમજ્ઞાનિયોની એક ખુબી જણાય છે. વર્ષાઋતુમાં પ્રાયઃ સાધુ, મુનિવરો, સંત-સમુદાય વિહાર બંધ કરી એક સ્થળે રહે છે. વળી વર્ષાઋતુમાં જીવો વધારે નિવૃત્તિવાળા હોય છે. તેમ વરસાદને લઇ વન-ઉપવનો ફાલી-ફુલી, દૃશ્ય કુદરતને રળીયામણી બનાવે છે; જે દેખી આંખ અને મન બંને ઠરે છે; પ્રફુલ્લિત થાય છે. વળી વરસાદ, કે જેના ઉપર જીવોનાં આજીવિકા આદિ વ્યવહારનો આધાર છે, તે યથેચ્છ થયે જીવોનાં મન વિશેષ પ્રફુલ્લિત અને નિરાકુળ થાય છે. તેમ શ્રાવણ-ભાદ્રપદમાં વર્ષાઋતુ પ્રાયઃ ખુલી જાય છે. આવાં બધાં જીવોને ધર્મકરણીમાં અનુકળ કારણો જોઈ પરમ જ્ઞાનીઓએ પર્યૂષણ અર્થે આ ભાદ્રપદ તથા શ્રાવણના દિવસો--આ ૠતુ નક્કી કરી લાગે છે. નિષ્કારણ કરૂણાળુ ભગવાનનો આ પરમ ઉપકાર છે.

શ્રી પર્યૂષણની પૂર્ણાહુતિ અંગે યથોચિત કહેવાયું. એવા પવિત્ર પર્વ દિવસો, ધર્મ આરાધન અર્થે આપણને સદૈવ પ્રાપ્ત થાઓ, આપણે બધાં પાપકર્મથી મુકાઇએ, આપણે બધાં જીવ માત્રને ક્ષમી-ક્ષમાવી વૈર-વિરોધ ટાળી મૈત્રીભાવ ધરિએ, એજ પ્રાર્થના છે.

પવિત્ર પર્યૂષણ સમજીને આરાધવાથી આપણું પરમ કલ્યાણ છે. ભાવિની અનુકૂળતા યોગે આ સંબંધમાં હવે પછીના પર્યૂષણ પર્વે વિશેષ કાંઈ કહેવા યોગ્ય છે. છેવટે, સંવત્સરી ક્ષમાપના નીચેના શ્રીમદ્ રાજચંદ્રના શબ્દોમાં યાચી, આ લેખ પૂર્ણ કરીએ છીએ:—

" સંસારકાળથી તે અત્રક્ષણ સુધીમાં તમપ્રત્યે કોઇ પણ પ્રકારનો અવિનય, અભક્તિ, અસત્કાર કે તેવા બીજા અન્ય પ્રકાર સંબંધી કોઇ પણ અપરાધ મન, વચન, કાયાના પરિણામથી થયા હોય, તે સર્વ અત્યંત નમ્રપણે, તે સર્વ અપરાધોના અત્યંત લય પરિણામરૂપ આત્મસ્થિતિએ કરી, હું સર્વ પ્રકારે કરી ક્ષમાવું છું; અને તે ક્ષમાવવાને યોગ્ય છું. તમને કોઇ પણ પ્રકારે તે અપરાધાદિનો અનુપયોગ હોય તોપણ અત્યંતપણે અમારી તેવી પૂર્વકાળ સંબંધીની કોઇ પ્રકારે પણ સંભાવના જાણી અત્યંતપણે ક્ષમા--આપવા યોગ્ય આત્મસ્થિતિ કરવા અત્રક્ષણ લઘુતાથી વિનંતિ છે." ૐ શાંતિઃ

મનઃસુખલાલ કિરતચંદ મહેતા.

# પર્યૂષણ પર્વ અને આપણું કર્તવ્ય.

( લેખક—રા. રા. ન્યાલચંદ લક્ષ્મીચંદ **સોની** બી. એ, એલ્. એલ્. બી. )

'હેરલ્ડ' ના વિદ્વાન્ તંત્રીનાં આમંત્રણને માન આપી પ્રસ્તુત વિષય હાથ ધરવા પહેલાં, પર્યૂષણ પર્વ નિમિત્તનો ખાસ અંક કાઢવાની તેમની યોજના દરેક રીતે ફત્તેહ પામે અને પોતપોતાના ધંધા રોજગારથી નિવૃત્તિ મેળવી. કેટલાએક યુવાન્ જનબંધુઓ આ પર્વના દિવસોમાં પાના રમવામાં સોગઠા બાજી ટીચવામાં-રમત ગમતમાં–મોજમજાહ ઉડાવવામાં અગર તેથી પણ અધમ ધુતક્રીડામાં-હારજીતની રમતોમાં પોતાનો વખત નિરર્થક ગુમાવવા ઉપરાંત નહિ સેવવા યોગ્ય પાપકર્મ સેવી મહા મ્હેનતે ઉપાર્જન કરેલા દ્રવ્યનો ભોગ આપે છે તેના બદલે, દેવપૂજા–સાધુ સેવા તથા શાસ્ત્રશ્રવણાદિ ધર્મ ક્રિયા કરવા ઉપરાંત વધારે વખત મળે તેમાં ધર્મના ઉત્તમ પુસ્તકો વાંચવામાં તેમજ પુસ્તકોમાં આવા ખાસ અંકો વાંચવામાં પવિત્ર પર્વના શુભદિવસો પસાર કરે અને પોતાનું વર્તન સુધારવાનાં ઉત્તમ કાર્યમાં કંઇક અંશે આગળ વધે એવી ઇચ્છા રાખવી એ અયોગ્ય કહી શકાશે નહિ.

સામાન્ય દિવસો કરતાં તેહેવારના–પર્વના દીવસો લોકો વધારે આનંદ અને ઉત્સાહથી ઉજવેછે. પૃથ્વિનીસપાટી ઉપર વસતી દરેક સુધરેલી પ્રજામાં અમુક અમુક દિવસો જુદાં જુદાં અનેક કારણોને લેઇને તેહેવારના દિવસો તરીકે નિર્માણ થયેલા હોય છે ભાગ્યેજ એવી કોઇ પ્રજા મળી આવશે કે જે આખા વરસ દરમિયાન એક પણ દિવસને તેહેવાર તરીકે ઉજવતી નહિ હોય. વધારે ઓછા દિવસો પર્વના દિવસો તરીકે નક્કી થવાનો આધાર પ્રજાની ધાર્મિક અને આર્થિક સ્થિતિ ઉપર રહેલો છે. પ્રવૃત્તિપરાયણ અનાર્ય પ્રજા કરતાં નિવૃતિપ્રધાન આર્ય પ્રજાનાં તેહેવારો સંખ્યામાં વધારે હોવા ઉપરાંત તે ઉજવવાની રીતિમાં પણ ઘણો ફરક દૃષ્ટિગત થાય છે. આર્ય પ્રજાજનો પોતાના પવિત્ર પર્વના દિવસો અન્ય વ્યાપારાદિ કાર્યથી નિવૃત્ત થઇ ધર્મસ્થાનોમાં ધાર્મિક ક્રિયાઓ કરવામાં શાન્તિથી પસાર કરે છે ત્યારે અનાર્ય પ્રજા ખાસ કરીને પર્વના દિવસોમાં જીવહિંસાદિ કાર્યોને વધારે પુષ્ટિ મળે તેવી ક્રિયાઓમાં નિમગ્ન રહે છે. પરમાર્થથી ખરો ધર્મ શું છે ? તત્ત્વ દ્રષ્ટિએ આત્મ સાધનનિમિત્ત કઇ ક્રિયા વધારે ઉપકારક છે ? સર્વ પ્રાણી કે માત્ર કેવળ સુખનીજ ઇચ્છા રાખે છે તે ખરૂં સુખ કેવી રીતે પ્રાપ્ત થઇ શકે ? તત્સંબંધી પ્રશ્નોના નિરાકરણમાં ઘણોજ મતભેદ હોવાને લીધે આ રીતે પવિત્ર પર્વના દિવસો ઉજવવાની રીતિમાં ફરક પડતો જોવામાં આવે છે. આ પ્રકારના ફરકને લીધેજ મુસલમાન પ્રજાના મોહોરમના તેહેવારોના પ્રસંગે તેમજ બકરી ઇદના દિવસે ખાસ કરીને અશિક્ષિત મુસલમાન ભાઇઓ અંદર અંદર તેમજ અન્ય કોમના મનુષ્યો સાથે શાન્તિથી વર્તવાને બદલે મહા કલેશકારી દુખદાયી પ્રસંગોને જન્મ આપે છે અને આ પ્રગતિના જમાનામાં દેશોન્નતિના મહાન્ કાર્યને ઘણુંજ નુકસાન થાય, તેવી

એકબીજી કોમ વચ્ચે અનિષ્ટ વિરોધની તીવ્ર લાગણીને સ્થાન મળે છે. હોળી જેવા તેહેવાર તરીકે ગણાતા દિવસોમાં અજ્ઞાન હીંદુ ભાઇઓ પણ ઉન્મત્તની માફક અશ્લીલ વચનોના મારથી તેમજ તોફાન મસ્તીથી શાન્તિ-પ્રિય મનુષ્યોને અસહ્ય ત્રાસ આપેછે અને કેવળ જંગલી પ્રજાની માફક દયા અને તિરસ્કારને પાત્ર થાયછે.

વખતના વહેવા સાથે ધર્મસંસ્થાપકોએ જે ઉમદા હેતુથી તેહેવારના દિવસો નિર્માણ કરેલા હોયછે તે હેતુઓ ખ્યાલ બહાર જતા રહેછેઅને પરિણામે લોકો અજ્ઞાનવશાત્ તેહેવારો ઉજવવાની રીતિમાં અસાધારણ ફેરફાર કરી નાંખે છે. જૈન પ્રજા આવા પ્રકારના તેહેવારો માન્ય રાખતા નથી એટલુંજ નહિ પણ દેખાદેખીથી અગર જૈનેતર ધર્માવલંબી મનુષ્યોના વધારે પરિચયથી તેમના તેહેવારોના દિવસે તેમનું અનુકરણ કરતા જૈન ભાઇઓ તરફ તેમના સમ્યકત્વ માટે સંશયની લાગણીથી જુએછે. મુનિમહારાજાઓના ઉપદેશથી બેનસીબ રહેતા ગામડાના જૈનો વ્હેમવશાત્ અન્ય ધર્મોઓના તહેવારો વધારે મોટા પ્રમણમાં પાળતા જોવામાં આવે છે. અને તે તાકીદે બંધ કરવાની જરૂર જણાયાથી આપણી કોન્ફરન્સે હાનિકારક રીતરિવાજો નાબુદ કરવા મતલબના ઠરાવમાં તે બાબતને પણ સ્થાન આપેલું છે.

ધર્મસંસ્થાપકો પોતાના ધર્મને અનુસરતી પ્રજામાટે મહાન્ વીર પુરૂષોના જન્મ-દિવસોને ને તેહેવારના દિવસો તરીકે ઉજવવા ઉપદેશે છે અને પ્રજાના આગેવાનો હજારો મનુષ્યોનાં પ્રાણ લેનાર મહાન્ યુધ્ધોમાં અન્ય પ્રજા ઉપરના વિજયના દિવસને ભવિષ્યની પ્રજાને, તહેવાર તરીકે ઉજવવા ફરમાવી ગયેલા હોયછે.

વિશિષ્ટ હેતુથી નિર્માણ થયેલ તેહેવારના દિવસો વધારે ફળદાયી થાય છે. બીજી રીતે કહીએ તો સામાન્ય દિવસે કરવામાં આવતી તેની તેજ ધર્મક્રિયા પર્વના દિવસે વધારે લાભ આપે છે. શિરપવંદ્ય મહાત્મા પુરૂષોના-પરોપકારી ધર્મનાયકોના જન્મદિવસોના જ્ઞાન-વૈરાગ્ય વિષયમાં ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કર્યાના દિવસો-નિર્વાણના દિવસોને જૈન શાસ્ત્રકારોએ પવિત્ર પર્વના દિવસો તરીકે સ્વિકારેલા છે. આ દિવસોમાં આરંભ-સમારંભના પાપ કાર્યથી નિવૃત્તિ થઇ, તપશ્ચર્યા, જ્ઞાન, ધ્યાન, દેવપૂજા, ગુરૂસેવા, સંતસંગમ, સુપાત્રદાન આદિ ઉત્તમ કાર્યો કરવા માટે કેવળ નિઃસ્વાર્થવૃત્તિથી શાસ્ત્રકારો ઉપદેશ આપે છે. ઉત્તરોત્તર પોતાના વંશમાં થનારા બ્રાહ્મણોને પૃથ્વીદાન, સુવર્ણદાન, ગૌદાન વગેરેનો ઉપદેશ આપનારા બ્રાહ્મણ શાસ્ત્રકારોની સ્વાર્થવૃત્તિ જૈનશાસ્ત્રકારોમાં દ્રષ્ટિગત નથી, અને તેથીજ તેમની આપ્તતા સાબીત કરવાને એક સબળ કારણ મળે છે.

મહાન્ પુરૂષોના જીવનચરિત્રનો મનનપૂર્વક અભ્યાસ કરી, તે અભ્યાસને સાર્થક કરવા માટે પરમ આદરભાવથી તેમનું અનુકરણ કરી તેમણે પ્રકટ કરેલા ગુણો આપણામાં પણ ઉદ્દભૂત થાય તે માટે અવિછિન્ન પ્રયાસ કરવા જૈન સિધ્ધાંતો ઉપદેશ આપે છે. ઉપરોક્ત પવિત્ર

પર્વના દિવસોમાં 'પર્યૂષણ પર્વના દિવસોને સૌથી શ્રેષ્ટ ગણવામાં આવતા હોવાથી પર્યૂષણ પર્વને સર્વથી ઉત્કૃષ્ટ પર્વ ગણેલ છે.

'અહિંસા પરમો ધર્મઃ'ના સર્વ માન્ય સિધ્ધાંતને અગ્રસ્થાન આપતી જૈન પ્રજાના આ પર્યૂષણ પર્વના તેહેવારોના દિવસોમાં જૈન વસ્તિવાળા પ્રત્યેક શહેરમાં બની શકે તેટલા વધારે મોટા પ્રમાણોમાં જીવદયાના કાર્યને ઉત્તેજન આપવામાં આવે છે. મુસલમાની રાજ્યઅમલમાં પણ પૂજ્યપાદ આચાર્ય શ્રી હીરવિજય સૂરિના સદુપદેશથી મહાન્ શહેનશાહ અકબર બાદશાહે પર્વના દિવસોમાં હિંસાનિષેધક ફરમાનો કાઢવાથી આ દિવસોમાં જીવહિંસા થતી નહિ ઉક્ત ફરમાનોના પ્રતાપે અદ્યાપિ સુધી કહેવાતી ધર્મઘેલી ગુજરાતનાં ઘણા ખરા શહેરોમાં જીવદયાનો પ્રચાર પર્વના દિવસે જોવામાં આવે છે. આ પર્વના દિવસોમાં ધાર્મિક જૈન ભાઇઓ વ્યાપારાદિ કાર્યમાંથી બને તેટલી વધારે નિવૃતિ મેળવી ધાર્મિક કાર્યમાં આનંદ અને ઉત્સાહથી વખત પસાર કરે છે. સાધુ મુનિનો યોગ મેળવી શકતા મુખ્ય શહેરોમાં આ પર્વ વધારે ધામધુમથી ઉજવાય છે. પર્યૂષણ પર્વના છેલ્લા પાંચ દિવસોમાં ચૌદ પૂર્વધર યુગપ્રધાન શ્રી ભદ્રબાહુ સ્વામિ વિરચિત 'કલ્પ સૂત્ર' વાંચવામાં આવે છે. આ કલ્પસત્ર સાક્ષાત્ કલ્પવૃક્ષ સમાન છે. તેમાં કહેલું શ્રી વીરપ્રભુનું ચરિત્ર તેનું બીજ છે. શ્રી પાર્શ્વનાથનું ચરિત્ર અંકુર છે. શ્રી નેમિચરિત્ર સ્કંધ (થડીઓ) છે. શ્રી રૂષભ ચરિત્ર શાખાઓનો સમૂહ છે. સ્થવિરાવલિ રૂપ પુષ્પો છે. સામાચારીનું જ્ઞાન તે સુગંધ છે અને મોક્ષપ્રાપ્તિ એ કલ્પસૂત્રરૂપી કલ્પવૃક્ષનું ફળ છે. વાંચવાથી, તેમાં સહાય કરવાથી અને સર્વ અક્ષરો શ્રવણ કરવાથી વિધિપૂર્વક આરાધેલું આ કલ્પવૃક્ષ આઠ ભવની અંદર મોક્ષદાયક થાય છે. જેઓ શ્રી જિનશાસનપ્રભાવના અને પૂજામાં પરાયણ થઇ એકાગ્ર ચિત્તથી આ કલ્પસૂત્રને એકવીશ વાર સાંભળે છે તે આ સંસાર સાગરને તરી જાય છે.

આ કલ્પસૂત્રમાં ચરમ તીર્થંકર તરીકે નજીકપણાથી ભવિજીવોને શ્રી વીરપ્રભુનું જીવન વધારે ઉપગારી હોવાથી પ્રથમ તેમના ચરિત્રનું વર્ણન વધારે વિસ્તારથી કરવામાં આવેલ છે આ પર્વના દિવસોમાં કલ્પસૂત્રના શ્રવણ ઉપરાંત નીચેનાં પાંચ કાર્યો અવશ્ય કરવા યોગ્ય બતાવેલાં છે (૧) ચૈત્ય પરિપાટી એટલે પ્રત્યેક ચૈત્યે વંદના અર્થે ફરવું (૨) સર્વ સાધુઓને વંદના કરવી; (૩) સંવત્સરી પ્રતિક્રમણ કરવું (૪) પરસ્પર સ્વધર્મી ભાઈઓને ખમાવવું; (૫) અષ્ટમ તપ કરવું. આષ્ટમ તપ ત્રણ ઉપવાસથી બને છે ને મહાફળનું કારણ જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપ ત્રણ રત્નને આપનાર, ત્રણ શલ્યનું ઉન્મૂલન કરનાર, ત્રણ જન્મને પવિત્ર કરનાર, મન, વચન અને કાયાના દોષને શોષણ કરનાર અને ત્રણ જગત્માં શ્રેષ્ઠ પદને પમાડનાર છે. તેથી મોક્ષપદના અભિલાષી એવા ભવિ પ્રાણીઓએ તે અષ્ટમ તપ અવશ્ય કરવા યોગ્ય છે. તે ઉપર નાગકેતુનું દ્રષ્ટાંત મનન કરવા યોગ્ય છે.

ઉપર જણાવ્યા મુજબની ધાર્મિક ક્રિયાઓ કરવામાં ભાવિક જૈન બંધુઓએ પર્યુષણ પર્વનો ઘણો ખરો સમય વ્યતીત કરવો જોઇએ. જિનપૂજા-સ્તવન-કીર્તનાદિ ક્રિયા કર-

વામાં દેરાસરમાં જેટલો વખત જાય છે તેના કરતાં વધારે વખત આ પર્વના દિવસોમાં ઉપાશ્રયમાં જાય છે.

આવા પવિત્ર તહેવારોમાં સવેષણીય ચિત્તશાન્તિ મેળવી આત્મિક ઉન્નતિ કરવા તરફ જેટલું લક્ષ આપાય છે તેના કરતાં વધારે લક્ષ્ય બાહ્ય દેખાવ કરવામાં મોટા આડંબર થી ધામધુમો કરવામાં અપાય છે. જે હેતુથી ખર્ચાળ યોજના હાથ ધરી મોટી મોટી ધામધુમો કરવામાં આવે છે. તે હેતુ પરમાર્થથી જળવાય છે કે કેમ તે બાબતનો ભાગ્યેજ વિચાર કરવામાં આવે છે, કહેવાની શાસનોન્નતિકારક ક્રિયાઓ વાસ્તવીક રીતે શાસનની ઉન્નતિ કરે છે કે કેમ? અર્વાચીન સમયને અનુસરી, જૈન ભાઇઓની કોમોની સાથેની સરખામણીથી આર્થિક સ્થિતિનો વિચાર કરી ઓછા ખર્ચે વધારે ઉન્નતિકારક કાર્યો કયાં-કઇ દિશામાં પ્રયાસ કરવાથી ધર્મનો પ્રચાર વધારે મોટા વિસ્તારમાં સંગીન રીતે કરી શકાય તેનો વિચાર કરવામાં આવતો નથી.

આ પર્વના દિવસોમાં દેરાસરોની તેમજ અન્ય ધાર્મિક સંસ્થાઓની ઉપજ વધારવા માટે ઘણું સારૂં લક્ષ્ય આપવામાં આવે છે. પરંતુ કવચિત્ તેને માટે તે ઉપાયો કામે લગાડવા આવે છે તેના સંબંધમાં બે શબ્દો લખવાની જરૂર જણાય છે. ધાર્મિક ક્રિયાઓ કરવા બદલ ઘી અગર રૂપૈયાની ઉછામણી બોલવામાં આવે છે તે પ્રસંગે કેટલાએક કેવળ વાહવાહ કહેવરાવવા ખાતર, પોતાની સ્થિતિનો વિચાર કર્યા સિવાય આગળ પડે છે અને જ્યારે આખરે પુરેપુરો હિસાબ ચુકવી શકતા નથી ત્યારે દેવદ્રવ્યના દેવાદાર બની કફોડી સ્થિતિમાં આવી પડે છે. કવચિત્ કપટભાવથી બીજાને ફસાવવાની યુક્તિ રચવામાં આવે છે. વ્યવહારકુશળ જૈન ભાઇઓ તરફથી વ્યાપારાદિ કાર્યમાં યુક્તિ-પ્રયુક્તિથી લાભ મેળવવાની બાજી રમવામાં આવે છે તેમ ધાર્મિક કાર્યોમાં તેવા ઉપાયો કામે લગાડવામાં આવે તે ઇષ્ટ નથી. ઘીના રૂપૈયાના લોભ ખાતર અન્ય ભાવિક પુરૂષોના ભાવની વૃધ્ધિમાં સ્ખલના થાય, પ્રતિક્રમણ આદિ ક્રિયામાં અશુધ્ધ સૂત્રપઠનથી ચલાવી લેવા પ્રસંગ આવે તે યોગ્ય ગણાય નહિ. ધાર્મિક ક્રિયાનું શુદ્ધ સ્વરૂપ જળવાઇ રહે—ધર્મ ભાવના વૃધ્ધિ પામતી રહે તે તરફ ખાસ લક્ષ્ય આપવાની જરૂર છે.

વ્યાખ્યાનાદિ પ્રસંગે શાન્તિથી—એકચિત્તથી વ્યાખ્યાન સાંભળવાને બદલે પ્રમાદ સેવવામાં આવે અગર વિકથા કરવામાં આવે અથવા જ્ઞાતિની કે સંઘની તકરારી બાબતોની ચર્ચા કરવામાં આવે તે પર્વના દિવસોનો ઘણોજ કીમતી વખત નિરર્થક ગુમાવવા જેવું થાય છે. આ પ્રસંગે જ્ઞાતિના અગર સંઘના ઝગડાઓની ભાંજગડમાં વધારે વખત જાય છે એટલે વ્યાખ્યાન માટે જોઇએ તેટલો સમય રહેતો નથી અને પરિણામે ઉતાવળથી આટોપી લેવાની જરૂર પડે છે. આવા કલેષકારી ઝઘડાઓથી કવચિત્ વૈર-વિરોધનો ઉચ્છેદ થવાને બદલે વૃદ્ધિ થાય છે અને તેથી આવા ઝઘડાઓની ચર્ચા બીજા કોઇ પ્રસંગેજ હાથ ધરવી એ વધારે સારૂં જણાય છે.

આ પર્વને અંગે આખા વરસ દરમીયાન સંવત્સરી પ્રતિક્રમણ વખતે સકળ જંતુઓ સાથે ખમવા-ખમાવવાનો રીવાજ ઘણો પ્રશંસાપાત્ર છે અને દિવ્ય દ્રષ્ટિના પ્રભાવથી વસ્તુનું યથાર્થ સ્વરૂપ જાણનારા શાસ્ત્રકારોએ ઘણાજ ઉંચા આશયથી આ 'ક્ષમાપના' ની યોજના કરી હોય એમ જણાય છે. સમસ્ત જીવરાશિ સાથે પ્રતિદિન ખમવા ખમાવવા માટેના પ્રતિક્રમણ સૂત્રના મુખ્ય ગણાતા વંદિત્તાસૂત્રની આ સંબંધમાં નીચેની ગાથા ઘણુંજ સારૂં અજવાળું પાડે છે.

**" ખામેમિ સવ્વ જીવે, સવ્વે જીવા ખમંતુ મે,**
**મિત્તી મે સવ્વભૂએસુ વેરં મજ્ઝં ન કેણઈ"**

અર્થ:— સર્વ જીવને હું ખમાવું છું. સર્વ જીવ મારા અપરાધ પ્રત્યે ખમો, સર્વ જીવને વિષે મારે મૈત્રીભાવ છે. મારે કોઇ સાથે વૈર-ભાવ નથી.

ગાથાના અર્થનો અક્ષરશઃ વિચાર કરી, તે મુજબ યથાર્થ વર્તન કરનારા ઘણા વિરલા પુરૂષોજ દ્રષ્ટિગત થાય છે. જ્ઞાનવિષયક માત્ર મોટી મોટી વાતો કરનારા આજકાલના ક્રિયા વિમુખ શુષ્ક જ્ઞાનવાદીઓની વાત એક બાજુ ઉપર રાખીએ તો પણ હમેશ પ્રતિક્રમણાદિ ધાર્મિક ક્રિયાઓ કરનારા પુરૂષોમાંથી પણ ખરા જીગરથી ઉપરની ગાથા મુજબનું વર્તન કરી દેખાડનારા ગણ્યા ગાંઠયા મનુષ્યોજ નીકળી આવશે. પ્રતિદિન ઉપાશ્રયના ચોરસાઓ ઘસી નાંખનારાઓનું વર્તન ઘણુંજ ઉચ્ચ હોવું જોઇએ. તેમનું જીવન અન્યને આદર્શરૂપ ગણી શકાય તેવું હોવું જોઇએ. તેમના શિથિલ વર્તનથી અન્યને આક્ષેપ લેવાનુ કારણ મળે એ ઓછું શોચનીય ગણાય નહિ. કહેવાતા ભક્તજનોના હૃદયપ્રદેશમાં પ્રવેશ કરી તેમની ખરી સ્થિતિનું અવલોકન કરવામાં આવે તોજ જાણી શકાય કે તેઓ બાહ્યના સુંદર દેખાવથી મુગ્ધ જનોને કેવી રીતે પોતાના વર્તન માટેનો અભિપ્રાય બાંધવાની બાબતમાં આડે માર્ગે દોરી જઇ છેતરે છે.

હૃદયની શુદ્ધતા પારખવાનું કામ એટલું બધું મુશ્કેલ છે કે તેમાં ભલભલા વિચક્ષણ પુરૂષો પણ ઘણી વખત ઠગાય છે. આ સબંધમાં નીચેની અંગ્રેજી કહેવતો સારો પ્રકાશ પાડે છે.

Outward apperances are always deceptive.
—બાહ્ય દેખાવો હમેશાં ઠગનારા હોય છે.

All that glitters is not gold.
—ઝળકાટ મારે એટલું-પીલું એટલું સોનું હોતું નથી. ઉજળું એટલું દુધ ગણાતું નથી.

આથી કરીને ઉત્તમ વર્તનજ હૃદયની શુદ્ધતા સંબંધમાં અન્યના ઉપર સારી છાપ પાડી શકે છે.

હમેશ સવાર સાંજ પ્રતિક્રમણ વખતે અંતઃકરણથી વૈર વિરોધ ખમવા-ખમાવવાની તક જેઓ ફોગટની જવાદે છે તેઓ ક્રોધ-મન-માયા-લોભ-ઇર્ષ્યાદિ તામસ વૃત્તિને વશ વર્તી

જીવો માટે પાક્ષિક અને ચાતુર્માસિક પ્રતિક્રમણ વખતે સમસ્ત જીવો સાથે ખમવા ખમાવવાનો ઉપદેશ છે. છેવટ સાંવત્સરિક પ્રતિક્રમણ વખતે ખમવા-ખમાવવાનો ઉપદેશતો નીચી કોટિના જીવો માટે જ હોવો જોઇએ એવો વિચાર કરવામાં આવે તો પ્રતિદિન કિંમતી તક ફોગટની ગુમાવી સમસ્ત જીવરાશ સાથેના કિંચિત્ પણ વૈર—વિરાધને આખા વરસ પર્યંત જવલંત રહેવા દેવામાં આવે નહિ

'મિચ્છામિ દુક્કડં, મિચ્છામિ દુક્કડં' 'मिथ्या मे दुष्कृतं' તેવા અનેક વખતના માત્ર વચનોચ્ચારથી-ફોગટના વાગ્વ્યાપારથી યથાર્થ 'ક્ષમાપના' કરેલી કહી શકાય નહિ. હૃદયમાં કાતીલ વૈરવૃત્તિ પ્રવર્તતી હોય, અંતઃકરણમાં અન્યના નજીવા અવિનય-અપરાધ કે દોષ માટે તેને તેમજ તેના કુટુમ્બી જનોને માનસિક, શારીરિક તેમજ આર્થિક બની શકે તેટલી હાનિ કરવા માટે-અસહ્ય દુઃખ ઉપજાવવા માટે, પોતાના જન્મસ્થાન તેમજ અન્યને ભસ્મસાત્ કરી મુકનાર પ્રચંડ ક્રોધની લાગણી ઉદ્ભવેલી હોય અને તેને પરિણામે ઝ્હેરનો બાહ્ય દેખાવ અંતરંગને છેતરવા જેવો કરી માત્ર વચનથીજ ખમવા ખમાવવાનું કાર્ય કેવી રીતે આર્થિક કહી શકાય તેનો ખ્યાલ કરવાની જરૂર છે. હૃદય જ્યાંસુધી ચોખ્ખું થયું નથી, મનનો મેલ ધોવાયો નથી-દીલનો ડાઘ ભુસાયો નથી ત્યાંસુધી જીવ ગુણશ્રેણીમાં ઉંચ સ્થાન પ્રાપ્ત કરી શકતો નથી. મલીન હૃદયવાળા મનુષ્યની ધર્મકાર્યમાં પ્રવૃત્તિ થાય તે અલ્પ ફળદાયીજ થાયછે. એક કવિ કહી ગયેલ છે કે "જીને આપકું જોયા નહિ, મન મેલકું ધોયા નહિ, દીલ ડાઘકું ખોયા નહિ, કાશી ગયાસો કયા ભયા."

જે પવિત્ર સ્થળે જે સમયે ખમવા-ખમાવવા માટે હઝારો સ્ત્રી પુરૂષો એકઠા થયેલા હોયછે તે સ્થળેજ તે વખતે પોતાની દબાવેલી જગ્યા ઉપર અન્ય કોઇ આવી જતાં અગર અન્ય કંઇ મિષથી અનેક વખત તકરાર અને મારામાર થતી જોવામાં આવે છે. પર્વના દિવસોમાં તપશ્ચર્યાદિ ક્રિયાને લીધે અન્ય દિવસો કરતાં ખાસ કરીને ચિત્તવૃત્તિ વધારે શાંત રહેવી જોઇએ તેને બદલે ઉલટા તપસ્વીજનો સહેજમાં આવેશમાં આવી જાયછે. કઠીન તપથી શરીરને કૃશ કરી નાખેલું હોય છે તેવા તપસ્વી જનો શમ-દમ—ચિત્તવૃત્તિનિ રોધાદિ ક્રિયામાં આગળ વધવાને બદલે પાછળ હઠતા જોવામાં આવેછે. પર્યૂષણ પર્વમાં વાંચવામાં આવતું ખાસ મનન કરવા યોગ્ય ચરમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામિનું જીવનચરિત્ર વરસોનાં વરસો થયા સાંભળવામાં આવે છે છતાં પણ ચંડકોશીક સર્પ પ્રત્યે શ્રીમન્ વીર પ્રભુએ લેશમાત્ર ક્રોધ નહિ કરતાં ઉત્કૃષ્ટ ભાવદયાથી અપકારના બદલામાં ઉપકાર કર્યાનું વૃત્તાંત આપણા નિર્બળ મન ઉપર કંઇ અસર કરી શકતું નથી તે કેવળ આપણીજ નિર્બળતા-અધમ સ્થિતિ સૂચ છે. પાપકાર્યમાં જેવી શુરવીરતા દાખવવામાં આવે છે તેવી શુરવીરતા ધર્મ કાર્યમાં, ચપળ મનને વશ કરવામાં, ઇંદ્રિયોના વિષયોને જીતવામાં દાખવવામાં આવે તો સ્હેજે આત્મકલ્યાણ કરી શકાય. શાસ્ત્રકારો યથાશક્તિ તપ-જપ યમ-નિયમાદિ ધર્મકાર્યમાં પ્રવૃત્તિ કરવા ઉપદેશ આપે છે તે ઉપરથી 'યથાશક્તિ' શબ્દ આગળ ધરી ગળીયા બળદની માફક સુસ્ત બની

બેસી રહેવું અને શકિત છતાં પણ ધર્મકાર્યમાં પ્રવર્તવું નહિ એ આ મનુષ્યજન્મ ફોગટ ગુમાવવા જેવું થાય છે. શકિત ઉપરાંત ગજા બહાર કંઇપણ કાર્ય આરંભવું એ જેમ ડહાપણ ભરેલું નથી તેમ છતી શકિતએ-શકિત ગોપવીને ધર્મકાર્યમાં વિમુખ રહેવું એ કેવળ મૂર્ખાઇ ભરેલું છે.

ધર્મસાધનને માટે વધારે અનુકુળ પર્વના દિવસોમાં પણ આરંભ સમારંભના કાર્યથી નિવૃત્તિ નહિ મેળવી શકનાર મનુષ્યોની સ્થિતિ જેટલી દયાજનક છે તેના કરતાં પણ ધર્મસાધનમાં પ્રવૃત્ત થયેલા પુરૂષો ઉચ્ચદશાથી પતિત થઇ કુસંપજનક કલેશ ઉત્પન્ન કરનાર વધારનાર કજીઆદલાલોનો ધંધો લઇ બેસનારાઓની સ્થિતિ વધારે દયાજનક છે.

સમસ્ત જીવરાશિના પ્રત્યેક જીવ સાથે ત્રિવિધે ત્રિવિધે ખમવા-ખમાવવાનો રીવાજ અન્ય મતાવલંબી કોઇ પણ પ્રજામાં દૃષ્ટિગત થતો નથી, આવી ઉંચ ભાવના રાખવા માટેનો જૈન શાસ્ત્રકારોનો કેવળ પરોપકારવૃત્તિ પ્રધાન ઉપદેશ સહસ્રમુખે પ્રશંસા કરવા યોગ્ય છે. આ ઉપદેશ અનુસાર ખરા જીગરથી વર્તન કરનાર મનુષ્ય અલ્પકાળમાં પોતાના આત્માની ઉચ્ચ દશા પ્રાપ્ત કરી શકે છે. અન્યના અપરાધ ઉદારભાવથી માફ કર્યા સિવાય આપણા અપરાધોની માફીની આશા રાખવી તદ્દન અસ્થાને છે.

સર્વત્ર આ સંબંધમાં આધુનિક પ્રવૃત્તિ એટલી બધી મંદ થઇ ગયેલી જોવામાં આવે છે કે તેથી સમસ્ત કોમની સ્થિતિ સંબંધમાં દીર્ઘદૃષ્ટિથી ઉહાપોહ કરનાર મનુષ્યના હૃદયમાં ખેદ થાય છે. જુદાં જુદાં અનેક કારણોને લીધે ઘણાખરા શહેરના જૈન સમુદાયમાં અંદર અંદરજ વિરોધની લાગણી વરસોના વરસો થયાં ઉદ્‌ભવેલી જોવામાં આવે છે અને કલહપ્રિય જનો બળતામાં ઘી હોમવાની માફક પોતાના અવિચારી કૃત્યોથી આ વિરોધની લાગણીના અખાતનો વિસ્તાર વધારતા રહે છે. સમસ્ત જૈન પ્રજાગણુની હરેક પ્રકારે ઉન્નતિ કરવાના હેતુથી જુદી જુદી અનેક દિશામાં કાર્ય કરતી મહાન્ કોન્ફરન્સના છેલ્લા આઠ-દશ વરસના મહાભારત પ્રયાસને સખ્ત ફટકો માર્યા જેવી સ્થિતિ થઇ પડી છે.

ધર્મ વિરૂદ્ધ (?) આચાર-વિચાર તરફ તિરસ્કાર બતાવતા જતાં અસાવધતાથી સુકા સાથે લીલાને પણ બાળી મુકવાની માફક આ પ્રગતિના જમાનામાં મહા પ્રયાસે ઉછરેલ વિચાર સ્વાતંત્ર્યના કુમળા છોડને જડમૂળથી ઉખેડી નાંખવામાં આવે છે. આવા આવા અનેક અનિષ્ટ પરિણામો ઉપજાવતાં કલહો સર્વત્ર શાન્ત થાય અને આ પવિત્ર દિવસોમાં સર્વત્ર શાન્તિ પથરાય, પ્રાચીન અને અર્વાચીન-નવીન વિચારના મનુષ્યો યુદ્ધક્ષેત્રમાંથી પાછા હઠી, એક બીજા સાથે હાથમાં હાથ મેળાવી જૈનોન્નતિના કાર્યક્ષેત્રમાં મચ્યા રહે, એક બીજા વિચારભિન્નતા માટે પુરતી સહિષ્ણુતા બતાવે અને સર્વ સામાન્ય કાર્ય સાધ્ય કરવામાં આગળ વધે એમ સૌ કોઇ સહૃદય મનુષ્યની ભાવના રહેવી જોઇએ.

વ્યાપારી વર્ગ દિવાળીનાં તેહેવારોમાં જેવી રીતે આખા વરસના નફાટોટાનું સરવૈયું કાઢી હીસાબ તૈયાર કરે છે તેવી રીતે આખા વરસ દરમિયાન ધર્મકરણીમાં કેટલા આગળ વધ્યા-અશુભ વૃતિઓ ઉપર જય મેળવી શુભ વૃત્તિમાં કેટલો વધારો કર્યો-જ્ઞાન-ધ્યાન-તપ જપાદિ ક્રિયાઓમાં પરમાર્થથી કેટલા આગળ વધ્યા-આચારશુદ્ધિમાં વસ્તુતઃ કેટલો વધારો કર્યો, તેનો કંઇ વિચાર કરતું કોઇ ભાગ્યેજ જોવામાં આવે છે. વખતના વ્હેવા સાથે વયો-વૃદ્ધ થતા જઇએ તેમ મનબળ વધતું જાય છે કે કેમ-વિષયવાસના ઓછી થતી જાય છે કે કેમ-આચાર-વિચારમાં વાસ્તવિક રીતે સુધારો થાય છે કે પાછળ હઠતા જઇએ છીએ તે સંબંધમાં ભાગ્યેજ ઉહાપોહ થતી જોવામાં આવે છે. સામાન્ય રીતે 'ખમત ખામણાં' ની કંકોત્રીઓ છાપેલી તૈયાર આવે છે તેમાં નામઠામ તીથિ વગેરે લખી મોકલી આપવામાં આવેછે અને તે ધારાએ ઘણે અંશે દેખાવરૂપેજ 'ખમતખામણા' કરવા ઉપરાંત લખી જણાવવામાં આવે છે કે 'અત્રે મહામંગળકારી પર્યૂષણપર્વ રૂડી રીતે ઉજવવામાં આવેલ છે. તપસ્યા તથા પ્રભાવના ઘણી સારી થઇ છે. જૈન ધર્મનો ઉદ્યોત અધિક વરતાણો છે;' પરંતુ લખનારે પોતે આવા ઉત્તમ કાર્યમાં કેટલો ફાળો આપ્યો તેનો કંઇ ઉલ્લેખ કરવામાં આવતો નથી. તત્સંબંધી કંઇ વિચાર પણ કરવામાં આવતો નથી. 'ગતાનુગતિકો લોકઃ' એ નિયમાનુસાર માત્ર છાપેલી કંકોત્રીઓ લખી મોકલી પોસ્ટની ટીકીટોનો ખર્ચ કરી માત્ર વ્યવહાર જાળવવાથી શું સાર્થક તે સમજવું મુશ્કેલ છે.

પર્વના દિવસોએ કરવામાં આવતી ધર્મક્રિયા સ્થિર ચિત્તથી-મનની એકાગ્રતાથી થવી જોઇએ. ચંચળ ચિત્તવાળા પુરૂષોનું મન ભાગ્યેજ સ્થિર રહી શકે છે. ધર્મક્રિયા કરતી વખતે ઉત્તમ ભાવનાથી હૃદયમાં તે ઉલ્લાસભાવ પ્રવર્તવો જોઇએ, પ્રમોદની રેલછેલ થવી જોઇએ, આત્મિક આનંદનો અનુભવ થવો જોઇએ, તેને બદલે મનની વ્યગ્રતાને લીધે શરીર-વ્યાપાર અગર વચનક્રિયા ધર્મકરણીમાં ઉપયુક્ત હોય છતાં પણ મન અન્યત્ર રખડતું હોય છે. મનની સાથે ઘણી વખત ચક્ષુઆદિ ઇંદ્રિયો પણ પર્વના દિવસો હોવાથી સારા સારા વસ્ત્રા-ભુષણોથી અલંકૃત થયેલી લાવણ્યવતી લલનાઓ ધર્મસ્થાનોમાં આવેલી હોય છે તેમના તરફ રોકાયેલી રહે છે. આથી કરીને ફળપ્રાપ્તિ દુર્લભ થઇ પડે છે. શ્રી અજિતનાથ સ્વામિના સ્તવનમાં મોહનવિજયજી કહી ગયા છે કે 'મનવંચ્છિત ફલ્યા રે જિન આલંબને' એમ બનવાનો પ્રસંગ દૂર જતો જાય છે.

અન્ય દિવસો કરતાં પર્વના દિવસોમાં મોટા શહેરોમાં ધર્મસ્થાનોમાં સ્ત્રી-પુરૂષો વધારે મોટી સંખ્યામાં આવતા હોવાથી વધારે ભીડ થાય છે તેવે પ્રસગે ભવભીરૂ સ્ત્રી-પુરૂષોએ અજાણતાં પણ એક બીજાના સંસર્ગથી વધારે સાવચેત રહેવાની જરૂર જણાય છે.

**अन्यद्वारे कृतं पापं देवद्वारे विनश्यति**
**देवद्वारे कृतं पापं वज्रलेपं भविष्यति ॥**

શ્લોકાર્થ- અન્ય સ્થળે કરેલું પાપ દેવદ્વારે નાશ પામે છે, પરંતુ દેવદ્વારે કરેલ પાપનો બંધ વજ્રલેપ સમાન થાય છે.—ઉપરની હકીકત બરાબર લક્ષ્યમાં રાખી શુદ્ધ આત્મદશા પ્રગટ કરવાની ઇચ્છા રાખનાર મુમુક્ષુ જનોએ ધર્મસ્થાનોમાં મન, વચન અને શરીર—એ ત્રણેને કેવળ ધર્મક્રિયામાંજ પ્રવર્તાવવાની જરૂર છે. ધર્મકરણીમાં બની શકે તેટલો વધારે વખત પસાર કરવા વિચાર રાખવામાં આવે અને તેટલો વખતજ સાર્થક થયેલો માનવામાં આવે તોજ આત્મસિદ્ધિ કંઇક સુતર છે.

પવિત્ર પર્વના દિવસોનાં કિંમતી વખતનો પણ જેઓ સદુપયોગ કરી શકતા નથી તેઓ આ દુઃપ્રાપ્ય મનુષ્ય ભવ હારી જાય છે. અને ભવભ્રમણમાંજ અટવાયા કરે છે. અન્ય મતાવલંબીઓના પર્વના દિવસોએ દેખાદેખીથી તેમનું અનુકરણ કરનારા જૈન બંધુઓ હજુ પણ ચેતે અને આપણા પવિત્ર પર્વના દિવસો ધર્મકરણીમાં પસાર કરી પોતાની ઉન્નતિ સાથે જૈન શાસનની પ્રગતિના કાર્યમાં પણ કંઇક આગળ વધે અને સમસ્ત જૈન પ્રજાગણ યથોક્ત રીતિએ શુદ્ધ આચારવિચારમાં આગળ વધી ઉત્ક્રાન્તિના પગથીઆં ક્રમશઃ ઓળંગે એમ ઇચ્છી વિરમું છું ૐ શાન્તિ

## શ્રીમન્ વીરપ્રભુ સ્તુતિ.

(શા. રા. પ્રાણજીવન મોરારજી શાહ.)

કલ્યાણની લયમાં.

વીર ! વંદના સ્વિકારો, કરીએ વિનયથી ડરી,
સુભાવથી સુભક્તિથી, મન ધરો મુનિવરા..........૧ ટેક

નિર્વિકારી નિર્વિકલ્પ, નિર્વિનાશી દુઃખ ન સ્વલ્પ,
અજર અમર અનુપ રૂપ, નમન છે નિરંજના !......૨ વીર

સૂર્ય ચંદ્રથી વિશેષ, આપની પ્રભા હમેશ,
જ્ઞાનનો પ્રકાશ શેષ, બક્ષસો કૃપાધના !..........૩ વીર

દેહ ક્ષણિક સુખ અનિત્ય, વૈભવે વ્યથા તથા
દિન દિને દયામણી, અમ દશા દયાધના !...... .....૪ વીર

હસતું રહે જે ઘડિક તન, બળતું રહે ઘડિક મન
અમ અહિં એ અજ્ઞતા, ને કર્મની વિચિત્રતા.........૫ વીર

જગત જાળ છે કરાળ, અતિ અગમ્ય વિષમ વ્યાળ,
જાણીએ નિહાળીએ, તદપિ ખાઇએ મત્તા..........૬ વીર

મનુષ્ય જન્મ જૈન ધર્મ, ઉંચ કુળ યોગ સર્વ,
છે અનાથનાથ પરમ, સુમતિ આ જિનેશ્વરા ?... .....૭ વીર

વિના દયા તરાય ના, વિના કૃપા જીતાય ના
વિના કૃપા વિના દયા, વિરામ ના વરાનના !.........૮ વીર

જગતવંદ્ય જૈન ધર્મ, પરમ પુનિત શ્રમણ કર્મ,
વંદના ઉપાસના, કરાવ કષ્ટભંજના !...............૯ વીર

ધરિયે તું પર ભકિતભાવ, કરિયે જ્ઞાનનો જમાવ,
ફરિયે કરતા જનનિભાવ, અરજ એ અનામયા! ...૧૦ વીર

રંક પ્રાણજીવનદાસ, આપનો થવાને ખાસ,
કરે સ્તુતિ ધરી હુલાસ, મતિ યથા મહેશ્વરા..........૧૧ વીર

## વીર પ્રભુ જન્મોત્સવ.

(પ્રીતિની વાંસલડીં વાગી—એ રાગ.)

અહોહો ! દિવ્ય દિવસ આજે, કરેછે મોરલિયો ટહુકાર. અહોહો ! ૧

શિતળ સમિરે, તરૂવર ડોલે, પુષ્પ તણા ધરી સાજ;
મંદ સુવાસ, પ્રસારી દીધી, એ સૌ શાને કાજ ?!! અહોહો ! ૨

અવનિએ ધરિ નવલી સાડી, પર્જન્યે વણી આલી;
મૌક્તિકશાં વર્ષા બિંદુડા, વેલડિઓ રહી મહાલી, ?!! અહોહો ! ૩

દેવ દુંદુભિ, ક્યાં ગર્જે છે, દિક્કુમારી ક્યાં જાયે ?
દેવ, દેવિઓ, ઇન્દ્રાદિ સૌ, કેમ અતિ હરખાયે ?!! અહોહો ! ૪

મંગળ વાજાં, ક્યાં વાજે છે?, ધ્વજા પતાકા ફરકે !
ધવળ મંગળ, ગાવે ગોરડીઓ, તોરણ ઘરઘર લળકે ?!! અહોહો ! ૫

દિવ્ય પ્રકાશ થયો નારકિએ, પશુ પંખી સુખ મહાલે !
અવનિતલમાં, આજ અહોહો! કોઇ દુખાંશ ન ભાળે?!! અહોહો ! ૬

શ્રેષ્ટી જનો લઈ ભેટણાં આવે, આંગણે છે ભીડ ભારે;
શુકસારિકા બંદિજન સમ, ગાય મધુરા નાદે. અહોહો ! ૭

હા ! હા ! એતો સૌ સિદ્ધરથ રાય ગૃહે વરતાયે. !
ત્રિશલાનંદન વીર પ્રભુનો, જન્મ મહોત્સવ થાયે!!! અહોહો ! ૮

પાદરા-તા-૨૦-૭-૧૨ } વીરમણી

# શ્રીમહાવીર જયન્તિ.

બહેનો ! સૌ કોઇ પોતાના પિતાની, ભાઇની, પતિ વિગેરેની એમ ઘણી જયન્તિઓને દહાડે આનંદથી સગાંસહાયીને નોતરીને નવીન જાતની રસોઇ અને પકવાનો કરીને જમી અને જમાડીને ઉત્સવ કરેછે. તદુપરાંત રામનવમી-રામની જયંતિ, જન્માષ્ટમી-કૃષ્ણની જયંતિ, વગેરે જયંતિઓને દહાડે આપણાં બાળબચ્ચાંઓને પર્વનો દિવસ ગણીને સારાં સારાં વસ્ત્રાલંકાર ધારણ કરાવીને તેમજ આપણે ધારણ કરીને આંટા મારીએ, રમીએ, જમીએ વગેરે આનંદનાં કાર્યો કરીએ. વૈષ્ણવલોકો તે દહાડે ઘણાજ ઉમંગથી ઉત્સવ કરે છે. પ્રભુને શણગારે છે. નાચ, ગાન અને તાલ સહિત મંદિરોમાં ઉત્સવની ધમાલો મચાવે છે. સ્ત્રી, પુરૂષો બાળકો અને વૃધ્ધો તમામ હર્ષિત વદને મંદિરે દર્શનાર્થે જાયછે. દાન પુન્ય કરે છે. દિવસમાં બે ચાર વખત ઉમદા ઉમદા પુષ્ટિકારક પદાર્થોનું ફળાહારાર્થે ભક્ષણ કરીને કહેશે કે ઉપવાસ કરેલો છે. ઉમંગમાં દિવસ અને રાત્રિ પસાર કરીને જન્મવખત પછી પારણું કરે છે. આપણામાંની ઘણી બહેનો પણ જન્માષ્ટમી, રામનવમી, ભીમ અગીયારસ, હોળી, શીતળા સાતમ વગેરેના ઉપવાસ કરતાં હશે, પણ આપણા પરમ પવિત્ર પિતાના જન્મ દિવસને જાણતાં કે ઓળખતાં પણ નહિ હોય, શું તે થોડી ખેદકારક વાતછે ? જૈન નામ ધરાવનાર મહાવીરના પુત્ર પુત્રીએ તો અવશ્ય તે દિવસને તો ઓળખવોજ જોઇએ. અને તે દિવસજ ઉમંગસહિત ઉત્સવ કરીને ઉજવવો જોઇએજ. જે પવિત્ર દિવસે સિદ્ધાર્થ રાજાનાં રાજ્યમંદિરમાં, ત્રિશલાદેવી રાણીના આનંદગૃહમાં ત્રિલોકનાથ પ્રભુનો વાસ થયો તે દિવસે આપણા હૃદયમંદિરને પ્રભુના વાસાર્થે નીતિ-ધર્મ વડે દુર્ગુણરૂપ મળ-કચરો કાઢીને નિર્મળ બનાવવાની ને સદ્‌ગુણરૂપ સુગન્ધી પાણી છાંટીને સ્વચ્છ કરવાની પૂર્ણ આવશ્યકતા છે. જો આપણું હૃદય શુદ્ધ- પવિત્ર નિર્મળ હશે તોજ પ્રભુનો વાસ ત્યાં થશે.

બહેનો ! બહુ દિવસ ઉંઘમાં ગયા, હવે જાગૃત થાઓ અને આપણા મહાન્ પિતાની જયંતિને ઓળખીને ઉજવો, એક રીતે નહિ પણ અનેક રીતે ઉજવો, તપશ્ચર્યા કરીને ઉજવો, પરોપકાર કરીને ઉજવો, દાન દઇને ઉજવો, અભયદાન દઇને ઉજવો, દુઃખી અને દીનજનોને સહાય-મદદ કરીને ઉજવો, રાગ દ્વેષ વગેરે અહંતા—મમતાનો ત્યાગ કરીને ઉજવો, સર્વ પ્રાણી પ્રત્યે વૈરભાવ ત્યજી સમભાવ કરીને ઉજવો, ધર્મશાસ્ત્રનું શ્રવણ કરી ઉજવો, તન, મન અને વચન એ ત્રિકરણની શુદ્ધતા--એકતા કરીને ઉજવો, જગદાધાર પ્રભુના ગુણનું કીર્તન કરીને ઉજવો, પ્રભાવશાળી પિતાના બાળકો—આપણા દુઃખી ભાન્ડુઓનાં દુઃખ ઉપર હૃદયમાં દયા લાવી પવિત્ર પિતાની જયંતિને દહાડે તેઓને સંતોષીને ઉજવો,

+આ ભાષણ ગં. સ્વ નિર્મળા બહેને કાઠિયાવાડના એક શહેરમાં શ્રાવિકાઓના મેળાવડા સમક્ષ આપ્યું હતું અને તેની અસરથી આશરે બસો રૂપિયાની રકમ પશુરક્ષાર્થે એકઠી થઇ હતી. આવાં ધર્મકાર્ય માટે શ્રમ લઇ, લીધેલી કેળવણીને દિપાવનારી શ્રાવિકા બહેનો બેશક ધન્યવાદને પાત્ર છે. તંત્રી.

દુઃખીઓનાં ઉષ્ણ અશ્રુઓ લુંછીને ઉજવો, આજના માંગલિક દિવસમાં દુઃખી કે દીન જનોનાં એક પણ ( નિઃશ્વાસ સહિત ) અશ્રુ પડવા નહિ દઇને ઉજવો, આમ એક નહિ પણ અનેક રીતે મહાન્ પ્રભુની જયંતી સોત્સાહ ઉજવો ! ઉજવો ને ઉજવો ! આજના શુભ દિવસે આનંદ મંગળના ધવળો ગાઓ, આનંદ કરો આજે મંગળમય દહાડે પારકી કુથલી નહિ કરતાં પ્રભુનુંજ ધ્યાન ધરો, તેઓશ્રીના ગુણનું શ્રવણ અને મનન કરો. ધર્મધ્યાનમાં દિવસ નિર્ગમન કરો, વૈર વિરોધને દૂર કરો, હૃદયભૂમિને સ્વચ્છ રાખો, દુઃખીની દાઝ દિલે લાવો, કોઇની સાથે કલેશ કંકાશ કરો નહિ ક્રોધાદિક ૭ શત્રુનો નાશ કરો, સમભાવથી હળી મળીને આનંદમાં ગરકાવ થાઓ, આમ અનેક રીતે આજનો પવિત્ર દિવસ ઉત્સાહથી મંગળકારી કાર્યોમાં પસાર કરીને જયંતિ ઉજવો !

પ્રિય બ્હેનો ! મહાન પ્રભુના જન્મ વખતે મહા અઘોર પાપકારી નરકવાસી જીવોને પણ સુખ ઉપજે છે. અંધકારનો નાશ થઇને ઉજ્જવળ તેજ પ્રકાશે છે તો આજે તેજ જન્મના દિવસે આપણા ભાન્ડુઓ દુઃખી થાય તે આપણા જૈન નામને શોભાસ્પદ નથી. માત્ર મોઢાના મલાવા કે—વાહવાહ કરીને —કે લુખા લાડથી પ્રભુની જયંતિ ઉજવવાની નથી. પણ આજે આપણા સ્વાર્થનો થોડો ભોગ આપીને યથાશકિત તન, મન યા ધનની સહાય—મદદવડે દુઃખી જનોને સંતોષીને તેઓનાં ભુખેદુઃખે નીકલતા ઉષ્ણ નિશ્વાસ રોકીને જયંતિ ઉજવવાની છે. માટે ધર્મીષ્ટ બહેનો ! આજે નાશવંત—ક્ષુદ્ર ધન ઉપરથી થોડો મોહ ઓછો કરીને આપણા દુઃખી અને દીન ભાન્ડુઓને સહાય કરવામાં, સંતોષવામાં તે ધનની મદદ અવશ્ય કરશો કે જેવડે આજે જયંતિને દહાડે કેટલાક દુઃખી આત્માઓ સંતોષાશે.

બહેનો ! હમેશાં યાદ રાખજોકે પુન્યાર્થે વપરાયેલું દ્રવ્ય વૃથા જતુ નથી કે તેમાં ઘટ આવતી નથી, પણ તેમાં વૃધ્ધિજ થાય છે. હમેશાં કુદરતી નિયમ છે કે જો વીરડામાં—ખાડામાં પાણી ઉલેચ્યા વિના પડયું રહે તો તે દુર્ગંધ મારીને અંતે સુકાઇ જાય છે પણ જો તેને ઉલેચવામાં આવે તોજ સ્વચ્છ રહે છે ને નવીન વહેણ પણ આવેછે, માટે જો લક્ષ્મીનો—ધનનો ઉપયોગ સારાં કાર્યોમાં નહિ કરવામાં આવે તો ખાડાનાં પાણીની માફક તેની પણ અવશ્ય નઠારી ગતિ—સ્થિતિ થવાની છે તો તેજુરી રૂપ ખાડામાં દ્રવ્યને સુપાત્રે વાવર્યા વિના રાખવામાં આવશે તો તે રહેશે નહિ; કારણકે લક્ષ્મિ અચળ નથી પણ ચળ છે. કહ્યું છે કેઃ—

"दानं भोगो नाशस्तिस्रो गतयो भवन्ति वित्तस्य
यो न ददाति न भुंक्ते, तस्य तृतीया गति र्भवति ॥"

હમેશાં યાદ રાખવું કે પૈસાનો વ્યય ત્રણ પ્રકારે થાય છે. દાન—ભોગ, અને નાશ—તેમાં જે દાન દેતો નથી કે ભોગ ભોગવતો નથી તેનું ધન સામળ કવિનાં કહેવાપ્રમાણે 'તસ્કર અગ્નિકે કોઇ હાકેમ લુટશે' મતલબ કે મહામેહનતે મેળવેલા તે વહાલામાં વ્હાલા પૈસાનો નાશ થાય છે માટે તેનો સદુપયોગ સારાં કાર્યોમાં કરી લેવો. તોજ તેની સાર્થકતા છે અને તેજ સુજ્ઞતાનું લક્ષણ છે. માટે સર્વકોઇ યથા શક્તિ પૈસા ભરવા કૃપાવંત થશે એવી આશા રાખું છું.

ચૈત્રશુદી ત્રયોદશી —નિર્મળા

# ઐતિહાસિક પુરૂષોનો ઉત્સવ શા માટે કરવો જોઇએ ?

આ વિશ્વ એ એક મહાન્ કુટુંબ છે; આ કુટુંબમાં સમાયેલ અસંખ્ય કુટુંબોનું યોગક્ષેમ સારી રીતે ચાલે, તે માટે તેમાંની સર્વ કૃતિઓનું બારિક રીતિથી નિરીક્ષણ કરી તેમાં જે જે સત્કૃત્યો હોય તેને અને તેના કરનારાને ઉત્તેજન આપવું ઘટે છે, અને જે જે દુષ્કૃત્યો હોય છે તે તે ફરીવાર ન થાય તેવી વ્યવસ્થા કરવી ઘટે છે. આ સર્વે એક બીજા પ્રત્યે નીતિનું ઉલ્લંઘન ન કરી પ્રેમથી વૃધ્ધિ પામે અને આ કુટુંબ ન્યાય, પુણ્ય અને આનંદથી ભરપુર બને તેમ થવું જોઇએ છે. પોતાના અસંખ્ય કૌટુંબિકોમાં સ્વભાવનું સરખાપણું હોય તો તે તેને અનુકૂળ જુદા જુદા વર્ગ થાય છે, અને તે પ્રત્યેક વર્ગને તેની ભિન્ન ભિન્ન રૂચિનું સાદશ્ય થયે તે તે વર્તનને અનુરૂપ ઉત્તમ નિયમો બંધાય છે. જે રીતે આ નિયમોનું વર્ગીકરણ થાય છે તેજ પ્રમાણે આ નિયમને અને જે વર્ગે તે નિયમ કર્યા હોય છે તે વર્ગને અનુકૂળ એવી એક સ્વતંત્ર ઓરડીનું નિર્માણ આપણા વિશ્વરૂપી વિસ્તીર્ણ ગૃહમાં થાય છે. આપણા સામાન્ય ઓરડામાં પાણીના નળ જેમ લાવવામાં આવે છે તે પ્રમાણે તે ઓરડામાં મોટી મોટી નદીઓ આવેલ હોય છે અને તે પાણીની સરસમાં સરસ સોઇ કરી આપે છે. સામાન્ય ઓરડામાં આહાર માટે અન્નના કોઠાર આપણે કરીએ છીએ, તે પ્રમાણે ઉક્ત વિશ્વમાંના ઓરડામાં જમીન રૂપી ધાન્યનો મહાન્ ભંડાર કરવામાં આવેલ હોય છે. આપણા વિશ્વના ઓરડામાં બીજા આવી હરકત ન કરે, અને હદ સંબંધી ગોટાળો થાય નહિ તેટલા માટે પર્વતો આડા આવી રહેલા છે. આવી રીતે આ જુદી જુદી વિશ્વમાંની ઓરડીને વ્યાવહારિક ભાષામાં 'દેશ' એવી સંજ્ઞા આપેલ છે. આ કુદરતથી થયેલ ઓરડામાં જેટલી જેની યોજના થઇ હોય તેને તેટલું સુખસમાધાન ત્યાંથીજ મળે છે. અલબત સર્વનું કલ્યાણ સરખીજ રીતે થાય એમ સર્વ ઇચ્છે, તેથી ઉપર કહેલ નિર્મિત જગ્યા માટે કોઇને પક્ષપાત ન હોવો જોઇએ, છતાં કેટલાક અદૂરદર્શી મૂર્ખ લોકોને 'મહત્વાકાંક્ષા' એ નામને બહાને પોતે તૃપ્ત ન થઇ બીજાના ઓરડા પચાવી લેવાની અપકારબુદ્ધિ ઉત્પન્ન થાયછે, અને તે ઉપરાંત તે દુષ્ટબુદ્ધિ સ્વજાતિય ઉપર હલ્લો કરી તેને પોતાના કબજામાં લેછે. આથી એ થાય છે કે પોતાનો વર્તનનિયમજ સર્વોત્કૃષ્ટ છે એમ ભૂલથી સમજી લેઇ જેટલા લોકોને પોતે પાળે છે તેટલી સંખ્યાના બીજા લોકો પર જુલમ કરે છે. આવી રીતે માનવ જાતિના કલ્યાણથી વિરૂદ્ધ જ્યારે જ્યારે કોઈ પણ પ્રકારનો ઘોટાળો થાય છે અને વિશ્વકુટુંબની વ્યવસ્થા ડગમગે છે, ત્યારે ત્યારે 'સત્યનો વિજય, અસત્નો નાશ' એ પ્રબલપણે પ્રગટ થાય છે, અને તે પ્રગટ કરનારા કોઇ દૈવી મહાત્મા પુરૂષો મળી આવે છે અને તેનાં મહત્કૃત્યોજ નવીન ઇતિહાસ ઉત્પન્ન કરે છે. આ પુરૂષોને કોઇ ઐતિહાસિક પુરૂષો કહે છે.

આવા સત્યપુરૂષોનું આયુષ્ય પોતાના વાસ્તે નથી હોતું. તેઓને તો 'જગતનું કલ્યાણ એજ સંતની વિભૂતિ છે' એમ પ્રત્યક્ષ થયેલું હોય છે. તેઓનો આત્મા પરમાત્મા બનવા ઉચ્ચ પ્રયાસ કરતો હોવાથી તેઓમાં સામાન્ય જનોના કરતાં ઘણી ઉંચા જાતનું ખમીર રહેલું

હોય છે. પોતાનું ઉદરજ ભરવું એ લક્ષ્ય ન હોતાં અન્યાયને દેશવટો આપી અપાવી ન્યાયનું પ્રતિપાલન મન. વચન અને કાયાથી કરવાનું સાધ્ય હોય છે તેમની દૃષ્ટિ સ્વહિત જોવા તરફ નહિ પણ સર્વ જનોના કલ્યાણ તરફ સદોદિત રહે છે. સૌ કરતાં વિશેષ તો એ છે કે **भवो हि लोकोभ्युदयाय तादृशां** એવું તેઓનું કાર્યસૂત્રજ હોવાથી તેનો પ્રતાપ સામાન્ય મતિના લોકો એકદમ ગ્રહણ કરી શકતા નથી. તેઓનું પરાક્રમ અશક્ય ભાસે છે, અને તેઓનાં કૃત્યોનું વર્ણન કલ્પિત નવલકથા જેવું લાગે છે. એતો સ્પષ્ટ છે કે એકાદ કૂપમંડકને જો 'અગાધ-જલસંચારી'—ઉંડા જલમાં જઇ શકનાર એવા મગરમચ્છનું વર્ણન કહેવામાં આવ્યું હોય તો તેને એ શક્ય છે એ કેમજ પ્રતીત થાય? જેણે ગામનો ઓરડો જ જોયો હોય તેને સમુદ્રની કલ્પના પણ કેવી રીતે આવે, અને જો તેને પ્રત્યક્ષ સમુદ્ર પર લઇ જઇને ત્યાં ઉભો કર્યો હોય તો પોતાનીજ દષ્ટિપર પૂર્ણ વિશ્વાસ રાખી પોતે જે જુએ છે તે ખરૂં છે એવી ખાત્રી થાય. તેવી રીતે સ્વાર્થપરાયણ, મહત્વાકાંક્ષી અને નીચ હેતુવાળા એવા આપણા સામાન્ય જનોને તો પરાર્થ સાધુ, નિરપેક્ષ અને ઉચ્ચ હેતુ વાળી ઇશ્વરી વિભૂતિના મહત્વનું એકદમ માપન કરવું એ તદ્દન અસંભવનીય છે.

પરંતુ આવી વિભૂતિના મહત્વનું માપ ન કરવું એ જોકે અશક્ય થયું હોય તો પણ તેનાથી થયેલાં કૃત્યોનું મ્હત્વમાપન કરવું સામાન્ય જનોને શક્ય છે. શ્રી રામચંદ્રનું પરાક્રમ જોકે પ્રત્યક્ષ કરી શકાય તેમ નથી, છતાં તેમણે કરેલા રાક્ષસોના નાશથી પૃથ્વીનો ભાર ઓછો થયો એ સર્વને કહેવામાં આવે છે, અને આદિ કવિ વાલ્મીકીની '**सरसा सालंकारा सुपदन्यासा सुवर्णमयमूर्ति.**' એવી વાણી જોકે પ્રત્યક્ષ સાધ્ય હોવી અશક્ય થઇ છે તો પણ તે વાણીથી વિરચિત થયેલ એક રામાયણે જગત્ પર કેટલો ઉપકાર કરેલ છે તે સર્વ સમજી શકે છે. આ પરથી સારાંશ એકે મહાન્ પુરૂષોનાં કૃત્યો કરવાને સામાન્યજનો અસમર્થ છે તોપણ તે કૃત્યોને અને તેનાં સુપરિણામોને સારી રીતે આદર આપેછે અને તેથી તે લોક તે ઇશ્વરી જયોતિથી પ્રાપ્ત થયેલ વિભૂતિપર મહાન્ પ્રેમ રાખે છે.

જેઓના પર આપણો પ્રેમ હોય છે તે પ્રત્યે સ્વાભાવિક રીતે આપણા મનમાં એક પ્રકારનો પૂજ્યભાવ ઉત્પન્ન થાયછે. જેટલા પ્રમાણમાં તે પ્રેમ વધારે હોય છે તેટલા પ્રમાણમાં તે પૂજ્યભાવ પણ વધુ હોય છે. મહાત્મા પુરૂષોનાં કૃત્યો વિશ્વકલ્યાણને માટેજ હોવાથી તેઓના પર જગતનો વિશેષ પ્રેમ હોય છે અને તે એકસરખી રીતે વૃદ્ધિંગત થાય છે. પ્રથમ તો તે પુરૂષને દેવાંશી ગણે છે અને પછી તો તેને પરમેશ્વર તુલ્ય માને છે. તેઓએ જે પ્રમાણમાં જે ભૂમિને ઉપકૃત કરેલ હોય છે તે પ્રમાણમાં તે ભૂમિપર સામાન્ય જનનો સમૂહ પ્રેમ અર્થાત્ પૂજ્યભાવ રાખે છે. તે સત્પુરૂષોનાં પરોપકારી કૃત્યોથી તેઓનાં અંતઃકરણો આર્દ્ર થયેછે. આમાંનાં કેટલાંક કૃત્યો જે સ્થાનને થોડા ઘણાં લાભ-જનક થયેલ હોયછે તે સ્થાનમાં પૂજ્યભાવથી તેઓનાં નામોનું સ્મરણ થાયછે. જે જે સ્થાને અને જે જે રસ્તે તે સત્પુરૂષો ગયેલા હોયછે તે સ્થલો પવિત્ર ક્ષેત્ર તરીકે લેખાય છે,

જે જે નદીનું તેમણે પાણી પીધું હોય છે તે નદીને પવિત્ર માનવામાં આવેછે અને જે દિવસે તેઓનો જન્મ યા દેહોત્સર્ગ થયો હોયછે તે દિવસે તેમણે કરેલાં ઉપકારી કૃત્યોનું સ્મરણ થવા ઉપરાંત જનસમૂહનાં હૃદય પ્રેમરસથી ભરપૂર થાયછે ! આ અમર્યાદિત ઉપકારો વાણીથી વર્ણવી શકતા નથી, તોપણ થોડાઘણા ઉદ્‌ગારરૂપે વર્ણવાય છે; તે ઉપરાંત તેઓનું પૂજન થાયછે, તેઓનાં ભજન ગવાય છે, તેઓનો જય જયકાર વર્તે છે, અને તેમનાં પરમ પવિત્ર કૃત્યોનાં ગુણવર્ણનો ગાતાં ગાતાં સકળ જનસમૂહ તે વખતે તલ્લીન બની રહેછે !! આવા ઐતિહાસિક સત્પુરૂષોનો ઉત્સવ થવોજ જોઇએ એમ હવે કોણ નહિ કહે ?

ઐતિહાસિક ઉત્સવોનું મહત્વ ધ્યાનમાં લઇને તે કેમ કરવો એ પૂર્ણપણે જાણીને તે ઉત્સવની ઉત્પત્તિ લક્ષમાં લેવી ઘટે છે. આપણા ઉપર કોઇએ જે ઉપકાર કર્યો હોયછે તેનો બદલો યથાશક્તિ આપી કિંવા તે નહિતો તેઓના ઉપકાર માટે તેઓના અખંડ આભારી છીએ એમ હૃદયપૂર્વક લાગવું એ મનુષ્ય જાતિનો નિસર્ગજન્ય ધર્મ છે; ઉપકાર કરનાર પ્રત્યે કૃતઘ્ન ન થતાં કૃતજ્ઞ રહેવું એ નીતિશાસ્ત્રનો સાર છે. આ માનવ ધર્મને અનુસરી, આ નીતિ શાસ્ત્ર પ્રમાણે થોડા સત્પુરૂષોના ઉત્સવ કરવાની પ્રથા પાડવામાં આવી છે બલકે સત્ય શબ્દોમાં યોગ્ય રીતે કહીએ તો પડી છે કારણકે જે મનુષ્ય જાતિનો ધર્મજ છે તે કંઇ બલાત્કાર કરેજ નહિ, પરંતુ કુદરતીજ સ્વત: એની મેળે થતો આવે. જ્યારથી લોકો સદ્‌ગુણોની કિંમત કરવા લાગ્યા ત્યારથી આવા ઉત્સવનો પ્રારંભ થયો છે; તેવીજ રીતે જ્યાં સુધી સદ્‌ગુણોની કિંમત મનુષ્યજાત ભૂલી જનાર નથી, ત્યાં સુધી આવા ઉત્સવ અબાધિત અને અખંડ ચાલ્યા રહેશે. ટુંકામાં કહીએ તો જગતના અનાદિત્વથી આવા ઉત્સવની ઉત્પત્તિ છે, અને જગતના અનંતત્વસુધી તે અનંત રહેશે.

સારાંશ કે ઐતિહાસિક ઉત્સવ અનાદિ કાલથી ચાલ્યો આવેલ છે તેથી તેની ઉત્પત્તિજ માનવી સ્વભાવને અનુસરનારી છે અને કૃતજ્ઞતા બુધ્ધિ તેમાંથી ઉત્પન્ન થઇ છે. માનવી સ્વભાવ સઘળે સરખી જાતનો છે, માટે કૃતજ્ઞતા બુધ્ધિમાંથી ઉત્પન્ન થયેલ આ ઐતિહાસિક ઉત્સવ કરવાની પ્રથા આ જગતપટ ઉપર થોડે કે બહુ અંશે પ્રચલિત થયેલ છે. આવા ઉત્સવ કરવાની પધ્ધતિમાં દ્રવ્ય ક્ષેત્ર કાલ અને ભાવને લઇને તે અનુસાર ભેદ હશે યા હોય છે, પરંતુ મૂળ તત્ત્વમાં કયાંહી પણ ભેદ નથી. શ્રી રામચંદ્રે દુષ્ટ રાક્ષસોને સંહાર કરી લોકનાં શુભ કાર્યોનાં નિર્વિઘ્નતાં, ઋષિજનોને અભયતા, અને સર્વ પૃથ્વીને નિર્ભયતા આપી તેથી કૃતજ્ઞ થઈ હિંદુઓ રામજયંતિનો ઉત્સવ કરે છે. અને પ્રત્યક્ષ શૂળી પર ચડીને પણ તારવામાં સમર્થ એવો ઉપદેશ ક્રાઇસ્ટે આપ્યો તથા કૃતજ્ઞ થઇ ખ્રિસ્તી લોકો ખ્રિસ્તી જયંતિનો ઉત્સવ કરે છે, તે પ્રમાણે જૈન લોકો શ્રી મહાવીર, પોતાને ખરો ધર્મ આપી શુધ્ધ આત્માનું ખરૂં સ્વરૂપ સમજાવી તીર્થંકર પદ કૃતાર્થ કરી મુક્તિ પદ પામ્યા તેથી મહાવીરજયંતિ કરે છે. પરતંત્રતાના બંધનમાં પડેલી આર્યભૂમિ સુલ્તાની તરવારના ધાર ઉપર અને સુલતાનના

અહંકારીપણા નીચે નાચતી હતી, અને ક્ષણેક્ષણે પોતાનો પગ દેવાનો માર્ગ ભૂલી જઇ જોરથી નીચે પડી પોતાના સુરમ્ય શરીરનાં ટુકડે ટુકડા થઇ જશે કે શું એવી બીક લાગતી હતી ત્યારે આપણા મહારાષ્ટ્ર દેશના ભાલાં તથા તરવારો અચુક ઉડતાં, એવીરીતે છત્રપતિ શિવાજીના અનન્ય ઉપકારથી કૃતજ્ઞ થઇ મરાઠાઓ તેનો ઉત્સવ કરે છે. રોબર્ટ બ્રુસનો ઉત્સવ સ્કૉટલૅંડના લોક કૃતજ્ઞતાની બુદ્ધિપૂર્વક કરે છે!! મુસલમાન લોક પૈગમ્બરનો ઉત્સવ કરે છે, ગ્રીસના લોક લિઓનિડોસનો કરે છે, અમેરિકનો વૉશીંગ્ટનનો કરે છે અને ઈટાલીના લોક ગેરિબાલ્ડીનો કરે છે. પહેલાં આપણને ધર્મદાન દેનાર—તીર્થંકરો, સંતો, આચાર્યો વગેરે, બીજા આપણા ખાતર પ્રાણ દેનાર એટલે આપણી પરતંત્રતાના બંધનથી મુક્ત કરનાર પ્રત્યે કૃતજ્ઞ થઇ આપણે ઉત્સવ કરીએ છીએ. આપણે આવા ઉત્સવમાં કથા-ધર્મમંદીરોમાં કરીએ છીએ, તો અંગ્રેજ લોક વ્યાખ્યાન-ભાષણો આપે છે, તો મુસલમાન લોક ભપકાદાર પોષાક અને દેખાવડી રોશની કરીને ઉત્સવ પાળે છે. પરંતુ આ સર્વ ઉત્સાહની જનની-ઉત્પાદક તો કૃતજ્ઞતા છે! રૂપ જુદાં જુદાં દેખાય છે, પરંતુ હેતુ માત્ર એકજ છે.

આવા ઉત્સવો કરવાનાં રૂપ જુદાં જુદાં છે. કાલસ્થિતિ અને પરિસ્થિતિ પ્રમાણે રૂપ બદલતાં જાય છે. લોકોની અભિરૂચિજ જેટલી પલટાય છે. તેટલે તેટલે અંશે જુદી જુદી દશામાં ઉત્સવ પાળવાનું રૂપ બદલાય છે. કોઇ ધર્મછે વીરનો ઉત્સવ ધર્મમંદિરમાં જઇ તેની પાસે હર્ષિ તમને કુદે છે, ઝાંઝર પહેરી નાચે અને આનંદાવેશમાં તે વીરનું બાહ્ય તેમજ આંતરિક ગુણવર્ણન કરે છે. આપણે દેવમંદિરમાં આવું ઘણી વખત જોયું છેઅને તેમાં જુદાં જુદાં ગાન થતાં સાંભળ્યાં છે, તેમાંનું એક લઈએ.—

**જન્મોત્સવ.**

માઇ તેરે આંગન બજત બધાઇ,
ચંદ્ર કુમર સુત જાઇ—

ધન્ય લક્ષ્મણાદે ભાગ્ય તિહારો, તું જગમાત કહાઇ,— માઇ
છપન દિશકુમરી સબ મિલકે, ભૂષણ વસન સજાઇ
પ્રભુગુણ ગાવત નાચત આવત, ધપ મપ તાલ બજાઇ— માઇ
ઇંદ્રાદિક સબ સુમિત કર લઇ, મેરૂ શિખર પર જાઇ,
વિધિપૂર્વક મીલી ન્હવણ કરાવત, મોહન ગોદ બિઠાઇ— માઇ
ચંદ્રપુરીમેં જન્મમહોત્સવ, ઘર ઘર મંગળ ઠાઇ,
જય જયકાર કરત નરનારી, મહસેન નૃપ ઘર આઇ— માઇ
ચંદ્ર સરસ ધ્રુતિ કુમર છબીં નિરખત, દિગ પંકજ બિકસાઇ,
અચલ રહો જગનાયક! મેરે, પલપલ જ્યોત સવાઇ—માઇ

કેટલીક વખત એવું રૂપ બદલે છે કે જે જોઇ આપણને ખેદ ઉપજે છે. કોઈ પ્રભુને પોતાના 'વીર' ને ખુશી કરવા કંઇ ઉન્માદી, કામોદ્દીપક, ભીષણ ક્રિયાઓ કરે છે, તે

કોઈ રીતે યોગ્ય નથી. તેમજ કેટલાંક વખત રૂપ એવું ફરી ગયું હોય છે કે તે પદ્ધતિનો તદ્દન ત્યાગ તેમજ તદ્દન સ્વીકાર કરવા જેવું નથી **न च खलु परिभोक्तुं नापि शक्नोमि हातुम**-એવી દુષ્યન્તની સ્થિતિ જેવું હોય છે. તો ઉત્સવ પાળવાના પૂર્ણ જરૂર છે તેની સાથે તે પાળવા ક્રિયાપણ શુદ્ધ અને ભાવપ્રોત્સાહક થવાની-કરવાની જરૂર છે.

આવા ઉત્સવોને માટે બીજા ગમે તે કહે છતાં આપણે કદિપણ છોડવાના નથી. તેનું જેમ જેમ વધુ પરિપાલન થતું જશે તેમ તેમ આપણા ગુણોમાં વધારો થતાં આપણે ઉન્નત ગામી થતાં જઈશું અંગ્રેજ કવિ મિલ્ટનના શબ્દોમાં

'Not harsh and crabbed as dull fools suppose
But musical as is Apollo's lute;
And a perpetual feast of nectured sweet,
Where no crude surfeit reigns !!!'

## પ્રભુ શરણ !

(ગઝલ)

રહો દિલમાં સદા સેવા, બધા સંસારને બદલે;
કરો મીઠી નજર દેવા, હમારા પ્યારને બદલે.
કર્યું કુરબાન તન મન આ, તમારા નામ પર પ્યારા.
અચળ એક અંતરે રહેજો, બધા આધારને બદલે
જગતની જૂઠી આ બાજી, રહે મન મૂર્ખ ત્યાં રાજી,
લગાડો આપની માયા, જગતના પ્યારને બદલે.
વિવિધ વ્યાપારમાં વૃત્તિ, મુંઝાતી મોહમાં સૂતી,
હવે નિજ લક્ષમાં દોરો, બીજા વ્યાપારને બદલે.
કરી પરવા હજારોની, નથી ગણના વિચારોની,
હવે તો આશરો માગું, બીજી દરકારને બદલે.
વિષયમાં લોટતી રહેતી, હમારી રાંકડી બુદ્ધિ,
તમારા તાનમાં રહેતી, મમતના તારને બદલે,
થયું શું ને થવાનું શું ? ન કંઈએ અજ્ઞ જાણું હું,
ચરણમાંહિ ગતિ માગું, બધાં હોનારને બદલે.

૨૨-૭-૧૨. વસન્ત.

## શાલિભદ્રનો ગૃહત્યાગ

અનુષ્ટુપ્　ધરાને સૂર્યરાજાનાં, દર્શન્ લભ્ય હતાં હજી,
સમૃદ્ધિ શાળીની જોવા, સ્વારી નૃપની નીકળી.

... ... ...

શાળીનાં બાગનાં પુષ્પો, મ્હાલતા રવિ અસ્તથી,
લીલુડાં એ ઋતુરાજે, ડોલતાં મદમસ્ત થૈ.

... ... ...

શિખરિણી　પ્રિયાનું સંધ્યાનું, દિનકર ધસે દર્શ કરવા;
ગતિ જોતો શાળી, સદન તળમાં સુંદરીસહ.
ગ્રહોથી ઘેરાયો, નભ મહીં શશિ જેમ ખીલતો,
રહી શ્યામા મધ્યે, મૃદુ મૃદુ દિસે શાળી હસતો.

... ... ...

અનુ૦　શાળીનાં વૈભવવિત્ત, ભૂલો કે ઇંદ્રની રિધી
અને તેને હતી તેમાં, બત્રિસ વૈભવભાગિની.
એકદા શાળીના ગેહે, વ્યાપારી એક ઉતર્યો

... ... ...

વેચવાની હતી તેને, સોળ રત્નની કામળો.
સાસુએ લેઇ સૌએ, આપી અર્ધ દરેકને,
લૂછી દેહ દિધી ફેંકી, એવી લાડકી સૌ હતી.

... ... ...

મંદા૦　જોને વ્હાલા રવભર ધસે, સૂર્ય સંધ્યા પ્રતિ આ,
ને હાવાંએ ઘડિભર મહી, ભેટશે વ્હાલી વામા;
ને કેવાં એ લદબદ થશે, સૌખ્યમાં પત્નિ સ્વામી,
જેવા અહીંઆ તમ સહુ અમે, પામીએ સૌખ્ય શાંતિ.

માલિની　સુખભર રહી વ્હાલા, સૌખ્ય અર્પ્યા કરોને;
પ્રણુયપતિ અમારા, પ્રેમ વર્ષ્યા કરોને
શશિરવિવત્ વ્હાલા, વિશ્વને તેજ દ્યોને;
સ્વર પથ સુર સ્વામી, સાધજો સાથમાં લઇ.

... ... ...

અનુ૦　વદે એક પછી એક, પ્રેમદા વેણુ કાળુડાં,
સહુને શાળી ભેટેછે, ચાંપી સ્નેહ ભર્યા હૃદે.
એટલે દ્વારને ખોલી, આપે સંદેશ સેવક
ઉભા છે બ્હારના દ્વારે, માતુશ્રી મળવા, પ્રભુ !

શાર્દૂલ સાંભળતાં સંદેશ વેગ ધરીને, **શા**ળી સફાળો ઉઠી
પૂછી દેહસ્થિતિ પડી પગ કહ્યું, 'આજ્ઞા કરો ભગવતી;'
"બાપુ! શ્રેણિક રાજનો ધણી અહીં, આવ્યો ગૃહે આપણે
એની છાયમહિં છીએ પ્રિય તનુ! ચાલો, નમો એમને."

"માતુશ્રી! એ કોણ શ્રેણિક? કહે! માલીક આપણ તણો,
છે શું વિશ્વ મહિં અરે! મુજપરે, સ્વામી **વિ**ભુ વિણ બીજો?
માતુશ્રી! સંસારમાં હજી બીજા સ્વામી રહ્યા શું શિરે?"
"બેટા! કેમ ભૂલે? કષાય રિપુઓ, સંસારીના સ્વામી છે.

હું તું તો સંસારના જન રહ્યા, લાગી **ઘ**ણી વાસના,
ને પ્રત્યેક એ વાસના થકી રહ્યા દાસત્વબંધો ઉંડા.
એતો ત્યાગી પુરૂષ માત્ર જગમાં જેને નહીં વાસના
જેને મોહ રહ્યો નહીં જગતમાં, સ્વામી બન્યા વૃત્તિના,

એવા સાધુ પુરૂષ વિશ્વ જનના, સ્વામી સદુધ્ધારકો;
આપણને વિષયો હજારજ તણા થાવું પડે સેવકો."
મંદા૦ "માતુશ્રી તો કયમ નવ કરૂં વિશ્વનો ત્યાગ હુંએ?
શાને હુંએ નવ બનું કહો? સ્વામીનો સ્વામી મેળે.

સ્મૃદ્ધિ આ સૌ વિભંવને રમણીને, ધીમે ધીમે છોડી દઈ
ને ધારીને અડગ બળ કાં, મોક્ષગામી થઉં ના?
માતુશ્રી તો તનય લઘુને આપજો આપ માફી,
મ્હારા માર્ગો સરળ કરીને પામજો આપ શાંતિ.

હુંતો મ્હારે પથ જઈશ ત્યાં કોઈ રોકી ન શકશે
સ્વીકારો આ નમન મુજ મા! પુત્રનું છેક છેલ્લું."

... ... ...

અનુ૦ નમ્યો **શા**ળી ગયો સ્વામી, સર્વે છોડયું **શા**ળીએ,
બન્યો ત્યાગી ગયો મોક્ષે, રહી છે વાત માત્ર એ.

... ... ...

બનવાનું બન્યાં પહેલાં, ધડાકા કૈં થતા નથી
પડવાનું પડે પળમાં, આભ કે સુરવાસથી.

**ધ**રમપુર. તા. ૨૯-૬-૧૧. **અ**મૃત.

# શાલિભદ્ર.

## ( એક ટુંકી ધર્મકથા. )

यद्गोभद्रः सुरपरिवृढो भूषणाद्यं ददौ य-
ज्जातं जायापदपरिचितं कंबलिरत्नजातम् ।
पण्यं यच्चाजनि नरपतिर्यच्च सर्वार्थसिद्धिः
तद्दानस्याद्भुतफलमिदं शालिभद्रस्य सर्वम् ॥

**અર્થ**– દેવતાઓમાં શ્રેષ્ઠ એવા **ગોભદ્રે** જેને ભૂષણાદિ આપ્યાં. રત્નકંબલ જેની સ્ત્રીઓના પગની સાથે પરિચયવાળાં થયાં-જેની સ્ત્રીઓએ રત્નકંબલ તો પગ લૂછવામાં વાપર્યાં, જેને રાજા (**શ્રેણિક**) કરિયાણારૂપ બન્યો, અને જેણે પ્રાંતે સર્વાર્થસિદ્ધ વિમાન પ્રાપ્ત કર્યું-આ પ્રમાણે **શાલિભદ્રને** દાનનું સર્વ પ્રકારનું અદ્ભુત ફલ પ્રાપ્ત થયું.

### ૧. પૂર્વજન્મ. (સુપાત્રદાન.)

દાન **શાલિભદ્રે** ક્યારે કર્યું કે તેથી તેને ઉપરનું ફળ પ્રાપ્ત થયું ?—પૂર્વજન્મમાં. કેવું કર્યું ? તો તે નીચે જણાવીએ છીએ.

પૂર્વભવમાં **શાલિગ્રામ** નામના ગામમાં **ધન્યા** નામની એક વિધવા દરિદ્ર સ્થિતિમાં રહેતી હતી. તે પોતાના **સંગમ** નામના પુત્રને લઇ **રાજગૃહ** નગરમાં ઉદર ભરવા માટે આવી, અને ત્યાં પારકું કામકાજ કરવા લાગી. **સંગમ** પણ ગામનાં વાછરડાં ચારવા લાગ્યો. એક દિવસે કોઇ પર્વ આવવાથી ઘેરઘેર ક્ષીર (ખીર) થતી જોઇ ખાવાની ઇચ્છા થતાં **સંગમે** માતા પાસે હઠ કરી ક્ષીરભોજન માગ્યું. માએ પાડોશણો પાસે માગતાં એકે દૂધ, બીજીએ ચોખા, ત્રીજીએ સાકર, તો ચોથીએ ઘી-એમ ખીર માટેનો સામાન આપ્યો. માએ ખીર બનાવી ઉની ઉની **સંગમની** થાળીમાં પીરસી અને પોતે પડોશણને ત્યાં ગઇ. **સંગમ** ખીરને ફુંકે છે તેવામાં માસક્ષપણના પારણે કોઇ સાધુ ત્યાં વહોરવા માટે પધાર્યા; તેમને જોઇ **સંગમને** બહુ આનંદ થયો અને ભાવપૂર્વક બધી ક્ષીર તે મુનિને વહોરાવી દીધી, અને પોતાને ધન્ય માનવા લાગ્યો : કારણકે ચિત્ત, વિત્ત અને પાત્ર એ ત્રણેનો યોગ બહુ દુર્લભ છે. આ પ્રમાણે સુપાત્રદાન દેવાથી પોતાને બહુ હર્ષ થયો. કહ્યું છે કે:—

आनंदाश्रूणि रोमांचो बहुमानं प्रियंवचः ।
किं चानुमोदना पात्रदानभूषणपंचकम् ॥

(૧) આનંદથી નેત્રમાં આંસુ આવવાં, (૨) રોમરાય વિકસ્વર થવા, (૩) બહુમાન સહિત આપવું, (૪) પ્રિય વચન બોલી આપવું, અને (૫) તેની અનુમોદના કરવી-આ પાંચ સુપાત્રદાનનાં ભૂષણ છે.

આ દુષ્કર દાનથી **સંગમે** ઘણું પુણ્ય ઉપાર્જન કર્યું. આ દાન દુષ્કર શામાટે? તો તેને માટે શાસ્ત્રકારે કહ્યું છે કે:-(૧) દરિદ્રી છતાં દાન આપવું, (૨) સામર્થ્ય છતાં ક્ષમા રાખવી, (૩) સુખનો ઉદય છતાં ઇચ્છાનો રોધ કરવો, અને (૪) તરૂણાવસ્થામાં ઇંદ્રિયોનો નિગ્રહ કરવો આ ચાર વસ્તુઓ અતિ દુષ્કર છે. આથી ઘણું પુણ્ય કેમ ઉપાર્જન થાય? તો તેને માટે શાસ્ત્રકારે કહ્યું છે કે:-'ધનનું વ્યાજ લેવાથી તે બમણું થાય છે, વ્યવસાય-વ્યાપારાદિથી ચારગણું થાય છે, ક્ષેત્રમાં સોગણું થાય છે, અને પાત્રે આપવાથી અનંતગણું ( **पात्रेऽनंतगुणं भवेत्**) થાય છે.

આ પછી **સંગમ** મૃત્યુ પામી ઉપરોક્ત પુણ્યબળથી ગોભદ્ર શ્રેષ્ઠીને ત્યાં પુત્રપણે ઉપજ્યો.

## ૨. શ્રેષ્ઠીપુત્ર. (દાન મહિમા.)

તેજ **રાજગૃહ** નગરમાં **ગોભદ્ર** શેઠ રહેતો હતો. તેને **ભદ્રા** નામની શિયળવતી **સ્ત્રી** હતી. તેનાથી **સંગમનો** જીવ શાલિ (ડાંગર)થી ભરપુર ક્ષેત્રના સ્વપ્નથી સૂચિત પુત્રપણે ઉત્પન્ન થયો, તેથી તેનું નામ **શાલિભદ્ર** પાડવામાં આવ્યું. વિદ્યાભ્યાસ કરી યૌવન આવતાં તેને પિતાએ બત્રીશ કન્યાઓ પરણાવી. પછી **ગોભદ્ર** શેઠ ચારિત્ર ગ્રહણ કરી સંયમપાળી છેવટે અનશન આદરી સૌધર્મ દેવલોકમાં દેવતા થયા. પછી અવધિજ્ઞાનથી પોતાના પુત્રને જોઇને અતિ સ્નેહાતુર બની ત્યાં આવી તેને દર્શન આપ્યું અને **ભદ્રાને** કહ્યું કે "**શાલિભદ્રને** સર્વ પ્રકારની ભોગ સામગ્રી હું પૂરી પાડીશ." આટલું કહીને તે ગયો; અને કુમારને મનવાંછિત પૂરવા લાગ્યો. બત્રીશ સ્ત્રી અને પોતે **શાલિભદ્ર** એમ તેત્રીશને માટે દરરોજ ૩૩ પેટી વસ્ત્રોની, ૩૩ પેટી આભૂષણોની અને ૩૩ પેટી ભોજનાદિ પદાર્થોની- ૯૯ પેટી મોકલવા લાગ્યો.

## ૩. રત્નકંબળ.

એકદા એક વણિક **રાજગૃહમા** નૃપતિ શ્રેણિક પાસે સવાલક્ષની કિંમતના રત્નકંબળ લઇને વેચવા આવ્યો. રાજાએ એક રત્નકંબળ માટે આટલું બધું ધન આપવું એ અનુચિત જાણ્યું એટલે વણિક ચાલ્યો ગયો. આ વાતની રાણી **ચિલ્લણાને** ખબર પડતાં તેણે તે રત્નકંબળ લેવાની ઉત્કટ ઇચ્છા જણાવી, આથી રાજાએ ફરીથી વણિકને બોલાવ્યો અને એક રત્નકંબળ આપવાનું કહેતાં વણિકે કહ્યું કે "મારી પાસે સોળ હતી તે બધી **ભદ્રા** શેઠાણીને એક એક લક્ષ લઇ વેચી નાંખી છે." આથી રાજાએ **ભદ્રા** શેઠાણીને ત્યાંથી એક મંગાવી લેવા અનુચરને મોકલ્યો. ભદ્રાએ અનુચર પાસે કહેવરાવ્યું 'મેં તે સોળ કંબળના બત્રીશ કટકા કરીને મારા **શાળિભદ્રની** બત્રીશે સ્ત્રીઓને વહેંચી આપ્યાછે. તે સર્વ કડકા (ખંડ) તે વહુઓએ પણ હાથ પગ ધોઇને તેવડે પગ લુછીને નાંખી દીધાછે, માટે જો રાણીને જરૂર હોય તો એ ખંડ પડ્યા, લઇ જાઓ.' રાજારાણી **શાળિભદ્રની** આવી સાહેબી સાંભળી અજાયબ થઇ ગયાં; તેથી રાજાએ તેને પોતાની પાસે બોલાવવા માણુસ મોકલ્યાં. **ભદ્રા** શેઠાણીએ કહ્યું કે "મારો પુત્ર કયાંય પણ બહાર જતો નથી, માટે હે રાજન્! આજે આપ મારે ત્યાં આવીને મારૂં ગૃહ (ઘર) પવિત્ર કરો." રાજાએ તુરતજ **શાલિભદ્રને** ઘેર જવાનો નિશ્ચય કર્યો.

## ૪. રાજાનું આવવું.

રાજા પોતાની સ્વારી લઇ પૂરા ઠાઠમાઠથી ભદ્રાને ત્યાં આવ્યો, એટલે સ્વાગત કરી તેમને ચોથા માળ પર સિંહાસન પર બેસાર્યો. અને ભદ્રા પોતાના પુત્રને લઇ આવવા સાતમે માળે ગઇ, અને કહેવા લાગી 'હે પુત્ર, તને જોવાને શ્રેણિક આવ્યા છે.' તે સાંભળી તેણે કહ્યું 'હે માતા તેની પાસે જે વેચવાનું હોય તે ખરીદ કરો.' માતાએ કહ્યું 'હે પુત્ર! તે કોઇ કરીયાણાંનો વેચનાર નથી. એતો મગધદેશનો અધિપતિ અને આપણો રાજા શ્રેણિક મહારાજા છે, તે તને મળવાને આવેલ છે.'

શાલિભદ્ર તો આવા પ્રકારની માતાની વાણી સાંભળીને ચિત્તમાં દુઃખ પામ્યો. 'અહો! મારા જીવનને ધિક્કાર છે કે મારે માથે પણ ધણી છે! હવે હું કાયાના આ જે ભોગવિલાસ છે તે નહીં ભોગવું. હવે હું શ્રી વીરપ્રભુ પાસે જઇને દીક્ષા લઇશ" પછી પોતે માતાના આગ્રહથી રાજા પાસે આવ્યો, અને તેને પ્રણામ કર્યા. રાજાએ તેને આલિંગન દઇને ખોળામાં બેસાર્યો એટલે તો અગ્નિના અડકવાથી જેમ માખણ ઓગળે, તેમ શાલિભદ્રનું શરીર ઓગળવા લાગ્યું. અર્થાત્ રાજાના સ્પર્શથી તેને પરસેવો વળ્યો. રાજાએ આનું કારણ પુછતાં ભદ્રાએ જણાવ્યું 'હે રાજન્! એના પિતા સંયમ ગ્રહણ કરી મૃત્યુ પામીને દેવલોક ગયા છે ત્યાંથી તે તેના પુત્ર ઉપર સ્નેહને લઇને મનવાંછિત વસ્તુઓ મોકલે છે, તેથી હમણાં તે મનુષ્યના ગંધને લીધે અત્યંત દુઃખ પામે છે, માટે એને તમે છોડી દો.' રાજાએ તેને મૂકી દીધો, એટલે કર્મથી મૂકાયેલો જીવ જેમ મુક્તિએ જાય, તેમ તે સાતમી ભૂમિકાએ ગયો.

પછી ભદ્રાએ રાજાની ભક્તિ અર્થે તેને દિવ્યજળથી નવરાવ્યો. એવામાં રાજાની વીંટી પડી ગઇ તેની તેને ખબર રહી નહિ, એટલે ગાભરો બનીને ભદ્રાની દાસીને પૂછયું, એટલે દાસીએ કૂવામાં પડેલી તેની વીંટી બતાવી. આ વીંટી સાથે બીજી બહુ વીંટીઓ પડી હતી, તેથી દાસીએ બધી લાવી પોતાની જે વીંટી હોય તે લઇ લેવા રાજાને કહ્યું. રાજાએ જોયું તો પોતાની મુદ્રિકામાં અને બીજી બધી હતી તેમાં અંગારા અને રત્નના જેવું, સરસવ અને સુવર્ણ-મેરૂ જેવું અંતર જોયું. આથી દાસીને તેણે પૂછયું 'આ મુદ્રા વગેરે આભૂષણો કોનાં છે?' ત્યારે દાસીએ કહ્યું 'એ આભૂષણો શાલિભદ્રનાં અને તેની સ્ત્રીઓનાં છે. એ એકવાર પહેરી પહેરીને ઉતારી નાખ્યાં પછી તેને આ કુવામાં નાંખી દઇએ છીએ, અને ગોભદ્રદેવ નિત્ય પાછા નવાં નવાં મોકલે છે, તે તેઓ પહેરે છે."—આથી રાજા બહુ વિચારમાં પડી ગયો. ભદ્રા શેઠાણીએ રાજાને પરિવાર સહિત દિવ્યભોજન જમાડયાં અને સૌને આભૂષણ આપ્યાં. આથી શ્રેણિક 'કયાં મારૂં સુખ અને કયાં આનું સુખ'—એમ વિચારની ગડમથલમાં આ પ્રમાણે મનમાં ગોઠવતો હતો કે:—

स्नुही महातरुर्वन्हि बृहद् भानुर्यथोच्यते ।
सारतेजो वियोगेऽपि नरदेवास्तथा वयम् ॥

—જેમ સ્નુહી નામનું ઝાડ બહુ નાનું હોય છે છતાં મહાતરૂ કહેવાય છે, અને અગ્નિ જરા જેટલો હોય છતાં પણ બૃહદ્ ભાનુ–મોટો સૂર્ય કહેવાય છે, તેવીજ રીતે અમે સારભૂત તેજ–વગરના છતાં પણ **નરદેવ** કહેવાઇએ છીએ.

**पादांभोजरजः प्रमार्जनमपि क्ष्मापाललीलावती-**
**दुःप्राप्याद्भुतरत्नकंबलदलै र्यद्वल्लभानामभूत्।**
**निर्माल्यं नवहेममंडनमपि क्लेशाय यस्यावनी-**
**पालालिंगनमप्यसौ विजयते दानात् सुभद्रांगजः ॥**

–જેની સ્ત્રીઓનાં ચરણકમલ ઉપર લાગેલી રજનું પ્રમાર્જન રાજાની રાણી લીલાવતીને પણ દુષ્પ્રાપ્ય એવા રત્નકંબલના કકડા વડે થયું, જેને નવીન સુવર્ણનાં ઘરેણાંઓ પણ દરેક દિવસે નિર્માલ્યરૂપ થયાં, અને જેને ભૂપતિનું આલિંગન પણ ક્લેશને માટે થયું એવો સુભદ્રાનો પુત્ર ( **શાલિભદ્ર** ) પૂર્વે કરેલા દાનથી વિજય પામે છે.

## ૫. વૈરાગ્યબીજ.

**શાલિભદ્રે શ્રેણિકરાજાને** પોતાના **સ્વામી** જાણીને વિચાર્યું હતું કે 'આ મારી પરાધીન લક્ષ્મીને ધિક્કાર છે!' એટલે વૈરાગ્ય ઉત્પન્ન થયો હતો, તેવામાં શ્રી **ધર્મઘોષ** આચાર્ય નગરમાં પધાર્યા; **શાલિભદ્રે** તેમની પાસે જઇ વિનયપૂર્વક વંદના કરી. ગુરૂએ ઉપદેશ આપ્યો

'ઘરને ઊંદરોએ જર્જરિત કરી નાખ્યું છે, વસ્ત્રો તો જુઓના ભંડારરૂપ થયાં છે, શય્યા પણ માકણથી ભરપૂર છે, શરીરને વિષે રોગ ઘર કરીને બેઠો છે, ભોજન પણ લૂખાં મળે છે, ધંધો ભાર વહીવહીને પેટ ભરવાનો છે, ઘેર કડવાં વચન કહેનારી કાણીને કુરુપ સ્ત્રી છે. આવાં આવાં જે પુરૂષને દુઃખ છે તે પણ ઘરનો સંગ છોડતો નથી! અહો! એવા મૂઢને ધિક્કાર છે!! મૂઢ પુરૂષો વિચાર કરેછે કે અર્થ સંપત્તિ આજ, કાલ, પહોર, અથવા પરાર મળશે; પણ તે હથેલીમાં રહેલા પોતાના ગળતા આયુષ્યને નથી દેખતા! માટે જે પુરૂષ આદરસહિત શુદ્ધ સંયમ લઇને પાળે છે, તેને સ્વર્ગ અને મોક્ષ તો હાથમાં છે.'

સૂરિનાં આવાં વચનો સાંભળીને **શાલિભદ્રે** કહ્યું 'હું મારી માતાની આજ્ઞા લઇને આપની પાસે ચારિત્ર લઇશ' એમ કહી માતા પાસે જઈ કહેવા લાગ્યો. 'હે માતા! હું ધર્મઘોષ સૂરિ પાસે ધર્મ સાંભળીને આવ્યો છું તેથી મારે દીક્ષા લેવી છે; માટે મને આજ્ઞા આપો.' માતાએ કહ્યું 'હે પુત્ર! તારૂં શરીર સુકોમળ છે, તેથી તારાથી ચારિત્રનાં દુઃખ નહિ સહન થાય.' ત્યારે **શાલિભદ્રે** કહ્યું 'સુખના લાલચુ એવા જે પુરૂષો વ્રતનું કષ્ટ સહન કરતા નથી તેને કાયર જાણવા. બાળક અંગુઠો ચૂસતાં પણ જાણે છે કે હું માતાના સ્તનને ધાવું છે,––એ જેમ ભ્રાંતિ છે તેમ આ સંસારમાં માણસોને સુખની તો ભ્રાંતિ છે; ખરી રીતે જોતાં એ સર્વ દુઃખમય છે." માતાને એમ સમજાવીને તેણે નિત્ય એકેક સ્ત્રીને પ્રબોધ પમાડી તેનો ત્યાગ કરવા માંડયો, અને સાતક્ષેત્રમાં ધનનો વ્યય કરવા માંડયો.

## ૬. વૈરાગ્યનું તાત્કાલિક નિમિત્ત—ધન્યશેઠ

**શા**લિભદ્રની નાની બ્હેન **ધન્ય** શેઠની સાથે તેજ **નગરમાં** પરણાવી હતી. તે પતિના માથામાં તેલ નાંખતી હશે તે વખતે તેની આંખમાંથી આંસુનું ટીપું **ધન્ય**શેઠના ખભા પર પડયું. એટલે શેઠે રૂદનનું કારણ પૂછયું. તેણે ઉત્તર આપ્યો 'મારો ભાઇ **શા**લિભદ્ર દીક્ષા લેવાનો છે, તેથી નિત્ય એકેક સ્ત્રીનો ત્યાગ કરે છે, તેથી મને આંખમાં આંસુ આવ્યા **ધન્ય**શેઠે કહ્યું 'તારો ભાઇ સત્ત્વરહિત છે.' સ્ત્રીએ ઉપહાસમાં કહ્યું 'જો આપનામાં શક્તિ હોયતો આપ કેમ આપની સ્ત્રીઓનો ત્યાગ નથી કરતા?' સ્ત્રીનું આ વચન સાંભળી **ધન્ય** શેઠે તરતજ કહ્યું 'હવેથી તારા સંગમનો મને ત્યાગ છે.' આ જોઇ બીજી સાત સ્ત્રીઓ કહેવા લાગી 'એ સ્ત્રીતો મૂર્ખ છે. એનું કહેવું સાંભળીને આપને સાહસ કરવું ન ઘટે.' પછી **શા**લિભદ્રની બહેને પણ કહ્યું 'હે સ્વામી! મેં આપને મારી મૂર્ખાઇમાં કહ્યું છે તો તે આપ ક્ષમા કરો. હવે પછી આપનો એવો અપરાધ નહિ કરું. અમારા પર કૃપા કરો. આપ જેવાઉત્તમ પુરૂષોએ એમ કરવું ન ઘટે; છતાં જો આપ સંયમ ગ્રહણ કરશો તો અમે પણ આપની સાથેજ આવીશું; કારણ કે સ્ત્રીઓ પોતાના પતિને કેમે કરી ત્યજી શકતી નથી. આ સાંભળીને **ધન્ય**શેઠે સ્ત્રીઓને ધન્યવાદ આપ્યો.

ત્યાર પછી તે ત્યાંથી **શા**લિભદ્રને ઘેર ગયો અને કહેવા લાગ્યો 'હે **શા**લિભદ્ર! તમે કેમ આવા કાયર છો?—કે એકેક સ્ત્રીને તજો છો? મેં તો એકજ વખતે સઘળીનો ત્યાગ કર્યો! માટે ચાલો, આપણે બંને સાથે પ્રવ્રજ્યા લઇએ.'

## ૭. દીક્ષાગ્રહણ.

એવામાં ત્યાં આગળ વૈભારગિરિ પર શ્રી **વીર**ભગવાન્ સમવસર્યા. **શા**લિભદ્ર તો હજુ સર્વ સ્ત્રીઓને તજે છે, પણ **ધન્ય**શેઠે દાન દઇને **રાજ**ગૃહનગરથી પ્રભુપાસે જઇને ચારિત્ર ગ્રહણ કર્યું. આ સાંભળી **શા**લિભદ્રે પણ પ્રભુપાસે આવીને સંયમ લીધો. આ પછી બંને **મ**હાવીર ભગવાન્ સાથે નિત્ય વિહાર કરતા જ્ઞાન મેળવીને બહુ શ્રુત થયા. વળી એક, બે, ત્રણ, ચાર માસના ઉપવાસ પ્રમુખ કરીને કાયાને શોષવા લાગ્યા.

**અન્યત્ર** વિહાર કરીને પાછા ફરતા ફરતા તે બંને મુનિ, **વીર**પ્રભુની સાથેજ **રાજ**ગૃહી નગરીને વિષે આવ્યા. ત્યાં ભવસમુદ્રનો પાર પામવાને ઇચ્છાતુર એવા બહુ લોકો તેમને વંદન કરવા આવ્યા. પ્રભુએ તેમને આ પ્રમાણે દેશના દીધી 'મનુષ્ય ક્ષેત્ર, ઉત્તમ જાતિ, કૂળ, આરોગ્ય, મોટું આયુષ્ય, બુદ્ધિ, ધર્મશ્રવણ, શ્રદ્ધા, અને સંયમ આ સર્વ આ લોકમાં દુર્લભ છે.'—અન્યદા માસક્ષપણને પારણે **ધન્ય** શેઠ અને **શા**લિભદ્ર બંને ભીક્ષાને અર્થે જતાં પ્રભુને વંદન કરીને પૂછવા લાગ્યા, 'હે પ્રભો! આજે અમારૂં પારણું કોના હાથે થશે?' પ્રભુએ કહ્યું 'હે **શા**લિભદ્ર! આજે તને અને **ધન્ય**ને તારી માતાને હાથે પારણું થશે.' આ સાંભળી **શા**લિભદ્રે 'ઇચ્છામિ' એમ કહીને પ્રભુને વંદન કરીને **ધન્ય**ને સાથે લઇને ભિક્ષાને અર્થે

નગરમાં ચાલવા માંડયું તેઓ બંને શાલિભદ્રને ઘેર આવ્યા, પણ તેમને ભદ્રાએ મુનિવેશમાં અગાઉ કદી જોયા ન હોય તેમ તે ભદ્રાને ખબર પડી નહિ. તેતો બિચારી પોતાનાજ ધ્યાનમાં હતી કે 'હું આજે શાલિભદ્રને વંદન કરવા જઇશ.'—આથી તેમના તરફ ભદ્રાનું ધ્યાન ન ગયું, તે જોઇને તે બંને સાધુ ઘરથી બહાર નીકળ્યા. નગરના દરવાજા સુધી ગયા ત્યાં તેમને એક વૃદ્ધ સ્ત્રી દહીં લઇને ગામમાં આવતી હતી તે સામી મળી. શાલિભદ્રને જોઇને તેના સ્તનમાંથી દુધ ઝરવા લાગ્યું, તેથી તે તેમના ઉપર પ્રીતિવાળી થઇને તેમને દહીં વહોરાવ્યું. તે લઇને તેઓ બંને પ્રભુ પાસે આવ્યા, ત્યાં આવીને શાલિભદ્ર મુનિએ કહ્યું 'હે સ્વામિન્, આપ કહેતાં હતા કે તારી માતાને હાથે પારણું થશે, પણ એમ ન થયું તેનું શું કારણ?' પ્રભુએ કહ્યું 'મેં સત્યજ કહ્યું છે!' એમ કહી તેનો પૂર્વભવ (કે જે મુખમાંજ આપણે કહેલ છે તે) સંભળાવી જે વૃદ્ધ સ્ત્રીએ વહોરાવ્યું તે તારા પૂર્વભવની માતા (ધન્યા) જ હતી એમ પ્રતીત કરાવ્યું.

આ સાંભળીને પછી પારણું કરીને સર્વ વસ્તુ અસાર માનતા તે બંને (ધન્યશેઠ અને શાલિભદ્ર) વીરપ્રભુની આજ્ઞા લઈ વૈભારગિરિ ઉપર જઇને શુદ્ધ ભૂમિ ઉપર અનશન લઇ ઉભા રહ્યા.

## ૮. પુત્રરત્નમાતાને ધન્ય છે!

આ પછી ભદ્રા આવીને વીર ભગવાનને વંદન કરી પૂછવા લાગી. 'હે પ્રભો! આજે મારે ઘેર ધન્ય અને શાલિભદ્ર કેમ ભિક્ષાને અર્થે ન આવ્યા?' તે સાંભળીને પ્રભુએ બનેલી હકીકત કહી.

આથી તે માતા દુઃખી થઇને વૈભારગિરિ ઉપર ગઇ એમ કહેવા લાગી. 'હે પુત્ર! હું ખરે મંદભાગ્યવાળી ઠરી કે તને મેં આવ્યો ન જાણ્યો! એકવાર તારૂં મુખ તો બતાવ, એમ કહીને તે બહુ રૂદન કરવા લાગી. શ્રેણિક રાજા પણ ત્યાં આવ્યો હતો, તે તેણીનું રૂદન સાંભળીને કહેવા લાગ્યો 'હે શાલિભદ્ર! એકવારતો આપ માતાને મુખ બતાવો, કારણકે માતા જેવું એકકે ઉત્તમ તીર્થ નથી.' પછી શ્રેણિક રાજા ભદ્રાને કહેવા લાગ્યો 'હે ભદ્રા! તને ધન્યછે કે આવો તને પુત્રરત્ન સાંપડયો!' એમ કહી તેને પ્રબોધ પમાડી એટલે તે પોતાની વહુઓ સહિત ઘેર આવી. શ્રેણિક રાજા પણ પોતાને સ્થાને ગયો.

## ૯ ઉપસંહાર.

શાલિભદ્ર બાર વર્ષ પર્યંત દીક્ષા પર્યાયપાળી પ્રાંતે એક માસની સંલેખના કરી સર્વાર્થ સિદ્ધ વિમાનમાં તેત્રીશ સાગરોપમ આયુષ્યવાળા અહમિન્દ્ર (જેને સ્વામી તરીકે ઇન્દ્ર હોતા નથી, તેઓ પોતેજ વિમાનના સ્વામિ હોવાથી 'અહમિંદ્ર' કહેવાય છે) દેવપણે ઉત્પન્ન થયા. ધન્યશેઠ પણ શુદ્ધ ધ્યાને ચડી મૃત્યુ પામી સર્વાર્થસિદ્ધ વિમાને ગયા. ભદ્રા પણ અનુક્રમે વૈરાગ્ય પામી, વીરપ્રભુ પાસે ચારિત્ર લઇ તપશ્ચર્યા કરી મૃત્યુ પામી સ્વર્ગે ગઇ. ત્યાંથી ચ્યવીને

મુક્તિ પામશે. આ રીતે શાલિભદ્ર મુનિને ધન્યછે કે તેમણે સઘળું અનુત્તર (સર્વથી ઉત્તમ પ્રાપ્ત કર્યું.

अनुत्तरं दानमनुत्तरं तपो ह्यनुत्तरं मानमनुत्तरं यशः ।
श्रीशालिभद्रस्य गुणा अनुत्तरा अनुत्तरं धैर्यमनुत्तरं पदम् ॥

—શ્રી શાલિભદ્રનાં ધન, તપ, માન, યશ, ગુણો, ધૈર્ય, અને પદ-(સ્થાન-અનુત્તર વિમાન)-એ સર્વ અનુત્તર (જેનાથી અન્ય શ્રેષ્ઠ નથી એવા) છે.

## સદ્‌ગત શ્રીગોવિન્દજીને .... સ્નેહાંજલિ !

વીર પિપાસિત જૈન કોમનો વીર થયો એક ઓછો,
અંધારે નિજ જ્યોત ધીરતો તારક એક, હા! ખૂટયો.
શુભ્ર હૃદયી, દિવ્ય તારલા ? ચંદ્ર તો નથી ઉગ્યો,
અંધારે અડવડતી કોમનો પ્રકાશ કાં સંકેલ્યો ?
જૈન કોમ તણા ઈતિહાસે યુગ નવો છે બેઠો,
યુગસ્થાપનમાં વીર્ય વેરતો તારક તું ક્યાં ઉડયો ?
તુજ સેવાના અમોલપણાની આજે થાતી ઝાંખી,
અમો નગુણાની સેવામાં કાયા પાડી નાંખી.

પરમાર્થવૃત્તિ કાર્યદર્શિતા. અખંડ ઉત્સાહ ત્હારો
એ સઘળું મેળવતાં, દશકો થાશે પૂરો.
દેવાંશી દિલડાવાળાઓ ! સાધુવૃત્તિના બંધુ !
ત્હારી ખોટ કહે કેમ સહાશે? અંતર તૂટી જાતું.

ત્હારૂં નામસ્મરણ કૈં થાતાં અંતર હર્ષ ઉભરાતો
આજે નામસ્મરણ એ થાતાં સ્નેહી તુજ શોષાતો.
જરૂર જેવી આ જગમાં એ અનિવાર્ય અન્ય દેશે;
બેઠો બેઠો ઉચ્ચ સ્થાનમાં આંદોલન કૈં દેજે.
સાધુ આત્મ ! તુજ આત્માની નિત્ય નિત્ય પ્રગતિ હોજો !
જ્યાં હો ત્યાં આ રંક હૃદયની અંજલિ સ્નેહની લેજો

અમૃત



સદ્ગત શ્રીયુત્ ગોવિન્દજી મૂળજી મ્હેપાણી બી. એ., એલ્ એલ્. બી.

જન્મ-સં. ૧૯૪૦ દેહોત્સર્ગ-સં. ૧૯૬૮

## સાધારણ જિનસ્તવન. ( કુમારપાળ ભૂપાળ વિરચિત )

( ભાષાંતરકાર. **સન્મિત્ર મુનિશ્રી કર્પૂરવિજયજી.**

[ આ સ્તવન શ્રી કુમારપાળ રાજાએ સંસ્કૃતમાં બનાવેલા છે, અને તે મૂળ ' જૈન સ્તોત્ર સંગ્રહ ' ( કાશીમા પ્રસિદ્ધ થયેલ ) નામના ગ્રંથમાં પ્રસિદ્ધ થયેલ છે. અહીં તેનું ભાષાંતર ( સામાન્ય વ્યાખ્યા ) કરી આપેલ છે. ]

૧, નમી પડેલા સમસ્ત ઈંદ્રોના મુકુટ સંબંધી રત્નોની પ્રભારાશિ જેમના ચરણ પીઠ ઉપર પ્રતિબિંબિત થયેલી છે, અને જેમણે જગતના કષ્ટ સમૂહને દૂર કરી નાંખ્યો છે એવા હે ત્રિલોકી બંધુ ! જિનેશ્વર મહારાજ ! આપ જયવંતા વર્તો !

૨, રાગ દ્વેષાદિક મળથી સર્વથા મુક્ત હોવાથી કૃતાર્થ થયેલા આપને જે હું વિનવું છું-સ્તવું છું તે મારી મુગ્ધતા માત્ર છે. કેમકે સ્વામીના યથાર્થ સ્વરૂપને નિરૂપણ કરવાને અર્થી વર્ગ સમર્થ થઈ શકતોજ નથી.

૩, હે સ્વામી ! આપ મુક્તિ પદને પામ્યા છતાં મારા વિશુદ્ધ ચિત્તમાં ગુણાધિરોપ વડે સાક્ષાત્ વર્તોછો. અતિ દૂર રહેલો પણ સૂર્ય સુંદર આરસીમાં પ્રતિબિંબિત થઈને ઘરની અંદર ઉદ્યોત કરતો નથી શું ?

૪, આપની સ્તવના કરવા વડે પ્રાણીઓના અનેક જન્મોમાં ઉપાર્જિત કરેલાં પાપકર્મ ક્ષય પામી જાયછે. અથવા પ્રચંડ સૂર્યની પ્રભારાશિ પ્રસરતાં, અંધકાર ક્યાં સુધી ટકી શકે ? અપિતુ નજ ટકી શકે.

૫, હે શરણ લાયક ! કરૂણા કરવા સદાય કુશળ એવા આપ સ્વાશ્રિત અન્ય જનોના મોહ–જ્વરને મૂળથી દૂર કરી નાંખો છો તેમ છતાં શીર્ષ ઉપર આપની આજ્ઞાને અચુક વહન કરનારો જે હું તેનો આ મોહજ્વર શા કારણથી ઉપશાન્ત થતો નથી ? (તે હું કળી શકતો નથી.)

૬, હે સ્વામી ! મુક્તિપુરી જવા અભિલાષાવાળો હું આ સંસાર અટવીનો પાર પમાડવા સમર્થ સાર્થવાહ એવા આપનેજ શરણે આવેલો છું તો પછી કષાય–ચોરવડે લુંટાઈ જતાં મારા દર્શન જ્ઞાન અને ચારિત્રરૂપ ત્રણ રત્નોની આપ કેમ ઉપેક્ષા કરી રહ્યા છો ?

૭, ભવસમુદ્રમાં અનેકશઃ ભ્રમણ કરતા મને મહામુશીબતે આપ મહાત્મા મળ્યા છો તોપણ હે નાથ ! પાપરાશિ એવા મેં, આપને ભક્તિભાવથી નમસ્કાર, પૂજા કે સ્તુતિ કશું કર્યુંજ નથી.

૮ હે સ્વામી ! આ અતિ દુષ્ટ કર્મ કુલાલ ( કુંભાર ) મને સંસાર–ચક્ર ઉપર કુબોધ રૂપી દંડ વડે ભમાડતો મહાદુ:ખનું ભાજન કરેછે તેવી કદર્થના થકી હે શરણ લાયક પ્રભુ ! આપ મારૂં રક્ષણ કરો !

૯ હે નાથ ! આપની આજ્ઞાને યથાર્થ અનુસરવાવડે તત્ત્વ–સ્વરૂપને પામેલો હું ભવભ્રમણને વધારનારા મમત્ત્વાદિક વિકારોને તજી કેવળ આત્મનિષ્ઠ કશી દરકાર વગરનો પૂર્ણ વિરક્ત અને મોક્ષપદમાં ઇચ્છા વગરનો ક્યારે બનીશ ?

૧૦ ચંદ્રની કાંતિ જેવા સમુજ્વળ આપના ગુણોવડે મારા મન મર્કટને નિયમમાં રાખી, આપના પવિત્ર વચનામૃતનું પાન કરવા અત્યંત આસક્ત થઈ હે સ્વામી! હું ક્યારે સ્વરૂપ રમણી બનીશ ?

૧૧ હે નાથ ! આપના ચરણકમળના પ્રસાદથી હું આટલી ઊંચી ભૂમિ સુધી પહોંચ્યો છું તોપણ દુષ્ટ કામાદિક વિકારો મને બલાત્કારે અકાર્ય કરવા પ્રેરણા કરેછે એ ભારે ખેદનો વિષય છે.

૧૨ હે પ્રભો ! વિશ્વનાયક એવા આપ નાથ છતે મને શું શું હિત ન સંભવે ? અપિતુ સર્વ હિત સંભવે. પરંતુ જોકે હું શુભ ભાવનાઓ વડે કામાદિક વિકારો દૂર કરવા બનતું કરૂંછું તોપણ તે દુષ્ટ વિકાર મારી પુંઠ મૂકતા નથી—મારો પરાભવ કરવા મારી પછાડી લાગ્યા રહે છે.

૧૩ હે પ્રભુ ! પૂર્વે ભવસમુદ્રમાં ભમતા એવા મને આપ કદાપિ દૃષ્ટિગોચર થયા જણાતા નથી નહિંતો સાતમી નરક વિગેરેનાં ઉત્કૃષ્ટ દુઃખ મારે શામાટે ભોગવવાં પડે ? અપિતુ કદાપિ ન જ ભોગવવાં પડે.

૧૪ હે નાથ ! ચક્ર, ખડ્ગ, ધનુષ, અંકુશ તથા વજ્ર પ્રમુખ ઉત્તમ લક્ષણો વડે લક્ષિત ( અંકિત ) એવાં આપનાં ચરણયુગલનુંજ શરણ હવે દુર્જય મોહાદિક શત્રુથી ભય પામેલા મેં ગ્રહણ કર્યું છે.

૧૫ હે વિશ્વનાથ ! અગાધ કરૂણા ( દયા ) વડે શરણ કરવા લાયક, પવિત્ર, અને સર્વજ્ઞ વીતરાગ એવા આપ, એક દીન, હતાશ ( નિરાશ થયેલા ) અને આપને શરણે આવેલા મને દુષ્ટ કામ-કદર્થનામાંથી બચાવો બચાવો.

૧૬ હે નાથ ! આપ વગર બીજો કોઈ પણ મારાં સઘળાં દુષ્કૃતને છેદવા સમર્થ નથી. અથવા તો શત્રુઓના પ્રતિચક્રને સામા સમર્થ ચક્રવગર છેદવા કોઈ પણ સમર્થ થઈ શકતાજ નથી.

૧૭ હે સ્વામિન્ ! આપ દેવના પણ દેવ છો, મહેશ્વર છો, બુદ્ધ છો, અને ત્રણ જગત્‌ના નાયક છો તેથીજ અંતરંગ શત્રુવર્ગવડે પરાભવ પામેલો હું આપની આગળ અત્યંત ખેદ સહિત રૂદન કરૂં છું.

૧૮ હે પ્રભો ! અધર્મ—વ્યસનોને તજી દઈ જેવો હું મનને સમાધિમાં સ્થાપું છું તેવામાં કામાદિક અંતરંગ શત્રુઓ જાણે ક્રોધાતુર થઈને મને અતિ મોહાન્ધ કરી મૂકે છે—મારી શુદ્ધબુધ ઠેકાણે રહેવા દેતા નથી.

૧૯ હે સ્વામિન્ ! આપના આગમ ( વચન ) થી હું જાણુંછું કે આ મોહાદિક મારા સદાયના શત્રુઓજ છે તથાપિ પર—શત્રુઓમાં વિશ્વાસ સ્થાપવાથી મૂઢ બની ગયેલો હું તેમની પાસે રહી સર્વ કંઈ અકૃત્ય કરૂં છું એ ખેદની વાત છે. એટલે તેમની પાસે મારૂં લગારે જોર ચાલતું નથી.

૨૦ હે પ્રભો ! રાક્ષસો કરતાં પણ અતિ નિર્દય આ મોહાદિક મ્લેચ્છોએ મારી બહુ વખત વિડંબના કરી છે. અને હવે તો ત્રણ ભુવનમાં એક વીર એવા આપના શરણે આવ્યો છું તેથી આપ આપના ચરણે વળગી રહેલો એવો હું તેનો બચાવ કરો ! આપ સમર્થ વગર કોઈ મને દાદ દઈ શકે એમ નથી.

૨૧ હે પ્રભો ! સ્વદેહમાં પણ મમત્વબુદ્ધિ તજી દઈને, શ્રદ્ધાવડે પવિત્ર થયેલા સદ્વિવેક-વાળો હું પરસંગથી નિરાળો રહી, સહુ શત્રુ મિત્ર ઉપર સમભાવ રાખીને ક્યારે દૃઢપણે સંયમ પામીશ ?

૨૨ હે સ્વામિન્ ! આપ વીતરાગજ મારા ઇષ્ટ દેવ છો, અને આપે દર્શાવેલો ધર્મજ ખરો ધર્મ છે એવું સ્વરૂપ સારી રીતે હું સમજ્યો છું તેથી આ આપના સેવકની આપ ઉપેક્ષા નહિં કરશો.

૨૩ હે નાથ ! જેમણે સમસ્ત સુરાસુરોને જીતી લીધાછે એવા આ કામાદિક અંતરંગ શત્રુઓને આપે અત્યંત વશ કરી લીધાછે તેથી આપને આંચ પણ અડાડવા અશક્ત એવા તે જાણે રોષવડે જ હોય તેમ આ આપના સેવકને નિર્દયપણે હણી નાંખે છે.

૨૪ હે સ્વામિન્ ! સમસ્ત જનોને મોક્ષપદ પમાડવાને આપ સમર્થ છો તો હે શરણ-દાયક ! આપના ચરણે વળગી રહેલા આ એક પાંગળા દીન સેવકની કેમ રક્ષા કરતા નથી ?

૨૫ હે જિનેન્દ્ર ! આપનાં ચરણ કમળ જે ભવ્યાત્માના હૃદય કમળમાં સદાય સ્ફુર્યા કરેછે તેનો આશ્રય લેવાને ત્રિભુવનની લક્ષ્મી પણ જાણે સહચારણી–દાસી હોય એમ નિશ્ચે આવી રહે છે. મતલબકે જે ભાગ્યવંત ભવ્ય જનો આપનાં ચરણ કમળનું એક નિષ્ઠાથી ધ્યાન ધરેછે તેમને ત્રણ ભુવનની લક્ષ્મી પણ દાસરૂપ થઈ રહે છે.

૨૬ હે પ્રભો ! હું અત્યંત નિર્ગુણી, ક્રૂર, દુષ્ટ, નિર્દય અને પાપી છું. કેમકે આપના આલંબન વગરનો હું પ્રચુર દુઃખવાળાં સંસારસાગરમાં ડુબેલો છું. ( હવે તો મને આલંબન કેવળ આપનુંજ છે )

૨૭ હે નાથ ! આજ આપ મને દૃષ્ટિગોચર થયા તેથી હું અમૃત—સાગરમાં નિમગ્ન થયોછું. જેમના હસ્ત કમળમાં ચિંતામણિ રત્ન આવી રહ્યું છે તેમને કોઇપણ અર્થ અસાધ્ય નથી એટલે તેમના સકળ કાર્યની સહેજે સિદ્ધિ થઈ શકે છે.

૨૮ હે પ્રભુ ! સંસાર સમુદ્રમાં ડુબતા એવા મને આપજ એક જહાજ સમાન છો. અને શિવરમણી સાથેના શાશ્વત સંબંધ વડે અભિરામ એવા આપજ મારા શ્રેષ્ઠ સુખના વિશ્રામસ્થાન છો.

૨૯ હે સ્વામિન્ ! જે ભવ્ય જનોએ આપને ભક્તિવડે સદાય નમસ્કાર કર્યા છે, સ્તોત્ર સ્તવનો વડે સ્તવ્યાછે અને પુષ્પમાળાઓ વડે પૂજ્યા છે તેમના હાથમાં ચિંતામણિ આવેલ છે અને તેમના આંગણે કલ્પવૃક્ષ ઉગ્યો છે, એમ હું માનુંછું; કેમકે તેમનાં સકળ વાંછિત કાર્ય સહેજે સિદ્ધ થાયછે.

૩૦ હે નાથ! બંને નેત્રો મીંચીને અને મનને સ્થિર કરીને જ્યારે જ્યારે હું ચિંતવું છું ત્યારે ત્યારે મને સમસ્ત કર્મનો ક્ષય કરવાના હેતુરૂપ આપ શિવાય બીજા કોઈ દેવ પ્રતીત થતા નથી. અમારાં સઘળાં કર્મનો ક્ષય કરવાના હેતુરૂપ કેવળ આપજ પ્રતીત થાઓછો.

૩૧ હે જિનેન્દ્ર! ગમે તેટલી ઉત્કૃષ્ટ ભક્તિવડે સ્તવ્યા છતાં અન્ય દેવો કોઈ રીતે બીજાઓને મુક્તિપદ આપી શકતા નથી કેમકે અમૃતના કુંભોવડે પણ સિંચવામાં આવેલા લીમડાનાં વૃક્ષો શું કદાપિ પણ આમ્રફળ આપી શકે ખરા!

૩૨ હે નાથ! ભવસાગરથી મારો નિસ્તાર કરીને નિર્ગુણી છતાં મને આપે મોક્ષવાસી કરવો જોઇએ. કેમકે નિરૂપમ કરૂણાવડે આર્દ્ર બનેલા મહાપુરૂષો સ્વાશ્રિત-સેવક વર્ગના ગુણ-દોષને સર્વથા ચિંતવતા નથી. એઓ તો સ્વસેવકોને સ્વાત્માતુલ્ય લેખીને આપ સરખાજ કરે છે-કરવા માગે છે.

૩૩ હે નાથ! બહુ પુન્ય જોગે આપ **ત્રણ જગતના ચૂડામણિ દેવ** મને પ્રાપ્ત થયા છો, તેમજ વળી **મોક્ષના જામીન રૂપ આ શ્રી હેમચંદ્ર સૂરી ગુરૂ** મળ્યા છે તેથી એ ઉપરાંત બીજી કોઇ શ્રેષ્ઠ વસ્તુ હું જાણતો કે માનતો નથી કે જેની પ્રાપ્તિ માટે હું આપની પાસે પ્રાર્થના કરૂં. પરંતુ આપના વચન ઉપર મને ભવોભવ અધિકાધિક આદર થતો જાય એટલુંજ હું આપની પાસે પ્રાર્થું છું. તથાસ્તુ ઇતિશમ્

## મિ૦ હર્બર્ટ વૉરનનાં પ્રશ્નોનાં ઉત્તર.*

ટીકા-(૧) પ્રશ્નો એવાં છે કે જેનો યથાર્થ ઉત્તરતો જેને સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થયું હોય એવા કેવલી અથવા જેને મોક્ષનો અનુભવ હોય એવા મુક્ત આત્મા આપી શકે. અત્રે તો યુક્તિ, તર્ક અને આગમ અનુસાર કહી શકાય. તો તેવા પ્રકારે યથાશક્તિ કહેવાની કોશીશ કરી છે.

(૨) સામાન્યપણે આવાં પ્રશ્નો mute (મૂક-મુંગાં, અનુભવથીજ જાણ્યાં જાય એવાં) કહી શકાય. રૂબરૂ ચર્ચા જેવો ખુલાસો પત્રવ્યવહારથી ન થઇ શકે.

### પ્રશ્નો અને ઉત્તર.

**પ્રશ્ન-૧...મોક્ષમાં આત્મા કાળ કેવા પ્રકારે ગાળે છે?**

**ઉત્તર** ૧ મુક્ત આત્મા અથવા મોક્ષમાં આત્મા પોતાની સમૃદ્ધિનો ભોગ-ઉપભોગ કરવામાં કાળ ગાળે છે. મોક્ષ એટલે શું? મુકાવું તે, શાનાથી મુકાવું? કર્માદિથી. (રાગ-દ્વેષાદિથી). કર્માદિ એટલે શું? કર્માદિ એટલે કર્મ અને તેના અનુયાયી શરીર, જન્મ, મરણ, જરા, રોગ, દુઃખ, પીડા, હર્ષ, શોક, માન, અપમાન આદિ. મુક્તઆત્મા આ બધાંથી

* આ લેખ 'હેરલ્ડ'ના ગયા જુન માસના અંકમાં આવેલ અંગ્રેજી લેખના સમુચ્ચાયાર્થ રૂપ છે.—તંત્રી.

**સર્વથા** મુક્ત છે. એ કેવળ **સચ્ચિદાનંદ** છે, અથાત્ **સત્** (અવિનાશી) એવાં જે **ચિત્** (જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, સુખ, આદિ) તે રૂપ જે પોતાના ગુણ, કે પોતાની ઋદ્ધિ કે પોતાની શક્તિ, કે પોતાના સ્વભાવ તેના ભોગ-વિભોગથી ઉપજતા સુખ **(આનંદ)** રૂપ છે.

મુકત આત્મા બે પ્રકારના છે:—(૧) શરીરધારી છતાં મુકત અર્થાત્ જીવન્ મુકત અરિહંત; અને (૨) અશરીરી એવા સર્વથા મુકત સિદ્ધ-જીવન્મુકત શરીરધારી છતાં મુકતરૂપજ છે. સિદ્ધની જેમજ તેઓનાં સ્વાભાવિક જ્ઞાનાદિ આવીર્ભાવ પામ્યાં છે. સિદ્ધની પેઠેજ સર્વજ્ઞ-સર્વદર્શી છતાં આયુકર્મ (જીવે દેહમાં અમુક વખત રહેવુંજ જોઇએ એવી પૂર્વબંધ્ધ કાળની સ્થિતિ) ક્ષય થતાં સુધી તેઓનાથી દેહ ત્યજી શકાતો નથી. આયુની સ્થિતિ પરિપકવ થયે, તેઓ દેહને સર્પકંચુકીવત્ હમેશને માટે ત્યજી દેછે, અને સંસારી જીવોની પેઠે જન્મ, મરણરૂપ બીજો દેહ તેઓને ધારવો પડતો નથી; પછી તે સિદ્ધ અથવા સર્વથા મુકત થાય છે. જીવન્મુકતજ આપણી વચ્ચે રહી ઉપદેશ આપે છે; સન્માર્ગ, મોક્ષમાર્ગ બતાવે છે ત્યારે સર્વથા કર્મરહિત એવા અશરીરી સિધ્ધ તો કદી ચીમડાય નહિં એવા× અને સંપૂર્ણ ખીલેલા એવા જે પોતાના જ્ઞાનાદિ ગુણો, તેના ભોગ-ઉપભોગમાંજ નિરંતર નિમગ્ન છે. વસ્તુતઃ સિધ્ધ પોતે સુખરૂપજ છે. જીવન્મુકત પણ પોતાના આવીર્ભાવ પામેલા જ્ઞાનાદિ ગુણોના ભોગ-ઉપભોગમાં નિમગ્ન છે; પણ એ ઉપરાંત તેમને પોતાનાં કેટલાંક પૂર્વોપાર્જિત અઘાતિકર્મોનું [હલકાં, જ્ઞાન-દર્શનાદિને ન આવરી શકે એવાં કર્મોનું]કરજ ચુકવવાનું છે. પ્રાંતે કહેવાનું કે મુક્ત આત્મા અથવા મોક્ષમાં આત્મા પોતાની જ્ઞાનાદિ સમૃદ્ધિ કે શક્તિઓના નિરંતર ભોગ- ઉપભોગમાં કાળ ગાળે છે.

**પ્રશ્ન-૨. મોક્ષમાં વીર્યનું સ્વરૂપ કેવાં પ્રકારનું છે ?**

**ઉત્તર-૨.** (૧)વસ્તુતઃ આત્મા પોતેજ વીર્ય છે. ઉપર જણાવ્યું છે, કે આત્મા પોતેજ સુખ (આનંદ)છે તેમ આત્મા પોતેજ જ્ઞાન છે; આત્મા પોતેજ દર્શન છે, આત્મા પોતેજ ચારિત્ર છે; ઇત્યાદિ, એટલે વીર્ય, સુખ, જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ આત્માથી ભિન્ન નથી, આત્મા અને તેઓ અભેદ છે, અથવા

(૨) વીર્ય એટલે શકિત; હવે

Major premiss (૧) જ્ઞાન એ શકિત છે, દર્શન એ શકિત છે, ચારિત્ર એ શકિત છે.
Minor premiss (૨) આત્મા જ્ઞાન છે; આત્મા દર્શન છે; આત્મા ચારિત્ર છે. માટે
Conclusion (૩) આત્મા શકિત (વીર્ય) છે; અથવા

(૩) સમજવાની ખાતરઃ—

+ ઘાતી કર્મ અથવા ભારે કર્મ કે જે જ્ઞાનાદિ ગુણના આવીર્ભાવ ને અંતરાય-આવરણરૂપ થાય તે.

જ્ઞાનાદિ જે આત્માના ગુણો, તેના ભોગ-ઉપભોગમાં આત્માને પ્રવર્તાવનારી જે શકિત **તે વીર્યનું સ્વરૂપ છે.**

**પ્રશ્ન- ૩. એ વીર્ય કેવી રીતે આવીર્ભાવ પામે છે? પ્રકટે છે?**

**ઉત્તર-૩.** ઉપર જણાવ્યું છે, કે વીર્ય આત્માથી ભિન્ન નથી; જ્યાં આત્મા છે, ત્યાં વીર્ય છે; એટલે જેટલા અંશે આત્મા આવીર્ભાવ પામે છે, તેટલા અંશે તેનું વીર્ય પણ આવીર્ભાવ પામે છે. આત્મા સંપૂર્ણ પ્રગટ થતાં તેનું વીર્ય પણ સંપૂર્ણ પ્રગટ થાય છે; અહીં આત્મા અને તેનું વીર્ય એમ બે ભિન્ન વસ્તુઓ કહી છે; વાસ્તવિક રીતે તે ભિન્ન નથી; વ્યવહારથી સમજવા માટે એ ભેદ કલ્પેલો છે. વીર્ય એ ગુણ છે; આત્મા એ ગુણી છે. ગુણ અને ગુણી વાસ્તવિક રીતે એક બીજાથી ભિન્ન નથી; વ્યવહારથી સમજવા માટે ભિન્ન કલ્પાયલા છે. આત્મા જાણે છે; માટે એ શકિતને જ્ઞાન એવું નામ આપ્યું; પણ એ શકિત આત્માથી ભિન્ન નથી. આત્મા દેખે છે, માટે એ ગુણને દર્શન એવું નામ આપ્યું, પણ એ ગુણ આત્માથી ભિન્ન નથી. આત્મા સ્વસ્વભાવમાં ચર્યા કર્યા કરે છે, સ્વસ્વભાવથી ચ્યુત કદી થતો નથી, માટે એ સમૃદ્ધિને ચારિત્ર એવું નામ આપ્યું, પણ તે આત્માથી ભિન્ન નથી. જ્ઞાન-દર્શનાદિને પોત પોતાની ક્રિયામાં આત્મા પ્રવર્ત્તાવે છે, માટે એ શકિતને વીર્ય એવું નામ આપ્યું, પણ તે આત્માથી ભિન્ન નથી. આમ આત્મા અને તેના ગુણ વ્યવહારથી સમજવા માટે ભિન્ન દાખવેલ છતાં વસ્તુતઃ ભિન્ન નથી. એકજ માણસ પોતાના પિતાની અપેક્ષાએ પુત્ર, ભાઇની અપેક્ષાએ ભાઇ, પુત્રની અપેક્ષાએ પિતા, સ્ત્રીની અપેક્ષાએ પતિ ઇત્યાદિ, જુદા જુદા સંબંધ ધરાવે છે; પોતે એકનો એક છતાં જુદાં જુદાં રૂપે પિતા આદિ કલ્પાયલો છે, તેમજ આત્મા પણ એક-નો એક છતાં જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ કલ્પાયલો છે. "આત્માનું જ્ઞાન" "આત્મા-નું વીર્ય" ઇત્યાદિમાં છઠ્ઠી વિભકિતના પ્રયોગથી આત્મા અને તેના જ્ઞાન-વીર્યાદિ અર-સ્પરસ જુદા હોવાનો ભાસ થાય છે, પણ તેમ નથી; એમ જુદા દાખવવાપણું સમજવા માટે કરેલ છે, એટલે આત્મા સંપૂર્ણ પ્રગટ થયે, તેનું વીર્ય પણ સંપૂર્ણ પ્રગટ થાય છે. જીવન્મુકત રૂપે કે સિદ્ધરૂપે જ્યારે આત્મા મુકત થાય છે, ત્યારે તેનું વીર્ય પણ આવ-રણ-અંતરાયથી મુકત થઇ સંપૂર્ણ પ્રગટ થાય છે.

**પ્રશ્ન- ૪. મુક્તઆત્મા દાન આપે છે લાભ પામે છે, આહારાદિ ભોગવે છે, તેમજ જે ઇચ્છા ઉપજે તે પ્રમાણે વરતે છે?** (જવાબ હકારમાં જોઇએ. 'ના આમ નથી કરતો' ઇત્યાદિ ન જોઇએ.)

**ઉત્તર-૪.** મુક્ત આત્મા દાન દેછે, લાભ પામે છે, ભોગ-ઉપભોગ કરે છે, અને પોતાની શકિત-ઓને પ્રવર્તાવે છે. શાનું દાન દેછે? જ્ઞાન-દર્શનાદિને પોતપોતાની ક્રિયામાં સહાય આપવા વીર્યનું. શાનો લાભ પામે છે? પોતાના આવીર્ભાવ પામેલા જ્ઞાનાદિ ગુણો, તેનાં ફળો જાણવા-દેખવા અનુભવવાનો. શાનો ભોગ-ઉપભોગ કરે છે? પોતાના જ્ઞાનાદિ ગુણોને, તેના જાણવા-દેખવા આદિ ફળોનો-આહાર, સુખાસન, કપડાં, મહેલ, આગ-

ગાડી, સ્ટીમર, મોટર, બલૂન, આદિનો નહિ,–એ બધાંતો સાંસારિક શરીરના ભોગ ઉપભોગના પદાર્થો છે, શરીરની ઉપાધિઓ છે; અને શરીરની પેઠેજ વિનાશશીલ છે. અગાઉ જણાવ્યું છે, તેમ મુક્તાત્મા કેવળ **સચ્ચિદાનંદ** છે; તેના ભોગ–ઉપભોગના પદાર્થો સત્ (અવિનાશી) છે. અને તે પદાર્થો તે ચિદ્ (તેના સંપૂર્ણ આવીર્ભાવ પામેલાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ વીર્યાદિ) છે.

વળી આત્માને ઇચ્છા હોવાનું કંઇ કારણ નથી, એને ઇષ્ટ–અનિષ્ટ કંઇ નથી. ઇચ્છા કયારે ઉપજે કે જ્યારે ઇચ્છિતનો વિયોગ હોય, ઇચ્છિત ભોગરૂપ ન હોય, આત્માતો નિરંતર પોતાના ઇષ્ટ સાથે છે, પોતાના ઇષ્ટને ભોગવી રહ્યો છે.

આમ મુકતઆત્મા દાન દેછે, લાભ પામે છે, ભોગ-ઉપભોગ કરે છે. અને પોતાના ઇષ્ટ રીતે પ્રવર્તે છે. આટલે સુધી સિદ્ધ તેમજ જીવન્મુકત બંનેની વાત થઇ. જીવન્મુકત વધારામાં શરીરધારી હોવાથી આપણને જ્ઞાનદાન દેછે, આપણા તરફથી પિંડસ્થ (શારીરિક સન્માન–પૂજન પામે છે, આહાર × સુખાસનાદિ ભોગવે છે, તેમજ કેટલાંક બાકી રહેલાં અઘાતી કર્મને લઇ ઉપજતી ઇચ્છાઓ (રાગદ્વેષ વિનાની ઇચ્છાઓ, કેમકે રાગદ્વેષરૂપ ઘાતીકર્મતો દૂર થયાં છે) પ્રમાણે વર્તે છે.

**તા. ક–હું ખાસ એ જાણવા માગું છું કે આઠમો ગુણ, નહિ કે પહેલો આત્માને મોક્ષમાં કેવીરીતે પ્રવર્તાવે છે?**

**ઉત્તર**–દાનાદિના અંતરાય દૂર થવા રૂપ આઠમો ગુણ છે; અને હું ધારૂં છું કે તેજ સૂચવેલ છે. આનો ખુલાસો ઉપલા જવાબોમાં થઇ ગયો છે.

તા. ક.–એક બાબત ધ્યાન રાખવાની છે, કે આત્મા જ્ઞાન છે; આત્મા દર્શન છે; આત્મા ચારિત્ર છે; આત્મા વીર્ય છે. ઇત્યાદિ તો ખરૂં. પણ એમ ન કહી શકાય કે જ્ઞાન આત્મા છે; ચારિત્ર આત્મા છેઃ વીર્ય આત્મા છે, ઇત્યાદિ. જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, સુખ, આદિ બીજા બધા ગુણોનો સમૂહ તે આત્મા. ॐ શાંતિ:

મોરબી-કાઠીઆવાડ
તા-૨૩-૧-૧૨ મંગળ　　}　　અનઃસુખલાલ વિ. કિરતચંદ મહેતા.

# પત્ર પ્રાસાદ.

ॐ तत्सत्

૨૭-૫-૧૧

વ્હાલી બ્હેન,

ગઇ કાલનો લખેલો પત્ર લોહાઘાટ પોસ્ટ ઓફીસમાં મ્હને મલ્યો, મ્હારો એકવીસમીનો લખેલો પત્ર ત્હને કાલે કે આજે મલ્યો હશે અને કદાચિત્ તું આજ વખતે મ્હને પત્ર લખતી હઇશ. કાલે પોસ્ટ ઓફીસમાંથીજ મ્હેં એક પત્ર લખ્યો છે તે ૩૧ મીએ કે ૧ લીએ મળશે.

+ જીવન્મુકતને દિગંબર જૈનો આહારનો નિષેધ કહે છે.

હું અહીં એટલો બધો આનંદમાં રહું છું કે તેનું પ્રમાણ માપવું મ્હારી અત્યારની શક્તિની બ્હાર છે. અહીંનો દરેક પર્વત-દરેક પુલ-દરેક ઝરણુ કંઇક પવિત્રતામાં-પ્રભુમયતામાં-હૃદયને ડુબાવી દેછે. લાંબા લાંબા અલંકાર અને વિશેષણો લગાડેલા અતિશયોક્તિભર્યા વાક્યો-લખવા કે, વર્ણન કરવા એ એક પ્રકારનું જુઠાણું છે અને તેવું લખવાનો મ્હને તિરસ્કાર છે પરન્તુ હું અહીંઆ જે પ્રત્યક્ષ અનુભવું છું તે લખું છું, જો કે મ્હારૂં લખાણુ મ્હને અહીંઆ જે આનંદ અનુભવાય છે તેનો હજારમો અંશપણ બતાવી શકવાનો સંતોષ આપી શકતું નથી.

હું અહીંઆ શું અનુભવું છું? કેવળ પ્રભુમયતા-કેવળ પ્રેમ-પવિત્રતા-આનંદ-આ પવિત્રતા અને આ આનંદ મ્હારી ચોતરફ કંઇક એટલા બધા પ્રમાણમાં વરસતો દેખાય છે કે એનું સર્વસ્વ હું પણ પામી શકતો નથી, અર્થાત્ કંઇ ભાન રહેતું નથી. આ આનંદમાં હું ડુબી જાઉં છું-મ્હારી જાત વીસરી જાઉં છું-અને હું નથી નથીજ એમ કંઇક થઇ આવતું જણાય છે. કોઇક અત્યંત જુની ઓળખાણવાળી વસ્તુ કિંવા પૂર્વજન્મનો કોઇ અત્યંત નિકટનો સ્નેહી કે સંબંધી આ જન્મમાં બન્ને મળતાં વારજ જેમ બીજાને કઇક અદસ્ય રીતે આકર્ષે છે-ખેંચે છે અને એમ ખેંચાઇ જતા ખેંચનાર મનુષ્યજેમ આશ્ચર્યમાં ડુબેછે (કે આ માણુસ કિંવા આ વસ્તુ તરફ હું એકદમ આટલો બધો વિચિત્ર રીતે કેમ ખેંચાઇ જાઉં છું) તેમ અંહીનો દરેક પથ્થર-દરેક ઝરણુ-દરેક બરફથી ઢકાયેલું શિખર-મ્હને કેવી પ્રભુતા-ઇશ્વરમયતા-પવિત્રતા-પ્રેમનો અનુભવ કરાવે છે તે વિષે હુંજ વિચારમાં પડી જાઉં છું. અને પ્રભુની અનંતતાના વિચારમાં નમ્ર બની જઇ ગળી જાઉં છું. આ ક્ષુદ્ર અહં-મમત્વ કોઈક અંધારા ખુણામાં છુપાવાની જગ્યા શોધવા મંડી જઇ તેમાં નિરાશ થવાથી આખરે પાણીના પરપોટાની પેઠે ફુટી જઇ આ અનંતતામાં ભળી જાય છે.

કલાપિના સંવાદમાં ૧લા સંવાદમાં વાંચજો. તોળલ કહે છે કે ખોવાઇ ગયેલા એક મેંઢાને પોતાનું આખુ ટોળુ છોડી દઇને જેમ ભરવાડ શોધે છે તેમ અજ્ઞાનમાં ડુબી જઈ 'અહં' ના કુવાના દેડકા જેટલા કુવામાં આત્માની (એટલે પરમાત્માની) અનંતતા ભૂલી ગયેલા અજ્ઞાનીઓને-પાપીઓને-પ્રભુનો પ્રેમ-પ્રભુની કૃપા શોધેછે. આ કૃપા નિમિત્ત તરીકે ગમે તે સાધનદ્વારા ઇશ્વર ત્હમારા પર ઢોળે! હિમાલય દેવભૂમિ-કિંવા પુણ્યભૂમિ એટલાજ માટે કહેવાય છે કે અંહી પ્રભુના એ પ્રેમનુંજ સામ્રાજ્ય પ્રત્યેક સ્થળે-સર્વત્ર વ્યાપી રહ્યું છે. અંહીનું એક પણ ઝાડ એવું નહિ હોય કે જે પોતાના પાંદડા દ્વારા પ્રભુની અગાધતા પ્રત્યક્ષ કરાવી ત્હમને કંઇક દૈવી વાતો ન શીખવે. અંહી આવીને હું સર્વ 'અસત્ય' ખોઇ બેઠો છું, મલીનતા-સ્વાર્થકલહ-નીચતા-હલકાઇ અને એ સર્વને પરિણામે પવિત્ર સંસ્કારવાળા કિંવા પવિત્રતાનો પાશ લાગેલા આત્માને ઉત્પન્ન થતી ભયંકર અસ્વસ્થતા એમાંના કશાની આ શાંતિ અને પવિત્રતાના પ્રદેશ ઉપર પગલુ ભરવાની હિમ્મત નથી. બહુ દિવસથી ખોવાઇ ગયેલા પુત્રને જોઇને માતા આનંદના અશ્રુ વર્ષાવે, ત્હેના ઘરડા હાથ એના શરીર ઉપર ફેરવે અને માથું સુંધી બચ્ચીઓ કરે તે વખતે પેલા પુત્રનું હૃદય તપાસનાર એમાં ઉભ-

રાતા આનંદને માપી શકશે ? કોઇ થરમામીટર એ હૃદયના તે વખતના સંતોષનું માપ લઇ શકશે ? અંહીની કુદરત-પ્રભુનો પ્રેમ–અંહીની પવિત્રતા ત્હમને એટલાજ સ્નેહથી છાતી સાથે ચાંપે છે, આંહીની પવિત્રતાના ખોળામાં આવતાંજ શાંતિ અને આનંદમાં ડૂબી જવાય છે, અંહી દરેક શિલા હૃદયપૂર્વક ત્હમારો સત્કાર કરે છે. ખરે બપોરે પણ ઝાડીમાંથી કાન ફાડી નાંખે એવો સ્વર કરી કુદરતનું અવ્યાહત સંગીત ગાનારા તમારા હમારાં યશોગાન કરતાં માલુમ પડે છે. કારણકે એક આત્માનો ઉધ્ધાર થતાંજ આખુ બ્રહ્માંડ આનંદથી ગાજી ઉઠે છે. એક આત્મા અજ્ઞાનના અંધારા પ્રદેશમાં પ્રકાશમાં–આવતાંજ આખું બ્રહ્માંડ–પ્રત્યેકજ્ઞાની પ્રભુતાનો–પવિત્રતાનો સર્વ પ્રદેશ–તે દિવસને અત્યંત આનંદદાયક ગણી ઉત્સવ પાળે છે–તે દિવસને તહેવાર માને છે.

આ પ્રભુને ખોળે હું આવ્યો. એજ પ્રભુની કૃપાથી શું અહીં માયાનો લેશ પણ હોઈ શકે ? અહીં એક વખત આવનાર–અહીંની પ્રભુતા અનુભવનાર મનુષ્ય એમજ કહેશે કે અહીંઆ દુઃખ કે પાપના અસ્તિત્વની કલ્પના કરવી એ પ્રભુનું અપમાન કર્યા બરોબર છે–નાસ્તિકતા છે. પ્રભુ એટલે માતા. એ વ્યાખ્યા જુની છે. હું પણ જાણતો હતો પરંતુ અહીં આવ્યા પછી એ વિશેષણજ જ્યાં સુધી પ્રભુને પ્રત્યક્ષ ન ઓળખી શકાય એટલે કે તેની અનંતતા પ્રત્યક્ષ અનુભવી ન શકાય ત્યાં સુધી સૌથી વધારે યોગ્ય છે એવા નિશ્ચયપર હું આવ્યો છુ, માતાનું અંતઃકરણ જેટલું દયાળુ, જેટલું ક્ષમાવાન, જેટલું વિશાળ હોય છે, પોતાના સંતાનોના હજારો દોષ પીં જવામાં, સેંકડો અપરાધ ગળી જવામાં–પોતાના સાગર જેવા હૃદયમાં સમાવી દેવામાં-માતા જેમ પોતે તેમના પર કંઈ ઉપકાર કરી નાંખતી હોય તેમ માનતી નથી. ત્હેમનાપર પ્રેમ–અમીદૃષ્ટિજ રાખે છે તેમ ત્હમારા હજારો અપરાધ–કરોડો અને અધર્મ લોકોના અગણિત અપરાધ પણ પોતાની અંનતતાના વિશાળ પેટામાં સમાવી દઇ પ્રભુ સદા અનંત અપરાધને પણ આલિંગન આપવા–હૃદય સાથે ચાંપી પોતાના સ્વરૂપ બનાવી દેવા તૈયાર છે. સામાન્ય-સંસારી–માનુષી માતા પાંચ સાત સંતાનોની માતા છે, પ્રભુ અગણિત સંતાનોની અસંખ્ય બ્રહ્માંડોની માતા છે. સંસારી માતાના હૃદયની વિશાળતા દયા અને ઉદારતાના કરતાં એ માતાની-એ અંનત બ્રમ્હાંડોની માતાની (પ્રભુની) ઉદારતા દયા અને હૃદયની વિશાળતા કરતાં અસંખ્ય ગણી વધારે છે. પરંતુ અશ્રધાળુ પુત્રો તે જોઇ શકતા નથી. અજ્ઞાની લોકો ધરે છે કે પ્રભુ આપણાજ જેવો સ્તુતિ કરનાર, પર કૃપા કરનારો અને નિન્દા કરનારપર ગુસ્સે થનારો છે. અને તેથીજ કહે છે કે પાપીનો ઉધ્ધારજ ન થઈ શકે !'

અહા ! હજુતો અહીંયાજ પ્રભુને દ્વારે આવતાંજ મ્હારામાં કેટલો ફરક પડી ગયો છે! બ્હેન? હું બીલકુલ બદલાઇ ગયો દેખાઉછું, મ્હારા હૃદયમાં રાત્ર દિવસ કંઇક એવું ઉભરાયાં કરે કે તે કહી કે લખી શકાયજ નહિ. હમણાં હમણાં છેલ્લા ત્રણ ચાર દિવસથી તો એ સ્થિતિમાં પણ કંઇક અલૌકિક ફરક પડતો જાય છે. હવે હું આશ્રમની આસપાસની ઝાડીઓમાં નીચેની ખીણોમાં, ઝરણો ઉપર ઝૂકી રહેલી શિલાઓ ઉપર હજારો જાતના ફુલો વીણવામાં અને ત્હેના ઢગલાના ઢગલા એકાદ શિલાપર પાથરી દઇ એવી 'કુસુમ શય્યા' રચી આનંદથી સુઈ જવામાં અને

એમ અંહીના સૌંદર્યનો સોબતી બનવામાં મારો બધો વખત ગાળું છું, આશ્રમમાં તો માત્ર જમવા જેટલો વખત રહું છું, પુસ્તકો વાંચવાનું તો છોડી દીધું છે.-હમણાં છોડીજ દેવું છે. રહેવાય નહિ તોજ પુસ્તકને હાથ લગાડવો એવો નિશ્ચય કરી શકયો છું, અહીનું પ્રત્યક્ષ જ્ઞાન એક દિવસમાં, એક કલાકમાં, અરે એકજ દેખાવ, એકજ દ્રષ્ટિમાં નિમિષ માત્રમાં જે કંઇ શીખવી દેઈ, જેટલું જ્ઞાન આપે છે, જેટલી દૈવી વાતો કાનમાં ગણગણી જાય છે, તેનો સહસ્ત્રાંશ તો શું પણ લક્ષાંશ એવી કુદરતના પ્રત્યક્ષ જ્ઞાન ઉપરથી મગજમાં ભરીને એ મગજના સ્મરણ ઉપર આધાર રાખી હાથ, શાઇ, કાગળ અને લોઢાના ખીલાથી એવા જડ સમૂહના સાધનોથી મનુષ્યના હસ્તથી અનેક કૃત્રિમ આકૃતિઓ પામેલાં સાધનો (ટાઇપ-પ્રેસ સંચા વગેરેના સંતાન રૂપ પુસ્તકોમાંથી હું મેળવી શકયો નથી. એ અનેક રૂપાંતરો પામેલું અનેક રીતથી વિકૃત થએલું હિડંબા જ્ઞાન છે. અને અહીંનુ પ્રત્યક્ષ સૌંદર્ય નજરે નિહાળતાંજ ત્હેની ક્ષુદ્રતા સમજાઇ જાય છે.

તું કલ્પના કરી શકેછે મ્હારામાં કેટલો ફરક પડી ગયો છે? જેને માટે મુંબઇમાં હું અનેક પ્રયત્નો કરતો-કલાકના કલાકમાં થોડીક મિનિટ માંડમાંડ જે સ્થિતિ હું અનુભવી શકતો (અને તેથી ઊલટી નિરાશાજ વધતી) તે વિના બોલાવ્યે-આપોઆપ-એની મેળેજ આવીને મ્હને અંહી ભેટી પડેછે કુદરતનું સૌંદર્ય નિહાળવામાં-અંહીની શુચિતા અનુભવવામાં ઘડી ઘડી હું મ્હને ભૂલી જાઉંછું અને છેલ્લા ત્રણ ચાર દિવસથી (જ્યારથી હું મ્હારો ઘણો ખરો સમય આમ નીચે ફરવામાં ગાળુંછું) તો કંઇક જૂદોજ બની ગયોછું. ...ના ધ્યાનમાં ત્હારી જે સ્થિતિને માટે ત્હારા ઉપર હું આશીર્વાદના વાદળાં વર્ષાવતો-શુચિતા અને અશુચિતાની એક ક્ષુદ્ર બાબતને લીધે તું મ્હારા ઉપર ગુસ્સે થઇ હતી-કિંવા ત્હને ખોટું લાગ્યું હતું અને એ સ્થિતિ બહુજ નીચેની પાયરીના-છેક પ્રથમ પગથિઆંના—મુમુક્ષુએ સ્વીકારવી યોગ્ય છે. તુ એ સ્થિતિથી ઉપર છે એમ સમજાતી અશુભ અકસ્માત શુભ પરિણામ લાવવાનેજ બની આવેછે એ 'અશ્રુના ઝરણમાં સ્થળ જ્ઞાનનું છે' એ કલાપિના મૃત્યુંની લીટીદ્વારા હું સમજાવતો હતો તે વખતે ત્હારી જે સ્થિતિ હતી એ સ્થિતિ પ્રભુના આ ખોળામાં ઘડી ઘડી અનુભવાય છે. કાલનીજ-ગઇ કાલનીજ વાત કહું છું. લોહાધાટ ચારથી વાગ્યે હું આશ્રમમાં પાછો આવ્યો અને થોડીવાર રહી પોણા પાંચ કે પાંચને શુમારે બીજી તરફ એક ઉંડી ખીણમાં ગયો. ત્યાં ઝાડી છે. છેક અંધારા જેવું રહે. માથા ઉપર આકાશ, થોડુંક-ન્હાની છત્રી જેટલું દેખાય. તરફ જવાનો રસ્તો એ તરફ થઇને જાયછે અને આશ્રમના સ્વામીઓ તેને જઇ આવી શકાય એવો રાખવાની સંભાળ રાખેછે. હું ફરતો ફરતો છ વાગે અંહી આવી પ્હોંચ્યો હતો. આસ પાસના ઉંચા ઉંચા પર્વતોની પાછળ ચાલ્યો જવાથી સૂર્ય કયારનો ડુબી ગયો જણાતો હતો અંધારૂ થઇ ગયું હતુ, રસ્તાથી થોડેક દૂરથી એક પાંચેક ફીટ ઉંચાઇથી પડતો પાણીનો ન્હાનો સરખો ધોધ છે અને એ ઝરણું ત્યાંથી આગળ ચાલી રસ્તા તરફ જાયછે તેથી સ્વામીઓને ત્હેના ઉપર ન્હાનો સરખો લોકડાંનો સાત આઠ ફીટનો પુલ બાંધવો પડયોછે.

એ ધોધની ડાબી બાજુએ એક મોટી શિલા છે અને એ ધોધ અને ત્યાંથી આગળ ચાલતા ઝરણનો દેખાવ એટલો બધો સુંદર હતો કે હું આનંદમાં ડુબી ગયો. આસપાસથી દસ બારજ મિનિટમાં મ્હેં ધોતીઆનો ખોળો ભરાય એટલાં ફુલ વીણી કહાડયાં અને એ ધોધને મથાળે જઇ ખોબા ભરી ભરીને અર્પણ કરી દીધાં. ધોધનું પાણી પડી પડીને નીચે પાણીનો એક કુંડી જેવું બની ગયું. છે, એ કુંડીમાં એ સૌ ફુલ ગયાં અને ત્યાંથી બબે ચચ્ચાર આગળ નીકળી ઝરણમાં સાથે સાથે આગળ વહેવા લાગ્યાં જાણે રાસ રમાતોહોય ! આ સૌ હું કંઇક એટલાં બધાં આનંદથી પેલી શિલાપર બેસી જાણે જોતો હતો કેપછી શું થયું તે મ્હને કંઇ માલમ નથી. એ આનંદમાં હું સર્વ કંઇ ભૂલી ગયો, મ્હને ટાઢ વાવા લાગી અને તે મ્હારાં કપડાંની અંદર થઇને અસહ્ય થવા લાગી ત્યારે હું જાગ્યો. આંખ ઉઘાડીને ચોમેર ગાઢ અંધકાર ! ઉંચું જોયું તો જરીક જેટલા દેખાતા આકાશમાં ગુરૂ-બૃહસ્પતી-( જે આ દહાડામાં દશવાગે માથાઉપર આવે છે ) ચમકતો હતો ! રાત્રિના દશ વાગ્યા હતા. આસપાસની ઝાડીઓમાં-આશ્રમનાં બે ત્રણ માણસો મ્હને શોધવા નિકલ્યાં હતાં અને મોટેથી બૂમો પાડતા હતા. મ્હેં પણ બૂમ પાડી અને અને તેઓ મ્હને આવી મળ્યાં. તેમણે મ્હને કહ્યું કે અમે એક કલાકથી આ ઝાડીમાં બૂમો પાડીએ છીએ અને અત્યાર સુધી ત્હમે જવાબ કેમ આપતા ન હતા ? મ્હેં કહ્યું કે હું ઝરણ ઉપરની એક શિલાઉપર ઉંઘી ગયો હતો ! આશ્રમમાં આવી મ્હેં સ્વામીઓને કહ્યું કે મ્હારી બીલકુલ ચિન્તા ન કરવી. હું ભૂલો પણ નહિ પડું, તેમ ઝાડીઓમાં મ્હને વાઘ વરૂ પણ નહિ ખાઇ જાય. માટે મ્હને શોધવા માણસો ન મોકલતા ( આ તરફની ઝાડીઓમાં કવચિતજ વાઘ વરૂ હોય છે.)

આવી સ્થિતિ મ્હેં કદી અનુભવી ન હતી. આવો આનંદ, આવી પવિત્રતા આટલે દરજ્જે મનુષ્ય અનુભવી શકે એમ હું કદિ માની શકયો ન હતો. એ શ્રદ્ધા ત્હેં શીખવી. તું એમ માનજે કે 'હું પ્રભુનું નિમિત્ત હતી' પરન્તુ પરમાત્માનું એવું પવિત્ર પ્રતિનિધિત્વ જગતમાં બહુજ થોડાનાં ભાગ્યમાં લખાએલુ હોવાનું જગતના ઇતિહાસ આજસુધી કહેતા આવ્યા છે. પરમાત્માની પ્રત્યક્ષ કૃપા ન અનુભવાય ત્યાંસુધી પરમાત્માના એ પ્રતિનિધિને પૂજનીય ન માનવું ? માટેજ હું ત્હને દેવી કહુંછું અને માટેજ ત્હને સદ્‌ગુરૂ કિંવા ઉદ્ધારક તરીકે પૂજુંછું. આવી પૂજાને અયોગ્ય કહેનારા કે માનનારા-પ્રભુકૃપાનું ધ્યેય સાધ્ય કરવાના માર્ગમાં-સદ્‌ગુરૂની આવશ્યકતા પ્રતિપાદન કરનારા આ આવશ્યક પગથિઆનું ખંડન કરનારા-એ કૃપાને-આધ્યાત્મિક આત્મોન્નતિને—માટે અપાત્ર—નાલાયક છે.

ત્હને એમ લાગશે કે હું આમને આમ લખવામાં રખડવામાં કે ગાંડા કહાડવામાં-વહ્યો જાઉછું, પરન્તુ આત્માની ઉંડાઇ શોધવાનો-ત્હેની અગાધતા માપવાનો એજ માર્ગ છે, એજ તપશ્ચર્યા છે. એક જગ્યાએ શરીરને કિંવા શરીરના અમુક અવયવોને બળાત્કારે સ્થિર રાખી ઝાડ કે પથ્થર જેવુ જડ બનાવી દેવામાંજ આત્માની પ્રગતિ નથી. એવો બળાત્કાર જડતા વધારી

ત્હમને સ્થૂલની મર્યાદાથી આગળ લઇ જઇ શકશે. નહિ મ્હારે એ સ્થૂલત્વનું અસ્તિત્વજ ભૂલી જવું છે. હું સ્થૂલ છું- મનુષ્ય છું-આટલોજ (સાડા ત્રણ હાથને) છું એ ભૂલી જવું છે.

મ્હારી તબીયત એટલી બધી સારી રહેછે, મારૂં મગજ એટલુ બધું ખીલેલું રહેછે કે જાણે હું આનંદની હવામાં એરોપ્લેન (વિમાન) માં બેસી ઉડયાં કરતો હોઉં. એકાદ ગંભીર કિંવા આધ્યાત્મિક વિષય ઉપર પત્ર લખવાને માટે મુબઇમાં પંદર પંદર દિવસ જે સ્ફુર્તિની મ્હારે રાહ જોવી પડતી તે સ્ફુર્તિ રાત્ર દિવસ મ્હારા મગજમાં એટલી બધી ઉભરાયાં કરે છે કે રાત્રદિવસ સૌને પત્રજ લખ્યાં કરૂં અને નોટપેપરના નોટપેપર ભરી એ સ્ફુર્તિના ઉભરા કાઢયાં કરૂં ! ઘડી ઘડીમાં એટલા બધા નોટપેપર લખાઇ જાયછે કે વાંચનારને કંટાળો આવશે એવી કલ્પના મોડી મોડી પણ આવીને પ્રભુ કૃપાએ પત્ર હું પુરો કરી નાંખી બીડી શકુ છું. અત્યારની આ—ત્હારા પત્રનીજ વાત કરૂછું, પહેલા નોટપેપરપર પ્રથમ પેરેગ્રાફ લખ્યો ત્યારે એમ થયુ હતું કે શું લખવાનુ છે ? જવાબ તો કાલેજ લખી નાંખ્યો. હવેતો કંઇ બાકી રહેતું નથી અને એમ લાગ્યું હતું કે આ એક નોટપેપર ભાગ્યેજ પૂર્ણ થઇ શકશે. પરન્તુ આ પાંચમું પાનું લખુંછું મ્હારા સ્વપ્નામાં એ ન હોતું કે આજે હું ત્હને આટલો લાંબો પત્ર લખવાનો છું. કિંવા અમુક અમુક બાબતો લખવાને એવા કંઇ વિચાર પણ કરી રાખ્યા ન હતા !

પત્ર લાંબો અને લાંબો થતો જશે તો( મારી માગતો જાયછે અને હનુમાનના પૂંછડાની પેઠે લખવાનું લંબાવતો જાયછે.) એમ ત્હને લાગશે માટે હવે પૂર્ણ કરી નાંખીશ. વળી લખીશ. હજુ એક બે પત્રો લખીશ અને પછી લાંબા વખત સુધી ત્હારે માટે એવી વાતોનો સંગ્રહ કરી પેટારા ભરી રાખીશ ને પાછો આવીશ તો વર્ષોના વર્ષો સુધીનું સાંભળ્યા કરીશ તો પણ ખુટશે નહિ.

હું અહીંથી છઠી તારીખે જઇશ. હારન્ડ આગળ દૂરદૂર-બહુજ દૂર ! અહીંથી ૪૨ માઇલ ઉપર એક અમુક દિશામાં એક અત્યંત રમણીય-ઉત્તમ સ્થાન-શોધી કહાડયું છે. નજરે જોયું નથી પણ સાંભળીને નકી કર્યું છે ત્યાં કોઇ નથી-કંઇ વસ્તી નથી. એક મોટી નદીનું મૂળ છે. ત્યાંથી એ નદીનાં ઝરણુ—ન્હાના ન્હાના ધોધ નિકળે છે. એક અત્યંત ઉંચા પહાડની તળેટી જેવી એક ખીણમાં—એ ઝરણાના મૂળ આગળ-રહીશ-ધ્યાન કરીશ-ભટકીશ-કલાકના કલાક બરફમાં અને પર્વતમાં શિખર ઉપર અને નીચેની ખીણોમાં ફરીશ. ભાન ભૂલાઇ જશે ત્યાં બેસી જઇ એ આનંદ સમાધીમાં લીન થઇ જઇશ. કઇ દિશામાં અને ક્યાં તે કહીશ નહિ કારણકે તેમ કરવામાં ભયછે પરંતુ અંહીંથી ૪૨ માઇલ અંદર આગળ-હિમાલયની મધ્યમાં-બરાબરી ચાર ચાર છ છ ફીટ બરફ વર્ષમાં આઠ માસ સુધી પડે-આપણે ના પાડીએ તોપણ પડે-આપણા કબ્જામાં ન રહે ! ત્યાં રહીશ, બેસીશ, ઇચ્છા થશે તો વાંચીશ-લખીશ (એક પેન્સીલ અને એક શીશીમાં શાઇ ભરીને લઇ જવાનો છું વધારે નહિ. એટલું ખોવાઇ જાય, ફૂટી જાય કે ઢળી જાય તો મ્હને લખવા દેવાની ઇશ્વરની

ઇચ્છા નથી એમ માની બંધ કરવું ) જંગલોમાં અને જેમાં ઇચ્છા થાય ત્યાં જંગલના પક્ષી કિંવા પવન જેટલો સ્વતંત્ર રહીને વિચરીશ. એ પ્રભુ–અંતરાત્મા–બોલશે. અંદરથી ધ્વનિ કરશે-કાનમાં ભણકારા મોકલશે કે 'બસ હવે જાઓ અને કર્તવ્ય કરો ! મેળવ્યું તે આપો અને વિશ્વની ચરણસેવાને લાયક થયા છો એમ ભલે જગત્ જાણે' ત્યારે પાછો આવીશ અને મ્હારા આનંદના, મ્હારા અનુભવનાં-પુષ્પોવડે સૌને પૂજીશ અને ત્હેની દૈવી સુગંધદ્વારા સંસારી સ્વાર્થની-ક્ષુદ્રત્વની દુર્ગંધ ધોવાનો-કહાડવાનો પ્રયત્ન કરીશ.

તું મ્હને સ્વાર્થી કહેતી ના. આ આનંદ મેળવવા પૂર્ણતાને માર્ગે કૂચ કરવાની તૈયારીને માટે અંહી મ્હારે આવવું પડ્યું. તું તે ત્યાંજ રહીને કરી શકે છે. હું અંહીજ રહેવાનો નથી. મ્હારા આનંદને મારીજ પાસે અંહી રાખી-તેમાં ડુબી જઇ સ્વાર્થી ગણાવાનો નથી. તું પ્રભુની પ્રતિનિધિ થઇ, હું પણ તે પદ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરીશ. હું ત્હને પૂજું છું કે ગુરૂ માનુ છું છતાં મ્હારી જાતને ભાઇ ગણી બ્હેનને કંઇ કંઇ શીખવવાનો સમજાવવાનો ગુરૂ હોવાનો ડોળ કરૂં છું. નહિ ? આપણો સ્નેહ, આપણો સંબંધ સંસારીઓથી જુદો કંઇક વિચિત્ર પ્રકારનો નથી લાગતો ?

બની ઉસ્તાદ આવો તો થશો આંહી તમે ચેલા
મગર ખુરશીદ બનશો તો હમે ચેલા થનારાઓ.

એવોજ કંઇક ઉલટો સુલટો સંબંધ.

ત્હારો
ભાઇ

તા.ક. માફ કરજે ! હનુમાનનું પૂછડું હજુ આગળ ચાલ્યું. પાંચમાં નોટપેપરને છેડે લખેલી કલાપિની લીટીઓનો અર્થ એવો છે કે ત્હમે ગમે તેવા ઉસ્તાદ એટલે હુશિયાર બનીને આવશો તોપણ અમારી આગળ તો તમારે ચેલાજ બનવું પડશે. પરંતુ અમારા ચેલા બનવા ખુશી હશો તો અમે પણ ત્હમારા ચેલા બની જઇશું. અર્થાત્ ત્હમે અમારા ગુરૂ અમે ત્હમારા ગુરૂ.

---

## શિયળ વિનાની નારી.

લેખક; રા. રા. પ્રાણજીવન મોરારજી શાહ.

( "આવોને દીન દયાળ રમવા આવોને રે"—એ રાસડાની રાહ.)

નારી ન એ અંગાર, શિયળ નિર્મળ નહીંતો,
નારકી છે તૈયાર, ભલે જગ ઠગતી અહીંતો; એ ટેક
શિયળ નારીનું નૌતમ નાણું, શિયળ સદ્દગુણ સુંદર આણું,
પણ કામનું શું કરીયાણું, શિયળ નિર્મળ નહિતો— ૧

# જૈન પારિભાષિક શબ્દો અને ગુજરાતી ભાષાના શબ્દકોશો.

પૂર્વ કાળમાં પ્રચલિત ભાષાનું શબ્દસાહિત્ય વધારવામાં જૈન ધર્મે અને જૈન ધર્મીઓએ અગત્યનો ભાગ લીધો હતો અને તેના સંસ્કારો અત્યારે ગુજરાતી ભાષામાં રહ્યા હોવાનું સ્પષ્ટ જણાઈ આવેછે. આમ છતાં મધ્ય કાળમાં જૈન ધર્મ સામે થએલા હુમલાઓને લીધે અને જૈનોના નિરીશ્વરવાદથી અભડાઇ જતા વેદ ધર્મીઓને લીધે જૈન ધર્મ તરફ લક્ષ આપનારા પરધર્મી વિદ્વાનો બહુ જ થોડા હતા. વળી જૈન ધર્મીઓએ આધુનિક સર્વ ભાષામાં જે કાંઇ સાહિત્ય ઉમેર્યું છે તે સાહિત્યમાં ધર્મ વિષયને પ્રાધાન્ય આપવામાં આવેલું હોવાથી પ્રાકૃત લોકસમાજમાં જૈન પરિભાષાનો પ્રસાર અતિ ન્યૂન પ્રમાણમાં થવા પામ્યો હતો. એ અસર અત્યાર સુધી હજુ નાબુદ થઇ જણાતી નથી. જૈન વિષયોમાં ઉંડા ઉતરેલા અન્ય ધર્મીઓ કરતાં અન્ય ધર્મમાં ઉંડા ઉતરેલા જૈન ધર્મીઓ આપણે વિશેષ પ્રમાણમાં જોઇ શકીએ છીએ; તેવી જ રીતે વેદાન્ત ઇત્યાદિને લગતા ધાર્મિક અને પારિભાષિક શબ્દો જેટલા પ્રમાણમાં જૈનો જાણતા હશે તેટલા પ્રમાણમાં જૈન પારિભાષિક શબ્દો વેદાન્તીઓના જાણવામાં ભાગ્યે જ હશે. પરન્તુ દિન પ્રતિદિન સાહિત્ય તરફ જે અભિરૂચિ વધતી જાય છે અને મુખ્યત્વે કરીને પ્રાચીન સાહિત્યના ઉદ્ધાર તરફ લોકસંઘ જાગૃત થતો જાય છે. તે જોતાં જૈન પારિભાષિક શબ્દોની વપરાશ વધતી જવાનો સંભવ રહે છે. જૈનોએ મુખ્યત્વે કરીને ધર્મસાહિત્ય જ પેદા કર્યું છે, છતાં તે ધર્મસાહિત્ય ભાષા વિષયમાં મૂલ્યવાન્ હોવાનું અન્ય ધર્મીઓ પણ સમજવા લાગ્યા છે અને એ રીતે તે તરફ સમસ્ત જનસમાજની રૂચિ વધારે પ્રમાણમાં વળવાની આશા રહી શકે છે.

જૈન પારિભાષિક શબ્દોની વપરાશ વધુ થવા લાગે તેમ કરવાનો એક માર્ગ ગુજરાતી ભાષામાં જૂદી જૂદી વ્યક્તિઓ અને સંસ્થાઓ તરફથી બહાર પડતા 'શબ્દકોશો' છે. જૈન પારિભાષિક શબ્દો ભાષામાં કે પુસ્તકોમાં વપરાવા લાગે, પણ તેની સમજુતી આપનારા અર્થો જો બહાર પડેલા શબ્દકોશોમાં સમજાવવામાં આવેલા ન હોય તો તે શબ્દોનો વાપર આગળ વધી શકતો નથી—બલકે ધીમેધીમે મરણ પામે છે. આથી ગુજરાતી શબ્દસંગ્રહના બહાર પડેલા ગ્રંથોમાં જૈન પારિભાષિક શબ્દો દાખલ કરવાનો પ્રયત્ન સૌથી પહેલાં કરવામાં આવવો જોઇએ. ગુજરાતી ભાષામાં સૌથી પહેલાં કવિ નર્મદાશંકરે 'નર્મકોશ' નામે શબ્દસંગ્રહ બહાર પાડયો. આ શબ્દસંગ્રહમાં જૈન પારિભાષિક શબ્દોની સંખ્યા બહુજ નાની છે અને તેવા શબ્દો મેળવવાનો ખાસ પ્રયત્ન બહુ જ થોડો અથવા તો નહિ કરવામાં આવ્યો હોય તેમ લાગે છે. ત્યાર પછી નડિયાદનિવાસી એક ગૃહસ્થ તરફથી કોશ બહાર પાડવામાં આવ્યો હતો, તે કોશમાં નર્મકોશ કરતાં વધુ પ્રમાણમાં જૈન પારિભાષિક શબ્દો આપવામાં આવેલા જણાય છે, પરન્તુ તેના અર્થો એવા ખોટા, ભુલાવો ખવાડનારા અને મૂર્ખતાભર્યા આપેલા છે કે આપણને તે શબ્દો તરફ જરા પણ માનની દ્રષ્ટિથી જોવાનું મન થતું નથી. હાલમાં અમદાવાદની ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી તેવો એક મોટો શબ્દ કોશ તૈયાર કરાવે

છે જેનો સ્વરવિભાગ બહાર પાડવામાં આવ્યો છે. આમાં જે જૈન પારિભાષિક શબ્દો અપાએલા છે, તે બીજા કોષો કરતાં કાંઇક વિશેષ બુદ્ધિપુરઃસર સમજાવવામાં આવેલા જણાય છે, પરન્તુ જૈન દ્રષ્ટિએ જોતાં તે શબ્દોને પુરતો ન્યાય આપવામાં આવેલો લેખી શકાય નહિ. વળી તે શબ્દકોષ છેલ્લામાં છેલ્લો હોવા છતાં અને તે માટે સોસાઈટીએ ઘણો લાંબો સમય ગાળ્યો હોવા છતાં જૈન શબ્દોનો સંગ્રહ તેણે ઘણો જ થોડો કર્યો હોય અથવા તો મૂળથી જ તે તરફ તેણે બહુ ઓછું લક્ષ આપ્યું હોય તેમ જણાય છે. જૂદા જૂદા કોષોનાં થોડાં ઉદાહરણો આપીને હું તે અપૂર્ણતા અને અન્યાયનું કાંઇ દર્શન કરાવીશ.

**જૈન**–આ શબ્દનો અર્થ 'નર્મકોશ'માં "એ નામનો વેદ ધર્મથી ઉલટો એક ધર્મ; બુદ્ધ ધર્મનો એક ભેદ; શ્રાવકનો ધર્મ." એ પ્રમાણે આપવામાં આવેલો છે, અને નડીયાદવાળા કોશમાં પણ તેજ અર્થનો અક્ષરશઃ ઉતારો કરવામાં આવેલો છે. સોસાયટીના કોશનો વ્યંજન વિભાગ હજી બહાર પડયો નથી એટલે તેણે કરેલો અર્થ જાણવાનું આપણી પાસે કાંઇ જ સાધન નથી. માત્ર થોડાંજ વર્ષો પહેલાં જૈન ધર્મ બૌધ્ધ ધર્મનો એક ભેદ હોવાનું જૈન સિવાયના અન્ય ધર્મીઓ માનતા હતા. જૈન ધર્મનાં અને બૌદ્ધ ધર્મના કેટલાક ઉપલક સિદ્ધાંતોમાં તેમજ ગૌતમબુદ્ધ અને મહાવીર સ્વામીના સમયનાં કેટલાંક પાત્રોનાં નામોમાં જૈન તેમજ બૌદ્ધ ગ્રંથોમાં કેટલુંક સામ્ય જોવામાં આવતું હોવાથી કેટલાંક વર્ષો પૂર્વે અંગ્રેજ ઇતિહાસલેખકોનું એવું મન્તવ્ય હતું કે જૈન ધર્મ બૌદ્ધ ધર્મનો એક ભેદ છે. કવિ નર્મદાશંકરે નર્મકોશ ઇ. સ. ૧૮૭૩ માં પ્રકટ કર્યો તેને આજ લગભગ ૪૦ વર્ષ વીતી ગયા છે, એટલે એ સમયે ફેલાએલી માનીનતાને અંગે તેમણે 'જૈન' શબ્દનો ઉપર પ્રમાણે અર્થ કર્યો હોયતો તે ક્ષન્તવ્ય છે, પરન્તુ એ ભૂલ ભરેલી માનીનતા અત્યારે દૂર થઇ છે. ઇતિહાસ લેખકોએ વધુ સંશોધનથી અને ખાસ બૌધ્ધ ધર્મના ગ્રંથો ઉપરથીજ સિધ્ધ કર્યું છે કે જૈન ધર્મ બૌદ્ધ ધર્મ અસ્તિત્વમાં આવ્યા પહેલાં વિદ્યમાન હતો અને તેથી તે બૌદ્ધ ધર્મનો ભેદ હોવાનું કથન અસત્ય ઠરે છે નડિઆદવાળા કોશના લેખકે કવિ નર્મદાશંકરની ભૂલની જ આવૃત્તિ કરી છે અને જે સત્ય જગન્માન્ય થઈ પડયું છે તે તરફ દ્રષ્ટિ પણ કરી નથી તે એક શબ્દકોશના પ્રયોજકને માટે હલકો મત બાંધવા સરખું થઇ પડે.

**મુહપત્તી**–આ શબ્દ નર્મકોશમાં નથી પણ નડીયાદવાળા કોશમાં 'મુમતી' એવી વિચિત્ર જોડણી સાથે આપેલો છે. જેની વ્યુત્પત્તિ **मुख** + **वृन्ति** (**वृ** ઢાંકવું) એ પ્રમાણે કરી કોશકારે પોતાનું વ્યુત્પત્તિ સંબંધી અપૂર્ણ જ્ઞાન પ્રદર્શિત કર્યું છે વસ્તુતઃ તે શબ્દ 'મુહપત્તિ' હોવો જોઇએ. પ્રાકૃતમાં સંસ્કૃત **मुख** શબ્દનો **मुह** શબ્દ થાયછે અને **पत्रीनो पन्ती** થાય છે અને તેથી સંસ્કૃત **मुखपत्रीनो** પ્રાકૃત (અથવા માગધી) **मुहपन्ती** શબ્દ થવો જોઇએ વળી તે શબ્દનો અર્થ એવો આપ્યો છે કે 'જૈન સાધુઓ જે કકડો મોંપર બાંધી રાખે છે તે.' આ અર્થ વાંચનાર જો કોઇ જૈનોના સદંતર પરિચય વિનાનો હોય તો તે બિચારો એમજ સમજે કે જૈન સાધુઓ મ્હોંપર લાકડાનો, લોઢાનો, સોનાનો કે પથ્થરાનો કકડો બાંધતા કે રાખતા હશે !

## વ્હાલઘેલાંની દેવપૂજા.

૧

જન્મે તેને દિલ દુધડિયાં પાયછે આશ-ઘેલાંઃ
જીવે તેને સ્મિત ફુલડિયાં છાયછે લાડ-ઘેલાંઃ
જાતાં તેને નીર નયનનાં સિંચતાં વ્હાલઘેલાંઃ
સંભારીને સુરસમ પૂજે ભાવથી ભક્તિઘેલાં!

૨

આવી પૂજા અજબ રીતની માનવી માનવીની,
દેશે દેશે ઘડી ઘડી થતી રંકને રાજવીનીઃ
આવી પૂજા સ્વરૂપ જુજવે દેશ ભક્તિ સ્ફુરાવે!
અંતે એ તો પ્રકટ કરવી દેવની ભાવનાને!

૩

દેવાંશી આ ક્ષણિક દિસતો દેહ તો આપણો છેઃ
સંસારે આ ક્ષણિક દિસતો સ્વર્ગ શો આપણો છેઃ
એ સંસારે સુરજનતણાં વાસને વાટિકા છેઃ
એમાં આવી નિશદિન ન શું દેવપૂજા ઘટે કે?

૪

જન્મે ત્યાંથી પરહિત કરે સ્વાશ્રયે શીખી સ્હેવાઃ
જીવ્યા સુધી પરમય રહી સ્વાર્પણે સ્હાય સેવાઃ
જેવાં તેવાં રહી જીવિતને આમ ઉજાળનારાં!
એવાંને તો સુરપદ ઘટે ને ઘટે દેવપૂજા!!

સુરત, નાગર ફળીયે. લલિત

## જૈન સંસ્થાઓ

**પ્રસ્તાવના**

આ શિરોલેખ માત્ર નામનુંજ છે. વસ્તુતઃ આ લેખમાંના વિચારો સામાન્ય સંસ્થાઓને લાગુ પડે છે, પછી તે સંસ્થાઓ જૈનની હો, કિંવા હિંદુની હો. દૈવયોગે હિંદુ તેમજ જૈન સંસ્થાઓનો અનુભવ મળ્યો અને તે અનુભવ ઉપરથી કેટલીક સૂચના આપવી યોગ્ય ધારી આ લેખ લખાયો છે. જૈનોનો મુખ્ય સિદ્ધાન્ત દયા-સ્નેહ છે અને એજ સિદ્ધાન્તને અનુસરી આજના લેખની તુલના કરવા વિનંતિ છે. જૈનેતર હોવાથી નિષ્પક્ષપાત તુલના થવા સંભવ છે, પરંતુ તે સાથે અંદરનું રહસ્ય સમજવાનો અધિકાર ન હોવાથી કાંઇક અન્યાય થવો પણ શકય છે. ગમે તેમ હો પરંતુ કેવળ શુદ્ધ હેતુથી ઇશ્વિર પ્રીત્યર્થે અને જૈન સંસ્થાઓ વધારે સારી રીતે કર્તવ્ય બજાવતી થાય એજ આશયથી લેખ લખાયો છે માટે જૈન બંધુઓને એજ દૃષ્ટિ અને એજ ન્યાયે લેખકને લેખ તરફ અભિપ્રાય બાંધવા વિનંતિ છે.

**જૈન સંસ્થાઓ.**

સુધરેલા દેશમાં-ઉન્નતિ પ્રાપ્ત કરવા ઇચ્છા રાખનાર દરેક મનુષ્ય પોતાની ઉન્નતિ કરી બેસી રહેવા ઇચ્છતો નથી. આટલાજ માટે પોતાના બંધુઓની ઉન્નતિ અર્થે-સાહાય્ય અર્થે જાહેર સંસ્થાઓ સ્થાપે છે અને સ્થાપવા પ્રયાસ કરે છે. બીજા દેશોમાં જ્ઞાતિભેદ ન હોવાથી સામાન્ય સંસ્થાઓ હોય છે ત્યારે આપણે ત્યાં પ્રત્યેક જ્ઞાતિ પોતપોતાની સંસ્થાઓ કાઢે છે. આજ ન્યાયે વ્યાપારમાં અગ્રેસર-ધર્મતત્વે જેમના હૃદય સંયોજાયાં છે એવા જૈન બંધુઓ જૈનોનાજ હિત ખાતર સંસ્થાઓ સ્થાપે એમાં આશ્ચર્ય નથી. આ સંસ્થાઓના હેતુ ઉચ્ચ છે. ત્હેમના સંસ્થાપકો તેમજ નિયામકો શુદ્ધ ભાવથી અને બનતા પ્રયાસથી તે હેતુ બર આણવા મથેછે; પરંતુ મનુષ્યમાત્ર અપૂર્ણછે એ નિયમે એ સંસ્થાઓમાં દોષ હોય એ સ્વાભાવિક છે. આ દોષો દૂર કરવા-દૂર કરાવવા સુગમ પડે એટલા માટે વિભાગવાર સંસ્થાઓનું દિગ્દર્શન કરીશું.

**પ્રાથમિક અને ઉચ્ચ કેલવણીની શાળાઓ-બાલકો માટે**

મુંબાઇમાં તેમજ બહારગામ બાલકો માટે જૈનોએ અનેક ન્હાની મોટી શાળાઓ સ્થાપી છે અને આનંદની વાત તો એ છે કે સામાન્ય રીતે અંદર અંદરના મતભેદ પેટાભેદ છતાં કેલવણીના સંબંધમાં એ ભેદ દાખલ થવા ન દેતાં એ સંસ્થાઓ સર્વ જૈનમાટે ખુલ્લી મૂકવામાં આવી છે અને ઘણી ખરી સંસ્થામાં કેલવણી મફત આપવામાં આવેછે. બાબુ પનાલાલ જેવી જૈનો માટે હાઇસ્કુલ બીજી નથી તો પછી મમતા રાખી એ શાળાનો લાભ જૈનો શામાટે ન લે? માત્ર પોતાનું-મફત-એટલે ઠીક, ઠીક, એમ શામાટે? હિંદુસ્તાનમાં એક એવો અભિપ્રાય થયો છે કે મફત એટલે ખોટું અને મફત એટલે ગરીબને માટેજ; આનું પરિણામ એ આવ્યું છે કે પૈસાદાર જૈનો આવી સંસ્થાનો લાભ લેતા નથી, પરંતુ દરેક જૈનનું કર્તવ્ય છે કે બનતા સૂધી જૈન સંસ્થાનો લાભ લેવો-તેમાં ખામી-દોષ હોય તો સૂધારવો. જૈન શાળાઓમાં ફી ન હોવાથી તેમજ જૈન માબાપોને કેલવણીની કિંમત જોઇએ એવી ન હોવાથી તેમજ નિયમિત રહેવાના લાભ ન જાણતા હોવાથી વિદ્યાર્થીઓ નિયમિત રહેતા નથી-વર્ષમાં રજાઓ ઉપરાંત બેએક માસ ઘેર રહેછેઃ આમ હોવાથી નિયમિત ને સારો અભ્યાસ થતો નથી. આટલાજ માટે દરેક વિદ્યાર્થી પાસેથી ફી લઈ ગેરહાજર રહેનારનો દંડ કરી તેમાંથી ગરીબને મદદ કરવી અને નિયમિત હાજર રહેનારને નિશાળ છોડી જાય તે વખતે આપેલી ફી એક સંગ્રહ કરેલી રકમ તરીકે આપવી-જેથી મફત કેલવણીનો હેતુ સચવાશે અને દરેક વિદ્યાર્થી પાસે નાની રકમ થશે. હિંદુ-કે જૈન શાળાઓમાં બીજો વાંધો માબાપની બેદરકારી હોયછે. પોતાના બાલકની ઉન્નતિ ઇચ્છનાર દરેક માબાપે શાળાના નિયામકો સાથે પરિચિત રહેવું જોઇએ અને શાળા નમુનેદાર થાય તે માટે હમેશાં તત્પર રહેવું જોઇએ. જૈન વિદ્યાર્થીઓનો એક દોષ-મ્હોટો દોષ ઉચ્ચ આશયનો અભાવ છે. , 'મેટ્રીક થઇએ તો એ બસ !' આજ વિચાર ત્યાં બી. એ, એમ. એ. થવાની તો વાતજ ક્યાં? મોક્ષ દરેકને મળતો નથી પણ પ્રયત્ન શામાટે ન કરવા? આત્મશ્રદ્ધા-ઉચ્ચ આશય અને સતત પ્રયત્ન એજ ઉન્નતિના સાધન છે. સંસ્થાપકો શાળાઓ સ્થાપી પોતાનું કર્તવ્ય બજાવ્યું સમજેછે અને

થોડાજ સંસ્થાપકો શાળાઓનાં કામકાજથી પરિચિત રહેછે. સારૂં શિક્ષણ-ઉચ્ચ ચારિત્ર આપવું એ શિક્ષકોનું કર્તવ્ય છે અને ભવિષ્યની પ્રજાની ઉન્નતિ કે અધોગતિ કરવી તેમના હાથમાં છે તો શિક્ષકો પોતાનું કર્તવ્ય કર્યે જાય એવી અનુકૂળતા કરવી, શિક્ષકોને શાળા ઉપર મમત્વ થાય એવા શિક્ષકો રાખી ત્હેમના જીવન સરળ કરવાં એ સંસ્થાપકોનું કામ છે. જૈનો કેળવણીની પાછળ પૈસો ખરચવા પાછા પડતા નથી તો શાળાઓ નમુનેદાર બનાવવા યત્ન કરે ને કાળ જતાં જૈન કૉલેજ સ્થાપે તો અત્યારે ખરચાતો પૈસો સાર્થક થશે.

**કન્યાશાળા શ્રાવિકા શાળા**

**સ્ત્રી** કેળવણીની આવશ્યકતા જૈનો સમજતા આવ્યા છે એટલુંજ નહિ પણ અધેડ વયની સંસારમાં પડેલી સ્ત્રીઓ ભરત-ગુંથણ શિક્ષણ ધર્મજ્ઞાન અને ગુજરાતીનો અભ્યાસ કરવા લાગી છે એ આનંદજનક સ્થિતિ છે. પરંતુ સમય બદલાતો જાય છે-પુરૂષો સામાજીક હિલચાલમાં ભાગ લેતા થયા છે-લગ્નના ઉચ્ચ હેતુ પુનઃ સમજાવા લાગ્યા છે અને સ્ત્રીઓ સહધર્મચારિણી થાય-જીવનમિત્ર થાય-તેમના માનસિક જીવનમાં ભાગ લેતી થાય એમ પુરૂષો ઇચ્છે છે તેવામાં દરેક માબાપનું કર્તવ્ય છે કે માત્ર લખતાં વાંચતાં આવડે તેની સાથે પતિને સાહાયભુત થાય એમ દરેક વ્યકિતના સંયોગો જોઈ ઇંગ્રેજી વગેરેનું જ્ઞાન આપવું. દુનિયામાં બીજા દેશોમાં સ્ત્રીજીવન કેવાં છે-એ સ્ત્રીઓની શી સ્થિતિ છે-શી હિલચાલ ચાલેછે તે સંબંધી જ્ઞાન સ્ત્રીઓને ઓછું આવશ્યક નથી. તદુપરાંત સામાન્ય નર્સિંગ-તંદુરસ્તી સાચવવાનું જ્ઞાન, પ્રાચીન અર્વાચિન સ્ત્રીપુરૂષોનાં ચરિત્રો-સંગિતના વિષયો દાખલ કરવા. કન્યાશાળાના અભ્યાસક્રમ માટે સરકારી અભ્યાસક્રમની કોઈપણ રીતે જરૂર હોય એમ હું માનતો નથી તો પછી સ્વતંત્ર, યોગ્ય અભ્યાસક્રમ જૈનબંધુઓ તૈયાર કરી વાસ્તવિક સ્ત્રી કેળવણી દાખલ કરેતો શું? આ ઉપરાંત કન્યાશાળા, શ્રાવિકાશાળાનો સમય બપોરના બારથી ત્રણનો રાખવો સર્વ રીતે યોગ્ય છે જેથી ગૃહકાર્ય તરફ દુર્લક્ષ ન રહે. કન્યાશાળા-શ્રાવિકાશાળાની સાથેજ સ્ત્રીઉપયોગી લાયબ્રેરીની વ્યવસ્થા થાય તો સ્ત્રીકેલવણીનો ઉચ્ચ હેતુ પાર પાડવામાં સરળતા થાય.

**ધાર્મિક કેલવણી**

ધાર્મિક અને નૈતિક કેલવણી આપવાની જરૂર છે એમ જૈનબંધુઓ સમજે છે અને તે કેવી રીતે આપવી તે માટે બેએક વર્ષ ઉપર વિદ્વાનોના અભિપ્રાય માગ્યા હતા. જૈન ધર્મના સિધ્ધાન્તો-ત્હેનું રહસ્ય સમજવાનો ડોલ કરવો એ પ્રાગલ્ભ્યજ છે, પરંતુ જે નિયમ અન્ય હિંદુધર્મને લાગુ પડે છે તે કેટલેક દરજ્જે જૈનોને લાગુ પડી શકે એમ હું માનું છું. હિંદુભાઇઓમાં કેટલાક કેવળ અસલી વિચારના એમ સમજે છે કે નાનાં બાળકો પાંચસાત વર્ષનાં બાળકો સંસ્કૃત સ્તોત્ર ભણી જાય તે બહાદુરીનું કાર્ય છે ને ધાર્મિક સંસ્કાર પડે છે તે હશે, પરન્તુ નાનાં બાળકો ઉપર એ વધારાનો બોજો છે એમ હું માનું છું. **नमो अरिहंताणं...**વગેરે અથવા **ભ**ગવદ્ગીતાના **શ્લોક** બોલી જાય તેમાંજ ધાર્મિક કેલવણીનો સમાવેશ થાય કે કેમ એ શંકાસ્પદ છે. ન્હાનાં

ઉછરતાં બાળકોને માટે તો ઇંગ્રેજી પાંચમા ધોરણ સૂધીતો જૈનધર્મના સિધ્ધાન્તોની રસિકવાર્તા-તીર્થંકર અથવા સાધુઓનાં સરળ-બોધપ્રદ ભાષામાં જીવનચરિત્રો અને કેવળ ગુજરાતી સાદી ભાષામાં તયાર કરેલી સ્તુતિઓ વધારે ધાર્મિક બનાવશે એમ મ્હારી માન્યતા છે. સંસ્કૃત અથવા માગધી સ્તોત્રો પંદર સતર વર્ષના વિદ્યાર્થીઓ માટે રાખવાં જેથી મૂળ પડેલા સંસ્કારોથી તેમને એમાં રસ પડવા સંભવ છે. તદુપરાન્ત બુધ્ધિવાન્, સચોટ છાપ પાડી શકે એવા સાધુઓ પાસે વારંવાર શાળાઓમાં વ્યાખ્યાન અપાવવાં.

**બોર્ડીંગ**

વિદ્યાર્થીઓને તો ઘેરથી વેગળાજ રાખવા એ ભાવના હજી આપણામાં પુનર્ દ્રઢ થઈ નથી એટલે અને રેસીડેન્સીમાં રહેવાની ફરજ ન હોવાથી બોર્ડીંગ કેવળ સાધનહીનને માટે છે એવી માન્યતા છે. બોર્ડીંગ-હોસ્ટેલના લાભાલાભ ગણાવવાનું આ સ્થળ નથી તેમજ જરૂર નથી, પરંતુ જે બોર્ડીંગો હોસ્ટેલો છે તેમાં સ્વભાવજન્ય શિથિલતા જણાય છે. આપણા ગૃહસંસારમાં જે દોષો જણાયછે તેજ દોષો ત્યાં દ્રષ્ટિગોચર થાય છે. નિયમ-ડીસીપ્લીન, કામ લેવામાં મક્કમપણું અને સ્નેહ-દયામાં તફાવત માનતા નથી આપણી હોસ્ટેલો કેટલાક અપવાદ શિવાય ધર્મશાળાની ગરજ સારેછે. વિદ્યાર્થીઓનાં માનસિક જીવન કેમ ચાલેછે? તેઓ અભ્યાસમાં નિયમસર છે કે કેમ? પોતપોતાની ઓરડીમાં શું કરેછે? કોણ આવે જાયછે? કોની સાથે પત્રવ્યવહાર ચલાવેછે? કેવાં પુસ્તકો વાંચેછે-એ બોર્ડીંગ સુપ્રીન્ટેન્ડેન્ટ અનેક વ્યવસાયોને લીધે કિંવા સારૂં માઠું લગાડવાના ભયે તપાસતા નથી. આથી દેખરેખના અભાવે વિદ્યાર્થીઓની હાજરી બેવાર લેવાતી નથી, અને ઘણીવાર વિદ્યાર્થીઓ નાટક-સીનેમેટોગ્રાફ-પાર્ટીમાં મોજ માણવા જાયછે. વિદ્યાર્થીઓનાં વડિલો પોતાનાં બાલકોને બોર્ડીંગમાં મુકી નિશ્ચિન્ત થાય છે પરન્તુ વિદ્યાર્થીઓ કેવલ નિષ્કાળજી થઇ જાય છે. બોર્ડીંગના સંસ્થાપકોને અવારનવાર મુલાકાત લેવાની ફુરસદ નથી હોતી અને ફુરસદ હોય તો અગાઉથી ખબર આપી આવતા હોવાથી સર્વ રીતસર થઇ જાય છે. વિદ્યાર્થીઓને ખોરાક કેમ મળે છે? નોકરો સાફસુફ રાખે છે કે કેમ તે પણ ઘણીવાર જોવાતું નથી. આટલા માટે સુપ્રીન્ટેન્ડેન્ટ સ્નેહપૂર્ણ-જવાબદારી સમજનાર હોવા જોઇએ અને વિદ્યાર્થીઓનાં શરીર-મન અને અભ્યાસ વગેરે ઉપર વારંવાર લક્ષ આપનાર જોઇએ. બોર્ડીંગને માટે એક ખાસ દાકતરની આવશ્યકત્તા છે. આ બધી તજવીજને અભાવે બોર્ડીંગ વિદ્યાર્થીઓના સ્વતંત્ર નહી પણ સ્વચ્છંદ વિચારને ઉત્તેજન આપે છે અને બોરડીંગના ઉચ્ચ હેતુ નષ્ટ થાય છે.

**પુસ્તકાલય-વાંચનગૃહ**

રસ્કિન એક સ્થળે કહે છે કે "તમે શું વાંચો છો એ મને કહો અને તમે કેવા છો તે હું કહીશ." આજ ન્યાયે પુસ્તકાલય-વાંચનગૃહ એ જનસમાજનું ચરિત્ર કેવું છે તે કહી આપેછે, વાંચનગૃહ જેમ વિશાળ-તેની સંખ્યા જેમ વિશેષ તેમ જનસમાજની ઉન્નતિ સરળ. જૈનો ઉચ્ચ જીવન ગાળતા થાય-ત્હેમની શારીરિક તેમજ આર્થિક સંપત્તિ વધે એમ ઇચ્છનારે શ્રી મોહનલાલજી લાયબ્રેરી જેવી અનેક લાયબ્રેરી સ્થળે સ્થળે-ગામે

ગામ ઇચ્છવી જોઇએ. જૈન વિદ્યાર્થીઓમાં જૈન વ્યાપારીઓમાં વર્તમાનપત્ર-પુસ્તકો વાંચવાનો શોખ નથી કહો તો ચાલે. 'ગુજરાતી' જેવામાં કેવળ વાર્તાજ અગર ન્હાના નિરસ બનાવે, 'મુંબઇ સમાચાર'માં વ્યાપારની ખબરો અને પુસ્તકોમાં ઇંદ્રિયોને બ્હેકાવનાર નવલકથાઓજ એમનાં પ્રિય છે. પરંતુ વાંચનનો શોખ હજી ઉત્પન્ન થયો નથી-પુરૂષોમાં નથી તો પછી સ્ત્રીઓમાં તો કયાંથીજ હોય? સંધ્યાકાળ પહેલાં ભોજન કરી બહાર કામે કે ગપ્પાં મારવા જવાની ટેવ પડી હોવાથી વાંચવાનું કયાંથી ગમે? કેળવાયલા માબાપ અને શિક્ષકોનું કર્તવ્ય છે કે એ વાંચનના શોખનાં બી કોમળ વિદ્યાર્થીઓનાં હૃદયમાં રોપવાં.

**ધાર્મિક સંસ્થા**

**ધાર્મિક સંસ્થામાં ધર્મસ્થાનો-** ધર્માચાર્યના સંબંધનાં સ્થાનોનો સમાવેશ થાય છે. હિંદુધર્મની અનેક શાળા-ત્હેની મંદિરો-ભકતોના પ્રમાણમાં એટલું કહેવું જોઈએ કે ધર્મશ્રદ્ધા જૈનોમાં હજી દૃઢ છે અને એ આનંદ-સૂચક છે. પરંતુ એ શ્રધ્ધા-અંધશ્રધ્ધા-વ્હેમ-ગતાનુગતિક સ્થિતિમાં ન જાય તે સાચવવાનું કાર્ય ધર્માચાર્યો-અને કેળવાયેલાનું છે. પાશ્ચાત્ય કેળવણીના પ્રભાવે-અન્ય ધર્મના સિધ્ધાન્તો ઇચ્છા કે અનિચ્છાએ વાંચવા પડતા હોવાથી અને સ્વધર્મના સંસ્કારો સચોટ ન પડવાથી સમય જતાં ધર્મશ્રધ્ધા ઓછી થવાનો સંભવ રહે છે. આ ન થાય તેટલા માટે ધર્માચાર્યોએ વખતોવખત સુપ્રસિદ્ધ રેવરંડ વોયસીની માફક જૈન ધર્મવ્યાખ્યાનો લોકપ્રિય ભાષામાં અને રસિકતાથી આપવાં જોઇએ-જૈનધર્માત્માઓનાં જીવનો બાલકોનાં જીવનમાં ઓતપ્રોત થાય એમ કથાનકો રૂપે કિંવા ચરિત્રો રૂપે તૈયાર કરવામાં પર્યૂષણ જેવા શુભ પ્રસંગે કિંવા તીર્થકરોની જયંતીને દિવસે ઘણીવાર મંદિરોમાં ભભકભર રોશની-હાર્મોનીયમ અને સુંદર વેશનાં બાલકોનાં નાટકનાં ગીતનાં સ્તવનો સંભળાય છે. આથી લોકોનો સમુહ સારો ભરાય છે. અને કેટલાક ન આવનારા આવવા ઉશ્કેરાય છે પણ હમેશનું થઇ જવાથી આંતર રહસ્ય ભૂલી સંગીતપાર્ટીનો અનુભવ થતો હોય એમ નથી લાગતું? ઇશ્વિરભકિતનો પ્રાદુર્ભાવ એકાન્ત સૃષ્ટિસૌંદર્યમાંજ થાય છે આટલાજ માટે આપણા પૂર્વજોએ તીર્થસ્થાનો પર્વતના શિખરે-નદિ-દરિયા કાંઠે કર્યાં છે. ઇશ્વિરસ્તવન-આત્મનિરીક્ષણ ધાંધલમાં ન થાય-અસંભવિત નહીં પણ કઠિનતો છેજ. સંગીતદ્વારા સ્તુતિ આવશ્યક છે પરંતુ તે જ્યારે હૃદયના ઉદ્‌ગાર હોય ત્યારેજ.

જૈન સિદ્ધાન્તો યુરોપમાં ગયા છે અને ત્યાં વિદેશીઓ જૈનધર્મ પાળતા થયા છે એટલું જ નહિ પણ જૈનધર્મ પ્રસરે એમ જૈનો ઇચ્છે એ સ્વાભાવિક છે. સ્વામી વિવેકાનંદે યુરોપ અમેરીકામાં હિંદુ ધર્મનો પ્રચાર કર્યો તેમ જૈન ધર્મનો પ્રચાર થાય એટલા માટે સ્વામી વિવેકાનંદ જેવા વીર જૈન ધર્માચાર્યોએ નીકળવું આવશ્યક છે. જૈનધર્મના સિદ્ધાંતો રગે રગે વ્યાપી રહ્યાં હોય અને તે સાથે ઇંગ્રેજી ધર્મશાસ્ત્રોનો શાસ્ત્રિય અભ્યાસ કર્યો હોય તેજ આ કાર્ય કરી શકે અને એ કાર્ય કરવું હોય તો ધર્મપ્રચારનું કામ કરનારે ઇંગ્રેજી અભ્યાસ કરવો જોઇએ અથવા ઇંગ્રેજી અભ્યાસ કરેલાએ જૈનધર્મનો બરોબર અભ્યાસ કરી

કામ માથે ઉઠવું જોઇએ. નહિતો ગુજરાતી પ્રાથમિક શિક્ષણ આપનાર મહેતાજીઓ હોંશીયાર હોય છે-ઉત્સાહી હોય છે છતાં ઇંગ્રેજી સમૂળગું ન આવડવાથી કાંઇ કરી શકતા નથી તેવીજ રીતે ધર્મકાર્ય કરનારની સ્થિતિ હવે ઇંગ્રેજી શિવાય નિષ્ફળ નિવડવા બીતિ છે.

**પરોપકાર સંસ્થા અનાથાશ્રમ**

**પ**રોપકાર–દયા–સ્નેહ-ભૂતદયા એ જૈન ધર્મનો પાયો છે તો પછી એ મતાવલમ્બીઓમાં અનાથાશ્રમો હોય એમાં નવાઇ નથી પણ ન હોય તેમાંજ નવાઇ છે આવાં અનાથાશ્રમો ગણ્યા ગાંઠયાજ છે, અને આ અનાથાશ્રમોમાં સામાન્ય રીતે ખાવાપીવાની વ્યવસ્થા, સામાન્ય શિક્ષણ એટલુંજ હોય છે. અનાથાશ્રમો એ સદાવ્રત નથી એ ધ્યાનમાં રાખવાનું છે. આત્મબલ આત્મશ્રધ્ધાની સાથે માનસિક બલ વધે એ કરવું એ નિયામકોની ફરજ છે. મુંબઇ ઇલાકાના જેલના ડાકટરોએ આ ફેરીના રીપોર્ટમાં કહ્યું છે કે નાનાં બાળકો જેલમાંથી નિકળી ફરી જેલમાં આવે છે. આજ સ્થિતિ આપણાં અનાથાશ્રમોની છે. અનાથાશ્રમોમાં રહેતાં બાલક બાલકીઓ બ્હાર નિકળ્યા પછી નમુનેદાર શહેરીઓ–વ્યાપારીઓ– શિક્ષકો કે માતાઓ ન થાય–તેમનાં નૈતિક બલ પ્રભાવજનક ન થાય તો પછી અનાથાશ્રમથી લાભ શો? અનાથાશ્રમોના દેખરેખ રાખનાર ઉપર–એની વ્યવસ્થા ઉપરજ સઘળો આધાર છે. એ સંસ્થાપકોએ ભૂલવું નહિ. અનાથાશ્રમોમાંનાં બાળકો જીવનમાં હાર પામે, તેમનાં જીવનો પાપમય થાય તેનો દોષ સંસ્થાપકો અને નિયામકોનોજ છે.

**ઉદ્યોગ ગૃહો**

**અ**મદાવાદ, સુરત જામનગર અને મુંબાઇ જેવાં સ્થળે પુરૂષો માટે તો નહિ પણ સ્ત્રીઓ માટે ઉદ્યોગગૃહો સ્થપાયાં છે અને તેમાં ભરત ગુંથણ વગેરે ન્હાના ઉદ્યોગો દાખલ કરવામાં આવ્યા છે. નિરાશ્રિત સ્ત્રીઓ-વિધવાઓને ઉપજીવિકાનું સાધન કરી આપવું એ દરેક મનુષ્યનું કર્તવ્ય છે, પરંતુ ઉપયોગીતાને વિસરવી નહિ. પારસીઓનાં ભરત ગુંથણના કામો બજારમાં વેચાય છે ને સ્ત્રીઓ ઉપજીવિકા કરે છે–આપણામાં સામાન્ય રીતે રૂમાલ–તોરણ–ટોપીઓ–કોરો વેચતાં શરમ આવે છે–વેચે છે તો છાનામાના જ–જો એમજ હોય–ઉપજીવિકાનું સાધન કરવાનું ન હોય–અગર હુન્નર ખાતર જ શિખવાનું ન હોય તો પછી સામાન્ય કુટુમ્બમાં આ નવા ખર્ચનું કારણ થઇ પડે છે. આટલા માટે ટુંકી કમાઈવાળાને બોજા રૂપ ન થતાં ઉપયોગી થઇ પડે એવા ઉદ્યોગો દાખલ કરવાની આવશ્યક્તા છે.

**હસ્પીતાલ**

**બા**બુ પન્નાલાલ, શેઠ મનસુખભાઇ વગેરે જૈનો તરફથી ધર્માદા દવાખાનાં સ્થપાયાં છે, અને એ દવાખાનાનો જૈનેતર પણ લાભ લે છે. આર્તને શાન્તિ આપવા જેવું એક પણ પુન્ય નથી અને દરેક કોમનાં કિંવા સામાન્ય દવાખાનાની લોકપ્રિયતાનો આધાર ડાકતરના પોતાના સ્વભાવ અને ચાતુર્ય ઉપરજ છે. જૈન ઇસ્પીતાલોની સાથે સૂતિકાગૃહ અને કેટલાક રાજરોગો માટે ગૃહો થવાની ઓછી આવશ્યકતા નથી. કેટલે દરજ્જે સત્ય છે તે હું કહી શકતો નથી, પણ મને કોણ

જાણે કેમ એ ઠસી ગયું છે કે જૈનોમાં જૈન સ્ત્રીઓની આંખો વધારે બગડે છે-સ્ત્રીઓ વધારે નબળી થતી જાય છે. આની સત્યાસત્યની પ્રતીતિ જૈન દાકતરોએ કરવાની છે.

**આનંદસ્થાનો કલબો**

All work and no play makes Jack a dull boy એ કહેવત-જૈનોને કેટલેક દરજ્જે લાગુ પડે છે. નવાયુગમાં ક્રીકેટ એ, મુખ્ય છે તો પછી મુંબાઇની આટલી આટલી મેચોમાં-અમદાવાદ જેવામાં નિશાળોની મેચોમાં જૈનવિદ્યાર્થીઓ આગળ પડ્યા હોય એમ સાંભરતું નથી-અપવાદ હોય તો પ્રભુ જાણે? શું અર્થ પ્રાપ્તી એજ જીવનની પર્યાપ્તિ છે? કિંવા નાટકચેટકમાં મોજમાણવી એજ જીવનનો હેતુ છે? જૈન યુવાનો ક્રીકેટમાં પારીતોષક-નામના શામાટે ન મેળવે? એ સમજતો નથી. એજ પ્રમાણે જૈન બાલાઓ સંગીતમાં-ગરબામાં-ભરત-ચિત્રકલામાં શામાટે આગળ ન પડે? આ વસ્તુસ્થિતિ લાવવી હોય તો કલબોની સ્થાપના આવશ્યક છે-માત્ર ચાહપાણી-નિંદાને માટે નહી-જો કે કલબોની સાથે તે આવવાનુંજ.

**જ્ઞાતિ સંસ્થા કોન્ફરન્સ**

જ્ઞાતિની ઉન્નતિમાં આપણી ઉન્નતિ છે એમ સમજનાર નાટકવિવાદ-વિતંડાવાદ-પ્રાંતિક ભેદ નહિ સમજે. કોન્ફરન્સ-સંમેલનો- સભાઓમાં તાલભંગ ન થતાં તાલબધ્ધ રહેવાની કેટલી જરૂર છે તે જૈનબંધુને સમજવા વિનતિ છે. હેતુ સચવાય, ઉન્નતિના કાર્ય કરાય તો પછી કોણે કર્યું? કોને માન મળ્યું એ પ્રશ્ન શા માટે? જૈનધર્માચાર્યનાં-તીર્થંકરોનાં-સાધુમહાત્માનાં જીવનનો અભ્યાસ કરોને જણાશે કે કેવળ પરમાર્થ બુધ્ધિ-મહાત્મા ટોલ્સ્ટોય કહે છે તેમ 'પરને માટે જીવો' એ ઉચ્ચ આશય ત્હેમનો હતો અને એ જીવન સિધ્ધાન્ત રાખવાથી સામાજીક-માનસિક ઉન્નતિ થવીજ જોઇએ.

**ક્ષમા**

આ લેખ પુરો થયો છે. સંસ્થાઓનું સિંહાવલોકનજ કર્યું છે અને ગુણાનુવાદ ન ગાતાં માર્ગદર્શક થવા-સંસ્થાઓ વધારે ઉપયોગી થાય એ ઇચ્છાએ દોષાનુવાદજ કર્યો છે. જૈનેતર હોઇ અજ્ઞાનતાના પરિણામે કાંઇ અયોગ્ય ટીકા થઇ હોય તો ક્ષંતવ્ય ગણુશો, પરંતુ જૈનસિધ્ધાન્તો-દરેક ધર્મ સિધ્ધાન્તોમાં ઐકય હોય અને ઐકય છે એમ માનું છું તો પછી એ ન્યાયે હું પણ જૈન છું અને જૈન સંસ્થામાં અંગભૂત હોઇ તે સંસ્થાઓના સંસ્થાપકોના ઉત્સાહ-દ્રવ્ય સુમાર્ગે વળે એવી સૂચના ન કરૂં તો કર્તવ્યભ્રષ્ટ થાઉં એમ માનું છું. અંતે જૈન હેરલ્ડના વિદ્વાન્ તંત્રીને લેખ માટે આમંત્રણ આપવા અને સ્નેહવૃતિથી લેખ દાખલ કરવા માટે ઉપકાર માની વિરમીશ.

વીલર-વીલા, સાંતાક્રૂઝ<br>આષાઢ શુદ ૧૪ રવીવાર.

ભોગીન્દ્રરાવ. ર. દીવેટીયા.

# દાનધર્મ

પ્રાચિન ઋષિઓ અને કવિઓના સંબંધે એમ વારંવાર વાસ્તવિક કહેવામાં આવે છે કે તેઓ થોડામાં ઘણું સમજાવી શકતા. આપણા આર્ષ ગ્રંથોમાં એવું વારંવાર જોવામાં આવે છે કે બે ચાર અક્ષરો કે શબ્દોની ટુંક વાકયાવલિમાં સૂત્રરૂપે તેઓ ગાઢ અર્થ, અનુપમ ઉપદેશ આપી દેતા. આવાજ એક સમાજ શાસ્ત્રના એક ટુંક સૂત્ર-મંત્ર-**दाता लोकहित रतः** સંબંધે આપણે અત્ર વિચાર કરવા પ્રયત્ન કરશું. તંત્રિ મહાશય! આપના જૈન પત્રમાં અને તે પણ "પર્યુષણ અંક" માં આ વિચારણા અસ્થાને તો નહિંજ ગણાય. જૈન ધર્મમાં "જીવદયા" અને "દાન" ને ખાસ પ્રાધાન્ય આપવામાં આવેલ છે, એટલુંજ નહિ પણ કોઇ કોઇ પ્રદેશમાં તો એવી પણ સત્ય વા અસત્ય ફરિઆદ કરવામાં આવે છે કે જૈન ધર્માનુયાયીમાં— "દયાદાન"થી બીજી બધી બાબતોને માત્ર ગૌણ ગણવામાં આવે છે. મારા આધીન મત પ્રમાણે તો જો આમાં કાંઇ સત્ય હોય તો તે ખરેજ આનંદનું કારણ છે, અને તેને માટે તે ધર્મના પ્રવર્તકો અને અનુયાયીઓને ખાસ ધન્યવાદજ ઘટે છે. મારા ધારવા પ્રમાણે "દયાદાન" એ એક એવી બાબત છે કે તેની ઉપયોગિતા સંબંધે સુધરેલી દુનીઆના જુદા જુદા ધર્મ અને મતવાલાઓ પણ બીજી બધી બાબતમાં ગમે તેવો મતભેદ હોવા છતાં સંમત છે. તફાવત માત્ર આચારમાંજ રહેલો છે. કોઇ સ્થળે બ્રાહ્મણો અને ભિખારીઓને "ભૂયસી" દક્ષિણા કે અન્નવસ્ત્રાદિ આપવામાં ફલપ્રાપ્તિ અને ઇષ્ટસિદ્ધિ સમાયલી છે, એમ માનવામાં આવે છે. તો અન્ય સ્થળે અબોલ અને નિરાધાર પ્રાણી તરફ અનુકંપા દર્શાવવાનું ઉત્તમ માનવામાં આવે છે; જ્યારે કોઇક વિરલ પ્રદેશમાં "દાન" "દયા" નો સત્ય અર્થ શો, ખરી મહત્તા શામાં સમાયેલ છે તે વિચારવા અને વિચારણાને અંતે આચારમાં મૂકવા તરફ સફળ પ્રયાસ કરવામાં આવે છે.

અલબત એમ તો નજ કહેવાય કે મુંગા પ્રાણીઓ તરફ અનુકંપાની નજરથી જોવું, તેમનાં અસહ્ય અજ્ઞાત દુઃખો ઓછાં કરવા અને તેમના તરફ નિષ્ઠુર વર્તન ન ચલાવવામાં આવે તેવી તેટલી કાળજી રાખવી તે ખોટું કે ભૂલ ભરેલું છે. ઘરગતુ અને ખેતી વગેરેના કામના આવા સહનશીલ અને નિમકહલાલ સેવકોને સંભાળવા તે આપણી પ્રથમ અને પવિત્ર ફરજ છે, અને તેથી આપણનેજ લાભ છે; પણ સાથે એટલું પણ જોવાનું છે કે તે ફરજ બજાવતાં જતાં વધારે મહત્વની અન્ય ફરજો તદન ભુલાય નહિં, કે ગૌણ પણ ન ગણવામાં આવે. કોઇ પણ સમાજ કે ધર્મ સંબંધે નહિં બોલતાં મારે એટલું તો સખેદ જણાવવું પડે છે કે મારા અલ્પમત પ્રમાણે આપણામાં—**ભાર**તવર્ષમાં—દાનની મહત્ત્વતા અને યથાર્થતાનો વિચાર હાલમાં ઘણોજ ઓછો કરવામાં આવે છે, અને માત્ર **गतानुगतिको लोकः** તે ઉકિતને સાક્ષાત્ કરાવતાં હોય તેમ આપણા લોકો અંધશ્રધ્ધાથી ચાલતું ચલાવે છે. વધારે શોચની વાત તો એ છે કે આપણા અશિક્ષિત અને કહેવાતા નામધારી ધર્મોપદેશકો આ પ્રદેશમાં વધારે અજવાળું પાડવાના પવિત્ર કામમાંથી પોતાના સ્વાર્થની ખાતર દૂર રહે છે. જ્યારે આપણો કેળવાયેલ વર્ગ આ ભૂમિકાને અગમ્ય અને અગોચર તરિકે દૂરથીજ ત્યાજ્ય ગણે છે. લેખકના આધિન મત પ્રમાણે

હવે સમય આવી લાગ્યો છે કે જ્યારે આપણા કેળવાયેલ વર્ગે આવા આવા ધર્મના અને સમાજના પ્રશ્નોનો અભ્યાસ કરવો જોઇએ, અને સત્ય શું છે તે પોતાના અશિક્ષિત બન્ધુઓને સમજાવવા પ્રયત્ન કરવો જોઇએ. આ લેખનો આશય કાંઇ નવિન શિક્ષણ આપવાનો નથી, પણ માત્ર આ અગમ્ય ગણાતા પ્રદેશની કાંઇક આછી રૂપરેખા સુજ્ઞ વાંચકની સમક્ષ રજુ કરવામાંજ સમાપ્ત થાય છે.

દાનની વ્યાખ્યા તરફ જોશું તો જણાશે કે **दीयते अनेन इति** જે આપવામાં આવે છે તે. શું આપવું? શા આશયથી? કોને આપવું? કેવી રીતે આપવું? આ વિચારવાનું કામ દાતાનું પોતાનું છે. દાન ગમે તે વસ્તુનું થઇ શકે. આપણા આર્ષ ગ્રંથકારોએ જુદી જુદી વસ્તુઓના દાનની ખરી તુલના કરી તેમના ચડતા ઉતરતા વર્ગ પાડયા છે. દ્રવ્યનું દાન, જમિનનું દાન, કન્યાનું દાન, આ બધા એક બીજાથી ચડતા ઉતરતા છે. તે બધાના કરતાં અન્નનું દાન વધારે સારૂં ગણેલ છે. કારણ અન્નથી મનુષ્યના જીવનને પોષણ મળવાની સાથે અંતરાત્મા તુરતજ પ્રસન્ન થાય છે, અને ખોરાકની વસ્તુનો દુરૂપયોગ થવાની ભીતિ પણ ઓછી રહે છે. પણ તેના કરતાં પણ વધારે ઉપયોગી અને શ્રેયસ્કર દાન તો વિદ્યાદાનજ છે; કારણ અન્નથી માત્ર તાત્કાલિક હોવા છતાં ક્ષણિકજ લાભ અને સુખની પ્રાપ્તિ થાય છે; ત્યારે વિદ્યાથી યાવજ્-જીવનનો લાભ રહે છે.

**अन्नदानात्परं नास्ति विद्यादानं ततोऽधिकं ।**
**अन्नेन क्षणिका तृप्ति र्यावज्जीवं तु विद्यया**

વિદ્યાદાનથી એક બાલક-યુવક હો કે યુવા-ના જીવનમાં દૈવી અમૃતનું આવાહન કરાય છે કે જે અમૃત પાનથી તેનું આખુ જીવન બદલી જાય છે, સુખરૂપ બને છે. **विद्ययाऽमृतमश्नुते** અને સંસાર અને સમાજ સુખરૂપી અમૃતનું પાન કરવાને ભાગ્યશાલી બને છે, આમ હોવાથીજ વિદ્યાદાનને સર્વ દાનમાં પ્રધાન-શ્રેષ્ઠ-ગણવામાં આવેલ છે. અને તેથીજ કવિએ કહેલ છે કે **दाता लोकहिते रतः।** બીજી બધી વસ્તુઓનું દાન આપનારાઓ ભલે હો, પણ જે સૌથી વધારે ફલપ્રદ દાન આપે તેજ વસ્તુતઃ દાનેશ્વર નામને સાર્થક કરે છે, આમ કહી શકાય. કારણ જ્ઞાતિભોજન કે બ્રહ્મભોજનથી-અન્નદાનથી-માત્ર ક્ષણિક સુખ-વાહવાહ મળે છે, પણ તેથી કાંઇ સ્થાયી લાભ થતો નથી. ઐહિક કે આમુષ્મિક, વ્યક્તિગત કે સામાજીક ઉન્નતિ સધાતી નથી; જ્યારે સત્ વિદ્યાના દાનથી દાનપ્રતિગૃહિત વ્યક્તિને લાભ થવાની સાથે જનસમાજને પણ કેળવાયેલ શહેરી મળે છે. તદુપરાંત ઐહિક સુખ શાન્તિ મેળવવાની સાથે વિદ્યા પ્રાપ્ત કરનાર તે ભાગ્યશાળી વ્યકિત પોતાનું આમુષ્મિક શ્રેય પણ સાધવા શક્તિમાન્ બને છે. આથીજ વિદ્યાદાનથી સમાજહિત-**लोकहित** સધાય છે. અને તેથી તેવા દાનનો આપનાર પોતાને **लोकहितज्ञ** સાબીત કરે છે.

ભગવદ્ગીતામાં પણ દાનધર્મ સંબંધી વિવેચન કરતાં આપણને કહેવામાં આવેલ છે કે દાન ત્રણ પ્રકારનાં છે. સાત્વિક, રાજસ અને તામસ. સ્વાર્થ સાધવાના નીચ આશયથી

અથવા તો દુરૂપયોગ થાય તેવી રીતે દ્રવ્યાદિનો વ્યય કરવામાં આવે તે **તામસ** દાન અથવા દ્રવ્ય નાશજ ગણાય. પોતાની ખ્યાતિ વધારવાના આશયથીજ જ્યાં પરોપકારમાં પ્રવૃતિ કરાય છે તેને **રાજસ**-અંહકારી દાન ગણેલ છે. અને વાસ્તવિક તેમાં પુણ્યમયતા થોડીજ છે. પણ જે લોકહિતના મુદિત આશયથી અને દેશ, સમય, અને પાત્રનો વિચાર કરી પરોપકાર કરાય તો તે **સાત્વિક** દાન છે આમ સમજવું. અને તેજ સૌથી શ્રેષ્ઠ દાન છે.

**दातव्यमिति यद् दानं दीयतेऽनुपकारिणे ।**
**देशे कालेच पात्रे च तद्दानं सात्त्विकं विदुः ॥ गीता.**

ભૂતકાલમાં વસ્તુસ્થિતિ શી હતી? ગત સમયમાં શું કારણપરત્વે દેવમંદિરો, બ્રાહ્મણો, અભ્યાગતો, પશુઓ ઇત્યાદિને મદદ આપવાનું વ્યાજબી કે આવશ્યક ગણવામાં આવેલ હતું? તે બારીક તપાસવાનો અત્ર આપણને અવકાશ નથી. હાલમાં તે તે સંસ્થાઓ કે સમૂહોએ, પોતાનું ખરૂં કર્તવ્ય કે ઉપયોગિતા ગુમાવેલ-વિસારેલ-છે, પોતાના ધર્મ-કર્તવ્ય-માંથી તેઓ ચ્યુત-ભ્રષ્ટ થયા છે, આમ સખેદ કહેવાની ફરજ પડે છે. 'સરપ ગયા અને લીસોટા રહ્યા' આવી કઢંગી સ્થિતિ હાલમાં આપણી છે આમ કહેવું જરાપણ ભૂલ ભરેલું તો નહિંજ ગણાય. ભૂતકાલને સંભાળી ભિખને બાપદાદાનો ગિરાસ માનનારાઓ હાલમાં આપણને સત્ય રસ્તો સુઝાડે કે તે રસ્તે સહેલાઈથી આપણને વર્તવા દે તેમ માનવું કે ઇચ્છવું તે ભુલ ભરેલું જ ગણાય, તેવા કહેવાતા ગીરાસિયાઓનો આપણે બહિષ્કાર કરવાનો છે. અને અંહી શ્રષ્ઠ દાનનો મુદ્દત આશય સ્વિકૃત કરી તે પ્રવેશમાં આપણા પ્રયત્નોને વાળવા જોઇએ. જેમ અબોલ નિરાધાર પ્રાણીઓને આપણે અન્ન રક્ષણ આદિથી સુખી કરવા પ્રયત્ન કરીએ છીએ અને તેમ કરવું કાંઈ ખોટું નથી; તેજ પ્રમાણે આવા અવાચક પ્રાણીઓના કરતાં વધારે કીંમતી, વધારે ઉપયોગી અને નૈસર્ગિક બુદ્ધિવાળા વાચાળ પ્રાણીઓ-મનુષ્યો-ને માટે પણ કાંઇક કરવાની જરૂર વધારે મહત્વની છે, આમતો સૌ કોઇ કબુલ કરશેજ. પાશ્ચિમાત્ય દેશોમાં દાન-charity ને રાજ્યના અંકુશ નીચે લાવવામાં આવેલ છે, અને આળસુ એદીને પોષવા ઉત્તેજન આપવાના કામમાંથી વિરમવા લોકોને ફરજ પાડવામાં આવેલ છે તે એવા શ્લાધ્ય હેતુથી કે, આવા નાદાનોને દુર કરી તેમને આપવામાં આવતી સહાય વધારે સારા કામમાં વાપરી શકાય. ઉપરાંત દરેક ધાર્મિક સ્થળ-church-ને પણ એક કેલવણી આપવાના સ્થાન તરિકે નિયોજવામાં આવે છે. ભાગ્યેજ એવું એક પણ દેવળ હશે કે જેમાં પાંચ પચાશ શિશુઓ વિદ્યાભ્યાસ નહિં કરતા હોય. આમ કરવાથી બાલકોને ધાર્મિક અને નૈતિક શિક્ષણ પણ વ્યાજબી અને વાસ્તવિક રીતે અપાય છે.

આપણામાં તો દેવમંદિરોમાં અને હવેલીમાં પ્રતિમાજી પાછળ હજારો લાખોનું આંધણ કરવામાં આવે, ઉપરના લલચાવનારા અને ભવ્ય દેખાવોમાં અને આડંબરમાં લાખો રૂપીઆનું પાણી કરવામાં આવે અને તે મિશાલ અંધશ્રધ્ધાવાળા લોકોની આંખમાં ધુળ નંખાય, પણ અજ્ઞાન નિર્દોષ શિશુઓને ધર્મોપદેશ આપવાની પોતાની ફરજ બજાવવાનું કામ આપણા

ધર્માચાર્યોથી નજ થાય, આ થોડા શોચની વાત નથી. મઠાધિપોના વારસા સંબંધે આપણી ન્યાય કોર્ટોમાં કેટલાક વિવાદો નોંધાયા છે અને નિર્ણાયા છે પણ મઠ શબ્દનો સત્ય અર્થ શું તે તપાસવા તરફ ભાગ્યેજ કાંઇ પણ પ્રયાસ થયો હોય. સંસ્કૃત શબ્દકોષ-અમરકોષમાં આપણને માલુમ પડે છે કે મઠનો અર્થ छात्रादिनिलयः વિદ્યાર્થી વિગેરેને જમવા રહેવાનું સ્થાન તેજ મઠ કહેવાય. આટલાથીજ જોઇ શકાશે કે પ્રાચિન ભારતવર્ષમાં પણ ધર્મનાં સ્થળો વિદ્યાવૃદ્ધિ અર્થેજ યોજાયા હતા. અને પ્રાચિન ભારતની અનુપમ જાહોજલાલી મઠોની યથાર્થતાનેજ આભારી હતી; સાથે એટલું પણ જોઇ શકાશે-સમજાશે કે આપણી હાલની અવનતિને માટે પણ આપણે ઘણે ભાગે હાલના સ્વાર્થી મઠો અને કર્તવ્યવિમુખ ધર્મોપદેશકોનેજ આભારી છીએ. અંતમાં એટલુંજ કહેવાનું કે જ્યાં સુધી આપણા લોકો "દાનધર્મ" નો ખરો અર્થ નહિ સમજે, સત્ય અર્થે દાનનો ઉપયોગ નહિં કરે ત્યાં સુધી હાલના બ્રહ્મભોજનો અને ન્નાતિભોજનો રૂપી દ્રવ્યનાશનો અપયશ આપણે કપાલેથી ખસવાનો નથી. જો દેશોદય કરવો હોય, જો સમાજશ્રેય સાધવું હોય, તો નિરાધારને સાધાર બનાવવા, ક્ષુધાર્તને અન્ન આપવા, રોગીને ઔષધ આપવા પ્રયાસ કરો. પણ દરેક બાબતમાં लोकहितની દ્રષ્ટિથી તે તે વસ્તુઓની તુલના કરો. સાત્વિક દાન આપવાનો દ્રઢ નિશ્ચય કરી. દેશમાં વિદ્યાવૃદ્ધિ કરવાની આવશ્યકતા સૌથી વધારે બલવાન્-મહત્વની હોઇ ભારતવર્ષમાં સ્થળે સ્થળે સ્કુલો, કોલેજો, શાળાઓ, છાત્રાલયો boarding house ખોલવાના પવિત્ર કામમાં તમારા પરમાર્થનો, દાનનો-સદ્ઉપયોગ કરવા નિશ્ચય કરો. પ્રયત્નશીલ બનો-"દાનધર્મ" પુનરપિ "લોકહિતની" તુલાથી તોલાય એજ વાંછના!

2-8-1912.　　　　*H. H. Maniar.*

## અમે તો દીનવત્સલ.

૧

અમે તો દીનવત્સલઃ
હો દયાનાદેવના દૂતો!
અમારે એક બસ, કરવાં-
સદા કલ્યાણનાં કૃત્યોઃ

૨

અમારે આંગણે આવે-
પ્રભુજી રંકને વેશે!
અને એ ચેતવે અમને
વિચરવા દીનને દેશેઃ

૩

પ્રભુપગલે મળે દૈવી
સમૃદ્ધિ હો વિશુદ્ધિની!
અને એ લ્હાણ જઈ દઇયે
દીનોને દ્વાર રસભીનીઃ

૪

પ્રભુની એ પ્રસાદીથી
ઉરે આનન્દ તો રેલે!
જગતના સેવને જીવતાં
સદા ધૂમિયેજ રસહેલે!

સુરત, નાગર ફળીયે.　　　　લલિત

# શ્રીમદ્ જ્ઞાનસારજી.

શ્રી જ્ઞાનસાર મુનિ ઘણા અધ્યાત્મમસ્ત કવિ હમણાંજ-વિક્રમની ઓગણીશમી સદીમાં થઇ ગયા છે, પરંતુ તેની ઓળખ હજુ સુધી આપણને થઇ શકી નથી. તેમણે અનેક પદો વૈરાગ્યભાવનાથી પૂર્ણ હૃદયના દ્રવિત ઉદ્ગારો રૂપે કવિત્વને શોભા આપે તેવાં રચ્યાં છે અને તે 'જ્ઞાનવિલાસ' અને 'સમયતરંગ' એ નામથી સ્વ. ભીમશી માણેકે 'જશ વિલાસ' અને 'વિનય વિલાસ' સાથે છપાવ્યાં છે. તે પ્રસિદ્ધ થયેલાં સિવાય બીજાં કેટલાંક પદો હાથ લાગ્યા છે. આ સિવાય તેમણે શ્રીમદ્ આનંદઘનજીની 'ચોવીશી' પર ઉત્તમ અને ભાવનાપૂર્ણ અનુભવપૂર્વક બાલાવબોધ ગુજરાતી ભાષામાં કર્યો છે તે પણ સ્વ. ભીમશી માણેકે પ્રસિદ્ધ કરેલ છે. આ બાલાવબોધમાં તેજ 'ચોવીશી' પર શ્રી જ્ઞાનવિલાસ સૂરિએ કરેલ બાલાવબોધની ઘણી ભૂલો દલીલપૂર્વક કાઢી છે, પરંતુ સ્વ. ભીમશી માણેકે તે વાદવિવાદમાં ન ઉતરતાં તે કાઢી નાંખી પ્રતિપાદક શૈલીથી શ્રી જ્ઞાનસાર કૃત 'બાલાવબોધ' છપાવ્યો છે તે ઉત્તમ કર્યું છે આ સંબંધમાં એક ઘણી અગત્યની બાબત ધ્યાનમાં લેવા યોગ્ય છે. 'શ્રી જ્ઞાનસારજી જણાવે છે કે સંવત્ ૧૮૨૫ થી આનંદઘન ચોવીશી પર મેં વિચાર કરવા માંડયો. સં. ૧૮૬૬ સુધી પણ વિચારતાં-વાંચતાં-અનુભવતાં એ 'ચોવિશી' યથાર્થ ન સમજાઈ શકી. છેવટ હવે તો દેહ પડશે, માટે જેટલું જેમ સમજાયું છે તેમ તો લખું એમ કહી સં. ૧૮૬૬ માં વર્તમાનમાં જે ભીમશી માણેકદ્વારા અર્થ પ્રસિદ્ધ થયા છે તે લખ્યા !' (ખાનગી પત્ર). આપરથી અત્યારના લેખકોને પૂછવાનું કે 'છે એવું ધૈર્ય'? આ સંબંધમાં એક વિદ્વાનના વિચારો અહીં ટાંકું છું.

'એમ તો ચોકસ લાગે છે કે ધર્મ અને તત્ત્વજ્ઞાન અંગે જે કાંઇ લખવું-પ્રકાશવું છે તે આત્મામાં પરિણામ પામ્યા વિના લખાય-પ્રકાશાય તો પોતાને તો કાંઇપણ લાભ નથીજ પણ પરને પણ લાભને બદલે, આત્મામાં પરિણામ પામ્યા વિનાનું યદ્વાતદ્વા અયથાર્થ લખાઇ જવાથી, હાનિરૂપ થાય છે. આ ગુહ્ય જો સમજવામાં, શાંતિથી વિચારવામાં આવે તો તેનું સત્ય પ્રકટ જણાય એમ છે.'

'વર્તમાન દેશ કાળાદિ જોતાં 'જૈન' કહેડાવવું અથવા 'જૈન' તરીકે ઓળખાવું એ મને તો પાપરૂપ લાગે છે-વાસ્તવિક નહીં પણ કહેવાતા અને જૈનનું અભિમાન માત્ર ધરતા એવા જૈનો માટે વીર્યનો વ્યય કરવો એ પણ ઉકરડે મોતી વાવવા જેવું છે. હાલ એ પ્રકારના વીર્યના વ્યયથી સ્વવ્યક્તિ ( Personal Identity ) ના જનસમૂહ (?) માં (અબજની વસ્તિમાંથી બસો પાંચસો જનોમાં-સમુદ્રની અપેક્ષાએ ખાબોચીઆ જેટલામ ઓળખાવા રૂપ મિથ્યાભિમાનના પોષણરૂપ લાભ થાય છે ખરો !'

આ શ્રી જ્ઞાનસારજીના ધૈર્ય પરથી ઉદ્ભવતા એક ખાનગી-વિદ્વાન્ વ્યક્તિના આંતારક વિનાવાસિત ઉદ્ગારો છે તે લેખકોએ વિચારવા જેવા છે.

આ ચોવિશીમાં છેલ્લાં બે સ્તવન 'શ્રી પાર્શ્વનાથ' અને 'શ્રી મહાવીર' પરનાં પોતે પણ રચ્યા છે અને તે છપાયાં છે.

હવે એક દંતકથા શ્રવણોપકર્ણ થઈ છે તે અહીં જણાવું છું. પ્રસિદ્ધ ગાયક પ્રાણસુખ કહે છે કે 'સુરતના ઓસવાલ નેમચંદ માસ્તર કરીને શ્રાવક હતા. તેઓ અમદાવાદ રહેતા, અને મહાવીર મંડળી નામની સંસ્થા સ્થાપી હતી. તેઓ કહેતા કે શ્રી જ્ઞાનસારજી સ્મશાનમાં પડયા રહેતા. કદી ભીક્ષા લેવા જતા ત્યારે 'જ્ઞાનસાર કુત્તેકો રોટીકા ટુકડા ડાલો' એમ કહેતા! આ કથામાં શું સત્ય છે તે વાંચકોએ વિચારવાનું છે.

આ પછી શ્રીમદ્ જ્ઞાનસારજીના અપ્રકટ થોડાં કાવ્યો આપીશું.

## મનનું પ્રાબલ્ય.

( દેશ પંજાબી )

મનુઆ બશ નહિ આવે,
અવધુ કેસેં રોય દિખાવે—મનુઆ

જ્ઞાન ક્રિયા સાધન તેં સાધો! ખાતામેં ન ખતાવે;
સોવત જાગત બેઠત ઉઠત, મન માને તિહાં જાવે—મનુઆ

આશ્રવ કરણી મેં આપહી, બીન પ્રેરે ઉઠ ધ્યાવે;
સંયમ કરણી જો આરોપું, તો અતહી અલસાવે—મનુઆ

નોઇંદ્રિય સંજ્ઞા હૈ યાકું, પર સબકું ધુજાવે;
ઇનકું થીર કિના સો પુરૂષા, અન્ય પુરૂષ ન કહાવે—મનુઆ

સુરનરમુનિવરઅસુર પુરંદર, જો ઇનકે બશ આવે;
વેદ નપુંસક એકીલે અનકલ, ખીણમેં રોય હસાવે—મનુઆ

સિધ્ધ સાધની સબ સાધનતેં, એહ અધીક કહાવે;
જ્ઞાનસાર કહે મન બશ યાકે, સો નિશ્ચે શિવ પાવે—મનુઆ

—જ્ઞાનસાર.

## નિશ્ચયે 'હું'

( ભૈરવી પંજાબી )

અનુભવ હમ કબકે સંસારી.
મર જનમે ન અનાદિ કાલમેં, શિવપુર બાસ હમારી—અનુભવ
રાગ દ્વેષ મિથ્યાત્વકી પરિણતિ, શુધ સ્વભાવ ન સમાવે,
અનકલ અચલ અનાદિ અબાધિત, આતમભાવ સમાવે—અનુભવ

બંધ મોક્ષ નહિ તિનું કાલે, રૂપ ન રંગ ન રેખા,
નિશ્ચે નય જિન આગમ સેંતી, શુદ્ધ સ્વભાવ પરેખા–અનુભવ
કાય ન માય ન જાય ન આય ન, ભાય ન માય ન જાતા,
શુદ્ધ સ્વભાવે જ્ઞાનસાર પદ, પરભાવે પરનાતા–અનુભવ

—જ્ઞાનસાર.

## આત્મવિસ્મૃતિ.

(રાગ પુરવી).

પરઘર ઘર કર માચ રહ્યોરી.
કીતી વેર ગહી ગહી કર છાયો, કૈસે અપનો યાતી કહ્યોરે-પરઘર
મર જનમ્યો બીરચ્યો નહિ તબહી, કબહી ન પરભવ સંગ વહ્યોરી,
આયુ ભાડો દીનો જે તે, તે તે તુઝકો બસ ન દયોરી–પરઘર
તું ન શરીર, શરીર ન તેરો, સૌપાધી નિજ માન રહ્યોરી,
જ્ઞાનસાર નિજરૂપ નિહાળી,અકલ અમર પદ અમર ભયોરી–પરઘર

—જ્ઞાનસાર.

## સાધુનો ભેખ.

(માલકોશ)

સાધો ભાઇ! અયસા જોગ કમાયા.
યાતેં મુગ્ધ લોક ભરમાયા—સાધો!
બાહ્યક્રિયા દરશાયી સાચી, અભ્યંતરતે કોરા,
મા સાહસપર કર (?) ફીર સોચત, રેરે આતમભોરા!–સાધો
સંજમ પાયો પુન્ય સંયોગે, પાલ્યો નહિ તેં પાપી!
ફીર અયસો નહિ દાવ બનેગો, ચિતવન ચિત્તે વ્યાપી–સાધો!
ક્યા કહીએ? કછુ કહ્યો કુન માને,? રે રે આતમ અંધા!
જ્ઞાનસાર નિ૦ રૂપ નિહારે, નિશ્ચે હુવે નિર્બંધા –સાધો.

—જ્ઞાનસાર

# ધર્મનાં ચિન્હ.

( રા. રા. શેઠ કુંવરજી આણંદજી )

શ્રીમાન્ હરિભદ્ર સૂરિ મહારાજના રચેલા ષોડશક નામના પ્રકરણમાં પ્રથમ સધ્ધર્મ પરીક્ષક, દેશના વિધિ અને ધર્મ સ્વલક્ષણ-આ ત્રણનું સ્વરૂપ બતાવનારા ત્રણ ષોડશક કહ્યા પછી ચોથું ષોડશક એ યુગપ્રધાન મહાત્માએ ધર્મના લિંગને ( ચિન્હને ) વિસ્તારથી બતાવવા માટે કહ્યું છે. તેના પ્રારંભમાં કહેછે કે:—" સિધ્ધ થયેલા અર્થાત્ નિષ્પન્ન થયેલા ધર્મસ્વરૂપના સમ્યગ્ એવાં લિંગો-લક્ષણો પરમાર્થને જાણવાવાળા તત્ત્વજ્ઞોએ ભવ્ય જીવોના સુખાવબોધને માટે આ પ્રમાણે શાસ્ત્રમાં કહેલાં છે."

**औदार्यं दाक्षिण्यं, पापजुगुप्सा च निर्मलो बोधः ।**
**लिंगानि धर्मसिद्धेः, प्रायेण जनप्रियत्वं च ॥**

"ઔદાર્ય, દાક્ષિણ્ય, પાપજુગુપ્સા (પાપપરિહાર), નિર્મળ બોધ અને પ્રાયે લોકપ્રિયત્વ આ પાંચ ધર્મની નિષ્પત્તિનાં ચિન્હો છે."

હવે આ પાંચે લક્ષણોનું સ્વરૂપ વિસ્તારથી કહેછે—

**૧ ઔદાર્ય**-કૃપણ ભાવ (કાર્પણ્ય) નો પરિત્યાગ, આશયનું મહત્વ (મનનું મોટાપણું), ગુરૂ અને દીનાદિકમાં ઔચિત્ય વૃત્તિ અથવા કાર્ય પરત્વે એ ગુર્વાદિકમાં અત્યંત ઔચિત્ય વૃત્તિ તેને ઔદાર્ય કહીએ આમાં ગુરૂ શબ્દ ગૌરવને યોગ્ય એવા માતા, પિતા, કલાચાર્ય, પોતાની જ્ઞાતિવાળા, વૃધ્ધો અને ધર્મોપદેષ્ટા એ સર્વ જાણવા. તેમનું સર્વ પ્રકારે ઉચિત જાળવે, તેમાં તેમજ નિરાધાર એવા દીનાદિકને સહાય કરવામાં સંપૂર્ણ ઉદારતા વાળો હોય, દાનાદિ પરિણામમાં સંકુચિત વૃત્તિવાળો ન હોય, ચિત્તની મહત્તાવાળો હોય, તુચ્છ વૃત્તિવાળો ન હોય- આ ધર્મનિષ્પત્તિનું પહેલું ચિન્હ જાણવું.

**૨ દાક્ષિણ્ય**-પારકા કાર્યમાં ઉત્સાહવાળો શુભ અધ્યવસાયવાળો, ગંભીર્યવાળો, ધૈર્યવાળો અને માત્સર્યનો વિધાન કરનારો તેને દાક્ષિણ્યવાન્ કહીએ. પોતાનું કાર્ય છોડીને-પોતાના કાર્યનો વિનાશ થવા દઇને પણ જે પારકું કામ કરી આપે-એવા પ્રસંગે ના પાડી ન શકે એવો, જેના અધ્યવસાય કોઇનું અહિત કરવાના-માઠા તો વર્તતાજ ન હોય-શુભ અધ્યવસાય વર્તતા હોય તેવો, બીજાઓ જેના હૃદયને જાણી ન શકે એવો ગંભીર, કોઇપણ કાર્યમાં ધૈર્ય-સ્થિરતાવાળો-ઉતાવળો કે સાહસ કરી નાખે એવો નહિ અથવા ભયહેતુની પ્રાપ્તિમાં પણ નિર્ભય રહેનારો -ધીરજવાળો અને પારકી પ્રશંસાને નહિ સહન કરી શકવા રૂપ જે મત્સર તેથી રહિત-એવા ગુણવાળો જે હોય તે દાક્ષિણ્ય નામના ધર્મના બીજા ચિન્હથી યુક્ત જાણવો.

**૩ પાપજુગુપ્સા**-અવિપરીત એવા શુદ્ધ મન વડે સદા પાપનો ઉદ્વેગ, પાપનું ન કરવાપણું અને પાપની અચિંતા તેનું નામ **પાપ જુગુપ્સા** કહીએ. આમાં ત્રણે કાળનો સમાવેશ

કરવામાં આવેલો છે. અતીતકાળે જે કાંઇ પાપ થયેલાં-કરેલાં હોય તેનો ઉદ્વેગ-પશ્ચાતાપ-નિંદા, અને વર્તમાનકાળે પાપનું ન કરવાપણું, તેમજ ભવિષ્યત્કાળે પાપ કાર્યનું નહિ ચિંતવવાપણું અર્થાત્ હવે પછી અમુક પાપ કાર્ય કરવું છે એવું ચિંતવન પણ નહિ-આ પ્રમાણે ત્રણે કાળ સંબંધી પાપનો પરિહાર અથવા કાયા વડે પાપ ન કરવા રૂપ પરિત્યાગ, વચન વડે પૂર્વકૃત પાપની નિંદા અને મન વડે પાપનું અચિંતન-એમ ત્રણે યોગથી પણ પાપ જુગુપ્સા તે ધર્મ તત્ત્વની પ્રાપ્તિનું ત્રીજું ચિન્હ સમજવું.

**૪ નિર્મળ બોધ**- શમગર્ભિત શાસ્ત્રના યોગથી એટલે તેવાં શાસ્ત્રો સાંભળવા વિગેરેથી થયેલો શ્રુતસાર, ચિન્તાસાર અને ભાવનાસાર રૂપ ત્રિવિધ નિર્મળ બોધ તે ધર્મતત્ત્વની પ્રાપ્તિનું ચોથું ચિન્હ સમજવું. જેમાં ઉપશમ ભાવ ભરેલો છે એવાં ધર્મશાસ્ત્રો સદ્ગુરૂની બહુશ્રુતની જોગવાઇએ સાંભળવા-વાંચવા-વિચારવાથી પ્રાણીને નિર્મળ બોધની પ્રાપ્તિ થાય છે. સ્વયમેવ વાંચવાથી થતી નથી, તે બોધ શ્રુતસાર, ચિંતાસાર અને ભાવનાસાર એમ ત્રણ પ્રકારનો કહેલો છે. તેનું સ્વરૂપ આગળ ઉપર કહેવામાં આવશે. આવો નિર્મળ બોધ જેને હોય તેને ધર્મ તત્ત્વની પ્રાપ્તિ થઇ છે એમ સમજવું.

**૫ જનપ્રિયત્વ**-પોતાને અને પરને રાગાદિ દોષ રહિત અને ધર્મનિષ્પત્તિ રૂપ ફળને આપવા વાળું **જનપ્રિયત્વ** અંહી ગ્રહણ કરવું. ધર્મની પ્રશંસા વિગેરેમાં વર્તતા જીવો બીજાધાનાદિ ભાવ વડે ધર્મસિદ્ધિ રૂપ ફળને પામે છે એટલે જનપ્રિયત્વ ગુણવાળાના ધર્માદિકની અન્ય મનુષ્યો પ્રશંસા કરે છે અને તેમ કરવાથી તેઓ ધર્મ રૂપ બીજને પામે છે, તેથી એવી રીતે અન્યને ધર્મસિદ્ધિ રૂપ ફળને આપવા વાળું જનપ્રિયત્વ શુદ્ધ જાણવું. ધર્મરૂપ બીજ જો અન્ય મનુષ્યના હૃદયરૂપ ક્ષેત્રમાં વવાયું હોય તો પછી તેના અંકુર, પત્ર, પુષ્પ, ફળ વિગેરેની પ્રાપ્તિ પણ તેને થશેજ એમ સમજવું. આ બીજ પુણ્યાનુબંધી પુણ્ય રૂપ હોવાથી આગામી કાળે અવશ્ય ફળદાયક થાય છે. શુદ્ધ, નિરૂપાધિક અને સ્વાશ્રય ગુણ-નિમિત્તે ઉત્પન્ન થયેલ જનપ્રિયત્વ મેળવવાથી તેના કરેલા ધર્મની પ્રશંસા કરવા ઉપરાંત તે (ધર્મ) કરવાની ઇચ્છા, તેનો અનુબંધ, તેના ઉપાયની અન્વેષણા, તેમાં પ્રવૃત્તિ, સદ્ગુરૂનો સંયોગ, અને સમ્યક્ત્વનો લાભ (બીજાધાન) તેમજ ધર્મરૂપ વૃક્ષના બીજ તુલ્ય પુણ્યાનુબંધી પુણ્યનો ન્યાસ ઇત્યાદિકની પણ અન્ય જનોને પ્રાપ્તિ થાય છે. આટલા કારણથી તેના (ધર્મના) પ્રયોજકપણાને લઇને જનપ્રિયત્વ રૂપ લક્ષણ મેળવવું યુક્ત છે; અને તેને ધર્મપ્રાપ્તિના ચિન્હ રૂપ કહેવામાં આવેલ છે.

આ પ્રમાણે ઔદાર્યાદિક ધર્મતત્ત્વનાં ચિન્હો વિધિ તરીકે પ્રતિપાદન કરીને પછી ધર્મ-તત્વમાં વ્યવસ્થિત પુરૂષોમાં વિષયતૃષ્ણાદિ દોષો પણ ન હોય તે વ્યતિરેક તરીકે બતાવવામાં આવેલા છે. તેના પ્રારંભમાં કહ્યું છે કે-આરોગ્ય સતે જેમ પુરૂષને વ્યાધિ વિકારો ન હોય તેમ ધર્મરૂપ આરોગ્ય સતે પાપ વિકારો પણ ન જ હોય. પાપ વિકારો કયા કયા ન હોય? તે નીચે પ્રમાણેઃ—

तन्नास्य विषयतृष्णा, प्रभवत्युच्चैर्न दृष्टिसंमोहः ।
अरुचिर्न धर्मपथ्ये न पापा क्रोधकंडूतिः ॥

–ધર્મતત્વથી યુક્ત પ્રાણીમાં વિષયતૃષ્ણા ન હોય, અત્યંત દૃષ્ટિસંમોહ ન હોય, ધર્મરૂપ પથ્યમાં અરૂચિ (અભિલાષાભાવ) ન હોય અને પાપના હેતુરૂપ ક્રોધ કે જે ઉપશમનો નાશ કરનાર છે તે ન હોય.

હવે એ ચારે દોષનું વિશેષ સ્વરૂપ બતાવે છેઃ—

**૧—વિષયતૃષ્ણા**—ગમ્યાગમ્યનો વિભાગ તજી દઇને એટલે આ સ્વદારાજ ગમ્ય છે-વિષય સેવન યોગ્ય છે, અન્ય પરસ્ત્રીઓ અથવા માતા, બહેન, પુત્રી વિગેરે અને રાજા, ગુરૂ, શેઠ કે મિત્રાદિકની સ્ત્રી વિગેરે-એ સર્વ અગમ્ય છે, એવી વહેંચણ વિના સર્વત્ર જે પ્રાણી વિષયમાં અતૃપ્તપણે યથેચ્છ વર્તન કરે તેની જે તીવ્ર વિષયબુધ્ધિ તે વિષયતૃષ્ણા કહીએ. આવી વિષયતૃષ્ણા ધર્મતત્વની પ્રાપ્તિવાળા પ્રાણીમાં કદી પણ ન હોય. વિષય શબ્દે-શબ્દ, રૂપ, રસ, ગંધ ને સ્પર્શાદિક જાણવા. તેમાં અતૃપ્ત એટલે નિરંતર સાભિલાષી સમજવો. જેનો અભિલાષ કોઇપણ વખતે શાંતિજ પામતો ન હોય તેવો મનુષ્ય વિષયતૃષ્ણાવાન સમજવો.

**૨—દૃષ્ટિસંમોહ**—આ રૂપ મહાન્ દોષ તેનામાં ન હોય. દૃષ્ટિ તે દર્શન–આગમ-જિનમત તેમાં સંમોહ તે સંમૂઢતા–અન્યથા કહેલાની અન્યથા પ્રતિપત્તિ તે દર્શનસંમોહ. અહિંસા, પ્રશમ વિગેરે તો જોકે અન્યશાસ્ત્રોમાં સરખી રીતેજ ગ્રાહ્ય કહેલાં છે, પરંતુ તેની પરિભાષામાં ઘણો ભેદ રહેલો છે. એક આરંભમાં પ્રવર્તતો પુરૂષ તેના ફળને જોઇને તે આરંભને સાવદ્ય માને છે ત્યારે બીજો તેની સરખાજ આરંભમાં પ્રવર્તતા છતાં તેને નિર્દોષ માને છે. આવી બાબતમાં જે સત્યની પરીક્ષા ન થવી તે દૃષ્ટિસંમોહ કહેવાય છે. દૃષ્ટાંત તરીકે જીવહિંસાથી પાપ સર્વ શાસ્ત્રોમાં કહેલ છે, છતાં એક જળાશયમાં પડીને સ્નાન કરવામાં, કન્યાદાન દેવામાં, અને પશુ યજ્ઞાદિકમાં આરંભ માને ત્યારે બીજો તેને નિર્દોષ માને, એટલુંજ નહિ પણ તેને ઉલટા પુન્યનાં કારણ માને. આવી બાબતમાં જે સંમૂઢતા–કૃત્યાકૃત્યનું નહિ સમજવાપણું તે દોષ સર્વ દોષમાં પ્રાધાન્ય છે અને તેજ દૃષ્ટિસંમોહ કહેવાય છે. આ દોષ અધમમાં પણ અધમ છે.

બીજી રીતે ચૈત્યાદિક યત્નાપૂર્વક કરાવવામાં એક જયારે અહિંસા રૂપ ફળ માની તેમાં પ્રવૃત્તિ કરે ત્યારે બીજો એમાં આરંભને તજ્જન્ય હિંસા માને એ પણ દૃષ્ટિસંમોહ છે. આ દોષમાં સંજ્ઞાભેદવડે અન્ય શાસ્ત્રમાં જુદી શબ્દરચના હોવાથી તેને અગ્રાહ્ય માનવું નહિ; જેમકે જૈન શાસ્ત્રોમાં અહિંસા સત્યાદિકને 'મહાવ્રતો' કહ્યાં છે અને પાતંજલાદિકે તેને 'નિયમો' કહ્યા છે તો તેટલા ઉપરથી મહાવ્રતાદિ પ્રતિપાદક અમારાં આગમ સમીચીન છે,

અને અકરણ નિયમાદિ પ્રતિપાદક અન્યના આગમ અસમીચીન છે એવો આગ્રહ કરવો તે પણ દ્રષ્ટિસંમોહ છે. કેમકે સદ્નયનોનું પર સમયમાં વર્તતાં પણ સ્વસમયથી અનન્ય પણું છે. વળી ચૈત્યસંબંધિ ક્ષેત્ર, હિરણ્ય, ગ્રામાદિકના રક્ષણમાં શાસ્ત્રોય અધ્યવસાયના ભેદ વડે જે પ્રવૃત્ત હોય અર્થાત્ પોતે તેના ફળનો અનુપભોગી રહીને કેવળ આગમાનુસારીપણે તેની ઉપેક્ષા ન કરવાના વિચારથી ગ્રામ ક્ષેત્રાદિ આરંભને નહિ તજતો સતો સ્વપરની ભાવાપત્તિને નિવારવાના અધ્યવસાયની પ્રવૃદ્ધિથી જે તેમાં પવર્તતો હોય તેને દ્રષ્ટિસંમોહ દોષ લાગુ પડતો નથી, કારણકે તેમાં અધ્યવસાય વિશુદ્ધ હોવાથી દ્રષ્ટિસંમોહ નથી. આ દોષને અંગે ઘણી જાતની વિચારણા રહેલી છે તે બહુશ્રુતોથી સમજી લેવી.

૩. **ધર્મપથ્યમાં અરૂચિ**—આ દોષ આ પ્રમાણે-ધર્મનું સાંભળવું–અવિપરીતાર્થનું ધારવુ-તેમાં અનાદર, તત્ત્વ તે પરમાર્થ તેનો રસ તે આસ્વાદ તેના અનુભવમાં વિમુખતા અને ધાર્મિક એવા પ્રાણીઓની સાથે આસક્તિ(પ્રીતિ)નો અભાવ. આ બધાં ધર્મપથ્યમાં અરૂચિનાં ચિન્હ છે તે ધર્મતત્વની જેને પ્રાપ્તિ થઇ હોય તેવા જીવમાં ન હોય.

૪. **ક્રોધકંડૂતિ**—આ દોષ આ પ્રમાણે-પોતાનામાં અછતા એવા અસત્ય દોષો કોઇ પાસે સાંભળવાથી અંતઃકરણ પ્રજ્વલિત થઇને બહાર પણ અપ્રસન્નતા બતાવતા સતા જે સ્ફુરણા થાય અથવા અવિચારિતપણે કાંઇપણ કાર્ય કરવાથી પોતાને દુર્ગતિ વિપાક રૂપ અત્યંત અહિતની જેનાથી પ્રાપ્તિ થાય તેવું ક્રોધજન્ય કાર્યનું જે પરિણામ તે ક્રોધકંડૂતિનું ચિન્હ સમજવું. એવી ક્રોધકંડૂતિ જેને ધર્મતત્વની પ્રાપ્તિ થઇ હોય તેને ન હોય. તે પોતાના દોષ કહેનાર ઉપર પણ ક્રોધ કરે નહિ, કદી ક્રોધ થઈ જાય તો તે અલ્પ સમયમાં શમી જાય. તેના ફળ પર્યંત પહોંચે નહિ. તેવા ક્રોધ વડે તે કાંઇ પણ અવિચાર્યું કાર્ય તો કરેજ નહિ, તેથી ક્રોધના ફળરૂપ દુર્ગતિનો તેને પ્રાપ્ત થાયજ નહિ. ધર્મતત્વની પ્રાપ્તિ વાળાનો ક્રોધ બહુ અલ્પ-મંદ હોય છે.

ઉપર જણાવેલા ચારે પ્રકારના પાપવિકારો ધર્મતત્વની પ્રાપ્તિવાળા બુદ્ધિમાન્ મનુષ્યમાં ઉદ્ભવેજ નહિ. તેનામાં તો ધર્મરૂપ અમૃતના પ્રભાવથી મૈત્ર્યાદિક ગુણોનો ઉદ્ભવ થાય, તે ગુણો નીચે પ્રમાણેઃ—

પર જીવોનું હિત ચિંતવવું તે **મૈત્રી**; પરનાં દુઃખોનો વિનાશ કરશો તે **કરૂણા**; પરના સુખને જોઇને સંતોષ (આનંદ) થવો તે **તુષ્ટિ**; પારકા અવિનયાદિ દોષ કે જેનું નિવારણ થઇ શકે તેમ ન હોય તેમાં મૌન રહેવું તે **ઉપેક્ષાઃ** આ ચાર ગુણ પ્રગટે છે. આમાં નિવારણ થઇ શકે તેવા દોષમાં ઉપેક્ષા કરવા યોગ્ય નથી એમ સમજવું.

આ પ્રમાણે ઔદાર્યાદિ ચિન્હો પ્રાણીમાં ધર્મની સિદ્ધિ થયેલી છે તેમ બતાવી આપનારાં છે. શાસ્ત્રમાં પુણ્યના ઉપાય ચાર કહ્યા છેઃ—

**दया भूतेषु वैराग्यं, विधिदानं यथोचितम् ।**
**विशुध्धा शीलवृत्तिश्च, पुण्योपाया प्रकीर्तिताः ॥**

"પ્રાણીમાં દયા, વૈરાગ્ય, યથોચિત વિધિયુક્તદાન, ને વિશુદ્ધ શીળવૃત્તિ (સદાચરણ) આ ચાર પુણ્યના ઉપાયો કહેલા છે." આદિ શબ્દથી જ્ઞાનયોગ ઉપાયની પરિનિષ્પત્તિ પણ સદ્હેતુવડે સિદ્ધ છે એમ સમજવું.

આ લેખ વાંચીને પ્રથમ તો પોતાના આત્મા તરફ દ્રષ્ટિ કરી ઉપર જણાવેલાં ચિન્હો-માંથી ઔદાર્યાદિ કયાં કયાં ચિન્હો પોતાનામાં છે? વિષયતૃષ્ણાદિ કયા કયા દોષો પોતામાં નથી? અને મૈત્રી વિગેરે કયા કયા ગુણો પોતાનામાં લભ્ય છે? તેનો વિચાર કરવો અને ત્યાર પછી જે ચિન્હ ન હોય તે મેળવવાનો, જે દોષ જણાય તેને દૂર કરવાનો અને જે ગુણની ખામી જણાય તેને પ્રાપ્ત કરવાનો તેમજ છેવટે જે પુણ્યના ઉપાયો બતાવ્યા છે તેમાં પ્રવૃત્તિ કરવાનો પ્રયત્ન કરવો. ફોકટ જગતમાં 'ધર્મી' કહેવરાવવાનો પ્રયત્ન કરવાને બદલે એવાં ચિન્હો જ સ્ફુટ-પણે મેળવવાં કે જેથી પોતાને ધર્મી કહેવરાવવું ન પડે; પણ જેમ કસોટીએ ચડવાયા સોનાને તેના પરીક્ષકો જ સુવર્ણ તરીકે ઓળખે છે અને ઓળખાવે છે તેમ સર્વ મનુષ્યો ધર્મી તરીકે સહેજે જ ઓળખે. આ વિષય બહુ જ વિચારવા યોગ્ય છે અને ઘણો જ ઉપયોગી છે તેથી તેનું વારંવાર મનન કરવું કે જેથી તેમાં બતાવેલાં સુચિન્હો સ્વયમેવ પ્રાપ્ત થાય,

તથાસ્તુ.

---

## પ્રભુજી! આપ વિના કોઇનો આધાર નથી.

પહાડી ગઝલ

પ્રભુજી! આપ વિના કોઇનો આધાર નથી,
પિતાજી! સહાય માગું, અન્યથી દરકાર નથી.
ગણ્યા મારા–થયા મારા–મને તે મારનારા,
ન દીઠા તારનારા, અન્યથી તરનાર નથી—

સાખી

જૂઠા જગવ્યવહારમાં, જૂઠી જનની પ્રીત
સ્વપ્નું સાચું સમજવું, એ તે ક્યાંની રીત?
બધું કાચું અહીં સાચું, કશું તલભાર નથી—પ્રભુજી!

તમે મારો–જીવાડો–તારો કે ડૂબાડો તમે,
રહ્યા પરને ભરોસે તે કદી તરનાર નથી—પ્રભુજી!

× + ×

પડયું તે ભોગવ્યું ને, ભોગવીશું ભાવી બધું
રડીએ–કદી બકીએ, તેમાં કંઇસાર નથી—પ્રભુજી!

૨૨–૭–૧૨ વસન્ત.

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स हेरल्ड.


" હમે તો તું, હમે નહિતો–નહિ તું જાણજે નિશ્ચે,
નહિ જો બીજ ક્યાંથી વૃક્ષ ફળ કોના ઉપર ફળશે?
હમારી હસ્તીમાં હસ્તી રહી ત્હારી અજબ રીતે;
હમો પર ઘાવ કરતાં ઘાવ આવી તમ ઉપર પડશે."


પુસ્તક ૮ અંક ૧૦. વીર સંવત્ ૨૪૩૮ અકટોબર. ૧૯૧૨.


## કૉન્ફરન્સ ગૌમાતાનું રક્ષણ કરો.

(મુનિ મહારાજશ્રી બુધ્ધિસાગરજી.)

હરિગીત

જેના થકી જીવો અને, જીવાડતા જીવો ઘણા
તેનાપરે ગુસ્સો કરી, પગ ભાગવા ઉદ્યમ કરો.
ઉપકારના ભાઈ દોષ ન્યાયજ આદરી દેખાડતા.
એવો કૃતઘ્ન પાઠ ક્યાંથી, શિખીઆ દર્શાવશો........૧

જેનું કર્યું દુધપાન તેના, પેટમાં તરવારધો,
બાંધી વદન રીબાવતા, ધિક્કારતા શબ્દો વડે;
દેતા નહિ-ચારો અને પાતા નથી પાણી જરા,
આશ્રય સકલનો તોડવા કલિકાલને બોલાવતા—૨

પાદ પ્રક્ષાલન કરે એ મૂઢ વધૂઓ સ્વામીનું
જમણા અને ડાબા ચરણને ધોવતી બન્ને જણી.
ઇર્ષ્યા થકી બન્ને ચરણને બહુ હણ્યા બેએ અરે
નિજસ્વામીને લુલો કર્યો, એ ભકિત નહિ પણ મૂઢતા.—૩
એ ન્યાયના જેવું કરી નિજ જનનીના પ્રાણો હરો,
તેમાં તમારો નાશ છે હો! ખુબ દિલમાં લાવશો
ઇર્ષ્યાથકી જાદવસ્થળી રચીને જીવે નહિ કો અરે,
નિજ માતઘાતજમાં વસે છે, નાશ પોતાનો ખરે.—૪
નિજ માતને માર્યા થકી, નિજ ઉન્નતિ વિણુશી જતી
અજ્ઞાનથી એવું બને ત્યાં દોષ અન્યોનો નહીં,
જે ડાળ પર બેસી રમો તે ડાળને કાપો અરે,
અહો ખાઓ તેનું ખોદવાથી દુઃખ પોતે પામશો.—૫
મોટા કર્યા જેને રમાડી- પ્રતિકૂળ તેથી થઇ ઘણા
ઉપકારને વિસરી કરો, અપકાર તેમાં પાપ છે.
સમજે સુજન ન્યાયે અને નિજભૂલ કાઢે છે દૂરે
"બુદ્ધ્યબ્ધિ" હિતશિક્ષા વિષે ગંભીરતા જ્ઞાની ગ્રહે.--૬

બોરસદ. સંવત્ ૧૯૬૮ વૈશાખ વદ. ૮

## હિંદની દોલત

દેખતી આંખેં આંધળાં એની આંખેં ના દેખાય;
ધનડાં ઢગલે ઢગલે જાય.
હજી સંભાળો, આંખ ઉઘાડો કાંઇ કરો ઉપાય;
માથે તાલાં પડતાં જાય.
ફૂલણજી ફૂલી ફાલકા થાતા, દાતા માંહીં ગણાય,
ઘરનાં છૈયાં ચાટે ઘંટી, લોટ પાડોશી ખાય;
મૂરખ માથે ન શિંગડાં થાય.
સાંકડી બુદ્ધિ ને આંકડા લાંબા, શેઠનાં નામાં થાય,
દેવું દીધા વિના રોકડ ટાંકી, ધન જોઈ હરખાય;
એમ આંધળે બેહરૂં કૂટાય.
દસ આના લઇ રૂ વેચ્યું ને, દસ ટકા ઢસડાય,
વ્યાજની આશે નાણાં મૂકયાં, નાણાં મુળગાં જાય;
સ્હામા એકના દસ તણાય.

—દિવાનો.

## હિંદનો વ્યાપાર.

ગઝલ — જતાં વેપાર પર હાથે, દશા થઇ હિન્દની તેમાં;
મળે છે કાંકરા આજે, થતું સોનું હતું જેમાં.- ૧

સાખી — સોનું તો સપનું થયું, લોઢાનોય દુકાલ,
છકરોડથી અધિકતે, ખેંચી જાય દરસાલ;
નથી સોનું નથી લોઢું, નફો તો કહો રહ્યો કેમાં?-મળે છે૦ ૨

સિગારેટ તંબાકુ એ, નાની ચીજ જણાય,
છતાં ચળકતા રૂપિયા અર્ધ કોટિ લઇ જાય;
દીધા પૈસા બળી છાતી, નફો શું મેળવ્યો તેમાં?-મળે છે૦ ૩

પાણી મૂલે ચામડાં, વિલાત અહીંથી જાય,
બુટ પકડવા હિન્દીની, બૂટ બની આવે આંહ્ય;
અરેરે રૂપિયા લઈ જાય, જોડા મારીને તેના;
મળેછે કાંકરા આજે, થતું સોનું હતું જેમાં.-મળે છે૦ ૪

--દિવાનો

## વાર્ષિક સરવૈયું.

સંવત્સરી એ વાર્ષિક પર્વ ગણાય છે. તે પર્વને અંગે જે જે ક્રિયાઓ કરવાની શાસ્ત્રકારોએ બતાવી છે, તે ક્રિયાઓ જો યથાર્થ રીતે કરવામાં આવે તો આત્માની સર્વાંશે ઉન્નતિ થઇ શકે છે, તેથી એ પર્વની મહત્તા જૈન શાસ્ત્રમાં સર્વથી અધિક વર્ણવેલી છે.

જેઓએ કાંઇ પણ વિદ્યાભ્યાસ કર્યો હોય અથવા જ્ઞાન પ્રાપ્ત કર્યું હોય તેવા સર્વ મનુષ્યો, પોતાની ગણના પ્રમાણે જ્યારે પોતાનું વર્ષ સંપૂર્ણ થાય છે ત્યારે પોતાની આવક જાવકનો હિંસાબ તપાસી વર્ષમાં દ્રવ્ય સંબંધી થયેલા નફા-ટોટાનો વિચાર કરેછે, અથવા વેપારી દૃષ્ટિએ કહીએ તો વર્ષનું સરવૈયું તપાસેછે. એ તપાસવાનું કારણ વિચારીએ તો એટલુંજ જણાશે કે દ્રવ્ય સંબંધી સ્થિતિમાં થયેલી લાભ-હાનીનાં કારણો તપાસી પુનઃ લાભ વધે અને હાનિ ન થાય તેવી રીતે વ્યવસાય-વ્યાપારની વ્યવસ્થા કરવી. જેમ વર્ષાંતે દ્રવ્યની લાભ-હાનિનું સરવૈયું તપાસાય છે, તેમ સંવત્સરી એ વાર્ષિક પર્વ-ધર્મપર્વ હોવાથી એ પર્વને દિવસે તે વર્ષમાં આત્માને શું લાભ હાનિ થઇ છે તેનું સરવૈયું તપાસવાનું છે. હાનિના કારણે વિચારી તેને માટે પશ્ચાત્તાપ કરી પુનઃ હાનિ ન થાય અને લાભના કારણો વિચારી તેનું અનુમોદન કરી પુનઃ વધારે લાભ મલે તેવા ઉપાયોની યોજના કરવાની છે. દ્રવ્યની લાભ હાનિ એ વ્યવહારિક અને આ ભવ આશ્રયી છે કારણ કે મૃત્યુ પછી એ

દ્રવ્ય કાંઇ ઉપયોગનું નથી તેમ આત્માની ઉન્નતિમાં સહાયક નથી. પાપ પુણ્યથી હાનિ વૃદ્ધિ પામનારૂં આત્મ દ્રવ્ય એ દરેક ભવને માટે ઉપયોગનું છે અને અંતિમ સાધ્ય જે મોક્ષ તે પણ તેની વૃદ્ધિ થયે પ્રાપ્ત થાય છે. સંવત્સરી-વાર્ષિક પર્વમાં તે સરવૈયું તપાસવાનું છે તેથીજ તે પર્વ સર્વોત્તમ પર્વ ગણાય છે.

એ પર્વને અંગે આઠ દિવસ ઉત્સવના નિર્માણ થયેલા છે તે પર્યુષણ કહેવાયછે. પરિ ઉપસર્ગ અને વસ્ ધાતુ એ બેને સંયોગે પર્યુષણ શબ્દ થાય છે. પરિ ઉપસર્ગ અને તેનો ભાવાર્થ આત્મા સમીપે વિશેષ રીતે વસવું એવો થાય છે. વિશેષ આત્મધ્યાન આત્માની ઉન્નતિ અને કર્મની નિર્જરા થાય તે હેતુથી એ દિવસોમાં કલ્પસૂત્રશ્રવણ, અમારિપાલન, અટ્ઠમાદિ તપ, ચૈત્યપ્રવાલિ, સંવત્સરી પ્રતિક્રમણ, ક્ષામણા, પૂજા, પ્રભાવના, દાન અને સ્વામીવાત્સલ્યાદિ ક્રિયાઓ કરવાની છે. તેમાં પણ સંવત્સરી પર્વ નિમિત્તે પ્રતિક્રમણ અને ક્ષામણા એ બે ક્રિયા તો અવશ્ય કરવા લાયકછે. પ્રતિક્રમણ અને ક્ષામણા એજ એ પર્વનો મુળ હેતુ છે; કારણ કે તે બે ક્રિયામાં આખા વર્ષમાં મન વચન કાયાથી જાણ્યે અજાણ્યે થયેલાં કાર્યોના ગુણદોષ તપાસી તેને માટે પશ્ચાત્તાપ અનુમોદન કરી દોષનો ત્યાગ અને ગુણનું અધિક ગ્રહણ થાય તેવી પ્રવૃત્તિ વિશેષ રીતે કરવાની છે.

પર્યુષણના દિવસોમાં કલ્પસૂ શ્રવણાદિ ઉપર ગણાવેલી શુભ ક્રિયાઓ પુણ્યપ્રાપ્તિ અને કર્મની નિર્જરા, એ હેતુએ જે રીતે કરવા શાસ્ત્રકારોએ કહ્યું છે તે રીતિમાં-અજ્ઞાનતા, રૂઢિ, ધર્મ ગુરૂઓના ઉપદેશની ખામી, કેવળ ક્રિયા ઉપર ભાર મુકી જ્ઞાન સહિત ક્રિયા કરવાની ઉપેક્ષા, વ્યવહાર અને નિશ્ચય બંને સમાન ઉપયોગી હોવા છતાં વ્યવહારની મુખ્યતા અને નિશ્ચય ઉપર કેવળ દુર્લક્ષ, મુનિજનો અને શ્રાવકોના વિચારબળમાં સંકુચિતતા અને કેટલાએક પ્રતિકુળ સંજોગો વગેરે કારણોથી-ફેરફાર થઇ ગયોછે એટલુંજ નહિ પણ કેટલી એક ક્રિયાઓમાં તો એટલો બધો ઉલટ પુલટ ભાવ થઇ ગયો છે કે જે હેતુએ તે ક્રિયાઓ કરવાની છે તે હેતુ યથાર્થ સચવાતો નથી. આ બધી ક્રિયાઓ વિષે વિવેચન કરતાં લેખનો વિસ્તાર વધી જાય-અત્રે સંવત્સરી પ્રતિક્રમણ અને ક્ષામણા એ વિષેજ વિચારશું.

પ્રતિક્રમણ એ એવી અદ્વિતીય ક્રિયા છે કે તે જો બરાબર સમજીને ઉપયોગપૂર્વક કરવામાં આવે તો કરનારનું પરમ કલ્યાણ થઇ શકે. જૈન શિવાય અન્ય ઘણા ધર્મો જગત્માં વિદ્યમાન છે પરંતુ જૈન સંપ્રદાયમાં પ્રતિક્રમણ ક્રિયાની જે પ્રનાલિકા છે તેવી કોઇ પણ ધર્મમાં નથી. પોતાના માન્ય ઇષ્ટદેવની પૂજા અને તે નિમિત્તે થતાં ખર્ચો, ઉત્સવો, ગુરૂભક્તિ, યાત્રા, સ્વધર્મીઓનું આતિથ્ય વગેરે ઘણી ધાર્મિક ક્રિયાઓ હોય છે; પણ દિવસ અને રાત્રીમાં કાયાથી જે જે કાર્યો કરવામાં આવ્યાં હોય, વચનથી જે જે બોલાયું હોય અને મનથી જે જે વિચારાયું હોય-તે સર્વને યાદ લાવી તેના વિષે વિચાર કરી, તેના ગુણ દોષનું સરવૈયું મુકી થયેલા દોષને માટે પશ્ચાત્તાપ, થયેલાં સત્કાર્યો અને સદ્વિચારોનું અનુમોદન અને પુનઃ દોષ ન થાય તેને માટે જાગૃતિ એ હેતુથી કરવામાં આવતી પ્રતિક્રમણ

જેવી ક્રિયા અન્ય મતોના અનુયાયીમાં નથી, દિવસે થએલા દોષોને માટે દેવસિ અને રાત્રીમાં થયેલા દોષોને માટે રાત્રી (રાઇ) પ્રતિક્રમણ છે. દિવસ અને રાત્રીના પ્રતિક્રમણ ન થયા હોય અથવા તેમાં દોષોની યથાર્થ આલોચના થઈ ન હોય માટે પંદર દિવસે પાક્ષિક, ચાર માસે ચાતુર્માસિક અને આખા વર્ષને માટે સંવત્સરી પ્રતિક્રમણ કરવાનું છે. આ ક્રિયા એવી છે કે તેનાથી થયેલા દોષોની નિવૃત્તિ થઇ કર્મની નિર્જરા થાય છે અને પુનઃ દોષ ન થાય અથવા એવા સંજોગ પ્રાપ્ત થઇ જાય તોપણ મન વચન કાયાને અંકુશમાં રાખવાની ટેવ પડી જાય છે.

પ્રતિક્રમણ એ જૈન મતના અનુયાયીઓને અવશ્ય કરવા લાયક ક્રિયા છે, અને તેથીજ તેનું ખરૂં નામ અવસ્યક ક્રિયા છે. સાધુઓ અને સુશ્રાવકો તે ક્રિયા નિરંતર કરે છે જ, પણ જેઓથી તેમ નથી બની શકતું તેવા સર્વ શ્રાવકો સંવત્સરી પ્રતિક્રમણમાં આખા વર્ષમાં મન વચન કાયાથી જાણ્યે-અજાણ્યે થયેલા પાપોને યાદ લાવી તેનું શુધ્ધ હૃદયે ઉપયોગપૂર્વક આલોચન, તેને માટે પશ્ચાત્તાપ, તેના ક્ષય માટે કાયોત્સર્ગ તપ કરી દોષની નિવૃત્તિ કરવાની છે અને પુનઃ તેવા દોષો ન થાય તેને માટે મનન કરી તેવે વખતે મન વચન કાયા અંકુશમાં રહી શકે તેવી જાગૃતિ ધારણ કરવાની છે.

સંવત્સરી પર્વને દિવસે એવી બીજી અવશ્ય કરવા લાયક ક્રિયા તે ક્ષામણા છે. આખા વર્ષમાં જે કોઈ મનુષ્ય, ગમે તો તે સ્વધર્મી હોય અન્યધર્મી કે હોય તેની સાથે, અથવા તો સર્વ જીવ સાથે જે કાંઇ વૈર વિરોધ થયો હોય, આપણાથી જાણ્યે અજાણ્યે તેનું કાંઇ અનિષ્ટ થયું હોય તેને માટે તેની શુધ્ધ હૃદયે ક્ષમા માગવી અને બીજાએ આપણી પ્રત્યે તેવું કાંઇ અનુચિત વર્તન કર્યું હોય તેને શુધ્ધ હૃદયે માફી આપવી અને થયેલા વૈર વિરોધ શમાવવા તથા પુનઃ વૈર વિરોધ થવાનો પ્રસંગજ ન આવવા દેવો તેને માટે ક્ષામણાની ક્રિયા છે.

આ બંને ક્રિયાઓ અપૂર્વ છે, ખરી સમજપૂર્વક શુધ્ધ રીતે કરવામાં આવે તો આત્માને ઉન્નત સ્થિતિએ પહોંચાડનારી છે, જૈન માર્ગનું શ્રેષ્ટત્વ સૂચવનારી છે અને આખા વર્ષમાં થયેલા ગુણદોષના સરવૈયા રૂપ છે.

જે બે ક્રિયાના હેતુઓ આવા ઉત્તમ છે તે ક્રિયાઓ હાલમાં મોટે ભાગે જાણે એક રૂઢિ હોય તેમ ગાડરીઆ પ્રવાહની જેમ સમજ વિના કરવામાં આવે છે. અશુધ્ધ ઉચ્ચાર, અર્થનું અજ્ઞાન અને ક્રિયાના હેતુની અણસમજ બહોળે ભાગે જોવામાં આવે છે. શુધ્ધ ઉચ્ચાર, અર્થનું જ્ઞાન અને હેતુની સમજણપૂર્વક આદર અને ઉપયોગ સહિત પ્રતિક્રમણ કરનાર કોઇ વિરલજ હોય છે. ક્રિયા કરતી વખતે પોતે શું કરે છે તેનું જ્ઞાન ન હોવાથી ઘણા ઉંઘે છે, કોલાહલ કરી મુકે છે, ક્રિયાની ઉત્તમતા-શ્રેષ્ઠતાનો ખ્યાલ પણ હોતો નથી અને દોષોના નિવારણને બદલે કવચિત્ દોષોનું સેવન પણ થતું જણાય છે. શ્રાવકોમાં આ સ્થિતિ છે એટલુંજ નહિ પણ મુનિવર્ગમાં પણ કવચિત્ એવું જણાય છે.

ક્ષામણા વિષયે પણ એમજ થયું છે. મૂળ તો જૈન ધર્મના અનુયાયીઓએ જેમ બને તેમ કષાય ઓછા કરવા એવી જ્ઞાનીઓની આજ્ઞા છે; તેમ છતાં જાણ્યે અજાણ્યે થઇ જાય તો તેના નિવારણ અર્થે આવી ઉત્તમ ક્રિયાઓની યોજના કરી છે અને તે પણ નીખાલસ મનથી સમજપૂર્વક કરવા ફરમાવ્યું છે. હાલતો ક્ષામણા એ એક વ્યાવહારિક રૂઢી હોય એમ થઇ ગયું છે. કેટલીક વખતે તો 'આજથી ખાતું સરભર થયું હવેન વે નામે' એવા ઉપહાસના શબ્દો અજ્ઞજનો તરફથી બોલાતા સંભળાય છે. પ્રતિક્રમણ વખતે દેખાદેખીએ સકળ સંઘને ક્ષમાવવામાં આવે છે અથવા પ્રતિક્રમણમાં સાથે ન હોય તેવા સંબંધીઓને તે પછી ક્ષમાવવામાં આવે છે પરંતુ તે જાણે એક વ્યવહાર થઇ પડયો હોય તેવી રીતે કરવામાં આવે છે—શાસ્ત્રકારોએ તો સંવત્સરી પર્વને દિવસે વૈર વિરોધ શમન કરી શુધ્ધ હૃદયે સર્વ જીવોને જે ક્ષમાવે તેનેજ આરાધક કહ્યા છે, પણ હાલ તો એજ શાસ્ત્રોનાં માનનાર અથવા અનુયાયીઓમાં—સંવત્સરી પર્વને દિવસે ક્ષામણાની વ્યવહારક્રિયા કર્યા છતાં—પાછળ વૈર વિરોધ એવાને એવા અંતઃ કરણમાં ભરેલાજ હોય છે એવું તેમના વર્ત્તન ઉપરથી દૃષ્ટિગત થાય છે.

જેમ વ્યક્તિ પરત્વે તેમજ સમષ્ટિ પરત્વે પણ કષાયોના શમનને બદલે વૃદ્ધિ જણાય છે. જૈન સંપ્રદાયના ત્રણે વિભાગમાં અરસ્પરસ કેટલીક જાતના નિરર્થક કલહો થયાં કરે છે, દરેક ગામના સંઘસમુદાયમાં પણ મતભેદ અને વિરોધ જણાયાં કરે છે અને આખી કોમ તરફ નજર કરીએ છીએ તો એવુંજ દૃષ્ટિગત થાય છે. શ્રાવકો તેમજ મુનિઓનો અગ્રગણ્ય મોટો ભાગ એકજ કક્ષામાં છે. ખરેખરી રીતે જોઇએ તો કોમની આ શોચનીય સ્થિતિ છે. હાલમાં ચાલતી લાલન શીવજીની ચરચા તથા આણંદજી કલ્યાણજીની પેઢીના બંધારણની ચર્ચામાં સમાજમાં મતભેદ અને છિન્નભિન્નતા, પરસ્પર છતા અછતા દોષના આલાપ સંલાપ, છાપાઓ અને માસિકોમાં નિંદનીય લેખો, કિલષ્ટ લજ્જાસ્પદ અને સંઘના અગ્રગણ્ય પુરૂષોના અનાદર અને નિંદા, મુનિવર્યો જેમની સર્વજનો પ્રત્યે સમદૃષ્ટિ રાખી શાંતિ ફેલાય તેવી ધર્મદેશના આપી કોમને ધર્મકાર્ય અને પ્રગતિ તરફ દોરવાની ફરજ છે તેમનું પણ અમુક અમુક પક્ષ તરફનું વલણ, કોમને હાનિ કરનારી કોર્ટોની લડત, વિરોધીની ગણનામાં આવેલા સ્વધર્મીને પણ તેના પૂર્વ કાળના દોષો શોધી જેલમાં મોકલાવવાની વૃત્તિઓ, કોર્ટના કેસોમાં ધર્મીષ્ટ અને અગ્રગણ્ય પુરૂષોની સત્યાસત્ય મિશ્ર સાક્ષ્ય, મુનિ સમુહમાં પણ અરસ્પરસ દેખાતાં અભાવ, આણંદજી કલ્યાણજીની પેઢીના બંધારણમાં પોતાનાજ મત પ્રમાણે કરવાનો મમત્વ, સામાન્ય જનસમુદાયના મતની અવગણના આવાં અનેક કારણો કોમની અંદર વિરોધ અને કષાયની વૃદ્ધિ સૂચવે છે. અંતરંગ જાણવા તો આપણે શક્તિમાન્ નથી પણ બાહ્ય દેખાવથી આવું અનુમાનાય છે અને તે મધ્યસ્થ, ધર્મરાગી, કોમના ઉત્કર્ષને ચહાનારા દરેક માણસને ખેદ ઉત્પન્ન કરાવે છે. મૈત્રી, કરૂણા, પ્રમોદ અને માધ્યસ્થ એ ચાર ભાવનાઓ વર્ત્તનમાંથી નીકળી પુસ્તકોની લીટીમાં, વ્યાખ્યાનની શૈલિમાં, લેખકોના લેખમાં અને ભાષણકર્ત્તાઓનાં ભાષણમાં દૃષ્ટિગત થાય છે અને તે કોમને દરેક રીતે અવનતિકારક છે.

જે દર્શનમાં મહાવીરાદિ પૂજ્ય તીર્થંકરોએ પોતાની વિરૂધ્ધ બોલનારા અને પોતાને ઉપસર્ગ કરી અનેક જાતનાં કષ્ટ આપનારા પ્રત્યે ક્ષમા રાખી ક્ષમા એજ ધર્મનું ભૂષણ છે એમ દાખવ્યું છે, જે દર્શનમાં અનેક મુનિજનોએ પોતાનું અનિષ્ટ કરનાર અને પોતાને મરણાંત કષ્ટ આપનાર પ્રત્યે ક્ષમા રાખી શ્રેય સાધ્યાના દષ્ટાંતો મોજુદ છે અને જે દર્શન ક્ષમા અને વિનયને પ્રાધાન્ય આપે છે, તે દર્શનના અનુયાયિમાં હાલ જે કષાય દૃષ્ટિગત થાયછે તે ખરેખર ધર્મચુસ્તતામાં ખામી દેખાડનાર છે. તેના નિવારણ માટે શ્રાવકો, મુનિજને, અને અગ્રણિઆ તરફથી જે ઉલટા ઉપાયો લેવામાં આવે છે તેને બદલે ક્ષમા, પ્રેમ, સહનશીલતા, ગુણદૃષ્ટિ વગેરે સદ્દગુણોનો ઉપયોગ કરી કામ લેવામાં આવે તો કષાયો ઓછા થાય, વિરોધ શમે, શાંતિ પ્રવર્તે, ભુલ કરનારને પોતાના વર્ત્તન માટે પશ્ચાત્તાપ થાય, ઐકય વધો કોમના દરેક કાર્યો એકમતે સરલતાથી થઇ શકે અને કોમના શ્રેયના નવાં નવાં કાર્યોનો ઉત્સાહ પ્રકટે.

હાલમાં નજીકમાંજ પર્યુષણ પર્વ આવે છે. આપણા કૃત્યાકૃત્ય-ગુણ દોષનું વાર્ષિક સરવૈયું મુકવાનો અપૂર્વ દિવસ-સંવત્સરી પર્વ આવે છે. તે દિવસે સર્વ જૈનો-મુનિજનો અને શ્રાવકો-પોતાને આ વર્ષમાં થયેલા વિચારો, ઉદ્દગારો અને કાર્યોનું સમ દૃષ્ટિએ શાંતિપૂર્વક અવલોકન કરશે, ભગવાન્ મહાવીરના ફરમાન પ્રમાણે શુધ્ધરીતે પ્રતિક્રમણ અને ક્ષામણા કરશે સ્વધર્મીઓ પ્રત્યેની પોતાની ફરજ સમજશે, મુનિજનો અને અગ્રણિઓ પ્રત્યેનો વિનય સાચવવાનું ધ્યાનમાં લેશે, મુનિજનો અને અગ્રણિઓ સંઘ બહારની શિક્ષાનો ઉપયોગ કરવાને બદલે ક્ષમા, ચાહના અને મોટું મન રાખી શુદ્ધ માર્ગે પ્રવર્ત્તાવવાનો પ્રયત્ન કરશે તો કષાયોનો સત્વર નાશ થશે, વિરોધ મટશે, ઐકય પ્રવર્ત્તશે, કોમની પ્રગતિ થશે અને આપણે સર્વે સાચા જૈનની ગણનામાં આવશું. પરમાત્માની કૃપાથી અને શાસનદેવીની સહાયથી સર્વને સદ્દબુધ્ધિ પ્રાપ્ત થાઓ એવી આશા સહ વિરમશું.

**અમરચંદ ઘેલાભાઈ.**

# નિરાશા.

( ગઝલ )

હમે હાર્યા તમારાથી, હવે ફાંટો નથી બાકી
ગયું પાણી ફુવારાથી, હવે છાંટો નથી બાકી.

બનીને મર્દ પાડી બૂમ, ફાડયા કાન દુનિયાના,
હવે હાથો પડયા હેઠા, નથી ધાંટો રહ્યા બાકી.

નસોમાં ઝેર રેડીને, સુકાવ્યું ખૂન દુશ્મનનું
ગયા તે હાડના સાંધા, હવે કાંટો નથી બાકી,

ગગનભેદી દિવાલોને, ગજાવી અંતરાલે ત્યાં,

તણાયા પાણીમાં પાણા, હવે વાંટો નથી બાકી,
ઉડયા આકાશમાં ઉંચે, ચડયા વાયુતણે ઘોડે,
પડયા હેઠા હજાગેમાં, હવે રાંટો નથી બાકી.
જગત જોશે હજારો, આંખથી ને આંસુડાં લ્હોશે,
નથી તે શું વધુ ખોશે ? હવે આંટો નથી બાકી.

૧૭-૭-૧૨ વસન્ત.

—:o:—

## નિરાધાર દશા.

(પહાડી ગઝલ—સદા સંસારમાં સુખ દુઃખ એ રાહ)

હમારી આંખનાં આંસુ; કોઇ લ્હોનાર નથી
અનેરા કાળજાના ઘા, કોઇ જોનાર નથી—હમારી.

હતા ત્યારે હજારો, હેતથી હાજર થતા તે,
નસોથી લોહી વહેતાં, કોઈ ધોનાર નથી—હમારી.

હમારી જિંદગીમાં, જિંદગી નિજ માનનારા,
હમારા મોતનાં માતમ, કોઇ રોનાર નથી—હમારી.

હમે તો જિંદગી ભરની, સદા ગુલામી કરી,
પ્યારી પળ એક પણ, અમકાજ કોઈ ખોનાર નથી—હમારી.

પ્રીતિની જામ ભરી, પાઇને તૃષા છીપાવી,
સૂકાતા કંઠ માટે, અંજલિ દેનાર નથી—હમારી.

ઉઠાવી પારકા બોજા, હમેં ગરદન ઝૂકાવી,
હમારા પ્રેતનું અહિં, કોઇ ઉચકનાર નથી—હમારી.

૨૨-૭-૧૨. વસન્ત.

## હવે શું કરવું ?

ગઝલ સળગતા આગના ભડકા, હવે તો કંઇ નરમ રાખો—ટેક.
વધી છે આગ એન્જીનમાં, જશે ફાટી સીલીન્ડર એ.
વિચારી વખ્તને મોકો, હવે તેને નરમ રાખો.—
ગૂમાવી લાજ પૂર્વજની, ઉઠયા અંગારિયા કુલમાં,
ડૂબાવ્યો ધર્મ દરિયામાં, હવે તો કંઇ શરમ રાખો;

કરીને કર્મ બહુ હીણાં, અકર્મી આપ કહેવાયા;
નિહાળો કર્મની લીલા, હવે તો કંઇ ધરમ રાખો!
કરી મ્હોડે બહુ બકવા, ટકયું નહિ પેટમાં પાણી;
પ્રયત્ને ધૂળની ધાણી, હવે તો કંઇ ભરમ રાખો;
નસોમાં લોહી ઠંડુગાર, વ્હેતું બંધ શું કીધું?
ધડકતું દિલ જશે બેસી, હવે કાંઇ ગરમ રાખો!
શિરાઓમાં નથી શોણિત, બળતી આગ ધમનીમાં;
સૂકાયું સત્ત્વ જીવનનું, હવે તો કંઇ મરમ રાખો!
તૂટી છે પાંખ આત્માની, ફૂટી છે પ્રાણની આંખો;
અજલની આફતો સાંખો, હવે તો કંઇક દમ રાખો!
લથડતા પાય રસ્તામાં, ધડકતું કંપતું હૈયું;
મીંચાતી આંખ ઉઘાડો, જીગરમાં કંઇક દમ રાખો!

તા૦ ૩ ૭-૧૨
વડગાદી

वसन्त.

# હવે કયે રસ્તે જઇશું?

Religion is use; Jainism is a *Life* and the virtues do not exist at all except in as far as they are being translated into daily aud honrly practice.

ભગવતી લેખિનીને થોડાં વરસો માટે છેલ્લી સલામ કરવા પહેલાં શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ હેરલ્ડના ખાસ અંક માટે કાંઇક લખવાનું આમંત્રણ સ્વીકારતાં મ્હને હર્ષ થાય છે. પરન્તુ એ છેલ્લું 'કંઇક' કયા વિષય પરત્વે હોય તો વધારે ઠીક એ પ્રશ્નપર વિચાર કરતાં મ્હને એમ પ્રેરણા થાય છે કે જે જૈન વર્ગનો અનુભવ કરવા મ્હને લાંબો વખત મળ્યો છે તે જૈનવર્ગની વસ્તુસ્થિતિનું સામાન્ય ચિત્ર આપી તે કેવો હોવો જોઇએ એનું આદર્શ ચિત્ર અથવા માર્ગ સૂચન કરવાથી કાંઇક વ્યવહારૂ કાર્ય કર્યું ગણાશે. અત્રે અપાતું ચિત્ર જૈનના કોઈ એક પેટાવર્ગનું નહિ પણ સામાન્યતઃ સમસ્ત જૈનવર્ગનું અપાશે, તેમજ સૂચવાતું આદર્શ ચિત્ર પણ અમુક પેટાવર્ગને ઉદ્દેશીને નહિ પણ ચૌદલાખ ગણાતા જૈનવર્ગને ઉદ્દેશીનેજ આપશે, એટલું પ્રારંભમાં સુચવવાની જરૂર છે.

જૈનધર્મ અને જૈન ધર્માનુયાયીઓના ઉદય માટે આજકાલ અનેક રસ્તા લેવાય છે, અને અનેક સૂચવાય છે. પરન્તુ જૈનવર્ગમાં આજે કોઇ seer (ગુપ્તદૃષ્ટિવાળા પુરૂષો)ન હોવા-

થી, તેમજ દુનીઆના બીજા દેશો અને બીજા ધર્મોવાળા જે જે રસ્તા લેતા ગયા છે અને તે દરેક પ્રયોગોમાંથી જે લાભાલાભ પામતા ગયા છે તે સર્વનો અભ્યાસ કરવાની દરકાર જૈનોમાં નથી તેથી, દેશ-કાળાદિ અનુકૂળ છતાં જૈનવર્ગની ઉત્ક્રાન્તિને વેગ મળી શક્યો નથી.

જે સમાજમાં માણસે રહેવું હોય—ખાસ કરીને 'સુખી' રહેવું હોય તે સમાજ, તે સમય અને તે પરિસ્થિતિઓનો અભ્યસ કરવાની ત્હેને એટલીજ જરૂર છે, કે જેટલી જરૂર ત્હેને પોતાના ગુણ-દોષનો અર્થાત્ પોતાના સ્વભાવનો અભ્યાસ કરવાની છે. અજ્ઞાન એજ મિથ્યાત્વ છે; અને પરિસ્થિતિઓ તરફ બેહેરા કાન કરવા એ પ્રથમ દરજ્જાનું નાહિ તો બીજા દરજ્જાનું અજ્ઞાન તો ગણાયજ. એવી અજ્ઞાન દશામાં રહસ્યપૂર્ણ સમ્યક્ત્વ કેવી રીતે સંભવે ? અને સમ્યક્ત્વ વગર માણસ પોતાનો કે સમાજનો ઉધ્ધાર શી રીતે કરી શકે ? હવે જો પરિસ્થિતિઓનો અભ્યાસ એ 'સમ્યક્ત્વ'ના એક પેટાભાગ હોય—'જ્ઞાન'નો એક પેટાભાગ હોય તો કોઇપણ ઉચ્ચાશયવાળા જૈનબન્ધુને ('શ્રમણ'ને કે 'શ્રમણોપાસક'ને) પોતાના 'ઘર'ની અને પોતાની આસપાસ દેખાતા જગત્ની પ્રકૃતિનું અને પ્રગતિનું અધ્યયન કર્યા સિવાય કેમ કરી ચાલી શકે ? માટે પોતાના સમાજના ગુણ-દોષ બારીક પરન્તુ પ્રેમમય દૃષ્ટિએ જોવા એ દરેક સુજ્ઞ શ્રાવક તેમજ મુનિને માટે જરૂરનું છે તેટલુંજ બીજા સમાજોના અનુભવોપરથી પોતાનો માર્ગ સરળ કરવો એ પણ જરૂરનું છે.

સઘળા દેશો અને સઘળા ધર્મો આસ્તેઆસ્તે નવું નવું શીખતા જાય છે, અને જડ-વાદમાંથી ચેતનવાદમાં આવતા જાય છે. અને આ કાળમાં તો ખાસ કરીને જૈનેતર આર્યો અને યુરોપીઅન જિજ્ઞાસુઓ અધ્યાત્મવિદ્યા અને સંસારસુખનાં સાધનો એમ બન્ને રસ્તે ઘણી પ્રગતિ કરતા જોવાય છે. સિધ્ધિને માટે જે માનસિક નિર્મળતા અને માનસિક બળની જરૂર જૈનો સ્વીકારે છે તે મનના આરોગ્ય માટે અને બુદ્ધિના વિકાસ માટે અનેક શોધો થવા લાગી છે, કે જેનાથી જૈનવર્ગ પ્રાય: સમ્પૂર્ણતઃ અજ્ઞ છે. Psychology(માનસશાસ્ત્ર) આગળ વધતું જાય છે, જેને પરિણામે ધર્મની ગુપ્ત વાતો કે જે અર્થ વગરના શબ્દો તરીકે જ સંગ્રહી રાખી છે તે પર 'જીવતો પ્રકાશ' પડે છે. શરીર રચનાની બારીક તપાસ થવા-થી અનેક યોગાસનોમાં રહેલું રહસ્ય સમજમાં આવવાના પરિણામે શરીર અને મનને લગતાં દરદો માત્ર અમુક nerves(સ્નાયુ)ને ગતિમાં મૂકવાની કસરતથીજ મટાડવાનાં શાસ્ત્રો રચાયાં છે. સ્થુલ અથવા ઔદારિક દેહને નિદ્રામાં નાખી સૂક્ષ્મ દેહ વડે અનેક અનુભવો પાળવાની વિદ્યા ખીલતી જાય છે. આમ ચોતરફ સિદ્ધિ કે મોક્ષને માટે જિજ્ઞાસુઓ ઉદ્યમ કરવા લાગ્યા છે અને 'માગે તેને મળે એ કહેવત મુજબ તેમને માગેલું' સઘળું નહી તો ટુકડો પણ મળે છે ખરો. આ વસ્તુસ્થિતિમાં આપણે જૈનો માત્ર જૂના જમાનાનાં શાસ્ત્રો-ના શબ્દોને—માત્ર શબ્દોનેજ વળગી રહી આખી દુનીઆ તરફ પીઠ કરીએ તો આપણી પ્રગતિ કેવી રીતે થઇ શકે? 'સૂત્રો' માત્ર સાધુજ વાંચી શકે એવી અમુક પક્ષની માન્યતામાં જો કાંઇ સત્ય હોય તો તે એ છે કે, 'સૂત્ર'માં અનેક રહસ્યો રહેલાં છે, અનેક અપેક્ષાઓ



RAO BAHADUR SETH SIR VASANJI TRIKAMJI J. P. KT.

રા. બા. શેઠ સર વસનજી ત્રીકમજી જે. પી. નાઇટ.

રહેલી છે અને તે સૂત્રપાઠ ઉપરની ત્વચા વગેરે આસ્તેથી દૂર કરી તે શરીર અંદરના કોઇ અગમ્ય ખૂણે છુપાવવામાં આવેલું 'મર્મસ્થાન' શોધી કહાડી બતાવવું એ એક કઠીઆરાનું કે લુવારનું નહિ પણ ચાલાક શસ્ત્રવૈદ (physician)નું કામ છે; એ કામ તદ્દન પવિત્ર 'ભાવ'વાળા અને આંતર દૃષ્ટિવાળા પુરૂષ (Seer) થીજ યથાર્થ બની શકે તેમ છે. આપણ સર્વે માત્ર સૂત્રપાઠના દેખીતા અર્થનેજ વળગી રહ્યા છીએ અને અંદર છૂપાયલા 'મર્મ'ને શોધવાના પ્રયાસને 'મિથ્યાત્વ' ઠેરવીએ છીએ, એ આપણી મ્હોટામાં મ્હોટી ભૂલ છે અને તેથી આપણે આત્મશક્તિ તો દૂર રહી પણ માનસિક શક્તિઓ (મનોબળ) પણ મેળવી શકીએ તેમ નથી. અગાઉના વખતમાં સાધુ વર્ગમાં અનેક seers (આંતર દૃષ્ટિવાળા પુરૂષો) હતા ત્હેમના સહવાસથી આવું જ્ઞાન પ્રાપ્ત થઇ શકતું. ગુપ્ત શકિતઓ તે વખતે પ્રાયઃ 'ભકિત' દ્વારા મળતી અને 'જ્ઞાન'ને રસ્તે બહુ પ્રયાસ કર્યા સિવાય પણ અર્થસિદ્ધિ થતી; કારણ કે 'જ્ઞાનયોગ' તેમજ 'ભકિતયોગ' બન્ને એકજ લક્ષબિંદુએ પહોંચાડનાર માર્ગ છે. અર્થપ્રાપ્તિ અથવા સિદ્ધિ માટે મુખ્ય ત્રણ રસ્તા છે, જેમાંના 'ભકિતયોગ' નામના રસ્તા માટે તે વખતનો જમાનો વધારે અનુકૂળ હતો; બીજો રસ્તો 'જ્ઞાનયોગ' નો છે કે જે રસ્તે જનારો માણસ વિવિધ પ્રકારનાં જ્ઞાન મેળવવાનોજ ઉદ્યમ કરે છે અને એ જ્ઞાનો વડે આત્મપ્રકાશ પામેછે, અને ત્રીજો રસ્તો પ્રાણીમાત્રની સેવા–પરમાર્થનો અથવા 'કર્મયોગ'નો છે, કે જેમાં માણસે કોઈપણ જાતના ફળની આશા વગર માત્ર આત્માની સગાઇ ખાતર- પ્રેમ ખાતર–ભલાં કર્મોમાં રહેલી સ્વાભાવિક 'ભલાઇ' ખાતરજ સત્કર્મો કર્યાં કરવાનાં છે અને એવી નિર્મળ પ્રેમમય ભલાઇઓ ખાતર અહંપણાને ભૂલવાનો મહાવરો પડવાથી કોઇ વખત એવો આવશે કે જ્યારે ત્હેના અંતરમાં આત્માનુભવનો પ્રકાશ પ્રગટી નીકળશે.

હવે આપણે તપાસ કરો કે આપણા જૈનવર્ગમાં ઉપર કહેલા જ્ઞાનયોગ કે ભક્તિયોગ કે કર્મયોગનુ સેવન કેવી રીતે અને કેટલે અંશે થાય છે. જૈનો શ્રમણ અને શ્રમણોપાસક એવા બે વર્ગમાં વહેંચાયલા છે, તે પૈકી શ્રમણ અથવા સાધુ વર્ગમાં આ ત્રણ પૈકી એકેનું અસ્તિત્વ છે કે કેમ તે તપાસીએ. જ્ઞાનયોગ અથવા જ્ઞાનમાર્ગ કે જેનો આપણે જૈનો સૌથી વધારે ગર્વ કરીએ છીએ અને 'પ્રથમ જ્ઞાન અને પછી દયા' એ અર્થના શાસ્ત્રપાઠને વારંવાર ઉચ્ચારીએ છીએ તે અસલ 'જ્ઞાન' વાત તો દૂર રહી પણ તે જ્ઞાન જે શસ્ત્રોમાં સંગ્રહવામાં આવ્યું છે ત્હેની ભાષા સમજવા જેટલી શક્તિ પણ સેંકડે ૭૫ ટકા જેટલા શ્રમણોમાં નથી, તો તે શબ્દોની અંદરના 'મર્મ'ની સમજ તો કહાંજ રહી?—રે પચાસ ટકા જેટલાને તો **માતૃભાષામાં** પણ એક ન્હાનો લેખ લખતાં કે પોતાના વિચારો સ્પષ્ટતાથી સમજાવતાં આવડતું નથી. સ્વતંત્ર મનનથી ઉત્પન્ન થયેલો એક પણ ગ્રંથ આધુનિક સાધુની કલમથી લખાયલો જોવામાં આવતો નથી. ગ્રંથોના ઉતારા, ખંડનમંડન કે બહુ તો અપૂર્ણ ભાષાંતર કોઈ કોઇ સાધુની કલમથી લખાતાં નજરે પડે છે. યોગ, અધ્યાત્મ કે એથી ઓછો કઠીન વિષય વ્યવહારૂ નીતિના વિષયો ઉપર પણ તેઓએ ધોરણસર અભ્યાસ કર્યો નથી. અને એટલા જ્ઞાનભંડોળને આપણું સર્વસ્વ માની-'કૈવલ્ય જ્ઞાની'ના આપણ પુત્રો

સંતુષ્ટ રહીએ, ત્યાં ઉદયની આશા કેવી રીતે રાખી શકાય? અરે જૈનધર્મને એક તો ગ્રંથ કોઇ આધુનિક સાધુએ રચેલો બતવો કે જે વાંચીને કોઇ અન્યધર્મી જિજ્ઞાસુ જૈન ધર્મનું રહસ્ય-તત્વનું રહસ્ય સમજી શકે? ખુદ જૈન વિદ્યાર્થીઓ માટે 'વાંચનમાળા' પણ હજી રચાઇ નથી એજ, જૈનસાધુઓ જ્ઞાનયોગમાં કેટલા આગળ વધ્યા છે તે બતાવી આપે છે. જ્ઞાનપ્રાપ્તિ માટે એકાંત, હરેક પ્રકારની ખટપટથી વિરકત અને શાન્ત—નમ્ર-સતત ઉદ્યમી પ્રકૃતિની જરૂર છે, કે જે જૈનસાધુઓમાં થોડાજ માનવંતા દાખલાઓમાં જોઇ શકાય છે. શ્રાવક વર્ગે હ્હેમને અઘટીત મહત્વ અને ન જીરવી શકાય તેવું માન આપી અનેક ઉપાધિઓમાં લચપચ કરી મૂકવાથી અને જ્ઞાનયોગના જિજ્ઞાસુ માટે જે લાયકાતો જોઇએ તે મેળવવા પહેલાં એમને દીક્ષા આપી દેવાની ઉતાવળ કરેલી હોવાથી જૈન સાધુવર્ગ 'જ્ઞાન યોગ'ને માર્ગે પ્રગતિ કરી શકતો નથી. 'કર્મયોગ'ને વાસ્તે-'અહં'ને મુદ્દલ વિસારી ભલાઇ ખાતર ભલાઇઓ કરવાના યોગને વાસ્તે તો આધુનિક શ્રમણવર્ગમાં આશા રાખવી ફોકટ છે; કારણ કે જે ગણ્યાગાંઠયા પૂજ્ય પુરૂષો ખટપટો અને નિંદાઓથી દૂર રહેવા જેટલી ભલાઇ શીખી શકયા છે તેઓ. પણ 'વાડા'ની કે 'ગચ્છ'ની કે પંડની મ્હોટાઇના 'રાગ'થી મુક્ત થઇ શકયા નથી. 'ભકિત' ને 'રાગ' સાથે વેર છે; એને તો 'પ્રેમ' સાથે સગાઇ છે, એક પુરૂષ એક પંથ પાળતો હોય અને ત્હેને માટે તનતોડ મહેનત કરતો હોય, પરન્તુ તે માત્ર ત્હેમાં ત્હેને 'રાગ' હોવાને લીધે અર્થાત્ પોતે ને પંથનો 'ઉધ્ધારક' ગણાશે અગર પોતાને અમુક બીજો લાભ થશે એવી આશાથી તે મહેનત કરતો હોય તો જ્યારે ત્હેને ત પંથના લોકો નિંદવા લાગશે ત્યારે અગર ધારેલો લાભ થવાથી આશા ટુટશે ત્યારે તે તે પંથ છોડી સામા પંથમાં ભળવા દોડશે. પણ જે ખરો 'કર્મયોગી છે તે કદી 'ઉદ્ધારક' તરીકે ખપવાની કે બીજા કોઇ પરિણામની આશા રાખશે નહિ,તે વિરૂધ્ધ પરિણામો માટે ખેદ કરવા થોભશે નહિ, કામથી થાકશે નહિ—એને સર્વ કાર્યો મનુષ્ય પ્રાણીપરના નિર્મળ પ્રેમ ખાતર કરવાં ગમશે અને તે ઘડી પણ નવરો બેસવાનું પસંદ નહિ કરે. 'કર્મયોગ'એ ક્ષત્રીયોના બાપનો છે. ઘા સહન કરવા છતાં ચુંકારો કરવો નહિ, ઘરમાં ખાવા ધાન ન હોય પણ મુછપર હાથ દઇને ફરતી વખતે ગૌ-બ્રાહ્મણ કે સ્ત્રીના રક્ષણ માટે લડી પ્રાણદાન આપવા વગર-આમંત્રણે દોડવું, શિર કપાય તો પણ ધડથી લડયા કરવું એવો ઉદાર સ્વભાવ કર્મયોગીનો છે. 'વાડા'ઓ વધે કે ટુંકા થાય, પોતાને લોકો 'મહાપુરૂષ' કહે કે 'મિથ્યાત્વી' કહે, 'આચાર્ય'પદ મળે કે 'ગચ્છબહાર'ની શિક્ષા ભોગવવી પડે પણ વેંટા જેટલી અક્કલવાળા સમાજને ખરે વખતે ખરી સલાહજ આપવી અને સત્ય જણાવવાની જરૂર વખતે અર્ધ સત્ય કે માર્મિક સત્ય ન કહેવું એવા 'કર્મયોગી' સાધુ જૈનવર્ગમાં આજે કેટલા હશે ત્હેનો હિસાબ કરવાનું કામ આપણે નહિ લઇ પડીએ. હજારો મનુષ્યો દરદોથી રીબાય છે, લાખ્ખો અભણપણાથી દુઃખી થાય છે, કરોડો અન્ન વગર ટળવળે છે. ધન કે તનની શકિતવાળા જે પુરૂષો સાધુપરના રાગને લીધે નુકશાનકારક કે નિરૂપયોગી કામમાં હજારો રૂપીઆ ખર્ચે છે ત્હેમને પેલા દુઃખી મનુષ્યોના ઉદ્ધાર માટે ખર્ચવાની સલાહ આપી રસ્તા સૂચવનારા 'કર્મયોગી' કેટલા હશે? ભગવાને જે "સમય માત્રનો પ્રમાદ ન કરવો"

એવું ફરમાન કર્યું છે તે 'કર્મયોગી'નો 'મુદ્રાલેખ' Motto અથવા ગુરૂમંત્ર છે અને તેથી તેઓ આળસ, અહંપદ, કષાય આદિ અનેક પ્રકારના પ્રમાદોમાં ન પડતાં દરેક પળને નિર્મળ પ્રેમભાવથી થતાં ભલાં કામો વડે શણગારતા રહે છે. જૈનવર્ગને આજે-આ જમાનામાં જે પ્રકારના ગુરૂઓની ખાસ જરૂર છે તે આવા 'કર્મયોગી' સાધુજ. કર્મયોગીઓની પોતાના પંડને લગતી તંગીઓ છેકજ થોડી હોય છે-તેઓ ગમે તે સંજોગોમાં પોતાનો નિભાવ કરી લે છે, અને પોતાને કરવાનાં કામો ઉપર ચોતરફથી વિચાર કરી 'યોજના' ઘડીને તે રસ્તે મચ્યા રહે છે, પછી તે આશય પાર પડો કે ન પડો ત્હેની પણ ચિંતા કરતા નથી, સૂર્યનું કામ પ્રકાશવાનું છે, તેમ તેઓ કર્મ અથવા સત્કાર્યો activity માં પ્રકાશ્યા કરે છે.

અને ભક્તિયોગ તો જૈન સાધુવર્ગમાં (રહ્યો હોય તો) માત્ર મશ્કરી રૂપેજ રહ્યો છે. એક સાધુ બીજા સાધુ પ્રત્યે **બહુમાન** ભાગ્યેજ ધરાવે છે તો **ભક્તિ** ધરાવવાની તો વાતજ શી કરવી ? ગુરૂઓ પણ પોતાના શિષ્યો પોતાનું કેટલું માન રાખશે એ સારી રીતે જાણતા હોવાથી શિષ્યોને ફરમાન કરતાં બહુ બહુ વિચાર કરેછે ! એકકે ફીરકાના કુલ સાધુઓ ઉપર એક સાધુ ઉપરીપણે ઠરાવી શકતો નથી, એજ એમ સૂચવે છે કે 'ભક્તિ' માર્ગનો પ્રાય: છેદ થવા બેઠો છે. આ તો ભક્તિનાં દૃશ્ય રૂપ કહ્યાં; પરન્તુ **જિનરાજની ખુદની ભક્તિ** સાધુવર્ગ કેટલે અંશે કરે છે એ પણ વિચારવા જેવું છે; તથાપિ એ આળી ચામડી પર હાથ ધરવાનું આપણે જતું કરીશું તોજ ઠીક થશે. એટલું કહેવું બસ થશે કે 'ભક્તિયોગ' ના પથિકના મ્હોં ઉપર તેજ, શાન્તિ, ગંભીરતા, સ્મીત હાસ્ય, અને જેની પોતે ભક્તિ કરે છે ત્હેના સર્વશક્તિપણામાં શ્રદ્ધા હોવાને લીધે કૌવત : એટલાં ચિન્હ પ્રત્યક્ષ જણાઇ આવવાં જોઇએ. 'અબધુ સદા મગનમેં રહના' એ વગેરે પદોના લખનારા કાંઈ પોપટ નહોતા પણ સર્વશક્તિમાન્ તત્વના પુરા ભક્ત એવા અધ્યાત્મીઓ હતા. 'ભક્ત' સર્વત્ર સિદ્ધને ભાવે છે. તે હવામાં નજર કરે છે અને ત્યાં સિદ્ધને જોઇ તેનાથી ગોષ્ઠિ કરે છે તે ગૃહસ્થ સાથે વાત કરે છે તો એ કપડાં તળેના શરીરમાં છુપાયલા ભાવી સિદ્ધથી ભેટે છે અને મલકાય છે. એ પોતાનું માથું કાપવા તલવાર ઉગામનારની આંખમાં અદ્રશ્ય સિદ્ધ ભાવે છે અને પોતાની ઉત્ક્રાન્તિને વેગી બનાવવા માટે શ્રમિત થતા તે ભાવી સિદ્ધને પ્રેમથી ભેટે છે. ભક્તિ એ ખરેખર સ્પર્શમાત્રથી કથીરને સુવર્ણ બનાવનાર જડીબુટ્ટી છે; પરમાત્માના ગુણોને લઘુ આત્મામાં ખેંચનાર લોહચુંબક છે, સઘળાં દુ:ખો અને દુશ્મનો સામે વજ્રની ઢાલ છે, સિધ્ધિની અમોઘ ચાવી છે.

જ્ઞાનયોગ, કર્મયોગ અને ભક્તિયોગ જો જૈન સાધુઓમાં આટલે બધે અંશે ન્યૂન હોય તો સાધુવર્ગના અલ્પજ્ઞાન-ગુણને પોતાનું લક્ષ્ય બનાવી રહેલા શ્રાવકવર્ગમાં તેથી પણ વધારે ન્યૂનતા હોય એ સ્વાભાવિક જ છે.

ત્રીસ વર્ષની વય સુધી સમ્પૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરી, ઘરજંજાળથી દૂર રહી, સાંસારિક જ્ઞાનનો અભ્યાસ કરી અધ્યાત્મનો પરિચય કરનારા જ્ઞાનયોગી શ્રાવકો કેટલા નીકળશે?

'સાયન્સ' ના અભ્યાસી કેટલા નીકળશે? Psychology (માનસ શાસ્ત્ર)ના અભ્યાસી કેટલા નીકળશે? સંસ્કૃત-પ્રાકૃત ભાષાનું સારૂં જ્ઞાન મેળવી જૈન મૂલ શાસ્ત્રો વાંચનારા કેટલા શ્રાવક મળશે? યુરોપ અમેરિકાનાં 'રિવ્યુ ઓફ રિવ્યુઝ" અને "ધી માઇન્ડ" જેવાં પત્રોની ઓફિસમાં રહી વ્યવહારૂ જ્ઞાન મેળવી જૈનવર્ગને ખરે રસ્તે દોરવી શકે એવાં ન્યુસપેપર કહાડવાની લાયકાત કેટલા શ્રાવકો ધરાવતા હશે?

રાજદ્વારી, નૈતિક, સ્વદેશી કેળવણીને લગતી, વૈદ વિદ્યાને લગતી સંસાર સુધારાને લગતી, દારૂનિષેધક, માંસાહારનિષેધક, વગેરે વગેરે પારમાર્થિક હીલચાલોમાં ભાગ લેનારા(કર્મયોગી)જૈનો કેટલાહશે? જાહેરનાં નાણાં, ધર્માદાનાં નાણાં, શુભખાતાનાં નાણાં ખાઇ જનારા ચંડાળોની સામે નિડરતાથી અને પરિણામની દરકાર વગર પોકાર ઉઠાવનારા કેટલા હશે?—અરે એવા પોકાર ઉઠાવનાર સામે મીઠી નજરથી જોનારા પણ કેટલા હશે? અમુક પુરૂષોના અહંભાવને કારણે આખો સમાજ જ્યારે કલહ અને ખટપટોની ખાઇમાં પડતો જોવાય તે વખતે પોતાનો હાથ ભાગવાની દરકાર ન કરતાં આડો હાથ દેવા ધસનારા કેટલા હશે? જાહેર હિતનું કામ પોતાની કીર્તિના ભોગે થતું હોય તેવે વખતે પોતેજ અપકીર્તિ હસતે મુખડે વ્હોરી લેનારા કેટલા હશે? પરમાર્થના કોઇ ખાતા માટે એકેક પેની (આઠ પાઈ) ઉઘરાવવા ટોપી ધરીને રસ્તા વચ્ચે ઉભા રહેનારા વિલાયતના 'મિથ્યાત્વી' (!) જેટલો પણ 'કર્મયોગ' નો શોખ આપણા ૧૪૦૦૦૦૦ શ્રાવકો પૈકી કેટલામાં હશે? અને આટલી બધી ધર્મની લાયકાત સાથે આપણે અન્યધર્મીઓને જૈન બનાવવાની ઘેલછા રાખીએ છીએ! આટલી લાયકીથી આપણે બીજાને 'લાયક' બનાવવાનો મોહ રાખીએ છીએ! જો જૈનવર્ગમાં 'કર્મયોગ' નો પ્રેમ ઉત્પન્ન ન કરી શકાય તો—વધુ નહિતો તેટલા વખત સુધી તો— અન્યધર્મીને જૈન બનાવવાના પ્રયાસો માત્ર નિરુપયોગી જ નહિ પણ જાહેરને કાંઇ અંશે નુકસાનકર્તા છે એમ મ્હારૂં પોતાનું આધીન મત છે, જૈનો તે સ્વીકારે યા નહિ તેથી કાંઇ હું અભિપ્રાય બદલી શકું નહિ. પરમાર્થના ખ્યાલમાં-આત્મભોગના વિચારમાં-કર્મયોગના સંબંધમાં (આજના) જૈનો જેટલી પશ્ચાત દશા બીજા કોઇ વર્ગની ભાગ્યેજ હશે. માંસાહારી અને 'મિથ્યાત્વી' કહેવાતા 'ખ્રીસ્તી' વર્ગના 'મુક્તિફોજ' નાયક વર્ગે લાખો ભૂખે મરતાને જીવાડયા છે અને દુનીઆ તથા સરકારે રદ બાતલ કરેલા કેદીઓ કે જેઓ કાંતો વધારે દુરાચરણી જીવન ગુજારવાને લાયક અગર તો આપઘાતને લાયક બને છે તેવા કેદીઓને કેદમાંથી મુક્ત થતાંજ ઉદ્યમ શીખવી ઉદ્યમે લગાડવાનું અતિ મહાન્ પરોપકારી કામ ત્હેમણેજ હમણાં ઝડપી લીધું છે. કેટલીક સ્ત્રીઓએ વિલાયતમાં વગર અપરાધે ગાત્ર કેદીઓને દીલાસો અને ઉપદેશ આપવા માટેજ કેદખાનામાં જીવન પુરૂં કર્યું છે. કેટલાએ પારસી વિદ્વાનો અને બ્રાહ્મણ વિદ્વાનોએ હજાર હજાર રૂપીઆની માસિક નોકરી છોડી વિના પગારે પરોપકારી સંસ્થાઓમાં યોગી તરીકે કામ કર્યું છે આનું નામ કર્મયોગ! બતાવશે જૈની વર્ગ આવાં જ્વલંત પૂજ્ય દ્રષ્ટાંતો! અને જ્યહાં સુધી એવા પ્રત્યક્ષ ગુણો જૈન સમાજમાં ખીલી ન ઉઠે ત્યહાં સુધી "અમારાં શાસ્ત્રોમાં સઘળું છે" એવા શબ્દો માત્રથી કાંઇ વળવાનું નથી. **દ્રવ્ય**સાધુ નહિ પણ **ભાવ**સાધુ અને **દ્રવ્ય**

શ્રાવક નહિ પણ **ભાવ**શ્રાવકની અમને જરૂર છે. કાનમાં ખીલા ઠોકાતા મુંગા મુંગા સહન કરે એવા સ્વસંતુષ્ટ મહાવીરના અમે ભકતો છીએ, લાખોનું દાન કરનાર **કર્મયોગી મહા**વીરના અમે ભકતો છીએ, પોતે તો એજ ભવમાં મોક્ષ જવાના છે એવી ખબર છતાં જગત્ માત્રના હિતને માટે સઘળી વિદ્યા (Sciences) અને સઘળા હુન્નર (arts) નું જ્ઞાન આપનાર ઋષભદેવના અમે ભકતો છીએ. અને તે છતાં આજે અમે લગભગ સર્વે શ્રાવકો જ્ઞાનયોગ, કર્મયોગ અને ભકિતયોગથી આટલા વેગળા હોવાનું કારણ શું?

કારણ શોધવાની પ્રથમ જરૂર છે, કારણ કે જ્યા સુધી કારણ હાથ ન લાગે ત્યાં સુધી ખરો ઉપાય કદી થઇ શકે નહિ. "કારણમાંજ ઇલાજ રહેલો છે". ત્યારે શું જૈનોનું અ-જૈનપણું શ્રાવકોને આભારી છે? શું શ્રાવકો જૈનધર્મના ગુરૂઓનો ઉપદેશ સાંભળવાની ના કહે છે? કદાપિ નહિ. શું જૈનગુરૂઓની સંખ્યા પુરતી નથી? હરગીજ નહિ. શું જૈનશાસ્ત્રો થોડાં છે? કોઇ રીતે નહિ. શું જૈન સાધુઓના કહેવા મુજબ તપ–જપ થતા નથી? તદ્દન ખોટી વાત. શું 'ધર્મ'ના નામે બતાવાતા રસ્તે ખર્ચ કરાતાં નથી? ઘણાંએ, બલ્કે જોઇએ તેથી વધારે. ત્યારે હવે શું કહી બતાવવાની જરૂર છે કે જૈનોના **અજૈનપણાનું** કારણ શ્રાવક વર્ગમાં તો નથીજ? બીચારો શ્રાવક વર્ગ અદ્યાપિ પર્યંત સાધુ વર્ગનુ ધુસરૂં નીચી આંખે અને મુંગે મ્હોડે ઉપાડતો આવ્યો છે અને આપણને કોઇ ભવ્ય દેવલોકમાં લઇ જવાના છે એવી 'શ્રધ્ધા'— કહો કે અંધ શ્રધ્ધાથીજ તેઓ **પોતાની** બુદ્ધિની–**પોતાની** વિચાર શકિતની—**પોતાના** સામાન્ય અકકલ (common sense) ની લગામ પોતાના 'હાંકનારાના' હાથમાં આપીને, અને તે હાંકનારા સિવાયની આખી દુનિયા મૂર્ખ છે–પાપી છે–મિથ્યાત્વી છે–નરકમાંજ જવા નિર્માયલી છે એવી ખાત્રી રાખીને તેઓ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી તદ્દન અજાણ્યા હાંકનારના 'ડચકારા' પાછળ દોડયા કરે છે. આવી શ્રધ્ધા એ જો 'ગુણ' હોય તો શ્રાવક વર્ગમાં તે ગુણ અન્યધર્મીઓ કરતાં વિશેષ છે અને તે છતાં તે વર્ગ સૌ વર્ગ કરતાં ધર્મ નામના તત્વથી છેકજ રહિત છે. અહીં આપણે પેલા અમૂલ્ય સત્યને યાદ કરવું પડે છે કે **"માણસ જેને પૂજે છે તેવો તે થાય છે"** શિક્ષકોના દરરોજના વર્તનની છાપ જેવી પડે છે તેવી બીજા કશાની પડતી નથી, શિક્ષકના હૃદયમાં ભકિતયોગ હોય તો શિષ્યો ભકિતપરાયણ બને છે; શિક્ષકના મગજમાં જો જ્ઞાનયોગ હોય તો શિષ્યો વિદ્યાવિલાસી બને છે; શિક્ષકના હાથ–પગમાં જો કર્મયોગ હોય તો શિષ્યો પરોપકારી કાર્યકર્તાઓ બને છે. જેને આપણે સર્વોત્કૃષ્ટ–સર્વથી વધારે પૂજ્ય–સર્વથી વધારે અનુકરણીય તરીકે જન્મથી આજ સુધી માનતા આવ્યા હોઇએ ત્હેના વર્તન કરતાં બીજો કોઇ પદાર્થ–કોઇ બનાવ કે કોઇ પુસ્તક આપણા મન ઉપર વધારે અસર કરી શકશે નહિ. કોઇપણ ધર્મપંથ કે કોઇપણ નિશાળ જો આગળ ગતિ કરવાને બદલે પતીત દશામાં ઢળતી જોવામાં આવે તો સૌથી વધારે વ્યવહારૂ અને જેના વિના ન ચલવી લેવાય એવો રસ્તો એજ છે કે **શિક્ષકો બદલો**, અને જો સારા શિક્ષક ન મળી શકતા હોય તો આળસુ, કજીઆખોર, સ્વાર્થી કે અનીતિમાન મનુષ્ય બનાવતી શાળાઓને તાળાં દઇ વિદ્યાર્થીઓ પૈકી

જેઓનાં માબાપ તેમને પોતાના ઘેર કાંઇ શિક્ષણ આપી શકતાં હોય તેમને તેજ લેવા દો અગર બીજે ગામ સારી નિશાળ ત્હેમને શોધી લેવા દો; જે વિદ્યાર્થીઓનાં માબાપ તેવી સવડ કરી શકે તેમ ન હોય ત્હેમને અમાનુષીપણાના શિક્ષણમાં વખત ગુમાવવા કરતાં અભણજ રહેવા દેવા એ ઓછું નુકશાનકારક છે. ચોંકાવનારૂં સત્ય ! હા, પણ 'સત્ય'ને છુટછાટ મૂકવી પાલવતી નથી. "Truth admits of no compromise" એક જબર-જસ્ત અધ્યાત્મી અને મહાન્ યોગી સુવર્ણમય શબ્દોમાં કહે છે કે:—

"As to the nation, can that kind of union save her, which is not for *righteousness*? Can you unite the people by keeping them in the *dark*? Would national harmony be secured by sworn slavery to *error* and *superstition*?' Suppose all the sailors work in a common direction but that direction be negative, not one with the evolutionary course, not truth-ward; would that be desirable? Such a boat is bound to be shattered to pieces on a rock, and, perhaps, *the sooner the better* ... ... ...Union in purity and truth alone is practicable"

અને આ પ્રસંગે 'ખરા સુધારક'ને સૂચના તરીકે એજ મહાત્માના શબ્દો અમૂલ્ય થઇ પડશે:-

"Every statue (smrite) stands there to say: '*yesterday* we agreed so and so, but how feel you this article *today*?' Every institution is a currency which we stamp with our own portrait; it soon becomes unrecognizable and in process of time must return to the mint. Nature exults in forming, dissolving and reforming her crystals. *Changeless change is the essential condition of life.*"

(હું ઉમેરીશ કે, ત્રેવીસમાં **તીર્થંકરે** કરેલાં 'વ્રત'માં ચોવીસમા **તીર્થંકરે** ફેરફાર કર્યો એનું નામ changeless change અને એવી જ રીતે હરકોઇ institution અથવા સંસ્થા-માં ફેરફાર કરવાનું કે ત્હેના વગર મુદ્દલ ચલવી લેવાનું કે નવીજ સંસ્થા ઉમેરવાનું—પરન્તુ 'મૂલ આશા' ને વળગી રહીને તેમ કરવાનું—શાસ્ત્રસમ્મત છે.)

કાયદાઓ અને સંસ્થાઓ શા માટે છે? માણસજાતને આગળ વધારવા માટે, જાનવરપણામાંથી માણસપણામાં અને માણસપણાવાળા **જીવતા** માણસને દેવપણામાં લઇ જવા માટે; **કાયદાઓ અને સંસ્થાઓ માણસ માટે છે, માણસ કાંઇ કાયદાઓ અને સંસ્થાઓ માટે નથી.** અને માણસ બદલાતા સંજોગોમાં નવા કાયદાઓ અને નવી સંસ્થાઓ કરી શકે છે. તે માણસ કેવો અભાગીઓ છે કે જેનું 'ભવિષ્ય' 'ભૂત'માં છે અને જેની દૃષ્ટિ સમક્ષ સદા ભૂતકાળજ છે!—જે કદી વર્તમાનને જોઇ શકતો નથી! સ્થળ અને સમય બન્ને બદલાય છે; અગાઉ એટલેન્ટીક ખંડ હતો ત્યાં હાલ મહાસમુદ્ર

છે; અગાઉના ગ્રંથોમાં તે જગાએ જવા માટે ગાડાં વગેરેની સામગ્રી સજવાની નોંધ કરી હોય તે નોંધ મુજબની તૈયારીઓથી આજે ત્હાં જશો તો સમુદ્રમાં ડુબશો કે જીવશો? આજે પૅસીફીક મહાસાગરમાં જવા માટે મ્હોટી આગબોટો છે અને તે સમુદ્રમાં હમેશ જનારા વહાણવટીઓએ તે સફરને લગતી કેટલીક સૂચનાઓ ડાયરીમાં લખી રાખી છે; એ ડાયરી ને રાખી મુકી ત્હેનો હજારમી પેઢીનો વારસ જો તેજ જગાએ સ્ટીમર લઇ જશે તો શું થશે તે ખબર છે? એ જગા આસ્તે આસ્તે જમીનના રૂપમાં બદલાવા લાગી છે. એલાસ્કાના અખાત આગળનું ભોંયતળીઉં ઉપસવા લાગ્યું છે અને બેહેરીંગ સમુદ્ર ઘણાં વર્ષો પહેલાં મુદ્દલ અદ્રશ્ય થશે; તેથી એશીઆ અને અમેરીકા વચ્ચે જમીનનો રસ્તો થઇ જશે. એ વખતે આજના વહાણવટીની ડાયરી શું કામમાં આવવાની હતી? **સ્થળ**ની બાબતમાં તેમજ **સમય**ની બાબતમાં **આજે** માસખમણ આદિ–તપ, સામાયિક, પોષધ, દાન અને પૂજા, **આજના** સમય, સંઘયણ, દેશસ્થિતિ અને બીજી **અનેક વસ્તુસ્થિતિઓને અનુસરીને** કરવાની છે. પણ ભૂતકાળની સઘળી વસ્તુસ્થિતિઓ તથા વર્તમાનની પરિસ્થિતિઓનો ઉંડો અભ્યાસ અને મુકાબલો કર્યા સિવાય કયો આચાર્ય ખરૂં શાસ્ત્ર યોજી શકશે? સાધુ અને શ્રાવક એવા બે આશ્રમ ડહાપણથી બનાવવામાં આવ્યા છે તે વાતની ના કહી શકાશે નહીં; પણ **'સાધુ આશ્રમ'** પ્રાયઃ જ્ઞાનયોગનીજ સડક માટે યોજાયો જણાય છે. આજે આ દુઃખી દુનીઆને 'કર્મયોગની' વધારે જરૂર છે, અને તેથી કર્મયોગીઓ ઉત્પન્ન કરવાની જરૂર છે. નવી દીક્ષાઓ સાધુ આશ્રમમાં નહિ પણ કર્મયોગી આશ્રમમાં દેવાની જરૂર છે; અને જુના સાધુઓને ગૃહસ્થોના કશા કામમાં માથું ન ઘાલવા દેતાં માત્ર જ્ઞાનયોગમાં મચ્યા રહેવાની ફરજ પાડવાની જરૂર છે. જહાં સુધી એક સાધુ બત્રીસ કે પીસ્તાલીસ સૂત્રોનું સમ્પૂર્ણ અધ્યયન કરી ત્હેનું રહસ્ય ન સમજે અને યોગાદિ વિષયોના જાણકાર ન બને ત્યાં સુધી એને સંઘના કોઇ કામમાં સલાહ આપતાં કે વચ્ચે પડતાં અટકાવવો જોઇએ. તે તેજ કામ માટે દીક્ષા લે છે એ તેણે ભૂલવું ન જોઇએ, અને આપણે ત્હેને લક્ષથી ચ્યુત થતો અટકાવવો જોઇએ. આપણે માટે તે હમણાં માત્ર દૂરથી દર્શન કરવા પુરતોજ પૂજ્ય પદાર્થ છે. દરમ્યાનમાં કર્મયોગીઓ ઉત્પન્ન કરવા પાછળજ **આપણી સઘળી શક્તિ**, સઘળું દ્રવ્ય અને સઘળી ભક્તિનો વ્યય કરવો જોઇએ છે.

કર્મયોગીઓ કેવી રીતે ઉત્પન્ન થઇ શકે? આ એક ગહન સવાલ છે. આ લખનાર અગર એવો કોઇ એકાદ વિચારક તે સવાલના ફડચા માટે પુરતો ગણાય નહિ. તથાપિ અહીં માર્ગસૂચન કરવું અનુચિત નથી. એવો પ્રયાસ અગાઉ થઇ ચૂકયો હતો; અને ગોરજી અથવા યતિવર્ગ એવાજ કાંઇક આશયથી ઉભો થયો હતો. અનેક વિદ્યાઓનો અભ્યાસ કરી, બ્રહ્મચર્યના પાલનથી શકિત સાચવી રાખી, જગાજગાએ ફરી અનેક ઉપકારો કરવા એવા 'સેવાવ્રત'ને લીધે એ વર્ગ ઘણો ઉપકારી થઇ પડયો હોત; પરન્તુ 'સઘળાં ખાબોચીઆં ગંધાઇજ ઉઠે' એ નિયમાનુસાર ત્હેમણે પોતાની આસપાસના બીજા વર્ગોના જ્ઞાન–ગુણ તરફ આંખો બંધ કરી, તેથી અહંકાર–સ્વાર્થપરાયણતા અને ઇન્દ્રિયલોલુપીપણું ત્હેમને માત્ર

નિર્માલ્યજ નહિ પણ બોજા રૂપ બનાવનાર થઇપડ્યું. પણ તે પરિણામ આજના નવા સુધારકોને અનુભવ રૂપે કામ લાગશે. આપણે હવે જૈનના સઘળા ફીરકાઓમાંથી તીવ્ર બુધ્ધિવાળા યુવાનોને એકઠા કરી સંસ્કૃત, પ્રાકૃત, અંગ્રેજી એ ત્રણ ભાષાઓના જ્ઞાન ઉપરાંત માનસશાસ્ત્ર, સાયન્સ, ફીલસુફી, શરીરશાસ્ત્ર, અને યોગનો અભ્યાસ એકાંત સ્થળમાં કરવાની સુગમતા કરી આપવી જોઇએ છે. પાંચેક વર્ષ સુધી એવા અભ્યાસ બાદ એકાદ વર્ષ ત્હેમને યુરોપ–અમેરિકા અને જૅપાન જેવા દેશોમાં તે તે વિદ્યાઓને લગતું વિશેષ જ્ઞાન લેવા મોકલવા જોઇએ. અને ત્યાર બાદ તેઓને જોઇતી આર્થિક મદદ આપી ત્હેમાંના કેટલાક પાસે જૈન ન્યુસપેપર કઢાવવાનું, કેટલાક પાસે જૈન શાસ્ત્રોનાં ભાષાંતર નવામાં નવા પ્રકાશ સાથે તૈયાર કરાવવાનું, કેટલાક પાસે સાધુવર્ગને તે તે વિદ્યાઓ શિખવાડવાનું, કેટલાક પાસે જૈનો સાથે અન્ય ધર્મીઓનું એકપણું રચવાના પ્રયાસો કરાવવાનું, કેટલાક પાસે નવામાં નવી પધ્ધતિઓથી (દવા વગર) દરદ મટાડવાની વિદ્યાનો પ્રચાર કરવાનું અને કેટલાક પાસે સાર્વજનિક સ્કૂલો અને કૅાલેજોમાં જૈનધર્મનાં તત્વો સાથે નવી શોધખોળનો સંબંધ બતાવી વ્યવહારૂ સૂચનાઓ ભાષણોદ્વારા કરાવવાનું કામ લેવું જોઇએ. આ કામ ઘણું મુશ્કલ લાગશે. પણ નવી સૃષ્ટિ ઉત્પન્ન કરવાનું કામ શું સહેલું હોય છે? લાખો માણસને ભૂખ અને દુઃખ અને અશ્રદ્ધા અને અંધશ્રદ્ધા અને અધર્મથી બચાવવાનું કામ શું સહેલું હોઇ પણ શકે? જેટલા પ્રમાણમાં એક કામ કઠીન હોયછે તેટલાજ પ્રમાણમાં તેમાં લાભદાયકપણું રહેલું હોય છે. સુભાગ્યે જૈનધર્મનાં ફરમાનો એવાં કઠીન છે કે તેથી ટેવાયલાં મગજોને આ કામની કઠીનતા કાંઇ અસહ્ય લાગે તેમ નથી. જૈનની બાર ભાવનાઓમાં, આ નવા પ્રકાશવળો ભવિષ્યનો જૈન, સઘળો જ્ઞાનયોગ, કર્મયોગ અને ભક્તિયોગ જોઇ શકશે; અને એ ત્રણ તારના જોડાણ વિના કોઇ મનુષ્ય–સારંગી મધુર અવાજ કહાડી શકશે નહિ. લોકોને મોજશોખ, પ્રમાદ, અજ્ઞાન, વ્હેમ, બ્હીકણપણું, અંધશ્રધ્ધા, અશ્રધ્ધા અને ભૂતકાળનાં સ્વપ્નોથી બચાવો; ચૌદલાખ જૈનો વચ્ચે કન્યા વ્યવહારની છૂટ કરી પચીસ વર્ષ સુધીની વય થવા પહેલાં લગ્નો અટકાવો; સ્ત્રીઓમાં દાખલ થવા લાગેલું નિરૂદ્યમીપણું અને ઘણા વખતથી ચાલ્યું આવતું અજ્ઞાનપણું મટાડો; પુરૂષોને ઉપવાસથી મરેલા નહિ પણ ઉણોદરી તપ અને બ્રહ્મચર્ય અને કસરતથી મજબુત અને સહનશીલ બનાવો; લક્ષ્મીના નાથોને લક્ષ્મીના પિતા કે ભાઇ બનાવો; દાતારોને પુણ્ય કે માનના રૂપમાં બદલો ચાહવાને બદલે પ્રેમભાવ શીખવો; જૈનોને બીજા હિંદવાસીઓથી અતડા રહેતા અટકાવી હિંદવાસી તો શું પણ આખી દુનીઆના મિત્ર થવાની લગની લગાડો; ક્રિયાઓના ખાલી ખોખાપર ભકિતનો પવન નાખી સજીવન કરો અને ત્હેને કર્મયોગની ફરસી સાથે જીવન યુધ્ધમાં મોકલો; અજ્ઞાનને જ્ઞાનમાં અને જ્ઞાનને ભકિતમાં ફેરવી નાખો; 'સેવા ધર્મ'ને 'ફરજ' તરીકે માનવા જેટલી પાયરીએ ચ્હડેલાને 'સેવાધર્મ' 'આનંદ' તરીકે પાળતાં શીખવો; કેળવાયલા કહેવાતાઓમાં હૃદયની કેળવણી ઉતારો; હૃદયવાળાના મગજને કેળવો; 'અમુક ન કરશો' એવાં નકારવાચક ફરમાનો વડે લોકોને તે નહિ ઇચ્છવાયોગ્ય કાર્યો સૂચવવાને બદલે માત્ર 'સત્યો' યુકિતપુરઃસર સમજાવો; ભૂતકાળમાં નોંધાયલા 'જ્ઞાન'ને વર્તમાનના ઉપયોગ માટે કામે લેતાં શિખવો અને ત્હેનેજ

વળગી રહેવાનું 'મિથ્યાત્વ'—મૃત શરીરને ધાવવાનું મિથ્યાત્વ વોસીરાવવાનો ઉપદેશ દો; શરીર, મન અને આત્મા ત્રણેના આરોગ્ય પૈકી એકનું પણ આરોગ્ય વીસારનારો આત્મઘાતી છે એમ દરેક જૈનોના મગજમાં બરાબર ઠસાવો; જૂઠું બોલવાનું કોઇ સંજોગમાં મનજ ન થાય અને ખટપટ અને 'અહં' ભાવ સ્વપ્નમાં પણ જેની માનસસૃષ્ટિમાં ન આવી શકે એવા પુરૂષ સિવાય કોઇને સાધુપણાનો ખીતાબ હોઇજ શકે નહિ એમ દરેક જૈનને બરાબર સમજવા દો; ફલની અપેક્ષા કે કંટાળા વગર સતત ઉદ્યમ, આત્મભોગ, સઘળા તરફ નિર્મળ અને નિર્દંભી પ્રેમ, આનંદીપણું, નિડરપણું, સ્વાશ્રય અને પરમતત્વની પ્રાપ્તિમાટે સમ્પૂર્ણ જિજ્ઞાસા એમાંજ વિજય કે ઉદય રહેલો છે એમ દરેકે દરેક જૈનને શિખવો: એજ આપણે માટે રહેલો એકનો એક રસ્તો છે; એજ આપણા ધર્મનો વિજયધ્વનીને ફડ ફડાવનાર પવન છે; એજ આપણા વીરનામને ગજાવનાર રણસીંગુ છે; એજ સાધુઓનું સાધુપણું અને શ્રાવકોનું શ્રાવકપણું છે એજ વીસમી સદીનો ધર્મ છે; એજ કોન્ફરન્સો, પત્રકારો અને વ્યાખ્યાનદાતાઓનું 'મીશન' છે, એજ આપણી ઐહિક અને આત્મિક મુક્તિ—સ્વાતંત્ર્યનો રસ્તો છે.

Shake, shake off Delusion !
Wake,wake up ! Be Free !
Libertv ! Liberty !
Liberty !

Fade, fade, each earthly joy: Mahavir is mine!
Break all useless ties: Mahavir is mine!

Dark is the wilderness,
'Earth' has no resting-place?
Mahavir alone can bless, Mahavir is mine!
Tempte not my soul away; Mahavir is mine!
*Here* would I ever stay; Mahavir is mine!

Perishing things of clay,
Born but for one brief day,
Pass from my heart away! Mahavir is mine!
Farewell, Ye dreams of 'Night'; Mahavir is mine!
Lost in this dawning 'Light' Mahavir is mine!

All that my soul has tried
Let but a dismal void,
Mahavir has satisfied; Mahavir is mine!

Farewell, mortality! Mahavir is mine!
Welcome, eternity! Mahavir is mine!
Welcome, O Love and Light
Welcome all-pervading Might
Welcome my Saviour's sight; Mahavir is mine!

—સમયધર્મ.

## પ્રબલ આશા.

ભલાની બહુ ભલાઇમાં, ભરી આખર બૂરાઇ છે,
બૂરાઇની વડાઇમાં, અમે દીઠી ભલાઇ છે.
બહુ બૂરી દશામાંથી, ફૂટે ઉત્કર્ષનાં કિરણો,
થતી પૂરી સકલ રાત્રિ, ઉદયની ત્યાં વધાઇ છે.
ઉછળતી પૂર્ણ છોળો ત્યાં, કિનારો આવતો પાસે,
વધુ બેચાર મોજાં વેઠતાં ફતેહ સમાઇ છે.
બુઝાતો દીપ તે અંતે જણાયે તેજમાં વધતો;
વધી તે ઝાડની ડાળી, વધી આખર સુકાઇ છે.
હજારો દાખલા દીઠા, પ્રમાણો શાસ્ત્રનાં જોયાં,
છતાં સંશય નહિ ખોયા, ખરેખર એ નવાઇ છે.
ધરીને ધૈર્ય વધવું છે, થશે પૂરી પ્રભુ ઇચ્છા
તજાતાં અંતરે શ્રધ્ધા, બધી આશા હવાઇ છે.
રહે શ્રધ્ધા તપે આશા, મિમાંસા થાય આત્માની,
હમારી જિંદગી ભરની, ખરેખર એ કમાઇ છે,

૨૩-૭-૧૨ વસન્ત

# પ્રતિક્રમણ.*

(લેખક-મુનિ ચારિત્રવિજયજી. માંગરોલ.)

પ્રતિક્રમણ એક આવશ્યકી ક્રિયા છે. જે ક્રિયા સાંજે અને સવારે સાધુ અને શ્રાવકો બન્નેને કર્તવ્ય રૂપે પ્રચલિત છે. અને વીરપ્રભુ પછી માનાકાંક્ષી આચાર્યો અને ઉપાધ્યાયો તેમજ બીજા વિદ્વાનો કાલક્રમે જેમ જેમ થતા ગયા તેમ તેમ પોતાના પક્ષને સબલ કરવાના હેતુથી કહો કે તથાપ્રકારની શ્રદ્ધાને લઇને કહો અથવા તો ભિન્નરૂચિના કારણને લઇને કહો અગર હેતુ તરફ લક્ષ રાખી ક્રમવ્યવસ્થા તરફ દુર્લક્ષ બનીને કહો અથવા બીજા અજ્ઞાત કારણને લઇને માનો પણ પાછલથી પ્રતિક્રમણની ક્રિયામાં એટલો ભેદ અને ભિન્નતા તેમજ ક્રમ અવ્યવસ્થા, ગચ્છભેદોએ કરી થવા પામી કે જેમાંથી સત્ય શું અને કેટલું તે શોધવું તટસ્થ પુરૂષોને દુઃશકય થઈ પડેલ છે; એટલે કે 'ઘરઘરનું પ્રતિક્રમણ થઇ ગયું' એમ કહેવામાં અતિશયોક્તિ નથી; એટલુંજ નહી પણ પ્રતિક્રમણના અર્થની સાર્થકતાને બદલે તેજ ક્રિયા વિવાદને માટે અને એક બીજા સાથે વાક્યુદ્ધથી લડવા માટે આત્માને કલુષિત

---

* 'તપગચ્છ વિધિ અનુસાર થતા પ્રતિક્રમણ સંબંધી પ્રશ્નો' એ મથાળાથી મેં 'જૈન' પત્રના ૨૮ મી અગસ્ટ સને ૧૯૧૦ ના અંકમાં નીચેના પ્રશ્નો પૂજ્ય મુનિવરો અને વિદ્વાન્ શ્રાવકોને ઉદ્દેશી પૂછ્યા હતા, પરંતુ તેનો ઉત્તર-સમાધાન એક વિદ્વાન્ ગ્રેજ્યુએટ મહાશય નામે રા. રા. બદામી (કે જેના ઉત્તર 'જૈન' ૨-૧૦-૧૦ ના અંકમાં પ્રકટ થયેલ છે) સિવાય કોઇએ પણ અત્યાર સુધી કર્યું નથી એ ખેદનો વિષય છે, આ લેખમાં તેના ખુલાસાનું સૂચન જાણી આનંદ થાય છે.-ઉક્ત પ્રશ્નો આ છે:—

૧ પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક પ્રતિક્રમણમાં 'સ્નાતસ્યા'ની સ્તુતિ કરવામાં આવે છે તો તેને ઠેકાણે તેવીજ ઉદાત્ત, સંસ્કૃત યા બીજી કોઇ મહાન્ પુરૂષની કરેલી શ્રી મહાવીરની સ્તુતિ હોય તો તે બોલી શકાય કે નહિ? ન બોલાય તો તેનાં કારણો શું?

૨ સાંજના પ્રતિક્રમણમાં 'નમોસ્તુ વર્ધમાનાય' બોલાય છે, અને સવારના પ્રતિક્રમણમાં 'વિશાલ લોચન' બોલાય છે, અને બંનેના શ્લોક ત્રણ છે; બંનેમાં શ્રી મહાવીરની સ્તુતિ છે; બંને સંસ્કૃતમયી છે. તો એકને સવારમાંજ, અને બીજીને સાંજેજ જુદી જુદી બોલવાનું કારણ શું?-આનો ઉત્તર 'પરંપરા કારણ' એટલોજ ન હોવો જોઇએ, પણ તેની સાથે હેતુઓ જણાવવા જોઇએ, એટલે પૂછવાની મતલબ એ કે કોઇ સાંજે 'વિશાલ લોચન' બોલે અને સવારે 'નમોસ્તુ વર્ધમાનાય' કહે તો કંઈ અડચણ ખરી?- એ સહેતુ જણાવશોજી.

૩ પ્રતિક્રમણમાં સવારમાં દેવવંદન કરવામાં આવે છે ત્યારે 'કલ્યાણકંદ'ની સ્તુતિ બોલાય છે અને સાંજે દેવવંદન કરવામાં આવે છે ત્યારે ગમે તે પાંચમ, આઠમ, અગીઆરસ વગેરે બીજી બીજી થુઇઓ-સ્તુતિઓ બોલી શકાય છે; તો સવારના પ્રતિક્રમણના દેવવંદનમાં જુદી જુદી થોઇઓ (સ્તુતિઓ) બોલવામાં આવે તેમાં કંઇ અડચણ હોયતો તેનું કારણ શું?

૪. પાક્ષિક (પખી) પ્રતિક્રમણમાં 'જ્ઞાનાદિગુણયુતાનાં' અને 'યસ્યાઃ ક્ષેત્રં સમાસૃત્ય'

બનાવવા થઈ પડી છે. અફસોસ ! જે ક્રિયા આત્મિક શુદ્ધિને માટે નિર્મિત થયેલી તેજ આત્મામાં મલિનતાના ઉત્પાદક થઇ એવું આપણે અનેક ગચ્છોના લખાએલા ખંડન-મંડનના ગાલી પ્રદાનનાં પુસ્તકો વાંચી માની શકીએ છીએ. આવો ગુંચવાડા ભરેલો વિષય લખતાં લેખકને ગુંચવાડો થાય એ સ્વાભાવિક છે, તો પણ વિચારશીલ ઉદાત્ત મનના વિદ્વાનોને વિચાર કરવાને કારણ મલે અને પડદા પાછલ રહેલી કેટલીએક હકીકત જુદા જુદા વિદ્વાનોથી જાણવાનો પ્રસંગ મલે તેથી આ વિષય હાથ ધર્યો છે.

પ્રથમતો પ્રતિક્રમણ એટલે શું ? એ શબ્દનો ભાવાર્થ તપાસીએ

स्वस्थानाद्यत् परस्थानं, प्रमादस्य वशाद्गतः ।
तत्रैव क्रमणं भूयः, प्रतिक्रमणमुच्यते ॥

—આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ શ્લોક વીર્ય ગુણ છે. જે ગુણોમાં આત્મા શુદ્ધ ઉપયોગથી વર્તતો આચારમાં પ્રવર્તતો કહેવાય તે આચાર ( સ્વ-ગુણ ) માં પ્રમાદના યોગથી પરસ્થાન--અતિચરિતપણું થઇ જાય અને ફરી શુદ્ધ ઉપયોગ આવવાથી પોતે પ્રમાદ દૂર કરી સ્વાચારમાં ઉપસ્થિત થાય એવી જે ક્રિયા તેને પ્રતિક્રમણ કહે છે-એટલે પાછું હઠવું. અતિચારમાંથી આચારમાં આવવું તે પ્રતિક્રમણનો હેતુ છે. હવે વિચારીએ કે ઉપર લખેલ અર્થની અને કર્તવ્યની સાર્થકતા જો તેના નામથી તેના નિમિત્તેજ કલેશાલય બનીએ તો કેવી રીતે થઇ શકે ? એ વાચકો પોતેજ વિચારશે. હાલમાં કેટલાએક વખતથી શુષ્ક ક્રિયાની મહત્તા

---

એ બે સ્તુતિઓ બોલાય છે, અને દેવસિક પ્રતિક્રમણમાં 'સુઅ દેવયા ભગવઇ' અને જિસ્સે ખિત્તે સાહુ' એ બોલાય છે તેનું કારણ શું ? 'જિસ્સે૦' અને 'યસ્યા૦' એ બંનેના ભાવાર્થમાં બીલકુલ અર્થફેર નથી, છતાં પાક્ષિક પ્રતિક્રમણમાં એકજ બોલાય, અને બીજી ન બોલાય તેની મતલબ શું ?—તે સકારણ દર્શાવશોજી.

૫. 'નમોસ્તુ વર્ધમાનાય' ને ઠેકાણે સ્ત્રીઓ 'સંસારદાવા' કહે છે. આનું કારણ 'પ્રતિક્રમણ ગર્ભહેતુ' નામના પુસ્તકમાં એમ બતાવેલું છે કે 'નમોસ્તુ૦' ચૌદ પૂર્વ માંહેનું છે, અને સંસ્કૃત છે; પૂર્વ બોલવાનો અને સંસ્કૃત ભણવાનો અધિકાર સ્ત્રીઓને નથી. આ કારણ ઉપરથી નીચલા પ્રશ્નો ઉદ્ભવે છે;—

अ. 'વિશાલલોચન' પૂર્વ માંહેલું નથી, તો તે સ્ત્રીઓ કેમ બોલતી નથી ?

आ આનું કારણ સંસ્કૃતમાં છે તેથી, એમ બતાવીશું તો નાની શાંત, મોટીશાંત, સકલાર્હત્, સ્નાતસ્યાની સ્તુતિઓ-સર્વ સંસ્કૃતમાં છે, છતાં તે સ્ત્રીઓ બોલે છે તેનું કેમ ?, તેમજ 'સંસારદાવા ' એ પણ સંસ્કૃતમાં છે તો તે પણ સ્ત્રીઓથી કેમ બોલી શકાય ?

इ. 'સુઅદેવયા ભગવઇ' અને 'જિસ્સે ખિત્તે' એ બે સ્તુતિને ઠેકાણે સ્ત્રીઓ 'કમલદલ' ની સ્તુતિજ બંને વખત બોલે છે તેનું કારણ શું ? ' કમલદલ ' સંસ્કૃતમાં છે, અને ઉપલી બે માગધીમાં છે તો સ્ત્રીઓને માટે સંસ્કૃતનો નિષેધ પ્રતિપાદિત કરેલ છે ત્યારે ઉપલી માગધીમાંની સ્તુતિ હોવા છતાં તેનો નિષેધ સંસ્કૃત 'કમલદલ' બોલવાથી થાય છે તેનું કારણ શું? -તંત્રી

એટલી બધી વધી ગઈ છે કે માત્ર તે બાહ્ય પ્રવૃત્તિએ ધર્મ મનાઇ ગયો છે. વસ્તુતઃ તેવી ધાર્મિક ક્રિયાઓ ધર્મ નથી પણ ધર્મપ્રાપ્તિનાં સાધનો છે. ધર્મ તો માત્ર આત્માને કર્મ-મલથી વિરહિત કરવો—શુદ્ધ બનાવવો અને છેવટ ભાવ સંવર પ્રાપ્ત કરવો તેજ છે. જો તન્નિમિત્તે કરાતી ક્રિયાઓથી તે નિમિત્ત સાધ્ય ન થઇ શકે તો પછી તે ક્રિયાઓની મહત્તા કેટલી આંકવી એ સમજુ વર્ગ પોતેજ સમજી શકશે. પણ અંધ શ્રદ્ધાનું પ્રાબલ્ય એટલું બધું વધી ગયું છે કે યદ્વાતદ્વા કરાતી ક્રિયાના વિરૂદ્ધ બોલનારા કે લખનારાને તરતજ બીજાં ઉપનામો આપી મૂર્ખ મંડલોમાં વગોવવાની શરૂઆત થઇ ચુકે છે આથી ઘણીવર સત્ય બાહેર આવી શકતું નથી. ક્રિયાની વિરૂદ્ધ બોલાયજ નહી, અને ક્રિયાપાત્ર એજ બહુમાન પાત્ર ગણાય. પછી તેઓ કષાય કલેશ કંકાશ વિદ્રોહનાં કારણો ગમે તેટલા ઉત્પન્ન કરતા હોય, તેમની વૃત્તિ આર્ત રૌદ્ર ધ્યાનમાં લીન હોય, છતાં પણ તેઓ પવિત્ર વર્ગમાં ગણાય છે. લોકોને તેવી ક્રિયાના હિમાયતીઓ શાસ્ત્રના પવિત્ર શબ્દોનો ગેરઉપયોગ કરી લોકોને ક્રિયાની મહત્તા એક-દેશીય બતાવે છે. અને કહે છે કે "**ज्ञानक्रियाभ्याम् मोक्षः**". જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ છે. શબ્દો સાચા છે પણ વર્તન ખોટું છે. જે ક્રિયાને ક્રિયાકારો ક્રિયા-માનતા હોય, જે જ્ઞાનને તેઓ જ્ઞાન માનતા હોય તો તેવી ક્રિયા-તેવા જ્ઞાનથી મોક્ષ માનવું એ માન્યતામાં તેઓ છેતરાય છે. ખરી રીતે જ્ઞાન એવું હોવું જોઇએ કે જે જ્ઞાનથી કષાય, કપટ, વિગેરેનો અભાવ અને આત્મસ્વરૂપનું સંવેદન થાતું હોય, જે પૂર્વક કરાતી ક્રિયા કોઇપણ કર્મના બંધનને ન કરતાં નિર્જરા માટેજ થઈ શકે-એટલે જે ક્રિયાથી કર્મની નિર્જરા-જ થાય. જો કે શાસ્ત્રમાં સરાગ સંયમીને દેવલોકની ગતિ બતાવેલી છે પણ તે સંયમનું કે ક્રિયાનું ફલ છે એમ બતાવેલ નથી. પણ શેષ રહેલાં કર્મોને લઇને સરાગભાવથી થતાં પુન્યબંધથી તેઓ દેવલોક વિગેરેની ગતિમાં ગમન કરે છે. આટલું તો આપણે સમજ-એ છીએ કે શુભ યા અશુભ એ કર્મજ છે, અને તેના બંધનના દ્વાર તે આશ્રવ કહેવાય. જ્યાં આશ્રવ ત્યાં સંવરનો અભાવજ હોય એ સ્વાભાવિક છે, તો તેવું જ્ઞાન અને તેવી ક્રિયાઓથી મોક્ષનસંભવે એમાં નવાઇ જેવી વાત નથી. તેથી શુદ્ધ જ્ઞાન અને શુદ્ધ ક્રિયા તેજ મોક્ષના હેતુ છે એમ સમજાવવું જોઇએ, કે જેથી શ્રોતાઓ તેમ કરવા પ્રેરાય-લલચાય, અને શુદ્ધ જ્ઞાન અને ક્રિયાના તેઓ સહગામી બને. આતો શ્રોતાઓના હૃદયમા એમ ઠસા-વાય છે કે અમારૂં જ્ઞાન અને અમારી ક્રિયાથી મોક્ષ મલી શકે છે, તેથી બને છે અને બન્યું છે એવુ કે જીવન-પ્રાણ વિનાની ક્રિયાઓ પ્રચલિત થઇ ગઇ છે, તેમજ તેમાં વિશેષે વિશેષે અશુદ્ધિ વધવા પામી છે, કે જે તરફ હાલની કેલવણીના પ્રભાવે વિચારબુદ્ધિ વધવાથી વિચારકોની સંખ્યાનો અમુક અંશે વધારો થવા પામ્યો છે અને તેઓ સમજતા થયા છે કે આવી શુષ્ક ક્રિયાઓ સમજ્યા વિના કરવી તે એક કાલક્ષેપ કરવા જેવું છે. લોકોની માનસિક સ્થિતિ ક્રિયામાં શાંત કેમ રહે ? તેને માટે અર્થની જરૂર છે. આટલું માનીને તેઓ કહેવા લાગ્યા છે કે પ્રતિક્રમણનું શિક્ષણ અર્થ સહિત આપવું. જો કે આ પ્રયાસ સ્તુતિપાત્ર છે, પણ તેટલાથી કાર્યની પરિસમાપ્તિ થતી નથી. જૈન નામ ધારક-પછી તે સાધુ હોય કે શ્રાવક હોય-તેની યોગ્યતા પાત્રાપાત્રતા તપાસ્યા વિના દરેકને ક્રિયા

સંમુખ આકર્ષી ક્રિયાપાત્ર બનાવવા-આટલાથી ક્રિયાનો જે પવિત્ર હેતુ તે કોઇ રીતે સચવાતો નથી. હોવું એમ જોઇએ કે પ્રથમ દ્રવ્યાનુયોગનું જ્ઞાન અને તેમાં પણ આત્મિક એટલે દ્રવ્ય, ગુણ, પર્યાયનું જ્ઞાન સુદ્રઢપણે પ્રાપ્ત કરવું જોઇએ, કે જેથી શ્રદ્ધાની પ્રાપ્તિ અને શુદ્ધિ સુલભ થઇ પડે, આશ્રવ સંવર યથાર્થ સમજાય, આશ્રવરોધ સંવરમાં ઉપસ્થિતિની ઇચ્છા પ્રગટે અને તેને માટેજ શ્રધ્ધાશુધ્ધિ અને જૈન બનવાને માટે સર્વ પહેલાં નવતત્વનું જ્ઞાન પ્રાપ્ત કરાવવું જોઇએ, કે જેથી હેય ઉપાદેયનું જ્ઞાન મલે, તથાપ્રકારે પ્રવૃત્તિ કરાય, અને તે પછી જો પ્રતિક્રમણ કરે તો પ્રતિક્રમણ કરનાર કોણ અને કયાંથી હું પ્રતિક્રમ્યો એટલે કયાં હતો અને કયાં આવ્યો એ કાંઈ સમજાય. જો કે આવી સ્થિતિવાલા બહુજ થોડા નીકલી શકે છતાં પણ જરૂર તેવાઓની છે. તેવા જૈનો જૈનધર્મમાં ઉત્પન્ન કરવાની જરૂર છે, કેમકે જ્યાં સુધી જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર, એ પાંચ આચાર આત્માના ગુણ છે ને તે આત્મિક ગુણ કેવી રીતે આત્મામાં ઉપલબ્ધ થઇ શકે છે એ જ્યાં સુધી નથી સમજાણું ત્યાં સુધી તેમાં લાગતા પ્રમાદદશાથી અતિચારતે કયાંથી સમજી શકાય? જો કે સ્થલ અને વ્યવહારૂ જ્ઞાન આપનાર નોંધ-વંદિતા સૂત્ર (શ્રાધ્ધપ્રતિક્રમણ સૂત્ર) માં તેમજ ભાષામાં અમુક વખત પછી અનુપલબ્ધક નામક કોઇએ બનાવેલા પાક્ષિક અતિચારમાં જોવામાં આવે છે જે ઘણા ભાગે બાહ્ય વ્યવહારને પુષ્ટી આપે છે, એટલે દ્રવ્યાચારમાં લાગતા અતિચારોની વ્યાખ્યા ઘણા ભાગે સ્ફુટ થાય છે. પણ શ્રાધ્ધ પ્રતિક્રમણ સૂત્રના પાછલા ભાગની કેટલીક ગાથાઓમાં અતિ રહસ્ય સમજાવનારી હકીકતવાલી ગાથાઓ છે, કે જે ગાથાઓનું મનન કરતાં અત્યાનંદ સાથે સ્વીકારવું પડે છે કે અધ્યાત્મ દ્રષ્ટિથી તે આત્મ શુદ્ધિને માટે તે અતિ ઉપયોગી થઇ પડે તેમ છે.

પ્રસંગોપાત લખવું પડે છે કે પ્રતિક્રમણ કરનારાઓએ ગુરૂ સમક્ષ અથવા તો સ્થાપનાચાર્ય સમક્ષ દિવસમાં અથવા રાત્રિમાં થયેલા વાચ્ય-અવાચ્ય ગમે તેવાં પાપાચરણો ખુલ્લી રીતે કહેવાં જોઇએ કે જેમાંથી જે પાપોની વિશુધ્ધિ 'મિચ્છામિ દુકકડ'થી થતી હોય તે તેનાથી કરવી અને કાયોત્સર્ગ રૂપ પ્રાયશ્ચિત્તથી થતી હોય તો તેનાથી કરવી, અને વિશેષ પાપનો બંધ પરિણામવિશેષ કરીને થયો હોય તો તેને માટે પ્રતિક્રમણની ક્રિયા સિવાય અન્ય પ્રાયશ્ચિત પણ ગુરૂ આપે તે સ્વીકારવું જોઇએ. આ વખતે અમારે પ્રતિક્રમણમાં છ આવશ્યક આવે છે તેનો ક્રમ બતાવવાની જરૂર જણાયાથી અત્ર સ્થાને લખીએ છીએ.

૧) પ્રથમ સામાયિક આવશ્યક=એટલે તેની મતલબ એવી સમજાય છે કે સમભાવ (રાગદ્વેષની ઉપશાંતિ પ્રથમ કરવી જોઇએ) અને તેથી માનસિક શુધ્ધિ થયા પછી (૨)બીજું આવશ્યક ચતુર્વિંશતિ સ્તવ (ચઉવીસથ્થો)નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, એટલે માંગલિકને માટે ચોવીસ તિર્થંકરની સ્તુતિ કરી-દેવને વંદન કર્યા બાદ ગુરૂવંદન કરવા માટે (૩) ત્રીજુ વંદનક નામનું આવશ્યક લખવામાં આવેલ છે, અથી ગુરૂને વંદન કરવામાં આવે છે એટલે બીજા અને ત્રીજા આવશ્યકથી દેવ અને ગુરૂને વંદન કરી, (૪) ચોથું આવશ્યક

પ્રતિક્રમણ નામનું કહેલ છે કે જે આવશ્યકની ક્રિયાદ્વારા કરેલાં પાપનું ગુરૂસંમુખ નિવેદન કરવું અને તે શ્રવણ કર્યા પછી પાપાચરણાનુકુલ ગુરૂ જે કાંઇ માર્ગ બતાવે તે પ્રતિક્રમણ કરનારે સ્વીકારવું જોઇએ અને તે પછી વિશેષશુધ્ધિને માટે (૫) પાંચમું કાયોત્સર્ગ નામનું આવશ્યક બતાવેલ છે. તે પછી (૬)છઠું આવશ્યક પ્રત્યાખ્યાન (પચ્ચખાણ) નામે છે જે એવું સૂચન કરે છે કે તેજ વખતે યથાશકિત બાહ્ય તપ સ્વીકારવું જોઇએ. સામાયિકથી જ્ઞાનાચારની શુધ્ધિ, ચોવીસ તિર્થંકરની સ્તુતિથી દર્શનાચારની શુધ્ધિ, પ્રતિક્રમણથી ચારિત્રાચારની શુધ્ધિ, કાયોત્સર્ગથી તપાચારની શુધ્ધિ, અને પ્રત્યાખ્યાનથી વીર્યાચારની શુધ્ધિ થાય છે. આ અનુક્રમ બહુ સ્તુત્ય અને આદરણીય છે, પણ આટલું તો મારે અહીંઆ કહ્યા વિના ચાલતું નથીજ કે જે માણસ તદ્દન કપટ વિનાનો હોય તેજ ખરી રીતે પ્રતિક્રમણ કરી શકે. પોતાના દોષ પ્રગટપણે કહી દેવા એ કાંઇ સામાન્ય વાત નથી, અને જ્યાં સુધી સરળતા આવી નથી ત્યા સુધી કપટનો અભાવ બહુ દુર કરી મનુષ્ય જાતમાં કપટના પ્રાદુર્ભાવ કેમ થાય છે તેનું સામાન્ય અને વિશેષ જે કારણ સમજાય છે તે પણ અમો અત્ર લખીએ તો તે અસ્થાને નહી ગણાય. મનની નિર્બળતા એ એક મુખ્ય કારણ છે. સભય મનવાળો માણસ દોષાચ્છાદન કરવા કપટને શરણે જાય છે. ઘણીવાર એવા દાખલાવાલા મનુષ્યો જોવામાં આવ્યા હશે કે જેઓ હૃદયબળથી જે કાંઇ હોય તે સાચેસાચું કહેનારા અને ગમેતેવી પોતાની ભૂલનો બદલો સહન કરવા તૈયાર થયેલા હોવાથી તે ભુલ સ્વીકારતાં બીલકુલ પાછા હઠતા નથી. જેઓમાં આ શકિત નથી તેઓજ કપટનું સેવન કરે છે. મનને શુદ્ધ કરવા જ્ઞાની પુરૂષો જે કાંઇ ભાર મુકીને કથી ગયા છે તેનું કારણ પણ એ સમજાય છે કે નિર્મળ મન સબળ બની શકે છે. બીજું ગૌણકારણ એ પણ જણાય છે કે જુદાજુદા ધર્મશાસ્ત્રોમાં ક્રિયામાન (આચાર) ના બંધારણો જે કાંઇ લખ્યા છે તે જે જે કાળમાં તે પુસ્તકો લખાએલા હોય તે તે કાલમાં મનુષ્યોની શારીરિક અને માનસિક શકિત, તેમનુ તે વખતનું સાદું અને સહેલું વર્તન, તેમજ તથાપ્રકારનો તેમનો બંધાએલો સ્વભાવ વગેરેને અનુસરીને તે આચારનિરૂપણ રૂપે તતતત્ કાલીય લખાએલા હોવા જોઇએ. કાલક્રમ, સંજોગો ફર્યા, વર્તન ફર્યા, સ્વભાવ ફર્યા, અને શારીરિક માનસિક શકિતમાં ઘટાડો થયો જેને લઇને તેવા નિયમો સાચવવા અસમર્થ હોવાથી તે નિયમોમાં પોતાની ઉપસ્થિતિ બતાવવાના કારણથી દંભસેવન કરવાનું બીજું કારણ સમજાય છે. એકજ દાખલો આપણે લઇએ કે વીર પરમાત્મા ચોથા આરામાં હતા, તેમના ગૌતમ આદિક મુનિઓ પણ તેજ વખતમાં વજ્રરિષભ નારાચ સંઘેણવાલા હોવાથી તેમને અનુકુલ અને તેઓ જેને સમ્યક્ પ્રકારે સેવી શકે–પાલી શકે તેવા નિયમો વીરપ્રભુએ કહ્યા હોય તો તે વાસ્તવિક છે. જો કે આ હકીકત દરેક નિયમોને લાગુ પડતી નથી કેમકે કેટલાએક નિયમો સર્વદા સર્વસામાન્ય પણ છે; પણ ખાસ તપશ્ચર્યાના સંબંધમાં અને પરિષહ જે બાવીસ બતાવવામાં આવેલા છે તેના સંબંધમાં, અને યતિધર્મના જે દશ પ્રકાર બતાવવામાં આવેલા છે, નવકોટી શુધ્ધ વ્રત પાળવાના સંબંધમાં જે ઉત્સર્ગ માર્ગ બતાવવામાં આવેલ છે તે સંબંધમાં જો વિચાર કરીએ તો એમ સમજી શકાય છે કે તે નિયમો સર્વદા સર્વ સામાન્ય હેતુથી કહ્યા હોય એમ વર્તમાનકાલની સ્થિ-

તિના નિર્બળ મનુષ્યોને માટે તો તે દુર્વહ છે. હવે પછી આ અસ્તનો ઉદય થશે એમ જે આશા આ સંબંધમાં રાખવી એ એક રીતે મનને ફોસલાવવા જેવું છે; કેમકે બીજી રીતે કહેવું પડે છે કે કાલ અને તેને લગતા પદાર્થમાં રહેલા વર્ણ, ગંધ, રસ, અને સ્પર્શ વિગેરેની હાનીજ થવાની છે તો પછી તેમાં ઉદયની આશા રાખવી એ માર્ગને અનુચિત પદ આપવા જેવું છે. આત્મિક શકિત અનંતી છે અને તે જો સ્વરૂપમાં પ્રકાશે અને અમુક અંશે યા દેશાંશે કે સર્વાંશે નિરાવરણીય થઈ ખીલે તો ત્યાં શારીરિક અપેક્ષા રહેતી નથી. પણ તેનેજ ખીલવવા વ્યવહારને બીજી રીતે અગ્રપદ અપાય છે અને તેને માટેજ નિયમોમાં નિયમિત રહેવા ફરમાવવામાં આવે છે. આ રીતે પાછા ફરીને પણ આપણે નિયમો આગલ ઉભા રહીએ છીએ, જેને માટે પહેલાં લખાઇ ગયેલ અડચણોનું અસ્તિત્વ ઉભુંજ છે. આથી નિર્બળોને તથાપ્રકારના નિયમો પાળવામાં અસમર્થતાને લઇને સ્વભાવિક રીતે દંભસેવનની વૃધ્ધિ થવા સંભવ છે. અત્ર સ્થલે કોઇ એમ કહેવા ઉઠશે કે શાસ્ત્રોમાં લખેલા નિયમો મુજબ વર્તવા અમે તયાર છીએ તો તેવા બોલનારાઓ પણ એક રીતે બોલવામાં દંભ સેવનજ કરે છે એમ આ લેખક માનશે; અને જો દ્રવ્ય, ક્ષેત્ર, કાલ ભાવના વિશેષણો આપી બચાવ કરવામાં આવશે તો તે વાત લેખક અંતઃકરણપૂર્વક સ્વીકાર્યા વિના પણ નહિ રહે. વાસ્તવિક રીતે બને છે એવું કે પોતાના બચાવમાં વ્યકિત દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવને અગ્રપદ આપે છે. અને બીજાઓને લોકદૃષ્ટિમાં હલકા પાડવામાં અથવા તો પોતાતરફ પૂજ્યભાવ વધારવા બીજાની ન્યૂનતા બતાવવામાં મૂળ શાસ્ત્રોના પાઠના ઉલ્લેખો કરી આક્ષેપ માર્ગ સ્વીકારવામાં આવે છે, તો તેથી એક બીજા પોતપોતાને ગમતાં એકએકથી વિરોધી શાસ્ત્રવાકયો શોધી કાઢી કલેશ, કંકાશ, કુસંપ અને ઝગડારૂપ જૈનમાર્ગમાં કંટક વેરે છે. આને લઇને થવું શું જોઇએ કે જો દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ માનનીય હોય તો તદનુસારે સર્વમાન્ય અને સર્વપાલનીય એક બંધારણ બાંધવું જોઇએ જેથી કપટની થયેલી વૃધ્ધિ ઓછી થાય. બંધારણનું સાંકડાપણું એજ અસત્ય બોલાવે છે અને કપટ કરતાં શીખવે છે. આ હકીકત પ્રસંગોપાત લખવાની મતલબ એજ છે કે પ્રતિક્રમણની ક્રિયા જે કપટ રહીત હોય તેનાથીજ શુધ્ધ રીતે થઈ શકે છે, નહિ તો શાસ્ત્રોમાં લખેલા શૂન્ય, દગ્ધ, અવિધિ, અતિપ્રવૃતિ વિગેરે દોષોના ઓધના સેવન કર્યા વિના કોઇકજ ભાગ્યે રહી શકે.

અલ્પ કાળમાં આપણે કેટલું ખોઇ બેઠા છીએ અને ભુલી ગયા છીએ તેનું સ્મરણ હાલતો પ્રતિક્રમણના અંગેજ કરીએ. જો કે અમે લખી ગયા છીએ કે પ્રતિક્રમણ ઘરઘરનાં થઇ ગયાં છે, તો લેખકે કયા ક્રમ ઉપર દ્રષ્ટિ રાખી લખવું જોઇએ કે જેથી લેખનો સામાન્ય હેતુ જલવાય ? પણ તેમ કરવામાં ઘણી અગવડતા દ્રષ્ટિ આગલ તરેછે જેથી જે સબંધી વિશેષ અનુભવ લેખક ધરાવે છે તે તરફ દ્રષ્ટિ રાખી લખવામાં આવશે. આથી બીજાઓએ એમ ન માનવું કે આ લખવાથી સ્વપક્ષ પ્રતિપાદન કરાય છે. આટલું લખી આગળ ચાલીએ તો પ્રથમ પ્રતિક્રમણના આવશ્યક રૂપે મૂળ કેટલાં સૂત્રો હોવાં જોઇએ તે વિચારીએ અને તદુપરાંત કયાં કયાં સૂત્રો પાછળથી દાખલ થયાં છે તે પણ વિચારીએ. મુખ્ય સૂત્રો, લેખક જયાં સુધી સમજે છે ત્યાં સુધી, નીચે મુજબ માને છે:—

નવકાર, ઈરીયાવહી, તસ્સઉત્તરી, અનથ્થ ઉસ્સસ્સીયેણું, લોગસ્સ, કરેમિભંતે. નમુથ્થુણં, જયવીયરાય (આભવમખંડા સુધી)' અરિહંતચેઇયાણં, પુખ્ખરવરધ્ધી, સિધ્ધાણં બુધ્ધાણં (આદિની ત્રણ ગાથા, સવ્વસવી, વાંદણા, ઈચ્છામિઠામિ, વંદિતુ આટલાં સૂત્રો પહેલાંથી હોવાં જોઇએ કેમકે આવસ્યક સૂત્રની કેટલીક ટીકાઓમાં આટલા સૂત્રોની ટીકા કરવામાં આવેલી છે; અને જેમ જેમ પાછલ પાછલથી ટીકાઓ થતી ગઇ તેમતેમ તે તે ટીકા કરનારાઓના કાળમાં જે જે સૂત્રોના ઉમેરા થયેલા તેની પણ ટીકાઓ કરવામાં આવેલી છે.

હવે પાછળથી સૂત્રો અથવા ગાથાઓ જે દાખલ થયેલી છે તે કયા કયા વખતે અને કયા આચાર્યે કરેલ અને કેવા સંજોગો વચ્ચે મૂળ પ્રતિક્રમણ સાથે જોડી દેવામાં આવેલ છે તે સંબંધી ઘણી હકીકત ભૂલી જવાણી છે. જેમકે સિધ્ધાણું બુધ્ધાણંમાં "ઉજ્જંત સેલસીહરે" એ ગાથા બોલાય છે તે કયારે થઇ તેનો ઉલ્લેખ મલી શકે છે કે એક વખત શ્વેતાંબરી અને દિગમ્બરી બન્નના સંઘો ગિરનાર તીર્થ ઉપર ભેગા થયા. તે વખતે બન્ને સંઘોવચ્ચે તકરાર થઇ 'કે તીર્થ હમારૂં છે' આ તકરારના અંગે રાજ્ય આગલ તે સંબંધી ઇન્સાફ લેવા ગયા. રાજ્ય તરફથી જવાબ મલ્યો કે પોતાનું તીર્થ છે એવું જે પક્ષ સાબીત કરી આપે તે પક્ષને તીર્થ સોંપવામાં આવશે. તેથી શ્વેતામ્બરી સંઘાધિપતિએ શાસન દેવતાની આરાધના કરી; શાસન દેવતાએ પ્રગટ થઇ સંઘાધિપતિને પૂછ્યું કે 'મારી આગલ તારી શું માગણી છે'? સંઘાધિપતિએ કહ્યું 'આ તીર્થ શ્વેતામ્બરીઓનું છે એવો પુરાવો જોઇએ છે' દેવતાએ કહ્યું કે 'એક કુંવારી કન્યાને રાજા આગળ લઇ જજો, તે પુરાવો આપશે' તે પ્રમાણે કુંવારી કન્યાને રાજા આગળ લઇ ગયા અને તે છોકરી "ઉજ્જંતસેલસીહરે" એ ગાથા બોલી, જેથી તીર્થ શ્વેતાંબરીઓનું છે એમ રાજાએ કબુલ કર્યું અને શ્વેતામ્બરીઓને સોંપવામાં આવ્યું તેની યાદી રાખવા આ ગાથાનો ઉમેરો થયેલો છે.

'ઉવસગ્ગહરં' ભદ્રબાહુ સ્વામીએ બનાવેલું છે, તેની મતલબ એવી છે કે ભદ્રબાહુ સ્વામિ અને વરાહમિહર બંને સગા ભાઇઓ હતા, તેઓએ સાથે દીક્ષા લીધેલી. પાછળથી ભદ્રબાહુ સ્વામિને યોગ્ય જાણી આચાર્ય પદવી આવી. વરાહમિહરને તે પદવી ન મળવાથી બોધિત બની જૈનીય દીક્ષાનો ત્યાગ કરી પાછો બ્રાહ્મણ બન્યો, એક વખત રાજ્ય સભામાં ભદ્રબાહુ સ્વામિએ તેના જ્યોતિષના વર્તારાને ખોટો ઠરાવ્યો, જેથી તેનું અપમાન થયું. કાલાંતરે વરાહમિહર મરીને વ્યંતર થયો. ક્રોધથી તે વ્યંતર જૈન સંઘમાં ઉપદ્રવ કરવા લાગ્યો, તેની ઉપશાંતિને માટે "ઉવસગ્ગહરં" ભદ્રબાહુ સ્વામીએ બનાવ્યો છે– એટલે તે ત્યાર પછી દાખલ થયેલ છે.

એવીજ રીતે "લઘુશાંતિ" માનદેવ સૂરીએ કરેલ છે. 'સંસારદાવા' હરિભદ્ર સૂરીએ બનાવેલ છે. "અજીતશાંતિ" નંદિષેણ સૂરીએ કરેલ છે. "સકલાર્હત્" હેમચંદ્રાચાર્યે ત્રિષષ્ઠી પુરૂષ ચરિત્ર બનાવેલ છે તેના આદિભાગનું મંગલાચરણ છે. 'મોટી શાંતિ'ને માટે એમ કહેવામાં આવેછે કે તે બૌદ્ધમાંથી આવેલ છે– સત્ય શું છે તે વિશેષજ્ઞો જાણે "સ્નાતસ્યાની સ્તુતિ"ને માટે એક એવી વાત ચાલે છે કેઃ—

કુમારપાલના ગુરૂ **હેમચંદ્રાચાર્ય**નો શિષ્ય **બાલચંદ્ર** કરીને હતો. કુમારપાલના ભત્રીજા **અજયપાલે** રાજ્યના લોભથી, **બાલચંદ્ર**ને સમજાવ્યું કે 'જો કુમારપાલનો જીવ લેવાની કોઇ યુક્તિ કરો તો કુમારપાલના મરણ પછી હું ગાદીએ આવું અને કુમારપાલ હેમચંદ્રાચાર્યને ગુરૂ તરીકેનું જેટલું માન આપેછે તેટલું હું તમોને માન આપીશ ' આ લોભથી **બાલચંદ્ર** એક વખત પ્રતિષ્ઠાના મુહુર્ત્તમાં ગડબડ કરી દીધી, જેથી કુમારપાલનું મૃત્યુ થયું અને **અજયપાલ** ગાદીએ આવ્યો પણ **બાલચંદ્ર**ને આપેલ વચન પાળ્યું નહી. તેમજ **બાલચંદ્ર**ને સંઘે પણ સંઘ બહાર કર્યો, તેથી તેની અપકીર્તિ થઇ જેથી બાલચંદ્ર ક્રોધ સહીત મરણ પામ્યો અને વ્યંતર દેવ થયો; સંઘ ઉપર વેર લેવા વાસ્તે સંઘમાં ઉપદ્રવ કરવા મંડયો. સંઘે ઉપદ્રવ ટાળવા તેજ વ્યંતરનું આરાધન કર્યું ત્યારે તેણે કહ્યું કે મારી કરેલ "**સ્નાતસ્યાની** સ્તુતિ સંઘમાં દાખલ કરો અને મારૂં નામ રાખો તો ઉપદ્રવ દૂર થાય. તે પ્રમાણે સંઘે કબુલ કર્યું અને તે સ્તુતિ સંઘમાં બોલવા ગોઠવણ કરી.

બીજી વાત એમ પણ છે કે **બાલચંદ્ર**નુ માન **અજયપાલે** ન રાખવાથી **બાલચંદ્ર** **અજયપાલ** ઉપર ક્રોધિત થયો હતો અને **સર્વાનુભૂતિ** નામના યક્ષનું આરાધન કરવાથી યક્ષે વર આપેલ ત્યારે માગણી કરી કે **અજયપાલ**નો જીવ લેવો છે, યક્ષે **અજયપાલ**ના ઘોડામાં પ્રવેશ કર્યો, અને જ્યારે **અજયપાલ** ઘોડા ઉપર બેઠો ત્યારે **અજયપાલ**ને પછાડયો જેથી તે મરણ પામ્યો. સંઘનો તે દુસ્મન હતો તેથી આ વાત સંઘને ગમી તેથી સર્વાનુભૂતિ યક્ષનું નામ રાખવા **બાલચંદ્ર**ની કરેલ "સ્નાતસ્યાની સ્તુતિ" સંઘમાં દાખલ કરી.

આવી રીતે બીજાં જે જે સૂત્રો, ગાથાઓ, અને શ્લોકો પ્રતિક્રમણમાં કેટલાક કારણોને લઇને દાખલ થતા ગયા છે, તે દરેકના કર્ત્તાનાં નામ, અને કઇ સાલમાં, કેવા સંજોગોને લઇને દાખલ કરવામાં આવેલ છે, એમ અનેક હકીકત અનુપલબ્ધ થતી જાય છે: એ થોડું શોચિનીય નથી. તેમ "નમોસ્તુ વર્ધમાનાય" ને બદલે સ્ત્રીઓ "સંસારદાવાની" ત્રણ ગાથાઓ કહેછે તેનું સબલ કારણ સમજાતું નથી. નિર્બળ બચાવમાં સંસ્કૃત " નમોસ્તુ વર્ધમાનાય" હોવાથી સ્ત્રીઓને સંસ્કૃતનો અધિકાર નથી–આમ આ વાત હસી કાઢવા જેવી લાગે છે. કેમકે "સકલાર્હત્" "સ્નાતસ્યાની સ્તુતિ'' "લઘુશાંતિ" "મોટીશાંતિ" અને "ભકતામર' વિગેરે વિગેરે સંસ્કૃત હોવા છતાં સ્ત્રીઓને શીખવાનો અને બોલવાનો ક્રમ ચાલ્યો આવતો આપણે નજરે જોઇએ છીએ. બીજી એક આશ્ચર્ય ઉત્પન્ન કરનારી વાત એ પણ છે કે 'સુયદેવયા' ની અને 'ક્ષેત્ર દેવતા' ની સ્તુતિ ન બોલતા 'કમલદલ' ની સ્તુતિજ સ્ત્રીઓએ બોલવી જોઈએ; વિચાર કરતાં શ્રુતદેવતાની અને ક્ષેત્ર દેવતાની સ્તુતિ માગધીમાં હોવા છતાં સંસ્કૃત 'કમલદલ' ની સ્તુતિ શું કામ સ્વીકારવામાં આવી હશે ? એ સમજી શકાતું નથી. જે પ્રતિક્રમણ નિત્યની ક્રિયા છે અને તેમાં બોલાતાં સૂત્રોના સબંધમાં આપણામાં જ અજ્ઞાનતા વધતી જાય છે તેજ સૂચવી આપે છે કે આપણે ક્રિયાના હેતુ તરફ લક્ષ નહી રાખતાં શુન્યદોષયુકત ક્રિયા કરીએ છીએ. તેમજ પ્રતિક્રમણમાં બોલાતાં સૂત્રોના છંદોનું જ્ઞાન અને

તેજ છંદમાં બોલવું એ પદ્ધતિ સમજુવર્ગમાં પણ ઓછી જોવામાં આવેછે. છંદમાં સૂત્રો બોલવાથી ગુરૂ લઘુનો ઉચ્ચાર સ્પષ્ટ થઇ શકેછે અને તેથી અશુદ્ધિના દોષમાંથી ઘણાભાગે બચી શકાય છે. 'અજીતશાંતિ' માં છંદો સાથે બોલવાની પદ્ધતિ રહી ગઇ છે તો તેથી છંદોના નામ જળવાઇ રહ્યા છે. જો કે તે તે છંદોનું જ્ઞાન બોલનારાએમાં ઓછું દેખાય છે અને મન ગમતા રાગોમાં બોલવામાં આવેછે, તોપણ છંદોનાં નામોનો નાશ નથી થયો એજ આપણે સંતોષ માનવાનો છે. જો 'અજીતશાંતિ' માંથી છંદો બોલવાની પદ્ધતિ ન રહી હોત તો આજે 'અજીતશાંતિ'ની કઇ કઇ ગાથા કયા કયા છંદોમાં છે તે પિંગલનો પૂર્ણજ્ઞાની જો શોધવા બેસત તો ઘણી મ્હેનતે સમજી શકત. બીજા સૂત્રોને માટે હાલ તેમજ બનેલ છે.

બીજી રીતે એક પદ્ધતિ એવી પણ ચાલી છે અને ચોપડીઓમાં છપાવા માંડી છે કે સૂત્રોનાં કેટલાંએક મુખ્ય નામ નષ્ટપ્રાય થઇ ગયા છે. જેમકે 'લોગસ્સ'નું નામ 'ચઉવીસત્થો' (ચતુર્વિંશતિસ્તવ) અગર નામસ્તવ એ નામ મુખ્ય છે. 'નમુથ્થુણં'નું શક્રસ્તવ અથવા ભાવસ્તવ નામ છે. વાંદણાંનું દ્વાદશાવર્ત વંદન નામ છે. વંદિતુનું શ્રાધ્ધ પ્રતિક્રમણ સૂત્ર નામ છે, એવી રીતે બીજાં સૂત્રોનાં પણ મૂલ નામ જુદાં હોવા છતાં હાલમાં તેમ ન બોલાતાં પ્રથમપદને અગ્રપદ આપી તે નામથીજ સૂત્રોનાં નામ કલ્પી લીધેલા છે, એ ખેદનો વિષય છે. બીજી હકીકત એવી છે કે પ્રતિક્રમણમાં 'ભગવાનહં, આચાર્યહં,' વિગેરે ચાર શબ્દો બોલાય છે તેનો અર્થ વિચાર કરતાં તેનો અર્થ કોઇ રીતે બંધબેસ્તો થતો નથી. "ભગવાન આચાર્ય" શબ્દો સંસ્કૃતમાં પ્રથમાના એક વચન સૂચક છે ત્યારે "હં" પ્રત્યય સંસ્કૃતમાં હોવાનો સંભવ નથી પણ તે માગધી ચતુર્થીના અર્થમાં હોવો જોઇએ એમ લાગે છે તો સંસ્કૃત માગધીનું મિશ્રણ એ કેવો વિચિત્ર દેખાવ આપેછે ? અન્ય વિદ્વાનોને તો ઉપહાસ્યનુંજ સ્થાન થઇ પડે તેમ છે. આના સંબંધમાં લેખકની સમજ ફેર થતી હોય તો બીજા સાક્ષરો નવો પ્રકાશ પાડસે તો તેમનો અંતઃકરણપૂર્વક ઉપકાર માનવામાં આવશે. આવી વાતો તરફ દુર્લક્ષ રાખવામાં આવશે તો જેવી રીતે હાલમાં અમુક અમુક આચાર્યોના કરેલાં સૂત્રો જે પ્રતિક્રમણમાં બોલાય છે તેને ઠેકાણે તે પહેલાં કયાં કયાં સૂત્રો બોલાતા હશે તેનું નામ કે નિશાન સ્મરણમાં રહેલ નથી, તેવીજ રીતે ચાલતાં સૂત્રોના સંબંધમાં ઉપેક્ષા કરવામાં આવશે તો ભવિષ્યમાં છે કાંઇ હાલ સ્મરણમાં છે તેપણ ખોઇ બેસીશું.

હવે અશુધ્ધિને માટેઃ—૧) વ્યાવિદ્ધત્વદોષ–વિપરીત બોલવું. ૨) વ્યુત્ક્રામેડિત્વદોષ–એક આલાવો–આલાપ બીજા સાથે બોલવો તે. ૩) હીનાક્ષરદોષ–ઓછા અક્ષર બોલવા તે. ૪) અતિ અક્ષરદોષ–વધારે અક્ષર બોલી જવાતે. ૫) પદહીન દોષ–પદ વધારે અથવા ઓછા બોલવાતે. ૬) વિનયહીન દોષ–વિનય વિના ગમે તેવા પ્રકારે જે બોલીએ તેને માત્ર મોઢાથી બોલી જવું તે. ૭) ઉદાત્તાદિ દોષ–ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત એ ત્રણ પ્રકારના દોષ છે, તેમાં ઉદાત્ત–ઉંચે સ્વરે બોલવું તે, અનુદાત નીચે સ્વરે બોલવું તે, સ્વરિત–સમરીતે બોલવું એટલે અતિ ઉંચે સ્વરે નહિ તેમજ અતિ નીચે સ્વરે નહી તે. ૮) યોગ હીન–એક પદ

અથવા એક અક્ષરને બીજા સાથે યોગ હોય તે તોડી નાંખીને બોલવું, એટલે કરેલી સંધિ તોડી નાંખી બોલવું તઃ-ઇત્યાદિક ઉચ્ચારના દોષો અવશ્ય જાણવા જોઇએ કે જેથી અર્થનો અનર્થ ન થાય. ઘણી વખત વાર્તામાં વાંચીએ છીએ તો ઘણા ઠેકાણે એમ વાત આવે છે કે આકાશમાં ઉડતાં કેટલાક વિદ્યધરો વિદ્યાનો અમુક પાઠ અથવા અક્ષર ભૂલી જવાથી તેઓ જમીન ઉપર આવી પડયા છે અને જ્યારે તેમને તે પદનાં અથવા તે અક્ષરનું પાછું સ્મરણ થયું છે ત્યારે તેઓ પાછા ઉડી શકયા છે.

શ્રી શ્રમણ સૂત્રમાં પણ લખેલ છે કે. **हीणखरं अच्चखरं पयहीणं विनयहीणं घोसहीणं जोगहीणं ।** હીણ અક્ષર,-હોય તેના કરતાં ઓછું બોલવું, હોય તેના કરતા ઉમેરીને બોલવું, પદ કરીને હીણુ બોલવું, વિનય રહીત બોલવું એટલે હાથ જોડયા વગર ધડાતડા બોલી જવું, ઘોષ એટલે ઉચ્ચાર જેની પહેલા ઉદાત્ત અનુદાત્ત વિગેરેની સમજણ આપેલી છે તે પ્રમાણે તથા યોગ વહણ કર્યા વિના બોલવું એ અનુચિત છે. યોગવહન એટલે તે તે સૂત્રો બોલવાની યોગ્યતા પ્રાપ્ત થયેથી ગુરૂ આજ્ઞા આપે કે હવે આ સૂત્ર ભણવાને તુ લાયક છે, તે પછી તે સૂત્રનો ઉપયોગ કરવો તેને માટે યોગવહન અને ઉપધાનની ક્રિયા છે. હાલમાં તથાપ્રકારે સચવાતી નથી. માટે પ્રતિક્રમણના સૂત્રોચ્ચારની શુદ્ધિ તરફ વિશેષ લક્ષ આપવાની જરૂર છે, અને તે પણ અર્થ સાથે, સમજણ સાથે, હેતુ સાથે, સમજીને બોલાય તોજ શ્રેષ્ઠ ગણાય. જેવા તેવા ઉચ્ચારથી અથવા તો આગલ પાછલ પદ અથવા અક્ષરની વ્યવસ્થા સાચવ્યા વિના બોલવાથી અર્થનો અનર્થ થઇ જાય છે તેને માટે નીચેના એક બે સાદા દાખલા બસ છેઃ—

**आग, लगाडी** બીજી રીતે **आगल, गाडी** આમાં આગની સાથે લ ઉ બોલવાથી "આગલ" બોલાય છે અને આગને જુદોજ બોલીએ તો "આગ" એટલે અગ્નિ સળગાવી એમ સમજાયછે.

તેમજ **'दिवानथी' दरबारमां छे अंधारुं घार** આ ઠેકાણે દીવાનથી દરબારમાં અંધારૂં ઘોર છે એટલે દીવાન સારો નથી એવો અર્થ થાય છે પણ જો **दीवा** જુદો પાડી **नथी** બોલીએ તો "દીવા" ન હોવાથી દરબારમાં અંધારૂં છે એમ અર્થ થાય છે માટે ઉચ્ચાર શુદ્ધિની ઘણી આવશ્યકતા છે; અને તેટલા માટેજ દરેક સૂત્રોની સંપદા (વિશ્રામસ્થાન) શાસ્ત્રમાં નક્કી કરેલ છે, જે હાલ પ્રાયઃ ભુલી જવા જેવું થઇ ગયું છે ઉચ્ચારના સંબંધમાં આટલું કહી એક બીજી ઉપયોગી હકીકત તરફ વાંચનારાઓનું લક્ષ ખેંચીએ છીએ કે પ્રતિક્રમણમાં-સામાન્યતઃ દેવસિક રાત્રિક પ્રતિક્રમણમાં સાત લાખ એટલે જીવાયોનીની આલોચના અને અઢાર પાપસ્થાનકની આલોચના કરી મિચ્છામિ દુકકડ દેવામાં આવે છે. તેમ પ્રતિક્રમણ સૂત્રમાં વ્રતના અતિચાર આલોચવામાં આવે છે. પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક પ્રતિક્રમણમાં ભાષામાં લખાએલ મોટા અતિચાર શ્રાવક અને સાધુ બનેના છે, તે એક વ્યક્તિ બોલી જાય છે અને બીજાઓ ઉપયોગશુન્ય મનથી પ્રાયશઃ શ્રવણ કરી 'મિચ્છામી દુક્કડ' દે છે. એટલે થાય છે એવું કે જેને જે દોષ લાગ્યો ન હોય તેનું પણ 'મિચ્છામિ દુકકડ' દેવાઇ જવાય છે. તેથી અતિપ્રવૃત્તિ દોષ લાગે છે. હોવું એમ જોઇએ કે અતિચાર અને

દોષ આલોચતી વખત અને તે સામાન્ય પાઠ બોલાતી વખત બોલનાર અને સાંભળનારા એએ પોત પોતાને માટે પોત પોતાના મનમાં જે જે અતિચાર લાગ્યા હોય તેનું ખાસ સ્મરણ કરવું અને તેટલા પરત્વેજ મિચ્છામિ દુક્કડં દેવું. સિવાય જે દોષોથી—જે અતિચારોથી પોતે દુર રહેલ હોય તેની અનુમોદના પોતાના મનમાં કરી આનંદ માનવો જોઇએ કે 'હું આટલા દોષોથી બચ્યો છું, તેથી હું તે સંબંધમાં આનંદ માનું છું અને હવે પછી ઇચ્છું છું કે જેટલા દોષ મને લાગ્યા છે તેટલા પણ હવે પછી ન લાગો એવી ઉપયોગ સહિત પ્રવૃત્તિ મારી થાય.'

એક બીજી વાત લક્ષમાં રાખવાની છે કે પ્રતિક્રમણમાં હાલ મિચ્છામિ દુક્કડ દેવાનીજ પ્રધાનતા મનાઇ ગઇ છે, અને તે માત્ર વિવેકના રૂપમાં મનાય છે-કરાય છે. સાંવત્સરિક પ્રતિક્રમણ પછી તેવા પત્રો લખવાની પણ પદ્ધતિ હાલ ચાલે છે અને તે જો કે સ્તુત્ય છે પણ તેમાં પણ સુધારો થવાની આવશ્યકતા લાગે છે. તે સુધારો આટલોજ કે જે પત્રો પ્રતિક્રમણ કર્યા પછી લખાય છે કે 'પ્રતિક્રમણ કરી અમોએ તમોને ખમાવ્યા છે,' તેજ પત્રો પ્રતિક્રમણના પહેલાં લખઇ જવાં જોઇએ અને સામાના પત્રો પણ આવી જવા જોઇએ કે જેથી સકલજીવ સાથે ખમતખામણાં કર્યા પછી પ્રતિક્રમણનો અધિકારી બની શકે. પ્રતિક્રમણ પહેલાં કરી લેવું અને ખામણાં પછીથી કરવા એ વિપરીત ન્યાય લાગે છે. આ રૂઢી પ્રશંસવા જેવી છે અને તેની જરૂર પણ છે ફકત મિચ્છામિ દુક્કડંનીજ પ્રધાનતા મનાઇ ગઇ છે. સિવાયના અનેક દોષો જે પ્રમાદવશાત્ લાગ્યા હોય તે તરફ તેવું લક્ષ ખેંચાતું નથી આટલુંજ શોચનીય છે. મિચ્છામિ દુક્કડંની માફક દરેક દોષોને માટે ઉપયોગ સહ પ્રધાનતા અર્પવામાં આવે તો તે વધારે ઉત્તમ ગણાય.

પ્રતિક્રમણના સંબંધમાં આ લેખ લખવામાં આવેલ છે તેમાં બહુધા હાલમાં જણાતી ખામીઓ બતાવવામાં આવેલી છે તેથી લેખકની માન્યતા અથવા ઇચ્છા એવી નથી કે આ ક્રિયા ઉપયોગી નથી. ક્રિયા અતિ ઉપયોગી છે. નિત્ય નિયમ પ્રમાણે તે અવશ્ય કર્તવ્ય છે, અને ઇષ્ટ છે, પણ થયેલ અને થતી ખામીઓ ક્રિયાને ભવિષ્યમાં અસમંજસ બનાવનારી છે, તો તેમ ન થાય તેને માટે ખામીઓનું દિગ્દર્શન કરાવી લેખક ઇચ્છે છે કે તે ખામીઓ નષ્ટ થાઓ અને પ્રતિક્રમણના ખરા સ્વરૂપને પ્રકાશિત કરવાનો સમય મલો, ને વધારે શ્રેયસ્કર નિવડો. જો કે કેટલાએક જુના વિચારકો એમ પણ માની બેઠા છે કે જેમ તેમ જેવી તેવી પણ ક્રિયા કર્યા કરવી, કરતાં કરતાં કોઇ દિવસ સુધરશે, તો તે વાત અથવા માન્યતા અમુક અંશે ભલે સત્ય હોય પણ તેવા બોલનારાઓને આટલું તો સ્વીકારવું પડશે કે આપણા ઉદ્યમ વિના ક્રિયાશુદ્ધિ સ્વતઃ થઈ શકનાર નથી, કેમકે દરેક કાર્ય ઉદ્યમસાધ્ય છે, તો ખામી દૂર કરવા ઉદ્યમ કરવામાં આવે તો વધારે સારૂં એજ આ લેખનો હેતુ છે. કેટલાએક ક્રિયાશિથિલો અને ક્રિયાવિહીનો ચાલતી ક્રિયાઓમાં ખામી બતાવી ક્રિયાને નિંદે છે. પોતે કરતાં નથી, અને બીજા કરનારાઓને આડે આવે છે, તેઓની બુદ્ધિ ભ્રષ્ટ કરે છે તો તેઓ ક્રિયા ઉપર અભાવદર્શક હોવાથી અરૂચીપણાને લઇને વિરાધક ભાવને પામવા સંભવ

છે. તેમજ તેવાઓ ઉત્સૂત્ર ભાષણના દોષમાંથી બચી શકતા નથી. જો તેવાઓને અશુદ્ધ ક્રિયાઉપર અનાદર હોય તો તેમને પોતાને શુદ્ધ ક્રિયા કરતા કોણ અટકાવે છે? જો તેઓ શુધ્ધ ક્રિયાના પ્રેમી હોય તો તેમણે શુધ્ધ ક્રિયા કરી બતાવી બીજાઓને તેવું અનુકરણ કરતાં શીખવવું જોઇએ; બલ્કે નહિ કે પતીતપાતક બનવું-એટલે જેઓ ક્રિયા પ્રત્યે અભાવ દર્શાવનારા છે તેઓ પણ પોતાના વિચારમાં આગ્રહી છે એમ કાં ન માનવું? અને જેઓ શુધ્ધાશુધ્ધ નિરપેક્ષ ક્રિયાભિનંદી છે તેઓ પણ પોતાના એકપક્ષી વિચારમાં આગ્રહી છે એમ માનવાને કારણ મલે છે. બંને પક્ષકારોએ આગ્રહ તજી એકજ સાધ્ય બિંદુ સ્વીકારવું જોઇએ કે શુદ્ધ ક્રિયા કરવી આમજો વિચારએકતા થઇ જાય તો સામ સામા આક્ષેપ નિક્ષેપો થતા અટકે. આ લેખ લખતાં લેખક પોતેપણ પ્રતિક્રમણના ઘણા વિષયના સબંધમાં અજ્ઞાતપ્રાય છે, તેથી અન્ય સાક્ષરો તરફથી મૃદુ ભાષામાં સુધારો વધારો કરવામાં આવશે તો તેઓ લેખક અને વાંચક બનેના ઉપર ઉપકાર કરતા ગણાશે. તથાસ્તુ.

---

## ધર્મક્ષેત્રમાં જીવ સૈનિકને પ્રોત્સાહ.

(લાવણી)

ધરીને ધૈર્ય ધડાકા કરો,
ધરામાં અમર નામને વરો-એટેક

શિથિલ શું બન્યા વીર સંતાન?
ભુલાયાં કેમ ધર્મ ને ધ્યાન?
ઉડયાં કયાં કર્મ-મર્મ નિશાન?
ભીરૂને નહિ ભુલે અવસાન.
ધર્મના ધીટ માર્ગને ધરો,
કર્મ નિજ કઠિન બનીને કરો-ધરીને ૧

તુટયું કયમ તીવ્રતરંગી તાન?
બન્યા શું ગાન-તાન-ગુલ્તાન?
ભાઈ! શાને ભુલો છો ભાન?
સજો કંઇ સમજી હજીયે સાન.
મહાભારત યત્નો આદરો,
કિનારે આવી શાને સરો?-ધરીને ૨

કાર્ય કરવું કે મરવું માન
એજ માનવનું લક્ષ નિદાન;
સૃષ્ટિ છે સદાય સંકટ સ્થાન,
ધર્મ છે સાચું સ્વર્ગ નિધાન
મરો પણ પગ પાછો નવ ભરો,
વધી આગળ શું પાછા ફરો?-ધરીને. ૩

હજારો આફત ઝીલો અંગ,
તિતિક્ષાનો તાણો તન તંગ
જમાવો પાવ અરિથી જંગ
રાખજો ક્ષત્રિવટનો રંગ,
તરંગો ચીરી રસ્તો કરો,
ભયંકર ભવસાગરને તરો-ધરીને. ૪

ઉગે નહિ સૂર્ય પશ્ચિમાકાશ,
કરે નહિ શૂર ભોંયરે વાસ,
તજે નહિ બળતાં સુખડ સુવાસ,
પીલે પણ જાય ન ઇક્ષુ મીઠાશ,
વેઠશે ભૂખમરો આકરો,
છતાં નહિ સિંહ ચરે તૃણચરો-ધરીને ૫

કરીને શાસ્ત્ર અસ્ત્ર તૈયાર,
બનો નર વીર શુરા હુશિઆર,
ધરો સમજીને શ્રુતિનો સાર,
ધર્યું તે તરત ઉતારો પાર,
કરી કરી તે-પેલું-આ-કરો,
વૃથા શું પ્રમાદવશ થઈ મરો-ધરીને. ૬

અહિં તો રોકડનો વેપાર,
કરો શીથીલ અને ઉધાર,
કાપવા પાપરૂપ ભૂભાર,
ચલાવો તીવ્ર ક્રિયા તલવાર,
ઉલ્લેઘો અનંત જળ ઉતરો,
પૃથ્વીમાં પુરૂષાર્થ પાથરો-ધરીને. ૭

ઉખેડો અડચણના કંઈ તાડ,
ઉઠાવો આફતના કંઈ પહાડ
હઠાવો દુઃખ--દર્દનાં--ઝાડ,
હઠો શું નિરખી અરિની ધાડ,
બનીને ભીરૂ આમ શું ડરો ?,
હામ હથિયાર હાથમાં ધરો-ધરીને. ૮

જુઓ કીડી પંખી ને કીટ,
જુઓ જંતુ પણ કેવાં ધીટ !
કાજ વખતે નવ મારે મીંટ,
પાડતાં પ્રમાદ ઉપર પીટ,
નયન નિદ્રાપટને પરહરો,
દિવસને રાત કાર્ય નિજ કરો-ધરીને. ૯

શરીરમાં વસે શત્રુ તે જુઓ,
ઉંઘમાં શાને સાધન ખુઓ ?
ઉંઘતાં કરતાં સારો મૂઓ,
જાગૃતિ જળથી આંખો ધુઓ,
અરિ આલસ્ય અંધતમ હરો,
અંતરે ઉચ્ચ ભાવને ભરો-ધરીને. ૧૦

વખત વહે છે પાણીની પેર,
જવું છે ઘણે દૂર નિજ ઘેર,
વિસામો લીધો છે બહુ દેર,
છતાંયે શાની છે હજી ડેર ?
બની ચંચલ સંસૃતિમાં સરો,
જન્મ મોંઘો આ સાર્થક કરો-ધરીને ૧૧

વાયદે ડુબ્યા બહુ વેપાર,
વાયદે ખોયાં છે ઘરબાર,
વાયદો વડો વિપતનો સાર,
વાયદે નથી કોઈ પામ્યો સાર
વાયદો આજકાલ પરહરો,
આજને આજ કાજ આદરો-ધરીને ૧૨

બળી ઝળી કરી પાયમાલી,
થયાં તન-મન-ધનથી ખાલી,
પ્રસરતી આગ બધે ચાલી,
કર્મ જળ ઝારી કર ઝાલી,
હૃદયની જ્વાળાથી ઉગરો,
આપીને પણ સાથે ઉધ્ધરો-ધરીને ૧૩

પડજો પ્રભુ ધર્મની છાપ,
રાખજો પાપ--તાપ--સંતાપ
તમે છો સુખ સૃષ્ટિના બાપ,
અમારા એકજ આશ્રય આપ,
શિશુના સંકટ કંટક હરો,
માર્ગમાં પુણ્ય પુષ્પ પાથરો-૧૪

ધરીને ધૈર્ય ધડાકા કરો,
ધરામાં અમર નામને વરો.

# પ્રેમપોથી.

સજીવન જ્ઞાનમૂર્તિ મોક્ષમૂર્તિ શ્રી

સદ્‌ગુરૂચરણાય નમઃ-મંગલમય.

૧. શુભ મંગલ કલ્યાણ કારણ ઉજમાલ માર્ગની શ્રેણી સંબંધે જ્ઞાનીની કૃપા ઇચ્છી યથાર્થ પ્રારંભ કરશું, તેમાં પ્રથમ શુભમતિના પ્રભાવરૂપ લખેલા પત્રની પહોંચ વિદિત થઈ છે.

૨. તા. ૨૨ મી ના પત્ર મધ્યે આપની ત્યાંની સ્થિતિ તથા યોગ્યતા સંબંધે તથા આર્યાદિ સબંધી પ્રશ્નોનો ખુલાસો લખ્યો છે, તે વાંચી સાનંદતા થઇ છે. તેમાં આર્ય વર્તન સંબંધે આપનું જે લખવું થયું છે તે એક દૃષ્ટિએ તથારૂપ છે તે ઉપરથી આપની મતિનો પણ નિર્ણય બાંધી શકાય છે કે તે ત્યાંના વાતાવરણથી વિસ્મૃત થઇ નથી કે મંદતાને પામી નથી. તેજ 'ઉલ્લાસતા' છે.

૩. તા. ૨૯ મી નો પત્ર પહોંચ્યો તેમાં અમે પ્રશ્નરૂપે પરમ કૃપાવંતશ્રીજીના કહેલ પદની એક ગાથા અને આઠ કર્મનો મોહનીય કર્મમાં સમાવેશ કરવા સંબંધી પ્રશ્નોનો ઉત્તર યથામતિએ આપ્યો છે તે સરલતાસૂચક છે. તેનો ભાવાર્થ હવે પછી જે સુકથનનો પ્રારંભ કરવામાં આવશે તેમાં તેનો સહેતુક સમાવેશ થઇ જશે.

૪ હવે આપણે આર્યધર્મના પ્રતિપાદન કરનાર એવા સત્પુરૂષની શુભ મંગલમય શ્રેણીનો વિચાર કરવા ઉજમાળ થઇએ-યથામતિએ તેના નિર્ણયપર આવીએ. હમણાં આર્ય પ્રથા પ્રધાનપણે બે વિભાગે વર્તે છે-તેમાંના એક વિભાગના પ્રવર્તક શ્રીમાન્ પૂજ્ય શ્રી **વીર** પ્રભુ છે, અને બીજા વિભાગના પ્રવર્તક શ્રીમાન્ **વ્યાસ** ભગવાન્ **વશિષ્ટ** આદિ ઋષિઓ છે. એ બન્ને મહાત્મા-પ્રવર્તકોએ જે આર્યમાર્ગ દયા નિમિત્તે પ્રરૂપ્યો છે તેમાં શ્રી **વીર** પ્રભુએ જ્ઞાનમાર્ગ પ્રવર્ત્યો છે, જ્યારે **વ્યાસ** ભગવાન્ આદિએ ભક્તિમાર્ગ પ્રરૂપ્યો છે, એમ મનાય છે. આ બંને શ્રેષ્ઠ આત્માઓએ જે માર્ગો પ્રરૂપ્યા છે તેના હેતુ ઉપર જઇશું તો બંને માર્ગ ભક્તિથી ભરપૂર-ભક્તિપ્રધાન પ્રધાનપણે જણુય તેમ છે. આ વાતની આપણે આ પત્રથીજ મીંડવણી-એક બીજા સાથે મિલાવટ કરીશું,

૫. આ મીંડવણી કરીએ તે પહેલાં એક પ્રશ્ન એ ઉભો થાય છે કે એવા પરમ જ્ઞાનીને દયામય માર્ગ બોધવાની આવશ્યકતા શી હતી?-શામાટે બોધ્યો?-બોધવાનો હેતુ શું હતો? કારણ કે જ્યાં હેતુ પૂર્ણપણે પ્રાપ્ત થયો છે ત્યાં પછી એવી શુભ પ્રવૃત્તિને નિવૃત્તિમાન્ એવા કૃપાવંતે કૃપાપ્રસાદ રૂપે કરવા શામાટે પરિશ્રમ લીધો?-આ સવાલનો આપણે અવશ્ય વિચાર કરવાની જરૂર છે. જે વિચાર પરથી આ પત્રનો પ્રભાવ આગળ ચાલે તેમ છે. હવે તે વિચાર કરીએ:—

આમાં પ્રથમ શ્રેણી શ્રીમાન્ **વીર** પરમાત્માએ પ્રરૂપી છે, તે ઉપરથી આગળ વધવાનું છે, અને **વ્યાસ** ભગવાન્‌ની કહેલ શ્રેણીની તે સાથે મંજુરીઆત લેવાની છે.

૫—વીર પ્રભુએ પૂર્વજન્મે અનેક ભવાંતરના શુભ સંસ્કારથી આ ભવે માયાના (કર્મના) સર્વ ભાવને વેદીવેદીને શ્રેણીને તથારૂપ અનુભવી અનુભવીને ત્રિકાલ સત્ય, અનંત જ્ઞાન, અનંત દર્શન-ચંદ્રમા અને સ્ફટિક મણિથી અનંત ઉજ્વલ, અનંતશુદ્ધ, અનંત આનંદમય એવા ચૈતન્ય ધર્મ ( જ્ઞાન )-દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, અને ભાવથી ગુણ લક્ષણને વેદનભાવે અખંડ અવ્યાબાધ એવો આત્મધર્મ કેવલ પ્રાપ્ત કર્યો છે-તો એવી પ્રાપ્તિ કરનારે મહાનુભાવ જયવંત વર્તો !-તેને મારા અગણિત નમસ્કાર હો ! સર્વ કાલ અને સર્વ સમયને વિષે તેવા જ્ઞાની પ્રભુની ચરણોપાસના, પ્રેમલંછના ( લક્ષણા ) અને પરાભક્તિએ નિર્ભયપણે અને નિર્વિધ્ને સંપ્રાપ્ત થાઓ !-આ પ્રભુએ વેદી વેદી મૂકેલ એવા ચૌદ રાજલોક રૂપ દ્રશ્ય સંસારને અનુભવ કરેલા અનંત દુઃખ રૂપે જાણીને તેના દુઃખનું વર્ણન ચાદ પૂર્વમાં સ્થાપિત કર્યું, અને આ દુઃખના અંધકાલ અને મહારૌદ્ર પ્રદેશમાં સર્વ જીવો સુખની ઇચ્છાએ દુઃખને મેળવે છે. આ દુઃખનું વર્ણન એટલે તેમાં ચાર ગતિ રૂપ-મનુષ્ય, દેવતા, તીર્યંચ અને નારકી રૂપે તથા મહા ભયંકર દુઃખનું વર્ણન શાસ્ત્રમાં કર્યું છે, જેથી અત્રે તે વર્ણન બહુ સંક્ષેપમાં કરી આગળ વધવાનું છે. (૧) **મનુષ્યમાં** કંચન કામિની અને શાતાના લોભે જીવ અનેક પ્રકારે રાગદ્વેષ રૂપ અગ્નિએ પ્રજ્વલિત રહ્યા છે, અને મમત માલીકીના દુઃખથી દગ્ધ થાય છે; તરૂણ બાલ વૃદ્ધ વયના અનેક પ્રકારના શોચથી સીજી રહ્યા છે, એ આદિ દુઃખ મનુષ્યપણામાં છે. હવે (૨)**દેવતામાં** દેવાંગનાનું હરણ, પોતાથી અધિક ઋદ્ધિ દેખી કલેશ, હલકી સ્થિતિ દેખી ભય-ત્રાસ, મરણના ભયથી શોચ એમ અનેક પ્રકારના પૌદ્ગલિક માયાના પ્રપંચમાં પીડાતા દેવ ગતિના જીવો જ્ઞાનીએ દીઠા છે. (૩) **તિર્યંચમાં** ક્ષુધા, તૃષા, વધ, તાડન, મારન આદિ અનેક દુઃખ દીઠાં (૪) **નારકી** માં મહા ઘોર ભયંકર છેદન ભેદન, કુંભીની ક્ષેત્ર વેદનાના અંધકારમય અનંત દુઃખ દીઠાં. આવાં દુઃખ દેખીને તેનું સવિસ્તાર તથારૂપ વર્ણન શાસ્ત્રમાં કર્યું છે. આવા અનંત પ્રકારે દુઃખી થતા જીવોના નિર્માણ અનંત રૂપે જે ચૌદ રાજલોક ( દ્રશ્ય સંસાર) નો-પરપ્રેમ તેને **દર્શનમોહ** એ નામથી પ્રસિદ્ધ કર્યો. એ દર્શન મોહનો અર્થ એવો નિર્માણ કરેલ છે કે દર્શન એટલે ચર્મ દૃષ્ટિએ દેખાતા પદાર્થો, મોહ એટલે પ્રેમ (વિકલ્પ). અહીં એમ કહેશો કે **મોહ** શબ્દ વાપર્યો ત્યાં પ્રેમ શબ્દ કેમ ન કહ્યો ?- એટલે દર્શનમોહને બદલે દર્શનપ્રેમ એ શબ્દ કેમ ન વાપર્યો ? તેનું કારણ એ છે કે તે બંને શબ્દો એક હેતુવાચક છે, પરંતુ આત્માનો મૂળ ધર્મ અનંતપ્રેમ આનંદમય પ્રેમ છે અને તે મૂળધર્મ જ્યારે પુદ્ગલ એટલે માયાને ગ્રહણ કરવામાં રોકાયો તેથી તે પ્રેમ મટી તેને મોહ શબ્દથી ઓળખાણ આપી છે. દર્શન મોહ મોહનીય કર્મનો એક પ્રકાર છે. મોહનીય કર્મ બે પ્રકારનાં છે. ૧ દર્શનમોહ, ૨ ચારિત્ર મોહ. દર્શનમોહ એટલે દેખવાના પદાર્થ ઉપર રાત દિવસ જે મોહ વર્તે છે તે, અને તે દર્શનમોહનું પરિણામ (ભાવ) તે ચારિત્ર મોહ છે. આ વાત ચાદપૂર્વ રૂપે શાસ્ત્રમાં બહુ વર્ણવી છે. આપણે અનંત કાલ થયાં પુનઃ પુનઃ દેહ ધારણ કરીએ છીએ, તેમાં એ બધા પૂર્વોનો અભ્યાસ ઠંઠાગ્રે કરેલ છે, છતાં તેથી તેનું પરિણામ જન્મ મરણના ઓછાપણા રૂપ આવ્યું નહિ માટે ચૌદ પૂર્વમાં દેશ ઉણી જે અપૂર્વ વિદ્યા આદિ હું ભણ્યો નથી તે વાત અત્રે ટુંકમાં ચર્ચવાની છે.

હવે આપણે પૂર્વની વાત ઉપર આવીએ. પ્રેમ આનંદ આત્માનો (જ્ઞાનનો) ગુણ છે. તે સુખની લાલસાએ ચૌદ રાજલોક રૂપ દ્રશ્ય સંસારમાં ઠામ ઠામ સુખની કલ્પનાએ જીવ ઝાંવાંનાંખીરહેલ છે. આથી અનંત સ્થલોએ ભટકી ભટકી અનંતાલંબી થઇગયો હોવાથી પ્રેમ આનંદ વિખરાઇ અને વહેંચાઇ ગયો છે, અને તેથી અંતઃકરણમાં પ્રેમ, આનંદ રાત દિવસ નહિ હોવાથી ખેદાતુર જુવાન સમય વ્યતીત કરે છે. હવેતે પ્રેમ-આનંદને સર્વ સ્થલેથી પાછો વાળી જ્યારે તેઅંતઃકરણમાં એકત્રિત થાય ત્યારે પ્રેમ-આનંદના અખંડ ઉભરા અંતઃકરણમાં ન સમાય એવા સમુદ્રના કલ્લોલની પેઠે ઉછળે, ત્યારે પરમ નમ્રતામય આનંદ સુખનો અનુભવ થાય તેમ છે. તો તેમ કરવાને ત્યાં ત્યાંથી પાછો વાળવા ચૌદ રાજલોકનું પુદ્‍ગલ રૂપે (દ્રશ્ય રૂપે), કાળરૂપે (સ્થિતિરૂપે) વર્ણન કરી તેનું દુઃખ જ્ઞાનીઓએ દેખાડ્યું છે, અને તેટલા માટે તે પ્રેમને પાછો વાળવા ( ) ત્યાગ (૨) વૈરાગ્ય (૩) શાસ્ત્રાલંબન (૪) નિષ્કામ મૂર્તિની ભક્તિ અને (૫) ઉદાસીનતા—એમ પાંચ ક્રમથી પ્રેમને પાછો એકત્ર કરી અંતઃકરણમાં સ્થિત કરવા જ્ઞાતપુત્રે જે અનંત કરૂણા કરી છે તેના ઉપકારનું વર્ણન શું કરીએ? જેટલું કરીએ તેટલું થોડું છે.

તે પ્રદેશને 'દર્શનમોહ' કહેલ છે. એક દર્શનમોહથી નિવૃત થવામાં ઉપરના પાંચ ગુણોને ઉપાસવા અવશ્યના છે તેમાંનો છેલ્લો ગુણ જે ઉદાસીનતા છે તે ચારિત્રમોહના પ્રદેશમાં પણ તેની ક્ષાયકતા કરવામાં ઉત્કૃષ્ટ છે. હવે દર્શન મોહનો પ્રદેશ તપાસીએ. તે પ્રદેશનાં અણુઓનાં નામ ૧ અજીવ ૨ પાપ ૩ પુણ્ય ૪ બંધ અને ૫ અનાર્યતા. એનો ધર્મ આશ્રવ ઉપશમ સંવર એમ અનેક એવાજ હેતુના સૂચક નામ છે. વેદાંતમાં (વ્યાસ ભગવાનના શાસ્ત્રમાં) દર્શનમોહના પ્રદેશને 'સ્થૂલ માયિક પ્રદેશ' કહેલ છે. માયક એ મોહનું નામ છે, એટલે જ્યાં મોહ પોષાય છે તે તેથી તેને માયિક પ્રદેશ કહેલ છે. માયિક પ્રદેશને પાપપ્રદેશ પણ ગણ્યો છે. તે પ્રદેશમાંથી જ્ઞાન-આત્મા કર્મને એકત્ર કરેછે, તેથી કર્મ શુભ કે અશુભ—એ બંને પાપપ્રદેશનાં પરમાણુઓ હોવાથી તે સ્થલને પાપ પ્રદેશ કહેવામાં આવ્યો છે. જે પરમાણુઓ ગ્રહવામાં આવે છે તે જડ હોવાથી તેને અજીવ તત્વ કહે છે. અજીવ તત્ત્વને આવવાનો જે માર્ગ તેને આશ્રવ કહ્યા છે, શુભ અણુને ગ્રહવો તે પુણ્ય, અને અશુભને ગ્રહવો તે પાપ એમ અજીવના બે ભેદ છે. (૧) અજીવ (૨) પુણ્ય (૩) પાપ (૪) આશ્રવ એમ ચારની વાત સંક્ષેપમાં કહી. હવે બંધની વાત ઉપર આવીએ. જે પૂર્વે લખવામાં આવ્યું છે કે માયિક પ્રદેશમાંથી જીવ કર્મપરમાણુને ગ્રહણ કરે છે તે વૃત્તિ છે. ચૌદ રાજલોક અને ચાર ગતિમાં ભટકી ભટકી ત્યાં ત્યાંનાં અણુઓ સૂક્ષ્મ રૂપે એકત્ર કરી આત્મપ્રદેશને પ્રતિબંધ કરે છે. આ વાત તથારૂપ છે, પણ ત્યાં એટલું સમજવાનું છે કે વૃત્તિ ઠામ ઠામ ભટકવા જતી નથી. જો ભટકવા જાય તો વૃત્તિ એ આત્માનું અંતરમાં અથવા બાહેર વર્તન છે તેથી દેહ જીવન વગરનો થઇ જાય. આમ છે ત્યારે કઇ રીતે તે કર્મ ગ્રહણ કરે છે તે વાત કરીએ.

આત્માની ત્રણ સત્તા દેહ થવામાં વર્તે છે. તેનાં નામ (૧) વિચાર-કલ્પના, (૨) સ્મૃતિ (૩) ઉપયોગ (દૃષ્ટિ);-આ જ્ઞાન આત્માના ત્રણ વર્તનનાં નામ છે. એ બધા અનુભવમાં આવે તેવાં છે. તેના વડેજ દેહ જીવન રૂપ વર્તે છે. આ જીવન શું શું કામ કરે છે?-તે જે કામ કરે છે તેના બે પ્રકાર છે-એક બંધ અવસ્થાનું કામ મોહપ્રદેશમાં, અને બીજું અબંધઅવસ્થાનું આત્મપ્રદેશમાં પરતુ આપણે હમણાં બંધપ્રદેશની વાત કરવી છે તો તે હાથમાં લઇએ. હવે આત્મા બંધ કેમ કરે છે? આના ઉત્તરમાં શસ્ત્રમાં ચાર પ્રકારના બંધ કહ્યા છે તે જોઇએ. (૧) પ્રદેશ બંધ (૨) પ્રકૃતિ બંધ (૩) સ્થિતિબંધ (કાલ બંધ) (૪) અનુભાગ બંધ (રસ બંધ)—આ ચાર પ્રકારના બંધ ઉપરકહેલ જ્ઞાનાત્માની સત્તા ગ્રહણ કરે છે. તેમાં વિચાર કે જે કલ્પના કરે છે તે તેવા પ્રકારનાં કર્મ રજકણો ચાર ગતિમાંથી ગ્રહણ કરે છે, પણ આત્માનો એક પણ પ્રદેશ દેહ મુકીને બહાર ગ્રહણ કરવા જતો નથી. દેહમાં રહી વિકલ્પની કલ્પનાની અનંત આકર્ષણ શક્તિથી તે તે ભાવને આકર્ષે છે. તે કલ્પનાને જ્ઞાની મોહ કહે છે. તે બે ભેદ વાળો છે (૧) દર્શન મોહ અને (૨) ચારિત્ર મોહ. દર્શન મોહની ભૂમિકાનીજ વાત હમણાં ચાલે છે. તેમાં વિચારની કલ્પનાથી કર્મ ગૃહણ થાય છે તેને પ્રદેશ બંધ કહેવામાં આવે છે, અને પ્રદેશ બંધ (કલ્પના) થી જે કર્મ ગ્રહણ યોગ્ય કર્મો હોય છે તેની એકત્ર અવસ્થાને પ્રકૃતિ બંધ (આઠ કર્મ) કહે છે. પ્રકૃતિ બંધનો જનક પ્રદેશ બંધ છે. પ્રદેશ બંધ કલ્પનાથી થાય છે, અને કલ્પના એજ મોહ છે. અને તે આત્માની વિચારસત્તાનો ધર્મ છે. તેટલાજ માટે જ્ઞાનીએ નિર્વિકલ્પ થવામાં શ્રેષ્ઠતા વર્ણવી છે. આથી આપણે આત્માની ત્રણ સત્તામાં એક વિચાર નામની સત્તા કહી, અને તેમાં બે પ્રકાર બંધના આવ્યા, નામે ૧ પ્રદેશ બંધ ૨ પ્રકૃતિ બંધ (જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મ).

હવે **સ્મૃતિ** એ પણ આત્માનો ગુણ છે. તે કલ્પનાની સાથે જ્યાં સુધી રહે છે ત્યાં સુધીનો બંધ તે **કાલબંધ** છે, અથવા **સ્થિતિબંધ** છે આ ત્રીજો સ્થિતિબંધ સ્મૃતિથી પડે છે.

હવે આત્માની ત્રીજી સત્તાનું નામ **ઉપયોગ** છે. તે જેટલો વખત વિચાર અને સ્મૃતિ સાથે રહે છે, તેને **અનુભાગબંધ** એટલે **રસબંધ** કહે છે.

આમ ચાર પ્રકારના બંધ આત્માની ત્રણ સત્તાવડે પડે-અને તેને સમુચ્ચયાર્થે બંધ કહેલ છે. ટુંકામાં **વિચાર** કર્મને એકત્ર કરે છે, **સ્મૃતિ** તેમાં સ્થિતિ નાંખે છે, અને **ઉપયોગ** તેમાં રસ મૂકે છે. આ બધા બંધમાં રસબંધનું સૌથી વધારે બળવાનપણું ગણ્યું છે. આટલા માટે સર્વ કાર્યમાં ઉપયોગને (દૃષ્ટિને) ભાવનાસિધ્ધિ પ્રગટ કરવાના ધ્યાનમાં અખંડ રાખવા શાસ્ત્રમાં કહેલ છે, તે એટલાજ કારણથી કે તેમાં રસ પોષાય નહીં, તો બાકીનાં કર્મ તરત નિવૃત થાય, યોગ્યતા આવે. આવા હેતુસર ઉપયોગને સર્વ કાર્યમાં સ્વ-સ્થાને રાખવો એજ યોગ્યતાની-ધ્યાનની પહેલી ભૂમિકાનું ચિન્હ છે. જેનો ઉપયોગ ત્રણે સત્તામાં એકત્વપણે કાર્ય કરે છે, તેમાં યોગ્યતા થવી સંભવતી નથી, પણ સર્વ અંધકાર

એટલે અનાર્યતા વધે છે એ વાત ખાત્રીપૂર્વક સમજાય તેવી છે; કારણકે કર્મ એકત્ર થાય, તેની સ્થિતિ બંધાય, તેમાં ઉપયોગ રસધર્મને મૂકે, ત્યારે તેમાં યોગ્યતા આવેજ ક્યાંથી? યોગ્યતા આવવાને વિરસતાની જરૂર છે, અને વિરસતા ઉપયોગને છૂટો રાખવાથી આવે તેમ છે; જેથી ત્રણ સત્તા એકત્ર વર્તતી હોય તેને **અનાર્યપણું** કહે છે. અનાર્યપણાનો અર્થ જ્ઞાન, અંધકાર, કાર્મણ (લિંગદેહ) પણ થાય છે. જ્ઞાનના અનંત પ્રકાશને કર્મ આવરણ એટલે અંધકાર કરે છે, અને કર્મનો સ્વભાવજ અંધકાર કરવાનો છે. તે કર્મ પુદ્‌ગલ ચૌદ રાજલોકમાં ભર્યા છે જેથી ત્યાં પણ અંધકારજ છે; તેમજ ભાવકર્મ કાર્મણ (લિંગદેહ-વાસનાદેહ) માં છે ત્યાં તેથી અનંતગણો અધિક અંધકાર છે. તમને એમ લાગશે કે ચૌદ રાજ લોકમાં તો પ્રકાશ છે; માણસ હરે છે, ફરે છે, કામકાજ કરે છે, દેખે છે છતાં અંધકાર કેમ કહો છો?—આના જવાબમાં તપાસી જોશું તો જણાશે કે એ પ્રકાશ સૂર્ય, ચંદ્ર અને અગ્નિએ ઉત્પન કરેલ બતીનો છે–તે જો ત્રણ કારણ ન હોય તો અંધકાર સિવાય છતી દૃષ્ટિએ બીજું કાંઇ જોવામાં આવે તેમ છે? નહીજ. એથી હવે ખાત્રી થઇ હશે કે જે પ્રકાશ દેખાય છે તે સૂર્ય, ચંદ્ર, અગ્નિનો છે-પણ વાસ્તવિક રીતે ચારે ગતિમાં અંધકાર જ છે, તેમજ કાર્મણ (લિંગદેહ)માં પણ અંધકારની જે ભૂમિકા તેને ૧ અનાર્ય પ્રદેશ, ૨ અજ્ઞાન પ્રદેશ, ૩ માયિક પ્રદેશ. ૪ કર્મ પ્રદેશ એ આદિ નામથી જ્ઞાનીઓએ ઓળખાણ આપી છે. આ સર્વ કથનમાં આપણે દર્શનમોહના અજીવ, પાપ, પુણ્ય, બંધ, આશ્રવ અને અનાર્ય-પ્રદેશની વાત કહી ગયા.

હવે ઉપશમ સંવરની વાત એજ ભૂમિકાની કરવાની રહે છે એ પ્રદેશમાં જીવ બહુધા ઉંચા આવે તો ત્રીજા ગુણસ્થાનક સુધી આવે. ગુણસ્થાનકનું પલટવું એ કલ્પનાની નિવૃત્તિ ઉપર આધાર રાખે છે. ત્યાંથી કલ્પનાની નિવૃત્તિ તેટલો ઓછો બંધ, અને જેટલો ઓછો બંધ તેટલી ગુણની વૃધ્ધિ. એટલે ગુણસ્થાનકનું વધવું એમ ગણ્યું છે. ઉપશમ સંવર જે દર્શન મોહના સ્થાનની વાત કરવાની છે એ કોઇ કારણસર અને વિસ્તારવાળી હોવાથી મુકી દઉં છું અને જે માયાના પ્રદેશમાંથી નિવૃત્ત થવા જ્ઞાનીએ ૧ ત્યાગ, ૨ વૈરાગ્ય, ૩ શાસ્ત્રાવલંબન, ૪ સત્પુરૂષની પ્રેમભકિત અને ૫ ઉદાસીનતા–એ વાત કહી છે તે હવે આપણે ચર્ચીએ.

૧ **ત્યાગ–પ્રથમ** ત્યાગ નામના શુભ મંગલ સ્થિતિનું વર્ણન કરીએ. ત્યાગના બે પ્રકાર છે ૧ આલંબનત્યાગ, ૨ વૃત્તિત્યાગ. આલંબન ત્યાગ માટે (૧) લોકસંગ (૨) લોકબોધ (૩) લોકભય (૪) લોકવાસના એ ચારથી અલગ રહેનારે આલંબનત્યાગ સ્થૂલ રૂપે કર્યો તેમ ગણાય; તેટલા માટે શ્રી **જિનસંપ્રદાયમાં** સ્થૂલ આલંબનના ત્યાગ માટે દીક્ષા દેવાનુ નિર્માણ કર્યું છે. એ દીક્ષાનો જે કાલ વ્યતીત કરાય તેમાં વૃત્તિત્યાગ એટલે સૂક્ષ્મ ત્યાગ એટલે કલ્પનાત્યાગ નિર્ભયપણે થઇ શકે તે માટે દીક્ષાની પહેલી ભૂમિકાનું એ કર્તવ્ય ગણ્યું છે. પછી તે કલ્પનાત્યાગ ન કરે, અને પોત્રાં ભરી પોતે પોષે તો તેના ગેરલાભને જ્ઞાની શું

કરી શકે? તેન એ બે ત્યાગ ગૃહસ્થાશ્રમમાં પણ ન્યુનાધિક આરાધી શકાય છે. તેનો દાખલો તમારાંપર લઇએ. તમે હાલ લં...માં બેઠા છો, તે વખતે તમોને પૂર્વનો અત્રનો અભ્યાસ સ્મરણપટમાં ચડયો છે તે વખતે તેની કલ્પના કરો મું...તમારા કાકા, પુ...ભાઇ, જી... ભાઇ, એમ વ્યક્તિઓના સ્થૂલરૂપે પ્રત્યક્ષ દેખાવ દૃષ્ટિગોચર થશે એ પૂર્વે વૃત્તિએ સ્થૂલરૂપની અંતઃકરણની સ્થાપિત કરેલી છાપછે, એવી છાપ હવે (ભવિષ્યમાં)ન પડે તે માટે સ્થૂલ ત્યાગની કેટલી જરૂર છે તે સમજાય તેવું છે; અને તેવા સ્થૂલ પ્રસંગની ઉપાધિ અનેક છાપ અને વૃત્તિના ચલાયમાણાને ન કરે અને માર્ગ-ભૂમિકા સિધ્ધ કરવામાં અવકાશ ન લે તેટલા માટે પણ ત્યાગની તેટલી જરૂર છે. એને અવકાશે માર્ગક્રમ—સિધ્ધ થાય તેમાં પ્રતિબંધ કરનાર નિમિ-તેનો ત્યાગ પણ તેટલો અવશ્યનો છે. આટલા માટે સ્થૂલત્યાગે પ્રથમ શ્રેણીમાં વર્તવાની જરૂર સિદ્ધ થાય છે. હવે વૃત્તિત્યાગ (સૂક્ષ્મ-કલ્પનાત્યાગ) ની વાત કરીએ. હવે જેમણે દીક્ષા લઇ સ્થૂલઆલંબન ત્યાગી બાકીના આહાર, વિહાર, નિહાર, વસ્ત્ર, ઉપકરણાદિ આલંબન સિવાય ત્યાગ કર્યો છે, તેથી પ્રાપ્ત થયેલ અવકાશવાન મુનિ ઉજમાલ થઇ વૃત્તિત્યાગ કરવામાં દીક્ષિત કાળ વ્યતીત કરે છે. તો હવે વૃત્તિત્યાગ કેમ કરાતો હશે એ સવાલ ઉઠે છે.

આત્મા સિવાય જે કલ્પના ઉઠે છે તેનું નામ વૃત્તિ-મોહ અથવા અત્યાગ છે અને તે અત્યાગદશાવાળાને ઉઠે છે. જે કલ્પનાજ ગ્રહવાનું કામ કરે છે, તે ગ્રહવાની કલ્પના ન કરવી તેનું નામ વૃત્તિત્યાગ, દર્શનમોહત્યાગ અથવા સૂક્ષ્મ ત્યાગ જ્ઞાનીએ આપેલું છે. જે જે પ્રકારની કલ્પના ઉઠે છે તે તે પ્રકારનાં સર્વ સ્થલ-ચાર ગતિનાં દુઃખ રૂપે વર્ણન-શાસ્ત્રમાં થઇ ગયું છે. તેની તેની કલ્પના એજ દુઃખનું કારણ છે એમ દૃઢ માનીને કલ્પનાને દુઃખ ગ્રહણ કરવાના અભ્યાસથી ઉતારવી તેનું નામ સૂક્ષ્મત્યાગ છે. આ રીતે સ્થૂલ અને સૂક્ષ્મ ત્યાગનું સંક્ષેપે વર્ણન કર્યું.

૯-૨ **વૈરાગ્ય**-હવે આપણે વૈરાગ્યના વર્ણનપર લક્ષ દઇએ. વિશેષ રાગની ભૂમિકાને આરાધવી તેનું નામ વૈરાગ્ય છે. વિશેષ રાગ કઇ વસ્તુ પ્રત્યે છે તે આપણે તપાસીએ તે વખતે તે વસ્તુ દર્શનમોહના સ્થૂલ સૂક્ષ્મત્યાગના પદાર્થથી ભિન્ન હોવી જોઇએ. અને તે દેહ છે. દેહ કારાગ્રહથી અધિક દુઃખરૂપ છે છતાં તેના ઉપરે સર્વ કરતાં અધિક રાગ છે તેથી તે ઉપર વૈરાગ્ય આણવાનો છે, પણ તેનો ત્યાગ કરવાનો નથી, કારણકે ત્યાગ કરવાથી દેહ છૂટી જાય અને દેહ છૂટે તો જે જ્ઞાનીના માર્ગની ભૂમિકા આરાધવાની છે તે રહી જાય. આ માટે વૈરાગ્ય (મૂર્ચ્છારહિતપણું) આણવાનું છે. તેવી રીતે તેના સજીવનપણાની કાયમતા માટે જરૂર છે તેથી અન્ન, જળ, વસ્ત્ર અને ઉપકરણ ઉપર પણ વૈરાગ્ય સ્થાપવાનો છે. આનું કારણ એમ કે સંયમસિદ્ધિને અર્થે એટલી વસ્તુઓની જરૂર હોવાથી તે વસ્તુઓના ત્યાગને બદલે તે પ્રત્યે વૈરાગ્ય સ્થાપવો અવસ્યનો છે. ત્યાગવૈરાગની વાત સંક્ષેપે જૈનશૈલીને અનુસરી કહી. હવે તે ઉપર વ્યાસ ભગવાન્‌નું શું કથન છે તેજોઇ તેની તુલના કરીએ. આ માટે શ્રીમદ્ રામચંદ્રજી ભગવાને જે ત્યાગ ભૂમિકા આરાધી છે અને તેના વર્ણનરૂપે યોગ-

વશિષ્ટ નામના પુસ્તકમાં વૈરાગ્ય પ્રકરણ અદ્ભુત ઉત્તમ રીતે શ્રેષ્ઠ બોધ-તથારૂપ વર્ણવેલ છે —આમ અનેક દાખલા **વ્યાસ** ભગવાનના શાસ્ત્રમાં પણ **છે. આ પરથી એ સિદ્ધ થયું કે** શ્રી **વીરપ્રભુ તથા વ્યાસ** ભગવાન્-બંનેએ ત્યાગ **વૈરાગ્ય માટે સરખો** બોધ કર્યો **છે અને** તે બંને **આર્ય** મહાત્માની પરમાર્થ શ્રેણીમાં સરખાપણું હજુ સુધી ચાલ્યું આવ્યું છે.

૮-૩-**શાસ્ત્રાલંબન**... હવે શાસ્ત્રાલંબન નામનો ત્રીજો વિષય પ્રશંસીશું. શાસ્ત્ર એટલે સત્પુરૂષે **અનુભવેલા સત્યમાર્ગના પ્રભાવરૂપે** નીકળેલ વચનામૃતને કાગળ ઉપર લખવામાં આવેલા તે પુસ્તકો. આનું અવલંબન તે શાસ્ત્રાલંબન. આલંબન માટે લખીએ તે પહેલાં તેની જરૂર તપાસીએ. પૂર્વે જે વૃત્તિ કલ્પનારૂપ અનંત આલંબન નિમિત્તે સુખની લાલસાથી દર્શનપ્રદેશમાં ભટકતી હતી તેને ત્યાગ વૈરાગ્યથી દુઃખરૂપ જાણી ત્યાં જતી અટકાવવાને જુદું આલંબન જોઇએ, કારણકે જ્યાંસુધી વૃત્તિ નિરાલંબન રહેવાને યોગ્ય થઇ નથી ત્યાં સુધી આલંબનગ્રાહીજ રહી શકે તેમ છે. આ આલંબનગ્રાહીપણું ક્ષાયક ભાવે ચોથે ગુણસ્થાને પ્રકટયેથી ઓછું થાય (સ્વતંત્રપણે રહેવાના અભ્યાસે ચડે) તે ઠેઠ અગીઆરમા ગુણસ્થાન સુધી રહે એટલે તેની જરૂર ત્યાં સુધી રહે અને તે પણ દર્શન મોહનો ઉપશમ-પ્રદેશ, અને બહુધા ત્રણ ગુણસ્થાન સુધી શ્રેણીગત પ્રમાણે ગણી શકાય ત્યાં તો આલંબનની ખચિત આવશ્યક્તા છે. આટલા માટે જ્ઞાનીએ માયાના પ્રદેશનાં અનંત આલંબનનું ગ્રાહીપણું ઓછું કરવાને ત્યાગાલંબન, વૈરાગ્યાલંબન, અને શાસ્ત્રલંબન કે જેને આપણે હમણાં ચર્ચીએ છીએ તેની નિયમાએ જરૂર છે. શાસ્ત્રાલંબનમાં વૃત્તિ લેવાથી અન્યથા કલ્પના-સ્મરણ અને લક્ષન થાય એટલે શાસ્ત્રમાં વૃત્તિ રોકાવાથી વૃત્તિ અન્ય સ્થલે ન જાય, અને સ્થલે સ્થલેથી પ્રેમ અને આનંદ પામોવાળી તે પ્રેમ શાસ્ત્રાભ્યાસમાં જોડાય તેથી અન્ય વિષયોમાં સ્મરણ, લક્ષ અને કલ્પનાથી રહિતપણે રહેવાનો અભ્યાસ પડે, અને પ્રેમઆનંદ શાસ્ત્રરૂપી સ્થલમાં રોકાયેલ હોવાથી તેમાં પ્રેમઆનંદ વાંચતાં વિચારતા પ્રકટે, અને પ્રેમાનંદને લીધે તેમાં તલ્લીનતા આવે એટલા માટે શાસ્ત્રાલંબનની જરૂર છે. હવે આપણે શાસ્ત્રમાં શેનું શેનું વર્ણન હોય છે તે વિષયોમાંના આવશ્યક વિષય પર આવીએ. ૧ મુમુક્ષુતા, ૨ જીવ, ૩ અજીવ, ૪ યોગ્યતા ૫ સમ્યગ્વૃત્તિ, ૬ સત્પુરૂષની સજીવન મૂર્તિ, ૭ અજીવન મૂર્તિની ભક્તિ, ૮ ઉદાસીનતા-એ આદિ અનેક વિષય શાસ્ત્રમાં પ્રણીત કરેલા છે તેમાંથી આપણે પ્રસ્તુત ઉપર કથેલ વાતપરજ આવવાનું છે અને હેતુ આપણે સંક્ષેપમાં સમજવાનો છે; તેથી તે પ્રારંભી આગળ ચલાવીએ.

૯-**મુમુક્ષુતા**—પહેલીવાત મુમુક્ષુતાની કરીએ. જ્ઞાનીના શુભ મંગલમય માર્ગની ઇચ્છાવાળા મુમુક્ષુ છે અને તેવાપણું તે મુમુક્ષુતા. આવી મુમુક્ષુતા ઘણા જીવોમાં આવેછે, છતાં તેનું પરિણામ તથારૂપ **નથી** આવતું તેનું શું કારણ હશે ? -કારણમાં એ કે એ મુમુક્ષુતા નામમાત્ર છે, કેમકે રમણીની રીઝ નપુંસકને પણ હોયછે, પણ તે રીઝને સ્ત્રી નિમિત્ત સમાધાન કરવાને તેમાં પુરૂષત્વ નથી, તેથી તે રીઝ, રીઝવવાનું કામ કરી શકતી નથી, તેવીજ રીતે વર્તમાનમાં મુમુક્ષુઓ હોવાથી આત્માની રીઝ કરવાની ઇચ્છા છતાં તેઓ રીઝને

માર્ગે અહર્નીશ વર્તતા **નથી** તેનું કારણ એજ છે કે તેઓ તે માર્ગના પુરૂષાર્થ પ્રત્યે નપું-સકતા ધરાવે છે. **આ કહેવામાં ખોટું શું છે?** વાસ્તવીક રીતે તેવા નપુંસકોમાં તમારો **અને મારો** પણ નંબર નોંધીએ તો તે પણ ખોટું નથી. કારણકે આપણે તે પંક્તિથી બહાર જવા જેવું-આત્મા રીઝ મનાવવા જેવું- શું કામ કર્યું છે તે કહેશો? જવાબમાં મૌન સિવાય બીજો જવાબ નિકળશે નહિ આ ઉપરથીજ આપણે પરિણામ પ્રાપ્ત થાય એવી તીવ્ર મુમુક્ષુતાવાન્ નહિ હોવાથી પુરૂષાર્થહીન એવા નપુંસકના વર્ગમાં નંબર નોંધાવ્યો છે તેમાં શું ન્યાયથી વિરૂદ્ધ છે? કંઇપણ નહિ. જે વર્ગના ઉતરતા નંબરમાં તમે નામ નોંધાવો તેજ વર્ગના જોકે ચડતા નંબરમાં હું નામ નોંધાવું તેમાં કોઇ જાતની ભૂલ થાયછે એવું નથી, કારણકે તમે દર્શન મોહના **પ્રદેશમાંથી મુક્ત થઇ** પુરૂષત્વને વધારી શકતા નથી, અને હું દર્શનમોહની **અધિક** ભૂમિકા વર્જી આગળના ચારિત્રમોહના **પ્રદેશમાં પ્રવેશતો નથી** આ જોતાં મને મારા પુરૂષત્વને માટે તો ઘણો ધિક્કાર છુટે છે. આવી રીતે નપુંસકના વર્ગમાં ક્યાં સુધી નંબર નોંધાવી રાખવો પડશે એ વિચારથી-જોઇ ખેદ થાયછે, ધિક્કાર છુટે છે, શરમ ઉપજે છે. ત્યા તમને તો શી રીતે ધન્યવાદ આપી શકું? આવો ધન્યવાદ આપવાનું હાલ કયાં કોઇ **સ્થલ છે? અને તેવું સ્થલ,** તેવી વૃત્તિ હોય તો તેને ધન્યવાદને બદલે અગણિત **નમસ્કાર કરૂં તેમ છું,** પરંતુ તેવો યોગ દૃષ્ટિગોચર નથી ત્યાં થતા ખેદને શમાવી ધન્યવાદ પ્રાપ્ત થાય એવા ઉત્કૃષ્ઠ પુરૂષાર્થથી માર્ગમાં પ્રવેશવા ઉજમાળ થઇએ. તેવી ઉજ-માળતાના ધારક, પુરૂષાર્થના **પ્રવર્તક મુમુક્ષુતાને** પોષી શકે છે. આટલું સંક્ષેપમાં કહ્યું. મુમુ-ક્ષુતાનો શાસ્ત્રમાં બહુ વિસ્તાર છે.

**૧૦–જીવ–અજીવ**નો હવે વિચાર કરીએ, જીવ એટલે જેમાં જ્ઞાનધર્મ વર્તે છે, અને તે ધર્મનેજ આધારે જે જીવે છે તે. જેને ઉપયોગ, સ્મૃતિવિચારરૂપ સત્તા, અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત ઉજ્વળ શુધ્ધ એવા અનંત ધર્મ **છે તેને** જીવ કહેવામાં આવે છે. અજીવ એટલે જેમાં જ્ઞાનધર્મ નથી એવા જડ પદાર્થ. તેના અનેક ભેદ શાસ્ત્રમાં વર્ણવેલ છે. તે બધા પુણ્ય પાપ આદિ કર્મના ધર્મ છે.

**૧૧–યોગ્યતા**–જેની વૃત્તિ **માયાના** પ્રદેશમાંથી પાછી ઓસરવા માટે તે **પ્રદેશની** કલ્પના, તે **પ્રદેશમાં** રૂચિપૂર્વક વર્તતા એવા સંયોગોનો ત્યાગ કરી **શાસ્ત્રથી** જે સિધ્ધ **થયેલ** છે એવી જે જ્ઞાનવર્તિની **પ્રેમલક્ષણા** ભકિતની ઉત્કૃષ્ટ સ્થિતિની **સંમુખ** જે વર્તે છે તેવી નિસ્પૃહી જ્ઞાનમૂર્તિ **સર્વોત્તમ** મંગલમય કલ્યાણકારકનો યોગ **પ્રાપ્ત** થયો નથી, તે પ્રાપ્ત કરવા માટે તેવી અવસ્થાને માર્ગે જનારી યોગ્યતાને ઉત્તમ ગણી છે.

**૧૨–સમ્યગ્‌વૃત્તિ**–વૃત્તિના ચલાયમાનપણાને માટે **મોહધર્મ** કહેલછે. **અને** મોહ હોય ત્યાં રાગ દ્વેષ નિયમા હોય, તે રાગદ્વેષ ઉઠવાથીજ–ઉત્પન્ન થવાથીજ વૃતિનું ચલાયમાનપણું થાય છે, **અર્થાત્** વૃત્તિનું ચલાયમાનપણું રાગદ્વેષ વિના સંભવતુંજ નથી. **જેથી** વૃત્તિનું જેટલું ચલાય **માનપણું** વર્તે છે તે આલંબન અભ્યાસે, **અને** વિચારની શ્રેણીએ નિવૃત્ત કરવું તેનું નામ **તેનું નામ સમ્યગવૃત્તિ છે** પણ **સમ્યગ્‌જ્ઞાન નથી.**

૧૩–સત્પુરૂષની સજીવન મૂર્તિ- જ્ઞાનમૂર્તિ મોક્ષમૂર્ત્તિ એવા સજીવન દેહધારીની ભકિત તે સત્પુરૂષની ભકિત (તીર્થંકર, જીવનમુકત) અથવા ન્યુનાધિક પુરૂષની ભકિત તે.

૧૪–અજીવન મૂર્તિની ભકિત-એટલે ચોવીસ તીર્થંકરની આરસ, સુવર્ણ, ચાંદી રત્ન, અને પાષાણ આદિ મૂર્તિની ભકિત તે અજીવ મૂર્તિમાં ગણી છે. તેનું પણ આલંબન, સિધ્ધ સત્પુરૂષની અજોગવાઇમાં અવશ્યનું છે.

૧૫–ઉદાસીનતા-આને ઉત્તમ મંગળમય સર્વ સિધ્ધના સુખરૂપ ગુણ ગણ્યો છે. ઉદાસીનતામાં ઉપયોગ, સ્મૃતિ અને વિચાર એમ જ્ઞાનાત્માની સત્તા દર્શનમોહના પ્રદેશના વ્યવસાયથી વિરમી છે, એટલે જેનો લક્ષ માયાપ્રદેશમાં જતોજ નથી, જેને માયાનું સ્મરણ સ્વપ્ને પણ આવતું નથી, જેનો વિચાર કલ્પના-માયાના પ્રદેશની એક પણ કલ્પના કરવામાં રાતદિવસ કરતો નથી, એવી જેની આત્માની સત્તા જ્ઞાનાલંબને અથવા જ્ઞાનમૂર્તિના ધ્યાનાલંબને વર્તે તેને ઉપશમ ઉદાસીનતા, અથવા ક્ષાયક ઉદાસીનતા આવેલ ગણાય. જ્ઞાનમૂર્તિના આલંબન ધ્યાનીને ઉપશમ ઉદાસીનતા કહેલ છે.

૧૬–આવી રીતે શાસ્ત્રમાં શુભ મંગલમય કરનાર અનેક શૈલીઓ પ્રરૂપેલ છે. તે શાસ્ત્રના આલંબનના, અભ્યાસથી જેના પઠન, શ્રવણ, મનનથી ઉત્તમ મુમુક્ષુને હવે એ આલંબનથી કઇ શ્રેણી આરાધવા જવું તે તથારૂપ સ્મરણમાં વર્તે છે તે શું? જવાબમાં જ્ઞાનમૂર્તિની પ્રેમલક્ષણા ભકિત. આમ આપણે શાસ્ત્રાલંબનનો ત્રીજો શુભ ક્રમ પૂરો કર્યો.

૧૭–હવે આપણે મોક્ષમૂર્તિ એવા જ્ઞાની ગુરૂ કૃપાવંતશ્રીની ભકિત વિષે સંક્ષેપમાં વર્ણન કરીશું. સત્પુરૂષ એટલે જેને આત્મા અસંગ અવ્યાબાધપણે પ્રત્યક્ષ ઉપયોગમાં વર્તે છે તે સત્ય અને તેના ધારક એવી સજીવનમૂર્તિ જેનો ઉપયોગ, સ્મરણ, અને વિચાર રાત્રિદિવસ આત્મભાવે અખંડપણે વર્તે છે, જેને તોપનો ગોળો ફુટતાં પણ તેનું સ્મરણ આવતું નથી, એવી નિસ્પૃહી દશા આત્માની હોય છે, તેની ભકિત એટલે તેની આજ્ઞાએ વર્તવું, તે સત્પુરૂષભકિત. ભકિત શબ્દમાં સર્વભય વ્યતીત કરનાર રસ છે તો તેની વાત કરીએ. આપણે ક્રમ ૮થી ૧૬ સુધી જે શાસ્ત્ર-શ્રેયનુ વર્ણન કર્યું છે, તેમાં જે વાત વર્ણવી છે તે વાત તેવી રીતે વ્યાસ ભગવાનના શાસ્ત્રમાં વર્ણવેલ છે. શબ્દરચનામાં ફેરથી તથા ક્રમના નિયમ જૈન શૈલીએ નહિ હોવાથી જુદું ભાસે એ બનવા જોગ છે પણ હેતુમાં તો બંનેનો હેતુ જીવોને મોક્ષાદિત પ્રાપ્ત કરાવવાનો છે. જ્યાં હેતુ એક હોય ત્યાં 'વિષમતા' એ શબ્દપ્રયોગ કરવોજ ઘટતો નથી. આ આટલું કદાચ ન્યુન હોય કે જીવ અજીવના જે ભેદ જૈનશૈલીમાં દેખાડ્યા છે તે તેવા વિસ્તારવાળા ન દેખાડ્યા તો તેથી મોક્ષહેતુ પ્રાપ્ત કરવામાં પ્રતિબંધ નથી જેથી શાસ્ત્રશૈલીને પણ આપણે વ્યાસ ભગવાનની શૈલી સાથે મેળવીએ તો શુભ હેતુમાં બંને સરખીજ આવે તેમ છે. હવે આપણે ભકિત માર્ગપર જઇએ. આમાં તો નિષ્પક્ષપાતપણે કહીએ તો વ્યાસભગવાનનું પ્રધાનપણું છે. વ્યાસભગવાને નવધાભક્તિ અને સ્વાર્પણભકિત એમ ભકિતના બે ક્રમ પ્રેમલક્ષણા અને પરાભક્તિ સિધ્ધ કરવા વર્ણવેલ છે તે માટે તે મહાત્માને અગણિત

નમસ્કાર કરી તેના કરૂણાજનક ઉપકારને સ્મરણમાં રાખી સદ્દગુરૂશ્રીજીની પ્રેમલક્ષણા ભકિત માટે હવે આપણે ઉજમાલ થઇએ. પાદપૂજન ભકિતથી પ્રેમલક્ષણા ભક્તિ સુધીની વાત વ્યાસ ભગવાને વિસ્તારથી કહી છે, તેમાં અજીવ મૂર્તિનું પણ પ્રતિપાદન કર્યું છે અને તેના અનેક મંદિરો શ્રીરામ, શ્રી કૃષ્ણભગવાન્ આદિ મૂર્તિઓથી સુશોભિત છે, અને ત્યાં તે આલંબનને આરાધવા તેના સેવકો જાય છે. તેમ જિન ભગવાનના ભકત પણ જિન મંદિરે તેવાજ હેતુએ જાય છે. આથી અજીવમૂર્તિ આલંબનમાં બંને મહાત્માઓની શૈલી એકજસરખી કહેવાય છે ફકત સજીવનમૂર્તિની શૈલી વ્યાસ ભગવાનની વિસ્તારવાળી હોવાથી અને વીરપ્રભુની ગૌણપણે ગંભિરતામાં રહેનારી હોવાથી હવે સજીવન મૂર્તિની ભકિત ઉપર વિચાર આગળ કરીએ.

આપણે શાસ્ત્રથી સિધ્ધ થયું છે કે યોગ્ય માણસની યોગ્યતા પોષાવાને સત્સંગ અને સત્પુરૂષની અનિવાર્ય જરૂર છે. તે એવા યોગ્ય પુરૂષે અંતઃકરણ વિષે દૃઢ કર્યું છે કે સત્પુરૂષને શોધવો તો તેવો યોગ્ય આત્મા તેવા પુરૂષની શોધમાં સર્વ માયિક વ્યવસાયને મુકીને ગામ, નગર, પુર, પાટણ, તીર્થ તટ, ગુફા એમ અનેક સ્થલે તેની પ્રાપ્તિની શોધમાં ઇહાપોહ કરતો ફરે છે. તે ઇહાપોહ તે મુર્તિની છેલ્લી ભકિત પ્રેમલક્ષણા સુધી જઇ શકે એવી પુણ્યની સામગ્રી તેવી યોગ્યતારૂપે પ્રાપ્ત થયે તેને તેવા પુરૂષનો તથારૂપ યોગ પ્રાપ્ત થાય છે, અને તેને ચરણે તન, મન, અને ધન અર્પણ કરી દઇ એની સ્વાર્પણ ભકિત આરાધવાની વ્રતપ્રતિજ્ઞા લઇ મરણ સુધી દુઃખ આવે તો પણ સહન કરી જે ભકિતમાં ઉજમાલ થાય છે, તે સત્પુરૂષના એક આલંબન ધ્યાનને પ્રકટ કરવારૂપ સ્વાર્પણ ભકિત આરાધે છે. આપણાથી તે થઇ શકે તેમ છે ? આવે પ્રસંગે મન, દેહ, આત્મા થરથર કંપી તે વાતને આરાધવામાં પાછી પેની ભરે છે, એવું હીનપુરૂષાર્થ અનંતકાલના અનંતકર્મે નિવૃત કરનાર એક આલંબન ધ્યાનમાં કયાંથી આરૂઢ થાય ? જ્યારે તેમ આરાધવામાં ન થાય ત્યારે આપણે પૂર્વે કલમ ૯મીમાં જે મુમુક્ષુપણામાં નપુંસકના વર્ગમાં નંબર નોંધાવેલ છે તે વાતનું અત્રે પોષણ આપવાનું હોવાથી તે વર્ગના નંબર આપણે સ્વીકારીએ એમ સિદ્ધ થાય છે. કદાચ માનના દોષની ખાતરે ન સ્વીકારીએ તોપણ તેનો સ્વીકાર થઈ જાય છે. જે વાતની રીઝ પ્રાપ્તિમાં મુકવી છે તે રીઝ અનંતકાલ થયાં નથી પ્રાપ્ત થઇ, તો પછી વર્તમાન દેહમાં નપુંસકના નંબરના માનખાતર કબુલ ન કરીએ તો પરિણામ અનંતકાલ થયાં નપુંસકની ગણત્રીમાં છીએ એમ વગર વિવાદે સિદ્ધ થાય છે. આ વાતથી આપણે આઘે નીકળી જઇએ છીએ. અત્યારે આપણે ઉત્તમ યોગ્ય એવા સ્વાર્પણ ભકિતવાનની વાત કરવાની છે, તે ઉપરે આવીએ.

સર્વ જેણે અર્પી દીધું છે, સર્વભય નિવારવા અર્થે તેનું નામ સ્વાર્પણ ભકિત છે. સર્વ અર્પ્યું એટલે દઇ દીધું એમ નથી, કારણકે જ્ઞાની નિસ્પૃહી દશાના ધારક છે તેને માયાના પ્રદેશનું એકપણ અણુ લેવું નથી, લેવાની તેને પ્રતિજ્ઞા છે–ત્યારે–ત્યારેજ નિસ્પૃહી દશા આવે તેમ છે, પણ મુમુક્ષુને તેમ કરવાની અગત્ય છે શા માટે ? પૂર્વે ત્યાગ

વૈરાગ્યની ભૂમિકા જ્યારે તે આરાધી આવેલ છે ત્યારે તેને માયાનાં (કર્મ પ્રદેશમાં) વૃત્તિરૂપ અને સંગરૂપે ઘણોજ ઉત્કૃષ્ટ ત્યાગ કર્યો છે છતાં હવે બાકીનું જે મુકવાનું રહે છે તે દેહ અને મન; અને તેથી માનેલ કોઇપણ માયિક પ્રદેશ ઉપર માલેકીના પર એનો પૂર્વે વૈરાગ્ય ભાવ રાખ્યો છે તો પણ ત્યાં માલેકી રહી છે, તે માલીકી અને તે સિવાય જે જડ પદાર્થ ઉપર રહેતી મૂર્છા તે સર્વ મૂકાવવા (તેને વિસારવા) માટે મુમુક્ષુને તેમ કરવું પડે છે, કારણ-કે દેહ એ પણ દર્શનમોહના પ્રદેશનો છોટા ચૌદ રાજલોક જેવો પિંડ છે. તે પિંડમાં પ્રવૃતિ કરનાર એવો જે જ્ઞાનાત્માનો ઉપયોગ, સ્મૃતિ, અને વિચાર એ દેહમાં વર્તે છે એવું પણ જેને સ્મરણમાંથી મૂકાવવાનું છે અને દેહભાનની પણ જેને વિસ્મૃતિ કરાવવાની છે, તે માટે તેમ કરવું અતિ ઉત્તમરૂપ હોવાથી સર્વ ભાવ અર્પણ કરી દેવા ત્યારે સ્વાર્પણ ભકિતનું શુભ મંગલ પ્રથમ પ્રવેશ શરૂ થાય તેમ છે, કે પ્રથમ પ્રવેશ સુધી આવનાર આ એ જગત્‌માં કઇ જનનીએ જાયા હશે તે ઉપર લક્ષ દેશું, તો કરોડમાં એકાદ નીકળશે, તો તેની વ્યકિત, તેના જનક, જનની, તે ક્ષેત્રને આ લેખક અગણિત નમસ્કાર કરે છે અને સ્વાર્પણ ભક્તિના પ્રથમ પ્રવેશથી આગળ ચાલવા સર્વની શુભ અને સુખદાયક કૃપા ઇચ્છે છે. પુરૂષને સત્પુરૂષની ભકિતનો પ્રથમ પ્રવેશ મુલતવી રાખી હવે સ્ત્રીની ભકિત આરાધવા વ્યાસ ભગવાને પતિનુ શ્રેષ્ટપણું કહ્યું છે તેનું કારણ તપાસીએ.

સ્ત્રી સત્પુરૂષની ભક્તિમાં વર્તન કરી શકે નહિ. કારણકે સ્ત્રી વેદ છે અને ભકિતનો ક્રમ તન્મય થવાનો છે જેથી લોક નિંદકપણું થાય તેટલો અખંડ વખત સ્ત્રીથી લઇ શકાય નહિ અને તેવા જ્ઞાની બ્રહ્મચારી પુરૂષ તે ભકિત કરાવે નહિ—તેમ કબુલ કરે નહિ ત્યારે શું સ્ત્રીવેદ ધારણ કર્યો જેથી આ ભવમાં કર્મનો ત્યાગ ઉપાસના ન જ થઇ શકે? થવો તો જોઇએ. તો તે કઇ રીતે? તે માટે વ્યાસ ભગવાને એમ ધાર્યું છે કે સ્ત્રીવેદનો ધારક આત્માનો લિંગદેહ અનંત આલંબી હોવાથી તેને આલંબન માથે લાવવા ત્યાગ, વૈરાગ્ય આરાધી શાસ્ત્ર આજ્ઞાએ તે મહિલાને ધર્મમુમુક્ષુતા વર્તે છે તેને પતિ પ્રભુ માની તેની આજ્ઞા પ્રમાણે વર્તવા માટે નિર્માણ કરી હવે પતિ ધર્મને જે યોગ્યતાવાન્ હોય તેજ પતિ થઇ શકે, પણ ગમે તે જીવ પતિ થઇ કોઇ બાલાની જીંદગી બગાડે તે પતિ થવાને યોગ્ય નથી, તેમ પત્નિ થવા તેજ સ્ત્રી યોગ્ય ગણાય કે જે પતિના શુભ ધર્મમાં શાંતિ સહિત સહાયતા આપે તેવીજ સ્ત્રી પત્નિ થવાને યોગ્ય ગણી છે. તેવા પતિપત્નિ થવાની યોગ્યતા કેવી છે તે વ્યાસ ભગવાનૂના શાસ્ત્રમાં બહુજ વર્ણવી છે જેથી અત્રે લખતો નથી. પણ સ્ત્રી પતિના ભક્તિ કરવાના કારણે આપણે સંક્ષેપમાં અત્રે જણાવવાનું છે તે એ છે કે જેમ પુરૂષ અનંત આલંબી વૃત્તિમાન્ છતાં સત્પુરૂષના શરણે જવાથી એક આલંબી થઇ શકે તેમ સ્ત્રીને પણ એક આલંબી કરવા અને તેમા પ્રેમ આનંદને જગત્‌માંથી પાછો વાલવા પતિની ભક્તિ નિર્માણ કરી છે. ભક્તિ વચ્ચેના સંબંધમાં વિકાર સેવવો અને પ્રેમ પ્રીતિને વધારવી એમ નથી. જો એમ હોય તો માયાના પ્રદેશમાંથી મુકાવવું છે ત્યાં નિર્વિકારતાનીજ બ્રહ્મચર્યા જરૂર છે. તેવો નિર્મલ પ્રેમ બંને વચ્ચે વર્તે તો પતિપત્નિ વચ્ચે પ્રેમભક્તિ પ્રારંભ

થાય તેમ છે. પ્રેમલક્ષણા ભક્તિ જે પુરૂષને માટે પ્રશંસવામાં આવી છે તે પણ સત્પુરૂષ પ્રત્યે સ્ત્રી વેદે કરવાની છે તેવા દાખલા વ્યાસ ભગવાનના શાસ્ત્રમાં દેખાય છે. પ્રીતમદાસે જે ભક્તિ વર્ણવી તેમાં સ્ત્રી લિંગનો ઉપયોગ કરેલ છે તો સ્ત્રીવેદ અધિક ભક્તિને યોગ્ય હોય એમ પાત્રને લઇ કહી શકાય તેવું છે. પતિની ભક્તિ સ્ત્રીએ જે પ્રેમભાવે કરવી છે તે ચર્મ દષ્ટિમાં પતિરૂપ પરમેશ્વરને જોવાનાં છે અને અંતઃકરણમાં પરમાત્માના અનંત નિર્મળ ધર્મનું લક્ષ રાખવાનું છે એમ બે લક્ષ સ્ત્રીને ભક્તિમાં તન્મય થવાનાં છે, અને પુરૂષને સત્પુરૂષની ભકિતમાં એક ઉપયોગધારાએ તન્મયપણે વર્તવાનું છે. હવે એ બંને ભકિતનું ઉત્તમ મહાત્મ્ય છે અને તેથી કાગળ વિસ્તારવાળો થવાથી એ વાત ભવિષ્યમાં યોગ્ય વખત લઈ બન્યું તો કરશું.

હાલ આ પત્ર પૂર્ણ કરૂંછું અને આ પત્રમાં લખેલા પ્રેમ માર્ગના પંથની વાત હોવાથી પ્રેમપોથી આ પત્રનું નામ પાડયું છે. એમાં જે વાત જ્ઞાનના માર્ગની કહેવામાં આવી છે તેમાં જ્ઞાનીના માર્ગથી વધઘટ થઇ હોય તો ક્ષમા માગી લેખક દાસ આપની પાસે પણ વિનતિ કરી કહેછે કે આમાંનો માર્ગ આરાધવા ઉજમાળ થશો. આ પત્ર પૃષ્ઠ ૨૮ હોવાથી હવે ૧૪ મેલ સુધી પત્ર ન લખાય તો કંઇ હરકત જેવું નથી. જ્યારે જ્યારે ધર્મ સ્મરણમાં આવે, ત્યારે આ પત્ર વાંચવો વિચારવો અને સ્થિતિમાં મૂકવો. આ લખનાર આ હકીકત સુધીની ભૂમિકા...છે જેથી આપને દેહમિત્ર તરીકે હાલ ઓળખે છે અને આ પત્રમાં લખેલી ભૂમિકા આરાધી અત્રે આવે મનમિત્ર તરીકે માનશે. હાલ એજ. શ્રી સદ્દગુરૂની પરમકૃપા શુભ મંગલમય સર્વ કાલે સપ્રાપ્ત થાઓ એ સર્વને માટે યાચના કરી પત્ર સમાપ્ત કરૂંછું દા.

ના સવિનય

પ્રેમપૂર્વક પ્રણામ પહોંચે

—ઉપશમ.

# શ્રી ગુરૂ દેવની સ્તુતિ.

(તોટક)

ગુરૂદેવ મહોજજ્વલ શાંત સદા, નમું પ્રાત સમે ગુરૂજી સુખદા,
મન રંજન છો ભ્રમ ભંજન છો. નમું ભાવ ધરી ગુરૂજી ! તમને. ૧

મન વાણી ક્રિયાથી હું સેવું સદા, કરૂં પૂજન અંતરના સદને,
ગુરૂદેવ ! કરૂં નિત સેવ પ્રીતે, શુભ આશિષ દ્યો નિજ બાળકને. ૨

ગુરૂદેવ ! નમું-પ્રણમું તમને, ગુણ ગાઉં સદાય હું શાંત મને,
શુભ સાધન જ્ઞાન વિધાન વડે, કરી છે ભૂષિતા ગુરૂદેવ ! તમે. ૩

કંઇ તત્વ અગોચર મેળવવા, મનને કંઇ જ્યોતિથી કેળવવા.
તનની મનની ધનસાધનની, દરકાર કદી નથી ધારી જરી. ૪
ઋણ આપનું શિર અનંત ચડે, નહિ તે જન્માંતરમાંહિ વળે
ગુરૂદેવ ! અનંત ગુણે ભરિયા, કરી કેમ શકું ગુણની ગણના? ૫
મધુરી મુખ વાણી સુભાવ ભરી, શુભ શાંત કૃતિ નિજ હસ્ત કરી
ગુણ જ્ઞાન તણા નિધિ દેવ ! તમે, હૃદયે ભરપૂર દયા વિરમે. ૬
શશી તેજ સમા ગુરૂ શીતલ છો, દિનનાથ સમા સુપ્રકાશિત છો,
ઉર મંદિરના ગુણ દીપક છો, તમરાશી તણાજ વિનાશક છો. ૭
સુમતિ અરપી ગુરૂદેવ ! તમે, ગુણગાન વિષે રસના વિરમે,
મન મોદ ધરે ગુરૂનામ સ્મરી, નહિ અન્ય સ્થલે ધરૂં મોદ જરી. ૮
નિજ દેવ સમા ગુરૂ પૂજ્ય સદા, નિજ તાત સમા હરતા વિપદા,
હિત મિત્ર સહોદર ભ્રાત સમા, સુમહોજ્જવલ છો ગુરૂ ! સૂર્ય સમા. ૯
શિશુ ને ગુરૂ ઇશ્વર તુલ્યજ છે, ગુરૂ ! બાળક તુલ્ય ગણી શિશુને,
કદી દોષ કરે કંઇ બાળક તો, નહિ રોષ ધરો ગુરૂ-તાત-વિભો. ૧૦
કરૂં ભક્તિ સદા ગુરૂ સ્નેહ ધરી, ઉર પ્રેમ થકી શુભ ભાવ ભરી,
શુભ જ્ઞાનની વૃષ્ટિ શિરે કરજો, ગુરૂદેવ ! સદા શરણે ગ્રહજો. ૧૧

દોહરો. રહું તત્પર ગુરૂ સેવમાં, આજ્ઞા ધારૂં શિર,
નિર્મળ એવી ભાવના, પૂર્ણ કરો પ્રભુ **વીર**.

મંદાક્રાંતા સુધા સરિખી સુગુણ સરિતા કયાં થકી આ વહે છે ?
ગેબી રસનું ઝરણ અમીતું, કયાં થકી એ ઝરે છે?

કયાંથી શીળો સમિર સુખદા, જ્ઞાનનો આ વહે છે ?
ને આ કયાંથી સુરસ સુરભિ જ્ઞાનવાહી સ્ફુરે છે?
શબ્દો જાણે પિયુષ બિંદુ કયાં થકી આ ખરે છે?
જેને ઝીલી અચલ શાંતિ, અંતરે આ સરે છે ?

ઝીણું મીઠું નિજ સ્વરૂપનું, ગાન કયાંથી સુણાયું ?
પ્રીતિગાને હૃદય મુજ આ, હર્ષ છોળે છવાયું.
તે સૌ કેરૂં ગિરિગવ્હરમાં મૂળ કયાંએ ન દેખ્યું !
શોધ્યું મ્હેં તો જડ જગતમાં મૂળ કયાંયે ન પેખ્યું.
જે ના જાણ્યું અતિશ્રમ વડે, શીઘ્ર તે આજ દીઠું,
એ તો અદ્‌ભૂત સદ્‌ગુરૂ કૃપા! મૂળ મ્હોટું જ મીઠું.

નિર્મળા બ્હેન

# नय विचारणा

(प्रयोजक पण्डित श्री रत्नचन्द्रजी.)

अस्ति खलु जिनेन्द्रवाणीविलासविलसितविचारवल्लीवितानव्याप्तनयवादस्य किमप्युच्चरहस्यं, न केवलं तस्य शास्त्रीय गूढवचनाशयपरिस्फोटन एवोपयोगीत्वम्. अपित्वात्मिकोन्नत्यविनाभाविसाम्यभावोद्भावनस्थिरीकरणपरिवर्द्धनेष्वप्यतीवोपयोगित्वम्.

साम्यभावमूलशैथिल्यकारको हि मन्यमानविचारविभेदः. सामान्यतोऽयं नियमो दृश्यते, प्रायः सर्वेषु जनेषु यत् स्वकीय स्वकीय मनसि ये ये विचाराः समुद्भवन्ति, यद्वा स्वयं सिद्धान्तत्वेन यद्यत् स्वीकरोति, तमेव स्वसंमतं सिद्धान्तं परान् ग्राहयितुमभिलषति, प्रयतते च. परे यदि संगृहीत स्वीय सिद्धान्तेभ्य इमं विचारं वा विरूद्धमन्यदिग्गामिनं च मत्वा न स्वीकुर्वन्ति, तदा भवति प्रथम सैद्धान्तिकपूर्वपक्षिणो मनसि विषाद आग्रहश्च ततश्च कर्तुं प्रवर्तते परैः सह वाग्युद्धं. परेषामपि भवति ततो व्युद्ग्रहः, परस्परं क्लेशवृद्धौ च नश्यति साम्यभावमूलम् ॥

अत्र भिन्नदिग्गामिनोरपि विचारयोरस्ति कयाचिद् दृष्ट्या परस्परं सायुज्यं, सामीप्यम्, सोपयोगित्वं चेति, विरोधविभेदकं सत्यतोपदर्शकं स्याद्यदि किञ्चित्तत्त्वं चेत् स जैनानां नयवादः. किञ्च तत् स्वरूपं ? कथं च तेषां विरोधपरिहारकत्वम् ? इति स्यादाकांक्षाऽतोयत् किञ्चित्तत्स्वरूपाद्युपदर्शनमावश्यकम्.

## नयसामान्यस्वरूपम्

यद्यपि नयसामान्यलक्षणं विशेषनयलक्षणं च, प्रतिपुस्तकं प्रायः पृथक् पृथक् दृश्यते. कुत्रचित् "नानास्वभावेभ्यो व्यावृत्यैकस्मिन् स्वभावे वस्तुनयः" १ अन्यत्र "प्रमाणेन संगृहीतार्थैकांशोनयः" २ ज्ञातुरभिप्रायः श्रुतविकल्पो वा नयः ३ अनुयोगद्वारवृत्तौ तु, "सर्वत्रानन्त धर्म्माध्यासिते वस्तुनि एकांशग्राहको बोधो नयः" ४ नयोपदेशे च, "सत्वाऽसत्वाद्युपेतार्थेष्वपेक्षावचनं नयः" ५. इति.

अत्र लक्षणपञ्चकपरिपाट्यामापाततो भिन्नता प्रतीयते, तथाप्याशये नास्ति भेदः. सर्वत्रापि नीयतेऽनेकधर्म्मात्मकं वस्त्वंशेन परिछिद्यते येनेति व्युत्पत्त्याश्रयेण-तथाविधाभिप्राय एव नयलक्षणनिर्भरः. प्रथम लक्षणे नानास्वभावेभ्यो व्यावृत्यैक-

स्वभावे वस्तुनोऽस्तित्वं नहि कालत्रयेऽपि वस्तुतस्संभवति. किन्त्वपेक्षा पर पर्यायेऽभिप्राय एव संभवति. ततोऽनेक स्वभावविशिष्टे वस्तुन्यन्य धर्मोपेक्षणरूपगौणभावे नैकस्वभाव मुख्यभावेन वस्तुनिरूपणे प्रायोऽभि प्रायस्तत्रैव प्रथमलक्षणपर्यवसितिः. एवमन्यस्याभिप्रायोऽन्येषां वचनद्वाराबोध द्वारैव वा प्रतीयेतातस्तदपेक्षाप्रतिपादकं वचनम् तद् ग्राहको वा बोधोऽपि नय, इत्यभिप्रायेणान्येषामपि लक्षणा नामर्थैक्य एव तात्पर्यं. उदाहरणं यथा कश्चिद्वदेत् "जलं नित्यं" अत्र यदि नयानभिज्ञोऽन्यदार्शनिकः स्यात्कश्चित्तदैतद्वचनं मिथ्यैवेति वदेत्. कुतः? प्रत्यक्षतो विप्लवमानस्य शुष्यमाणस्य विनश्वरस्य जलस्योपलब्धत्वात्; परन्तु तत्र जैननयमार्गाभिज्ञः कश्चित्स्यात्तदा स इत्थं विवेचयिष्यति, यज्जलं द्रव्यपर्यायात्मकं, यद्वोत्पादव्ययध्रौव्यात्मकं तस्यात्युष्णतायोगेन बाष्पभावे बाष्परूपेणोत्पादः, प्रवाहिता रूपेणव्ययः, पुद्गलद्रव्यरूपेण अभिद्रवजन ( हाइड्रोजन ) ओषजन ( ओक्सीजन ) रूपेण वा ध्रौव्यम्. यद्वाशैत्ययोगेन घनभावे, घनभावेनोत्पादादिः, तथा च जलस्य शुष्यमाणत्वादिनाऽवस्थान्तरत्वेऽपि, न सर्वथा नाश इत्यतो जले न सर्वथाऽनित्यत्वं, नापि सर्वथा नित्यत्वं, कन्त्वापेक्षिकमुभयमपिनित्यत्वमनित्यत्वं चास्ति. तथा च जलं नित्यमिति निरवधारणं वाक्यं न मिथ्या, ध्रौव्याभिप्रायेण जले नित्यत्वपरिच्छेदस्य यथार्थत्वात्. एवं कश्चिज् जलमनित्यमिति वदेत् तदापि तद्वाक्यस्य पर्यायाभिप्रायेणोत्पादव्ययांशाभिप्रायेण वा, जलेऽनित्यत्वस्य यथार्थतया प्रतिपाद्यत्वेन, नानर्थावगाहित्वमिति नयदृष्टयवगाही पुरुषः, परस्परविरुद्धावपि धर्मौ (किम्पुनरविरुद्धान्) नयपरिशीलिताभिप्रायव्यवस्थयैकत्र समाविश्य नयवादस्येत्थं विरोधपरिहारकत्वं दर्शयेत्.

यदुक्तं—पंचाशति शार्दूलविक्रीडितवृत्तम् "निःशेषांशजुषां प्रमाणविषयीभूयं समासेदुषां, वस्तूनां नियतांशकल्पनपराः सप्तश्रुतासंगिनः । औदासीन्यपरायणास्तदपरे चांशे भवेयु र्नया, श्चेदेकान्तकलंकपंककलुषास्ते स्युस्तदा दुर्नयाः. ॥१॥ तथैव शिखरिणीवृत्तम्—अहो चित्रं चित्रं तव चरितमेतन्मुनिपते, स्वकीयानामेषां विविधविषयव्यापिवांशिनाम् विपक्षापेक्षाणां कथयसि नयानां सुनयतां, विपक्षक्षेप्तॄणां पुनरिह विभो दुष्ट नयताम् ॥२॥

अत्र यद्य नित्यत्वादिधर्मपरिक्षेपेण निरपेक्षं नित्यत्वं, नित्यत्वादिपरिहारेण वा केवलमनित्यत्वं स्थापयितुमभिप्रैति चेत्, स दुष्टनयो नयाभासो वा निगद्यते

अयमेकान्तिकः पक्षो मिथ्यावादी परिगण्यते

तथाच दर्शनान्तरीयाभिमतसिद्धान्तानामपि कयाचिदपेक्षया सापेक्षसत्यत्वेन स्वीकारो, जैनदृष्ट्या नानुचितः. यदुक्तं–नयोपदेशे "बोधादिदृष्टयोऽप्यत्र वस्तुस्पर्शेन नाप्रमाः. उद्देश्य साधने रत्न, प्रभायां रत्नबुद्धिवत्" ॥ १ ॥

तथाच बौद्धाभिमतक्षणिकवादस्य कथंचिदुद्देश्य साधकत्वेनांशिकसत्यतया ऋजुसूत्रनयपर्यवसायित्वेन, वैदान्तिकाभिमताऽभेदवादस्याद्वैतवादस्य वा विशुद्धसंग्रहकोट्यंतर्गतत्वेन, सांख्यसम्मतप्रकृतिपुरुषवादस्याऽशुद्धव्यवहारनयान्तर्भावेन, वैशेषिकनैयायिकयोश्च सामान्यविशेषोभयाभिप्रायात्मकनैगमनयमर्यादावर्तित्वेन, चार्वाकस्यापि लौकिकव्यवहारशालित्वेन वा सकलनयसमुदायस्य प्रमाणत्वमभ्युपगच्छता जैनदर्शनेन संगृहीतान्येव सकलदर्शनानि. दर्शनान्तराण्यैकान्तिकतया स्वाभिन्नदर्शनपरिक्षेपेण स्वकीय सत्यत्वं समर्थयन्त्येतदेव तेषां दुष्टनयत्वं, नयाभासत्वं वा. जैनदर्शनं तु दर्शनान्तराभिमतसिध्धान्तानामपि सापेक्षत्वेन नयरूपतया तेषामांशिकसत्यत्वं स्वीकृत्य, नयसमूहस्य प्रमाणत्वं स्वीकरोति. यदुक्तं,–नमिजिनस्तुतिप्रसंगे श्रीमदानन्दघनजिता गाथा "जिन सुरपादप पाय वखाणुं, सांख्य जोग दोय भेदरे, आत्मसत्ता विवरण करता, लहो दुग अंग अखेदरे, षट् दर्शन जिन अंग भणिजे-२ भेद अभेद सुगतमीमांसक, जिनवर दोय कर भारीरे, लोकालोक अवलम्बन भजिये, गुरुगमथी अवधारीरे, ष. ३ लोकायतिक कुख जिनवरनी, अंशविचार जो किजेरे तत्व विचारसुधारसधारा, गुरुगमविण किम पिजेरे," ष. ४ ॥ न च प्रमाणैकांशस्य नयस्याप्रमाणत्वमाशंकनीयम्. अंशरूपस्यापि नयस्य वस्त्वंशे यथार्थपरिच्छेदकत्वात्. नापितत्प्रमाणरूपं. प्रमाणैकांशत्वात् यदुक्तं–नयोपदेशे "न समुद्रोऽसमुद्रा वा, समुद्रांशो यथोच्यते, नाप्रमाणं प्रमाणं वा, प्रमाणांशस्तथा नयः," १. "स्वार्थे सत्याः" इत्यादि.

## उपसंहारः

इत्थं च नयवादस्य वस्त्वंशपरिच्छेदकत्वशैल्यां विरोधपरिहारकदृष्टिबीजस्यापि गर्भितत्वेन, "आसंवरो य सेयंवरो य, बुध्धो वा अहव अन्नो वा, समभावभावि अप्पा लहइ मुक्खं न संदेहो," "मित्ती मे सव्वभूएसु, वेर मज्झं न केणइ, इत्यादि प्रचुरवचनामृतानां विद्यमानत्वेन, चावश्यमेव जैनसमाजे माध्यस्थ्यदृष्ट

दृढमूलत्वेन स्थातव्यम्, तथाप्याश्चर्यमस्ति. यत्साम्येभावा वा मध्यस्थभावस्त्वास्तां दूरे ?? परन्तु स्वकीयैः सह बन्धुभावस्यापि दौर्लभ्यम्. समुल्लसति च परस्पराक्षेपाविरोधक्लेशभावस्योग्रतरं साम्राज्यं. न जानेऽयं प्रभावः किं हुण्डावसर्पिणी कालस्य, कदाग्रहाभिमानरूपमोहमहीपालस्य, गच्छीय क्रियाविशेषार्पितमूलोद्देशत्वेन निबिडरागद्वेषाभिहतचित्तमुनिचक्रवालस्य वा. अस्तु कथमपि. तथाप्याशास्महे. यद्वचनविरोधोपशामकस्योत्तरहस्यवन्नयवादस्य जैनसमाजे कार्यप्रवर्त्तनरूपतया भवेत् पुनरुज्जीवनम्. स एवास्माकं भाव्युध्धारमार्गः, सन्मतिप्रेयाजको, भ्रातृभावप्रचारकः श्रेयःसंसाधकश्च, इत्यलं विस्तरेण ॥

ॐ शान्तिः ! शान्तिः ! शान्तिः !

## ચિત્ર પરિચય.

### ૧ સર વસનજી ત્રીકમજી રા. બ. જે. પી.

Aspire, break bounds, I say,
Endeavour to be good, and better still,
And best! Success is naught, endeavour's all-
—Robert Browning.

કચ્છના સુથરી ગામમાં શેઠ વસનજીના વડિલો વસતા હતા. જ્ઞાતે દશા ઓસવાલ હતા. તેમના પિતામહ મૂલજીશેઠ મુંબઇમાં ચાલતી ધીકતી પેઢી નામે શેઠ નરસી કેશવજી નાયકમાં જોડાયાં અને ધનપ્રાપ્તિ સારી રીતે કરી તેમના પુત્ર શેઠ ત્રિકમજીને ત્યાં લાખબાઇ નામની ભાર્યાથી શેઠ વસનજીનો જન્મ સં. ૧૯૨૨ ના જેઠમાસમાં થયો. જન્મથયે છ દિવસ થતાં તેમની માતુશ્રી લાખબાઇ સુવાવડના રોગથી મરણ પામ્યા. એજ વર્ષમાં પિતામહ મળજીશેઠે પોતાના પુત્ર ત્રિકમજી મૂળજીના નામથી કેશવજી નાયકથી જુદા પડી એક પેઢી ચાલી અને તે અત્યાર સુધી ધીકતી અને ઉત્તમરીતે ચાલે છે. મૂળજી શેઠની આસ્થા ધર્મપ્રત્યે સારી હતી અને તેમણે સં ૧૯૨૮માં શ્રી કેશરીઆજી તીર્થની યાત્રાનો મોટો સંઘ કાઢ્યો હતો. ૧૯૩૦ ત્રિકમજી શેઠ સ્વર્ગ પામવાથી આઠ વર્ષના વસનજી શેઠને પિતામહ સિવાય પિતૃવાત્સલ્ય ભાવ બતાવનાર કોઈ રહ્યું નહિ, એવામાં પિતામહ મૂળજીશેઠનો પણ સં. ૧૯૩૨ના કાર્તક વદ અમાસને દિને પરલોકવાસ થયો. શેઠ વસનજીની બાલ્યાવસ્થા હોવાથી શા લખમશી ગોવિંદજી નામના એક પ્રમાણીક ગૃહસ્થે પેઢીનો કારોબાર ચલાવ્યો હતો.

યુવાવસ્થામાં સારી રીતે અભ્યાસ કરી પેઢીમાં જોડાયા, અને સખાવતી કાર્યોમાં ભાગ લેવા લાગ્યા. સં. ૧૯૩૩માં માતાજી અને દાદીજીના ઉજમણામાં ઘણો ખર્ચ કર્યો. કચ્છ-સાયરામાં ભવ્ય દેરાસર ૧૦૦૦૦ને ખર્ચે બંધાવ્યું. ૧૯૩૪માં પ્રતિષ્ઠા કરી. સં. ૧૯૫૨માં પોતાની જ્ઞાતિના ગરીબ બંધુઓને ઓછે ભાવે અનાજ આપવા માટે દોઢવર્ષ સુધી દુકાન ઉઘાડી રૂ. ૫૦૦૦ વાપર્યાં. મુંબઇમાં પ્રથમ મરકીનો ત્રાસ દૂરકરવા મરકીથી પિડાતા લોકો માટે બંદર ઉપર ત્રણ વર્ષ સુધી ઔષધાલય ચાલુ રાખી રૂ. ૪૦૦૦૦ ખર્ચ્યાં. આથી નામદાર સરકારે તેમને ઉત્તમ પ્રમાણપત્ર આપ્યું.

સં. ૧૯૫૬ના ભયંકર દુષ્કાળમાં દુકાળથી પીડાતા લોકોને સારી મદદ આપી; પોતાના જન્મસ્થાન-સુથરી ગામમાં ગરીબો માટે દુકાન કાઢી આ પાછળ રૂ. ૧૫૦૦૦નો ખર્ચ કર્યો. સરકારે તેમને 'જસ્ટીસ ઓફ ધ પીસ' (જે. પી-સુલેહના અમલદાર) ની પદવી આપી અને પછી 'રાવ સાહેબ' નું બિરૂદ આપ્યું. સાર્વજનિક સખાવત પણ સારી રીતે કરી. સર દીનશા પીટીટના સ્મરણ ફંડમાં રૂ. ૩૦૦૦, સર જમશેદજી હોસ્પીટલના નર્સીંગ ફંડમાં રૂ. ૬૦૦ લેડીનોર્થકોટ હિંદુ ઓર્ફનેજમાં રૂ. ૧૦૦૦, એડમ વાઇલીની હોસ્પીટલમાં રૂ.૫૦૦, ફર્ગ્યુસન કોલેજમાં રૂ. ૩૦૦, જખમી થયેલ જાપાનીઓનની સારવાર નિમિત્તના ફંડમાં રૂ. ૧૨૫૨, ભર્યા છે.

ધાર્મિક સખાવતમાં પણ ધનનો ઝરો સારી રીતે વહેવડાવ્યો છે. જૈનજીર્ણ મંદીરોદ્ધાર માં રૂ. ૨૦૦૦, યતિ-ગોરજીની સુધારણા અર્થે રૂ. ૭૫૦૦, પ્રાચીન પુસ્તકોધ્ધારમાં રૂ ૧૦૦૦, સિદ્ધક્ષેત્રમાં વીરબાઇ પાઠવાળા તથા પોતાના નામથી અંકિત જૈન બોર્ડીંગમાં રૂ. ૫૦૦૦૦ની ગંજાવર-મહાભારત રકમ આપેલ છે. તે સિવાય પોતાના વતન સુથરી ગામમાં પોતાની બે ગત સ્ત્રીઓના સ્મરણાર્થે 'ખેતબાઇ જૈનપાઠશાળા અને રતનબાઈ કન્યાશાળા' સ્થાપી છે. પોતાની વિદ્યમાન પત્નિ વાલબાઇના નામથી જસાપુર ગામમા જૈન પાઠશાળા ખોલી છે.

પોતે ધર્મપ્રત્યે આસ્થા રાખે છે, અને ધાર્મિક સંસ્કારો પોતાના કુટુંબ વર્ગમાં પડે તે માટે રા. લાલનને નિયોજેલ છે.

પોતની જ્ઞાતિમાં કુસંપ હતો. તે તેમણે દૂર કર્યો છે, વળી તા. ૧લી એપ્રીલ ૧૯૧૧ ને રોજ મુંબઇ છોડી પારિસમાં તથા લંડન આદિ પરદેશ ગમન કરી સારી કુશળતા મેળવી પરદેશ ગમનના સવાલનો ફડચો કરી નાંખ્યો છે તે માટે તેમને ધન્યવાદ ઘટે છે.

હમણાં ૨૨૫૦૦૦-સવાબે લાખની સખાવત સાયન્સ ઇન્સ્ટીટયુટમાં મહાન્ લાયબ્રેરી સ્થાપવા માટે કરેલ છે, અને તેની કદરમાં નામદાર અંગ્રેજ સરકારે નાઇટનો ઉતમ ખીતાબ બક્ષ્યો છે, જે ખિતાબ ભારતની સમગ્ર જૈન કોમમાં કોઇપણ નરને હજુ સુધી બક્ષવામાં આવેલ નથી, અને સર વસનજી આપણી જૈન કોમમાં પહેલા સર થયા તે માટે તેમને અમે અંતઃકરણપૂર્વક મુબારકબાદી આપીએ છીએ, અને છેવટે ઇચ્છીએ છીએ કે :—

સર વસનજી પોતે ધર્મમાં સારી આસ્થાવાળા, સખાવતે બહાદુર, અને પ્રતિષ્ઠાવંત પુરૂષ હોવાથી જાહેરમાં જૈન કોમના હિત અર્થે ગયાસો કરવા ઉઘક્ત થાય, અને અત્યાર સુધી તેમના એકાંતવાસી સ્વભાવને લઇને પ્રજામાં તેમના માટે રહેતો અસંતોષ દુર કરવા પૂર્ણ રીતે ભાગ્યશાલી થાય અને જૈન કોન્ફરન્સના સ્તંભ અને આધાર રૂપે કાર્ય કરી જૈન પ્રજાનું શ્રેય કરવા પ્રબલ પ્રયાસવાન્ થાય. તે માટે પ્રભુ તેમને દીર્ઘ આયુષ્ય, વિશાલ સંપત્તિ. શુદ્ધ હૃદય, અને પ્રબલ શક્તિ અર્પો!!!

## ૨ સ્વ૦ સરદાર શેઠ લાલભાઈ દલપતભાઈ

Let come what will! at last the end is sure
And every heart that loves with truth is equal to endure.
—Tennyson.

અમદાવાદના પ્રસિદ્ધ શેઠ શાંતિદાસ કે જેના વંશથી ઉતરી આવેલા પરજ અમદાવાદના નગરશેઠનું પદ આપવામાં આવે છે, અને જે મૂળ ઉદેપુરના રાણાની પેઢી સાથે સંબંધ રાખતા શુદ્ધ ક્ષત્રિય શિશોદિયાના કુળથી ઉત્પન્ન થએલ છે તેના વંશજ શ્રીયુત લાલભાઇ હતા. શાંતિદાસ શેઠ, તેમના પુત્ર લખમીચંદ, તેના ખુશાલચંદ, તેના વખતચંદ, તેના મોતીચંદ તેના ફતેહભાઇ, તેના ભગુભાઇ, તેના દલપતભાઇ અને તેમના લાલભાઇ. શેઠ લાલભાઈનો જન્મ સન ૧૮૬૩ ના જુલાઇની ૨૫ મી તારીખે થયો હતો. જન્મ થતાંજ બે વર્ષે પોતાના પિતાની સાધારણ સ્થિતિ હતી તેમાંથી અચાનક ફેરફાર થઇને લક્ષાધિપતિ થયા. આ કંઇ ઉત્તમ જન્મના સુયોગને લઇનેજ લાગે છે!

શેઠ દલપતભાઇએ પછી સટાનો વેપાર બંધ કર્યો-શરાફી પેઢી દલપતભાઇ ભગુભાઇના નામથી ચલાવી જે હમણાના ગયા વર્ષ સુધી ચાલી. (ગયે વર્ષે પેઢી શેઠ લાલભાઈના ભાઇઓમાં ભાગ પડવાથી જુદે નામે ચાલવા લાગી.) શેઠ દલપતભાઇ વિદ્યાનુરાગી હોવા સાથે ધર્મચુસ્ત હતા. તેમણે પોતાના વંડામાં એક ગુજરાતી શાળા મફત કેલવણી આપવા માટે સ્થાપી, અને પાલીતાણા રાજ્ય સામે સિધ્ધાચલના તીર્થની રક્ષામાં કુન્હેબાજી ભર્યો ભાગ લીધો; ભોયણીમાં મલ્લિનાથ પ્રભુની પ્રતિમા નીકળતાં એ તીર્થ થયું અને તેને માટે એક કમીટી નીમાવી વ્યવસ્થા ચાલુ કરી. પિતાના સંસ્કાર પુત્રમાં સારી રીતે પડયા. શેઠ લાલભાઇએ સને ૧૮૮૩ માં મેટ્રીક થયા, બીજે વર્ષે એફ. એ. ની પરીક્ષા પાસ કરી. અને પછી ફર્સ્ટ બી. એ. અભ્યાસ ચાલુ કર્યો. તેવામાં પિતાશ્રીની શરીરસ્થિતિ બગડવાથી અભ્યાસ અનિચ્છાએ મૂકવો પડયો. થોડાં વખતમાં પિતા કાલધર્મ પામ્યા.

દુકાનનું કામ ઘણી સરસ રીતે ચલાવવા લાગ્યા. પછી સરસપુર મિલ કરી અને તેમની બાહોશીથી ૧૦૦૦ રૂના શેરનો અત્યારે ૨૨૦૦ ભાવ થયો. ૧૯૦૩ માં સારંગપુર મિલ કરી કે તેના શેરો બે ત્રણ દિવસમાંજ ભરાઇ ગયા.

જૈન સેવા—મર્હુમ મયાભાઇ પ્રેમાભાઇ નગરશેઠના મરણ પછી ચીમનભાઈ નગરશેઠ નાના હોવાથી આ શેઠને સૌથી લાયક નર તરીકે આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ તરીકે ચુંટવામાં આવ્યા તેમના વખતમાં પાલીતાણામાં શત્રુંજયપર બુટ ન પહેરવા, તથા ધર્મશાળા વગેરેની ખટપટો થઇ તેમાં લાલભાઇ શેઠે ઉત્તમ સેવા બજાવી હતી. રાણકપુર અને જુનાગઢના તીર્થોની પેઢીનો વહીવટ આણંદજી કલ્યાણજીની પેઢી હસ્તમાં લીધો. આ સર્વનો હિસાબ દરેક જૈનને બતાવવાના મતવાળા, બાહોશ કુશલ નર હતા.

સ્વર્ગસ્થ સન ૧૯૦૩ થી ૧૯૦૮ સુધી શ્રી જૈન શ્વે૦ કોન્ફરન્સના જનરલ સેક્રેટરી હતા; તે પદ તેમણે અનેક જહેમત અને મહેનત વેઠી સંતોષકારક રીતે બજાવ્યું હતું. ભાવનગરની કોન્ફરન્સમાં ત્યાનાં દિવાન વગેરેના આગ્રહ થયા છતા પણ સેક્રેટરી તરીકેની પદવીનું રાજીનામું આપ્યું તેનું કારણ તેને એટલો બધો વ્યવસાય હતો કે પોતે ગમે તેટલું ધ્યાન આપી કાર્ય સારી રીતે કરતાં છતાં ઓછું થાય છે અને બરાબર વખતનો ભોગ અપાતો નથી એમ તેમને લાગ્યું હતું.

સને ૧૯૦૮ માં સમેત શિખર (પાર્શ્વનાથ) ડુંગરમાં બંગલા થવાની તૈયારી હતી, તે માટે બંગાલના લે. ગવર્નર પાસે ડેપ્યુટેશનમાં માતુશ્રી ગંગાબાઇની રજા લઇ ગયા હતાં અને ત્યાં હાથને અકસ્માત થઓ હતો છતાં પણ તીર્થની રક્ષાને પ્રાધાન્ય પદ આંપી તે ઉપેક્ષાજ કરી હતી. ધન્ય છે આવા કર્મ વીરને!

ધર્મપર પૂરી શ્રધ્ધા હતી, હમેશાં સામાયિક કરવાનું કદીપણ ચૂકતા નહિ, ધર્મનાં પુસ્તકો વાંચતા, વ્યાખ્યાન શ્રવણ કરતા, માતુશ્રી ગંગાબાઇને પૂજ્ય તીર્થ સ્વરૂપ માનતા, અને પૂજતા-તેમની આજ્ઞા એ તેમનો ધર્મ હતો. પિતાના પુણ્યાર્થે શ્રી અમદાવાદ રતન પોળમાં ધર્મશાળા, અને માતુશ્રીના નામે ઝવેરી વાડમાં જૈન કન્યાશાળા સ્થાપી છે. કાર્ય કરવું બસ કરવું એજ તેમનું જીવન હતું. પ્રવૃત્તિમય જીવનમાં બીજી કશાની દરકાર કરતા નહિ. સવારથી તે રાતના ૧૧ વાગા સુધી કામ કરતા; રાત્રે માતુશ્રીને પગેલાગી પગચાંપી સૂતા. ધન્ય છે આવા શ્રીમંત સુપુત્રોને! આજના કેલવણી પામેલા બાલકો! તમે આ પરથી ધડો લેશો? અંતે પોતાના બે ભાઈ (રા૦ મણિભાઇને જગાભાઇ], ત્રણ બેહનો, સ્ત્રી, અને બે પુત્રોને દુઃખમાં મૂકી આજ વર્ષમાં-સને ૧૯૧૨ ના ૫ મી જુન બુધવારે ૪૯-વર્ષની વયે સ્વર્ગવાસ પામ્યા પ્રભુ! તેમના આત્માને શાંતિ આપો!!

### ૩ સદ્‌ગત શ્રીયુત ગોવિન્દજી મૂળજી મ્હેપાણી

Who knew him well none better loved, for he
Had heart as kind as purpose resolute.
The key note of his life-Sincerity
His truths out-spoken live whose lips are mute.

અર્થ—જેઓ તેને સમ્યગરીતે જાણતા હતા તેઓ તેનાપર જેવી પ્રીતિ રાખતા હતા તેવી બીજા કોઇપર પ્રીતિ રાખતા નહતા, કારણકે તેનું અંતઃકરણ પ્રેમાર્દ્ર હતું, અને કાર્યનો ઉદ્દેશ દૃઢપણે કાર્યસાધક હતો. તેના જીવનનું ખરૂં રહસ્ય-સત્યનિષ્ઠા-પ્રામાણિકતા હતું. તેનાં ખુલ્લા હૃદયથી બોલેલાં સત્યો ચેતનાવાન્ છે, જ્યારે તેના સ્થૂલ હોઠ અચેતન• શાંત છે એટલે હવે તેમનું કહેવું આપણે સાંભળી શકનાર નથી,

શ્રીયુત ગોવિન્દજીનો જન્મ સં. ૧૯૪૦ થયો હતો, અને દેહોત્સર્ગ સં. ૧૯૬૮ આષાડ વદિ ૧૪ એટલે સને ૧૯૧૨ અગસ્ટની ૧૧ મી તારીખે રવિવારે થયો હતો. આથી કચ્છી જૈન કોમમાં જ નહિ પણ સમગ્ર જૈન કોમને એક મહાન્ આઘાતવાળી ખોટ પડી છે,

પોતાના નાના (માતાના પિતા) ઘણી સારી સ્થિતિમાં હતા, પરંતુ પોતાના જન્મ સમયે ગરીબ સ્થિતિ આવી પડી, તોપણ અડગ ધૈર્યબળથી અંગ્રેજી શિક્ષણ લઇ તેઓ સને ૧૯૦૬ માં બી. એ. ની Logic and moral Philosophy-(ન્યાય અને તત્ત્વજ્ઞાન) વિષય લઈ મુંબઇની સેંટ ઝેવિયર કાલેજમાંથી બીજા વર્ગમાં પસાર થયા. ત્યાર પછી મેસર્સ કૅપ્ટન અને વૈદ્ય નામની સોલીસીટરની પેઢીમાં આર્ટીકલ્ડ કલાર્ક તરીકે-સોલીસીટરની પરીક્ષાના અભ્યાસી તરીકે-જોડાયા તે દરમ્યાન સને ૧૯૦૯ માં બી. એ. એલ્ એલ્. બી. ની પરીક્ષામાં ફતેહ મેળવી.

આ દરમ્યાન તેમણે કચ્છી દશા ઓશવાળ પાઠ શાળામાં હેડમાસ્ટર તરીકે કાર્ય કર્યું હતુ, અને તેથી તેમણે શિક્ષણ શાસ્ત્રનો અભ્યાસ ઘણી સૂક્ષ્મ રીતે કર્યો હતો અને ત્યારથી જૈન ધાર્મિક શિક્ષણ ક્રમ વિદ્યાર્થીની વય-સમજ ધ્યાનમાં લઇ યથા પુરઃસર ગોઠવીને 'શિક્ષણ વાંચન માળા' રચવાનુ ભાવી લક્ષ દૃઢસંકલ્પ પૂર્વક રાખેલ હતું. ભાવનગરની જૈન કોન્ફરન્સમાં કચ્છી કોમે આણંદજી કલ્યાણજીના હીસાબ તપાસાય અને બહાર પડે તે માટે મકકમ ઠરાવ ગમે તેટલા કોલાહલના ભોગે કરાવવા નિશ્ચય કર્યો હતો, અને તેને પરિણામે કોન્ફરન્સની સ્થિતિ શું થશે? એવી હાલકડોલક પરિસ્થિતિ જણાઇ હતી. ત્યાં આ દૃઢનિશ્ચયી પુરૂષ-નાની ઉમરના છતાં પાકટ અનુભવી તરીકે તેનો સંતોષકારક ફડચો લાવવામાં ફત્તેહવંત થયા હતા. ત્યાર પછી 'જૈન ધર્મ નીતિ કેલવણી' માટે આ હેરલ્ડ પત્રમાં ખાસ વિભાગ રખાવી તેનું તંત્રી પદ પોતે લઇ ઉત્તમ લેખો લખ્યા હતા, અને તેની સાથે 'કેલવણી કમીટી' ના સેક્રેટરી તરીકે ખાસ માર્ગશોધક પ્રશ્નો કાઢી જૈન તેમજ જૈનેતર વિદ્વાનોના વિસ્તારપૂર્વક અભિપ્રાયો મેળવી તે બધાનો સમુચ્ચય પૃથકકરણ શૈલીપૂર્વક (on an analytical plan) ઘણી મહેનતથી તારવી એક ચોપાનીયું પ્રગટ કર્યું હતું, કે જે ઘણુંજ ઉપયોગી, સરલમાર્ગદર્શી, અને કાર્યસાધક છે એ નિર્વિવાદ છે. ત્યાર પછી જૈન ધાર્મિક શિક્ષણ ક્રમ ઘણા વિચારશીલ અનુભવ પૂર્વક નવીન શિક્ષણશૈલીવર પાંચ વર્ષના બાલકથી તે કોલેજના એમ. એ. સુધીના વિદ્યાર્થી માટે ૨૩-૬-૧૯૧૦ ને રોજ સંપૂર્ણ કર્યો હતો, તેમાંનો મેટ્રીક સુધીનો 'હેરલ્ડ'માં પ્રગટ થયો છે, જ્યારે પ્રીવિયસથી તે એમ. એ. સુધીનો

ક્રમ છપાવાની તૈયારીમાં હતો ત્યાં અમુક વાંધો પડવાથી હેરલ્ડમાં પ્રગટ થતો અટકયો છે, પરંતુ તે 'જૈન' પત્રના તા. ૯ મી અકટોબર સને ૧૯૧૦ ના અંકમાં પ્રગટ થયો છે. ત્યાર પછી 'હેરલ્ડ'માં તેમના તરફથી એક પણ લેખ લખાયો નથી. આ પત્ર સિવાય બીજા તેમજ અન્ય સ્થલે તેમણે લેખો (જો કે ઘણા થોડા) લખ્યા હતા. ગુજરાતી' ના અંગ્રેજી કોલમમાં Piety નામના તખલ્લુસથી સમેતશિખરપ્રકરણ ઉભું થયું ત્યારે તે પર અંગ્રેજીમાં લેખ લખ્યો હતો. 'આનંદ'માં આશાતનાનું સ્વરૂપ, વગેરે અને શ્રી રાજચંદ્ર જયંતીના બે પ્રસંગોએ આત્મસિદ્ધિ શાસ્ત્ર અને બીજે એમ બે લેખો આદિ લખેલા પ્રકટ થયા છે. આ સર્વ ઉપરથી તેમજ તેમના સમાગમથી એ દૃઢ પ્રતીતિપૂર્વક જણાય છે કે તેમનો ધાર્મિક અભ્યાસ (કે જે મેટ્રિકમાં હતા ત્યારથીજ શરૂ થયો હતો) તે ઘણો ગૂઢ, મર્મસ્પર્શી, સૂક્ષ્મ, અને સચોટ હતો; અને પોતે પાત્શ્ચાત્ય ન્યાય અને તત્ત્વજ્ઞાન ને ખાસ અભ્યાસી તરીકે પઠન કરેલ હોવાથી તે બંનેનું મિશ્રણ પોતાનામાં જૈન ધર્મના ઉંડા તત્વ-જ્ઞાન પ્રત્યે સંપૂર્ણ આદર મેળવી શક્યું હતું.

બાલકોને ઉપયોગી તેમજ તેમની શક્તિ અનુસાર રૂચિ ઉત્પન્ન કરે તેવાં પુસ્તકો યોજવા તેમજ યોજાવવાની સતત અને તીવ્ર ઇચ્છા રહેતી; તદર્થે બાલકોમાં અર્થશાસ્ત્ર, વાર્તા અને સંવાદરૂપે બાલ્યવયથી સરલ સ્વરૂપમાં પરિણમે તેવી રીતે યોજાવવા તે કામ તેમણે સદ્ગત સાક્ષર શ્રી જીવાભાઇ અમીચંદ પટેલને સોંપ્યું હતું અને તેમાં કેવા પાઠો યોજવા તેની નોંધપણ કરી આપી હતી. આને અંગે 'વ્યાપારની કળા' નામનું પુસ્તક તે સાક્ષરે લખ્યું, અને ગોવિન્દજીભાઇને બતાવ્યું. ગોવિન્દજીભાઇ થોડા પાઠો જોયા પછી સ્વ૦ જીવાભાઇને તા૦ ૧-૪-૧૯૦૯ના પત્રમાં લખે છે કેઃ—

'પાઠો બહુજ સુંદર રીતે યોજાયા છે. જે આશાથી આપને એ કાર્ય સોંપવામાં આવેલું તે આશા મારા માનવા પ્રમાણે સર્વાંશે ફળીભૂત થએલી છે. એવીજ કાળજી તથા યુક્તિપૂર્વક આપ બાકીનું કાર્ય પૂર્ણ કરશો. મારે કાંઇપણ ફેરફાર સૂચવવાનું નથી....'

તેમજ રા. નાનચંદ માણેકચંદને લખતાં જણાવે છે કે "રા. જીવાભાઇએ અર્થશાસ્ત્રના ૬ પાઠ તૈયાર કરી મારાપર મોકલ્યા હતા તેમાં અર્થશાસ્ત્રનો એક વિભાગ production આખો આવી જાય છે. વાર્તા રૂપે બહુજ યુક્તિપૂર્વક લખાએલા છે, તે વાંચી હું ખુશખુશ થઇ ગયો છું. મેં એજ પ્રમાણે બાકીના પાઠ લખી નાંખવા કહ્યું છે હું ધારૂં છું આપ આવીને વાંચશો ત્યારે તે જોઇ અવશ્ય ખુશી થશો એ વિષયનું સામાન્ય તથા અગત્યનું જ્ઞાન બહુ રસપૂર્વક તે પાઠોની અંદર સમાવેલ છે, પાઠો વાર્તા તથા અમુક મિત્રો વચ્ચે વાતચિત રૂપે છે.

તદુપરાંત જૈનધર્મ સાહિત્યમાં પાર પામવાનો પ્રબલ પ્રયાસ કરતા, અને જે વાંચતા તે એવા પઠનપૂર્વક અને ચોકસાઇથી કે એક પુસ્તક લીધું તે પુરૂં કર્યા સિવાય બીજું લેતા

નહિ, અને તે પુરૂં કર્યું કે તેનો સર્વ સાર કંઠાગ્રે યા મગજમાં રહી જતો. ગુજરાતી જૈનસાહિત્ય માટે પણ તેમને ઘણો શોખ હતો; અને તે જૈનેતર પ્રજામાં પ્રેમાદર પામે તે માટે ઉક્ત સ્વ૦ સાક્ષર શ્રી જીવાભાઇને પોતાની 'કાવ્યમંજરી'ના ધોરણે 'જૈનકાવ્ય મંજરી' રચવાનું ઘણી સૂચના સાથે સોંપવામાં આવ્યું હતું તે કાર્ય પૂર્ણ થાય તે પહેલાં શ્રી જીવાભાઇ સ્વર્ગસ્થ થયા ! !

તેમનામાં જે મહાન હૃદયના ગુણો હતા તે તેમનું નિઃસ્વાર્થપણું અને માન (ખરૂં યા ખોટું) મેળવવાનો તિરસ્કાર એ બે પ્રાધાન્યપણે હવે તેમણે છેલ્લી જૈનશ્વે: કોન્ફરન્સ તરફથી જૈન એજ્યુકેશન બોર્ડ નામની ઉંચી વ્યવસ્થા પૂર્વક સંસ્થાનો વિચાર ઉભો કરનાર અને તેને અમલમાં મૂકાવનાર શ્રીયુત ગોવિન્દજી જ હતા. પોતે માથેરાન હતા તે વખતે 'રસસાગર' નામનો જૈન ગ્રંથ વાંચતાં કયો ધંધો સ્વીકારવો ઓછે અંશે પાપબંધક છે એ પ્રશ્નનો સતત આવિર્ભાવ થયો, અને તેના પરિણામે સોલીસીટરનો ધંધો ન ગમતાં બેરિસ્ટર થવા માટે નિશ્ચય કર્યો અને તુરતજ તે સંબંધી ગોઠવણ એક મહિનાની ટુંક મુદતમાં કરી નાખી. આ વખતે શ્રીયુત રા. રા. મકનજી જુઠાભાઇ મહેતા બી. એ. એલ એલ. બી. કે જેમણે અહીં વકીલ તરીકે સારી રીતે પ્રસિધ્ધિ મેળવી છે અને જેઓએ કોન્ફરન્સના આસિસ્ટંટ સેક્રેટરી તરીકે ઉત્તમ સેવા બજાવી છે તેઓ બેરિસ્ટર માટે જવાનો વિચાર રાખતા હતા, તેમની સાથે શ્રીયુત ગોવિન્દજીભાઇ જોડાયા એટલે બંનેની ગોઠવણ પાકી થઇ અને બંને સાથે સને ૧૯૧૧ના સપ્ટેંબર માસમાં અહીંથી ઘણા સ્નેહ સત્કાર સાથે વિદાય થયા ત્યાં અહીંના ઝવેરી શેઠ જીવણચંદ ધરમચંદની પેઢીના મકાનમાં આર્ય આહારવિહાર અને રહેણી નીચે રહેવાનો સુયોગ મળ્યો. ગોવિંદજીભાઇએ બેરીસ્ટરની ત્રણ પરીક્ષામાંથી બે પરીક્ષાના ચાર પેપરો પસાર કર્યા, અને તેમાંની હિંદુલૉની પરીક્ષામાં સૌ-કરતાં વધારે માર્ક મેળવી ફર્સ્ટ (તે વર્ગમાં એકલાજ) બહાર આવ્યા. પરંતુ આ પછી કોણજાણે ભાવી કયાં લઇ જાય છે?—રજામાં પારીસ થોડા વખત માટે ગયા અને ત્યાંથી લંડન આવતાં સ્ટીમરમાં જબરૂ વાવાઝોડું અને તોફાન થયું અને સખત ઠંડી આ નાજુક બદનને લાગી અને આખરે ભયંકર નીવડી. મનના મનોરથ ઘણા હતા તે મનમાંજ રહ્યા. કાલે જે રાખ્યું હતું તે અકાર્યજ થયું! લંડનથી એકદમ ડાક્ટરી તપાસ લેવરાવી પોતાને અસાધ્ય રોગ લાગુ પડયો છે એટલે ત્યાં બીલકુલ ન થોભતાં તુરતજ અહીં આવ્યા. લગભગ એક મહીનો તેમના મિત્રોના સમાગમમાં રહી ૧૧-૮-૧૯૧૨ ને દિને દેહાવસાન પામ્યા. તેઓ પરણ્યા ન હતા, અમુક અમુક વ્રતો લીધા હતા અને અમુક અમુક ભાવી સંકલ્પો હતા તે તેની ખાનગી ડાયરીમાંથી નીચે પ્રમાણે આપી આ સંબંધે જે કાંઇ વક્તવ્ય છે તે અન્ય સ્થલને માટે રાખીશું.

PRIVATE

Formal (Regular) Vows—

(1) શ્રી શત્રુંજયની એક માળા દરરોજ on average.

(2) Religious, reading, writing or thinking, $\frac{1}{2}$ hour daily on average.

(3) After my income goes over Rs 1000 a year, one month every year on average to be devoted to the good of Jains by travel &c. If I fail to do so within 3 years, the income of 1 month of that year to go to charity. ( my income in 1910 was 1500 ∴ 125 to go to charity or on religious travel.) Income in 1911, also 1500.

Informal Vows

No (1) Bidi, (2) Supari (3)Pan (4) Kandmul (5) Ringna to be used at all. સપ્તવ્યસન ત્યાગ for ever.

Strict & complete બ્રહ્મચર્ય at least till the end of 28 yrs. If possible or practicable til life & ભવોભવ,

પરિગ્રહ પ્રમાણ Rs $1\frac{1}{4}$ lac cash exclusive of other moveable property that may be at the time.

Partial, if not complete retirement after 45. Complete retirement betw. about 52-53.

Not to acept addresses.

Go to temple once daily if possible.

Intentions

(1) To write a Jain Religious Series for the use of school & college students in Gujrati, ( મૂળ તત્વોથી-અધ્યાત્મ માર્ગ સંપૂર્ણ. )

(2) Write 2 books in English. (a)Exoteric Jainism. (b) Esoteric Jainism.

(3) Take the 12 vrittas formally

(4) Cram up પ્રતિક્રમણાદિ સૂત્રો.

(5) Re-edit શ્રીમદ્ રાજચંદ્ર on an analy tical plan.

(6) Get ષડ્ દર્શન સમુચ્ચય & other books translated in English.

(7) Begin to learn Yoga-આસન-પ્રાણાયામ-ધ્યાન-સમાધિ. 15-1-11

છેવટે ૧૫-૮-૧૨ ના 'જૈન સમાચાર' ના સત્ય કથનવાળા શબ્દોમાં—

"જ્યારે કોઇ આશાજનક, વિદ્વાન, સ્વધર્મનિષ્ટ, જાહેર હિંમતવાન્ અને કર્તવ્યપરાયણ યુવાન્‌ને જાહેર જીંદગી શરૂ કરતી વખતેજ કાળદેવનો કોળીઓ થઇ પડતાં જોઇએ છીએ ત્યારે ખેદ કરવાનું પણ સુઝતું નથી, રોવા જેટલીપણ શુદ્ધસાન રહેતી નથી, માત્ર એટલુંજ બોલાઈ જાય છે કે 'અકળ છે કર્મની ગતિ' !

આત્મબંધુ ગોવિંદજી મુળજી મેપાણી બી. એ. એલએલ. બી જે કચ્છી શ્વેતાંબર મૂર્તિપુજક કોમમાં આશાજનક સાચો હીરો હતો, જેનામાં પોથીપાંડિત્ય નહિ પણ હૃદયની નિર્મળતા. સેવાબુધ્ધિ, જાહેર હિમત અને શાંત વિચારશીલ મગજ એ સર્વનું સુખી મિશ્રણ હતું, ........તે મોંઘા પુષ્પને ગયા અઠવાડીઆમાં કાળદેવે ઝડપી લીધું છે. જૈનકોમનો ભવિષ્યનો બુધ્ધિશાળી અને હિંમતવાન્ સલાહકાર એકાએક માત્ર ૨૬(૮) વર્ષની ઉમરે અંતર્ધાન થયો છે.—'દૈવ'ના ભાવી રમકડાંઓ ! મૃત્યુની અનિવાર્યતા વિચારો-વિચારો અને જાથુની જીંદગીને લક્ષ્યબિંદુ બનાવો—બનાવો !"


## ૪ સ્વ નગરશેઠ ચમનભાઇ લાલભાઈ.

Love all, trust a few, do wrong to none.

—Shakspeare.

અમદાવાદના નગરશેઠ ચીમનભાઇ લાલભાઇનો જન્મ સને ૧૮૮૪ના વર્ષમાં થયો હતો. તે વખતમાંજ તેમણે ગવર્નમેંટ હાઇસ્કુલમાં કેલવણી લીધી હતી. તદન નાનપણમાંજ પોતાના પિતાશ્રી સ્વર્ગવાસ પામવાથી બધી મિલ્કતોનો સપૂર્ણ વહીવટ લેવાનું માત્ર ૧૬ વર્ષની કુમળી વયમાં તેમને શિરે એકાએક આવી પડ્યું હતું, અને તેમ છતાં તેમનો વહીવટ એવી સંતોષકારકરીતે કર્યો કે બધાનો તેમના વિષે સરસ અભિપ્રાય બંધાયલો છે. તેમને નગરશેઠ (શેરિફ)નો માનવંતો ખિતાબ હતો કે જે ખિતાબ જહાંગીર બાદશાહ તરફથી તેમના પિતામહના પિતામહ અને તેના પિતામહને શાંતિદાસ શેઠને આપવામાં આવ્યો હતો અને તેમને તે ઉપરાંત મોગલ શહેનશાહતને લશ્કરી કિંમતી મદદ આપવા માટે ખાસ રાજ્યકૃપાના ચિન્હ અર્થે અમદાવાદની ઓકટ્રાઇ ડયુટી (જકાત) વસુલ કરવાનો હક મળ્યો હતો અને આ હક બ્રીટીશ સરકાર તરફથી સંમત થયો છે અને તે માટે વાર્ષિક રૂા. ૨૨૦૦ની રકમ નિર્ણિત કરવામાં આવી હતી. આ બધું વિગતવાર વર્ણન અધ્યાત્મ પ્રસારક મંડળ તરફથી નીકળવાના 'જૈન ઐતિહાસિક ગ્રંથમાલા-મણકો ૧લો'—એ પુસ્તકમાં આપેલ છે.

શેઠ ચિમનભાઇ જાહેર પ્રજાના હિતના સવાલોમાં ઘણો ઉત્સાહ ભર્યો ભાગ લેતા હતા. સાંસારિક, ધાર્મિક અને કેળવણીને લગતા બધા જૈન સવાલોએ તેમનું ખાસ ધ્યાન ખેચ્યું હતું. તેના પરિણામે અમલનેરમાં મળેલી જૈન પ્રાંતિક કોન્ફરન્સના પ્રમુખ, અમદાવાદની જૈન કોન્ફરન્સની સ્વાગત કમીટીના પ્રમુખ, અને છેલ્લે સરદાર બહાદુર લાલભાઇના હમણાંજ થયેલા સ્વર્ગવાસને લઇને આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ હતા, અને તે પહેલાં



LATE NAGAR SETH CHAMANBHI LALBHAI.

સદ્ગત નગરશેઠ ચમનભાઈ લાલભાઈ

જન્મ સં. ૧૯૪૦ દેહોત્સર્ગ સં. ૧૯૬૮.

એક કાર્યવાહક હતા. સાર્વજનિક બાબતમાં પણ તેમણે અમદાવાદની મ્યુનિસીપાલીટીના એક મેંબર અને ગુજરાત કોલેજબોર્ડના મેંબર તરીકે ઉપયોગી સેવા બજાવી છે. સ્વભાવે શાંત, સરલ, વિવેકી અને મિલનસાર હતા; અને પ્રવાસગમનના ઘણા શોખીન હતા. તેમણે આખા હિંદનો પ્રવાસ કર્યો છે.

જૈન કોમમાં આ વર્ષે અને ટુંક થોડા મહિનામાંજ વીર પુરૂષોની જબરી ખોટ પડી છે. સરદાર બહાદુર શેઠ લાલભાઇ દલપતભાઇ, આશાજનક સ્વતંત્ર વિચારક મી. મેપાણીના શોકજનક સ્વર્ગવાસના ભણકારા તાજાજ છે તેવામાં એકાએક ગઇ તા ૨૧મી આગસ્ટ ૧૯૧૨ને દીને માત્ર ૨૮ વર્ષની અલ્પ ઉમરે સહજ બીમારી ભોગવી ચિમનભાઇ શેઠ સ્વર્ગસ્થ થયા છે. પ્રભુ તેમને સદ્ગતિ, શાંતિ અર્પો!

આ ભલા, સરલ, અને ખાનદાન વીરના સ્વર્ગવાસથી જૈન કોમને અને ગુજરાતી સમસ્ત પ્રજાને અત્યંત દુઃખ થયું છે, અને અમદાવાદના જાણીતા શહેરી સર ચિનુભાઇની સ્તુત્ય હીલચાલથી એમના સ્મારક તરીકે ટાઉન હૉલ બાંધવાની હીલચાલ પણ થતી સંભળાય છે. આ હીલચાલથી તુરતજ રૂ. ૨૫૫૦૦)ની રકમ ભરાઇ ગઇ છે, અને ઇચ્છીએ છીએ કે અમદાવાદના શ્રીમંત શહેરીઓ આમાં ખાસ ભાગ લેશે.

# શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ વર્તમાન.

## ૧ સુકૃતભંડારફંડ

**(સંવત ૧૯૬૮ના આધિક અશાડવદિ ૨–શ્રાવણ વદિ ૨. માહે જુલાઇ, અગષ્ટ ૧૯૧૨)**

ગયા માસ આખરના વસુલ રૂ ૧૯૮૦-૩-૦

**ઉપદેશક મી—વાડીલાલ સાંકળચંદ**-સુરત જીલ્લો.

ઓરપાડ ૬I, સરસ ૧II, અટોદરા ૧II, મોરથાણ ૦II, કંથરાજ ૧, કોબા ૧I, ભાદોલા ૧II, મંદ્રોઇ ૭, ઇલાવ ૦III, શાહોલ ૧I, ઉમરાસી ૦II, કુડસદ ૮III, કોસાડ ૬II, નવસારી ૧૭III, જલાલપોર ૫II, તવડી ૩, સીમળગામ ૦II, નરોદ ૭I, મરોલી ૫II, ડાભેલ ૧૯I, કનસાડ ૫I, વાંઝ ૧૬III, સચીન ૦III, પારડી ૧, બારડોલી ૩૩II, વાંકાનેર (સુરત) ૧૪II, સેજવાડ ૨II, બાજીપુરા ૧૧I, મઢી ૩. કુલ રૂ. ૧૮૮–૪–૦

**ઉપદેશક મી. અમૃતલાલ વાડીલાલ**—સુરત જીલ્લો.

ભાંડુત ૧૭, પીંજરત ૪, દામકા ૧૨, ઇચ્છાપુર ૦I, પાલ ૯, અડાજણ ૭, રાંદેર ૧૦II, કાળીઆવાડી ૫, સીસોદરા ૪૧II, નવાતળાવ ૭, અસ્ટગામ ૧૫, ખડસુપા ૧૫, ચંદવાસણ ૮II,

કોલવા ૧૭, ઇચ્છાપુર ૨૪॥, સાલેજ ૨, ધમડાછા ૮, અમલસાડ ૯, લુસવાડા ૯, ખીલીમોરા ૧૫॥, પનાર ૫૯. કુલ રૂ. ૩૧૫-૮-૦

**ઉપદેશક મી. પુંજાલાલ પ્રેમચંદ**—સીરોહી મારવાડ)

આબુજી જાત્રાળુ ૧॥, સીરોહી ૧૦૫, રોહીડા ૨૮, વાંસા ૧૩, ધનારી ૮, નીટોડા ૧૫ કાછોલી ૧૧, ખાખરવાડા ૧॥ ભાવરી ૭, નાંદીઆ ૨૧, પીંડવાડા ૨૨, કુલ રૂ. ૨૩૩-૦-૦

**ઉપદેશક મી. છોટમલજી વોહરા**—મારવાડ (માહે માર્ચ તથા એપ્રીલ ૧૯૧૨.)

આગદુ ૧, રડાવસ ૪॥, ગાદાણો ૨, ચેલાવસ ૪, ભગવાનપુરા ૧, હેમલીઆવસ ૦॥, બાસણા ૧॥, સાંડીઆ ૬, મુરડાવા ૧, ચતરાજીનોગુડો ૫, સામાજીનોગુડો ૧, હરી-આમાલી ૩, સારંગવાસ૧ , બીજાજીનો ગુડો ૫॥, રાયરો ૧, કરમાવસ ૨॥, દોરનડી ૧, પીપળીઆ ૧૦, બાસીઆ ૨, મોરો ૧॥, રામપુરા ૪॥, નીબાડા ૩॥, ચાવડીઆ ૬, દવ-રીઆ ૫, પાટવા ૨॥, દેવડી ૪॥, અટબડો ૫॥, બડાગુડા ૧॥ જોજાવર ૧.

કુલ રૂ. ૯૦-૮-૦

**આગેવાનોએ** પોતાની મેળે મોકલ્યા.

ચંદુરબજાર ૫॥, રા. રા. પોકરચંદ મુનીમ માર્ફત. ભોપાળ ૯॥, શેઠ ગોડીદાસજી. બેંગ-લોર ૨; શેઠ બી. એફ સાલમચંદ ગુલેચ્છા. કલકત્તા ૩૪॥ બાબુ રાયકુમારસિંહજી. કુલ રૂ.૫૧-૪-૦

એકંદર કુલ રૂ. ૨૮૫૮-૧૧-૦

## ૨ ઉપદેશક પ્રવાસ.

**ઉપદેશક મી. વાડીલાલ સાંકળચંદ**

૧ **કઠોર**— અહીં લાઇબ્રેરીના મકાનમાં વગેરે સ્થળે સંપ, કેળવણી તેમજ બીજા વિષયો સંબંધી ભાષણો આપવામાં આવ્યાં હતાં. અહીંના ન્યાયાધીશ રા. રા. નાનાભાઇ પેસ્તનજી તરફથી આવેલ પત્રમાં જણાવે છે કે આવા વકતાઓથી જૈન કોન્ફરન્સે દેશમાં ભલું કરવાને જે સાહસ ઉઠાવ્યો છે તે બદલ કોન્ફરન્સને ધન્યવાદ ઘટે છે. અને ઉમેદ છે કે એવાજ ઉપદેશકો વિશેષ નીમી ગામોગામ વાડીલાલ જેવાં ભાષણો આપે તો દેશની ઉન્નતિ થવાને લાંબો વખત લાગશે નહી: તેજ પ્રમાણે નવસારી પ્રાંતના ન્યાયાધીશ સાહેબ તરફથી પણ જણાવવામાં આવેલ છે.

૨ **માંગરોળ વાધરી**—અહીં જૈન કોમ સાથે તમામ મુસલમાન (વહોરા] વગેરેની સભાઓ ભરી સંપ, કન્યા વિક્રય, જીવદયા વગેરે વિષયો ઉપર ભાષણો આપતાં બધા ઉપર સારી અસર થઇ હતી.

૩ **ભાદોલ**- અહીં કન્યાવિક્રય નથી. છતાં પ્રતિજ્ઞાઓ લેવામાં આવી છે. અહીં જીવદયા ઉપર ભાષણ આપતાં તેની અસરથી દેવી નિમિતે દારૂ માંસ વાપરનારાઓને સારી અસર થઇ છે અને તેઓએ પ્રતિજ્ઞાઓ કરી છે.

૪ **કુડસદ**–અહીં ગામ લોકો સમક્ષ ભાષણો આપતાં કન્યાવિક્રયને માટે કેટલાકોમાં પ્રતિબંધ થએલ છે. પ્રમુખ પદે માસ્તર ભગવાનજી હતા.

૫ **નવસારી**–અહીં ગામ લોકો તથા શ્રી જૈન સંઘ સમસ્ત રૂબરૂ ભાષણો આપી સારી પ્રિતિ મેળવી છે.

**ઉપદેશક મી. અમૃતલાલ વાડીલાલ.**

૧ **સીસોદરા**– અહીં કોન્ફરન્સના ઠરાવો ઉપર, એકયતા, કન્યાવિક્રય, બાળલગ્ન, ધર્મ વગેરે વિષયો ઉપર ભાષણો આપી સારી અસર કરી છે.

૨ **ખડસુપા**– અહીં સર્વ કોમ સમક્ષ સંપ, કન્યાવિક્રય, બાળલગ્ન વગેરે વિષયો ઉપર ભાષણો આપતાં ઠરાવ થયા કે, ૧ હોળી પુજનની અંદર જૈનોએ ભાગ લેવો નહીં ૨ સ્ત્રીઓએ લગ્ન પ્રસંગે ફટાણાં ગાવાં નહીં, ૩ ભવાયા રમાડવા નહીં, ૪ કન્યાવિક્રય થતો નથી છતાં પણ ભાષણથી સારી અસર થઇ છે.

૩ **ઇચ્છાપુર**– સંપ, જીવદયા વગેરે વિષયો ઉપર ભાષણો આપતાં અહીંના કેટલાક કોળી લોકોએ દારૂ નહીં પીવા પ્રતિજ્ઞાઓ લીધી હતી.

૪ **કોલવા**– અહીં જૈન સંઘ સમસ્ત સાથે. બીજા લોકોને એકઠા કરી ભાષણો આપતાં દરેક ઉપર સારી અસર થવા પામી છે અને તેથી સૌને સારો લાભ થયો છે.

**ઉપદેશક મી. પુંજાલાલ પ્રેમચંદ**

૧ **પાલણપુર**--શેઠ બાલાભાઇ ગટાભાઈ તથા પારી. મણીલાલ ખુશાલચંદ જણાવે છે કે ઉપદેશક મી. પુંજાલાલની ભાષણ શક્તિ સારી છે તેમજ તેઓ ખંતીલા અને ઉદ્યમી હોવાથી સારૂં કામ કરી શકે છે. આપણે સર્વ જૈન બંધુઓએ કોન્ફરન્સને માન આપી સુકૃત ભંડાર ફંડને અમલમાં મૂકીએ તો ૧૪ લાખની વસ્તીના પ્રમાણે ૩ા લાખ રૂ. થાય એટલે દરેક કામ સારૂં થાય. તેમજ શેઠ ધરમચંદ ચેલજીભાઇ અને મુનિ મહારાજ વિનયવિજયજીએ પણ પોતાનો સારો અભિપ્રાય દર્શાવ્યો છે.

૨ **વેંડચા**—અહીં સંપ,. કન્યાવિક્રય ઉપર ભાષણોથી સારી અસર થઇ છે.

૩ **ચંડીસર**—અહીં સંપ, કન્યાવિક્રય હાનિ કારક રિવાજો વગેરે વિષયો ઉપર ભાષણો આપતાં ઘણી સારી અસર થવા પામી છે. એમ આગેવાનો તથા સ્કૂલ માસ્તર છગનલાલ જણાવે છે.

## ૩ ધાર્મિક હિસાબ તપાસણી ખાતું.

(તપાસનાર–શેઠ ચુનીલાલ નહાનચંદ. ઓ. ઓડીટર શ્રી જૈન શ્વે૦ કોન્ફરન્સ,)

૧ **ઓરણુજ**—( મહાલ મેહસાણા,) (ઉ. ગુજરાત)

### શ્રી ચંદ્રપ્રભુજી મહારાજનું દેરાસર.

આ સંસ્થાનો સંઘ તરફથી વહીવટકર્તા વહોરા હકમચંદ નથુચંદના હસ્તકનો સંવત ૧૯૪૯ થી સં. ૧૯૬૮ ના વૈશાક શુદિ ૨ સુધીનો હિસાબ તપાસતાં જણાયું કે નામું રીતસર રાખવામાં આવ્યું નથી. તેમજ બહાર ગામની ટીપો કરી દેરાસર બંધાવ્યું તેનો હિસાબ રીતસર રાખવામાં આવ્યો નથી- તેમજ સં. ૧૯૪૯ થી આજ સુધીમાં ધર્માદાના હિસાબો પણ કોઇના કર્યા નથી. તે આ ખાતા તરફથી સર્વેના હિસાબો ચોખ્ખા કરી વહીવટ સારી રીતે રાખવાની સૂચના કરવામાં આવી છે. જે ખામીઓ દેખાણી તેનું સૂચન પત્ર વહીવટકર્તા ગૃહસ્થને આપવામાં આવ્યું છે.

૨ **લાંઘણજ**—(મહાલ મેહસાણા, ઉ. ગુજરાત.)

### શ્રી વાસુપુજ્ય મહારાજનું દેરાસર.

સદરહુ સંસ્થાનો સંઘ તરફથી વહીવટકર્તા શેઠ ખોડીદાસ છગનલાલ હસ્તકનો સંવત ૧૯૬૬ ના કારતક શુદિ ૧ થી સંવત ૧૯૬૮ ના વૈશાક શુદિ ૧ સુધીનો હિસાબ તપાસતાં જણાયું છે કે નામું રીતસર રાખી વહીવટ સારી રીતે ચલાવે છે પણ દેરાસરજીની મોટી રકમ એક વેપારીની પેઢી ચલાવવામાં આવતી હોય તેની માફક ગામ મધ્યેના શ્રાવકોને ધીરવામાં આવી છે અને તેનાં નાણા હજીસુધી વસુલ થતાં નથી. તેથી કરી વહીવટકર્તા ગૃહસ્થને નાણાં તાકીદે વસુલ કરવા સૂચવવામાં આવ્યું છે, અને જે જે દેણદારો પાસે ઉઘરાણી કરવા છતાં નાણાં ન ચૂકાવી આપે તેઓનાં નામની ટીપ આ ખાતા તરફ મેકલવા કહેવામાં આવ્યું છે.

૩ **પલીયડ**—(મહાલ કલોલ-ગુજરાત.)

### શ્રી સંભવનાથ મહારાજનું દેરાસર.

સદરહુ દેરાસર ઘણા પ્રાચીન વખતનું છે. પણ હાલમાં તે ગામમાં જૈનની વસ્તી ન હોવાથી વહીવટ ખોરજનું મહાજન કરે છે તેમના હસ્તકનો સં. ૧૯૬૬ ના કારતક શુદિ ૧ થી સંવત ૧૯૬૮ ના વૈશાક શુદિ ૧ સુધીનો હિસાબ તપાસતાં જણાયું કે વહીવટ સારી રીતે ચલાવે છે. પણ મજકુર વહીવટનાં નાણાં તેની આસપાસના ગામોમાં તથા પોતાના ગામોમાં જૈનીઓને સ્પંગઉધાર વ્યાજે ધીરવામાં આવ્યાં છે. તે નાણાં દેણદારો આપતા નથી તે બહુજ દીલગીર થવા જેવું છે. ખોરજના મહાજન સાથે જામળા તથા સોજાવાળા પણ વહીવટ કરે છે. દેરાસરના પૂજનને લગતું ખર્ચ પૂરૂં નહી થવાથી સદરહુ દેરાસર મધ્યે જે કંઇ દેવ દ્રવ્ય ઉત્પન થાયછે તેમાંથી ખર્ચ કરવામાં આવે છે. સંવત ૧૯૬૫ સુધી એક ચોપડીમાં ખાતાં રાખવામાં આવતાં હતાં, સંવત ૧૯૬૬થી એક ચોપડામાં મેળ તથા ખાતાં રાખવામાં આવ્યાં છે. દેરાસરનાં નાણાં મોટે ભાગે જૈનીઓને ધીરવામાં આવ્યાં છે, તેમાંના કેટલાક જૈનીઓની સ્થિતિ સારી હોવા છતાં પોતાના ખાતાનો હિસાબ

કરતા નથી તેમ નાણાં આપતા નથી તે ઉપર ધ્યાન આપવા વહીવટકર્તા ગૃહસ્થોને સૂચવવામાં આવ્યું છે. તપાસણી દરમિયાન જે જે ખામીઓ દેખાણી તેનું સૂચનપત્ર વહીવટકર્તા ગૃહસ્થોને આપવામાં આવેલ છે.

**નોટ**—આ ખાતા તરફથી તપાસવામાં આવેલા ધાર્મિક સંસ્થાના હિસાબોને લગતા જે રિપોર્ટો પ્રગટ કરવામાં આવે છે તેમાનાં કેટલાક રીપોર્ટોમાં જણાવવામાં આવે છે કે જૈન શલી પ્રમાણે નામું લખવામાં અથવા હિસાબ રાખવામાં આવતો નથી. તે જૈન શૈલી પ્રમાણે કેવી રીતે હિસાબ રહી શકે તેના ખુલાસામાં જણાવવાનું જે આપણી ધાર્મિક સંસ્થાઓનાં દેવ દ્રવ્ય, જ્ઞાન દ્રવ્ય, સાધારણ દ્રવ્ય, કેસર, સુખડ, બાદલા તથા સારા માર્ગ તથા નિરાશ્રિત વિગેરે ખાતાંઓ હોય છે તેમાં પહેલા બે ખાતાનું દ્રવ્ય બીજા કોઇપણ ખાતામાં વાપરી શકાતું નથી. સાધારણ ખાતાનું દ્રવ્ય ચોકસ ધાર્મિક ખાતાંઓ સિવાય બીજા ખાતાંઓમાં વાપરી શકાતું નથી, છતાં કેટલીક સંસ્થાના વહીવટકર્તાઓને જૈન શૈલીનો અનુભવ નહી હોવાથી અથવા બે દરકારીથી પોતાની ખુશી પ્રમાણે દરેક ખાતનું ખર્ચ દેવ દ્રવ્ય ખાતે લખે છે જેથી જૈનીઓ દેવ દ્રવ્ય તથા જ્ઞાન દ્રવ્યના લેપમાં પડી દુઃખી થાય છે, તેથી ઉપર જણાવ્યા પ્રમાણે લખવામાં આવે છે. આપણી ધાર્મિક સંસ્થાને લગતા ખર્ચના હિસાબ જૈન શલી પ્રમાણે લખવામાં આવે તો ઉપર જણાવેલી અડચણો દુર થઇ જાય.

## ના. શેહેનશાહને આપેલ માનપત્રનો આવેલ જવાબ.

Copy of the letter received from Collector of Bombay in relation to the Address given by the Jain Community to their Imperial Majesties.

529　　　　No. L. R. 5980 of 1912.
Bombay Collector'sOffice.
22" August 1912.

Sir,

In continuation of this office letter No L. R. 1927, dated the 26th March 1912. I am directed to inform you that the address of the Jain Community of the Bombay Presidency has been laid before Their Imperial Majesties.

2. I am further directed to convey to you and to your co-signatories of the address the thanks of His Majesty the King Emperor for your Community's loyal and dutiful address.

I have &c
(signed) E. L. Sale.
Collector.

## વસુલ આવેલ લવાજમ સંબંધીની સૂચના.

આ માસિકના અગષ્ટ માસના અંકથી વી. પી. કરવાનું શરૂ કરવામાં આવેલ છે તેમજ મુંબઇના ગ્રાહકોનાં (નજીકના ભાગમાં) બીલ બનાવી પટાવાળા માર્ફત લવાજમ વસુલ કરવામાં આવે છે. **લવાજમનો પહોંચ** આ અંકમાં આપવા વિચાર હતો પણ જગ્યાના સંકોચને લીધે તેમ બની શક્યું નથી લગભગ ૨૫૦ વી. પી. ના રૂપીઆ આવી ગયા છે. નામવાર પહોંચ આવતા અંકથી આપવામાં આવશે. ઝાંઝીબારના ગ્રાહકોના લવાજમના રૂ. ૪૬-૧૪-૦ શેઠ સાકરચંદ દેવચંદ માર્ફત મલ્યા છે તેઓની નામવાર પહોંચ પણ હવે પછીના અંકમાં આપીશું.

---

## પર્યૂષણ અંક.

આ અંક દળદાર અને વિદ્વાનોના ઉત્તમ વિષયોથી ભરપૂર થયો છે એ સૌ કોઇ સ્વીકારશે, એટલે વધુ પ્રશંસા કરવાની જરૂર રહેતી નથી. આ અંકની નકલ ઓછી હોવાથી છૂટક મળી શકશે નહિં, પરંતુ જે સુજ્ઞ મહાશયો નવા ગ્રાહક તરીકે નામ નોંધાવશે અને લવાજમ મોકલી આપવા કૃપા કરશે તેમને આ અંકપર હક રહેશે. ચાલુ ગ્રાહકો આ અંક પંહોચ્યે નીકળતું લવાજમ મોકલી આપવા કૃપા કરશે અને આ કોન્ફરંસને વધુ શ્રમ અને ખર્ચમાં ઉતારશે નહિ એમ અમોને સંપૂર્ણ આશા છે.

મેનેજર–જૈન–શ્વે–કો–હેરલ્ડ.

---


## આ પત્રના તંત્રી કૃત પુસ્તકો.

| | | |
|---|---|---|
| **નયકર્ણિકા** | (નયપર સરલ વિવેચન સાથે) | ૦–૬–૦ |
| **જિનદેવદર્શન** | (પ્રભુના દર્શનનું રહસ્ય સમજાવનાર) | ૦–૩–૦ |
| **સામાયિકસૂત્ર** | (અર્થ, ભાવાર્થ, વિવેચન સહિત) | ૦–૬–૦ |
| **જૈનકાવ્યપ્રવેશ** | (સુંદર સ્તવનો પદાદિ, વિવેચન સાથે) | ૦–૬–૦ |
| **સમ્યકત્વના ૬૭ બોલનીસઝાય** | (શ્રી યશોવિજયજી કૃત ભાવાર્થ સાથે) | ૦–૧–૦ |

**જથાબંધ યા છુટક યા પ્રભાવના માટે**—લખો.

**બાલાભાઇ છગનલાલ** ... ... ઝીકાભટનીપોળ **અમદાવાદ.**

**મેઘજી હીરજીની કંપની** ... ... ... પાયધોની **મુંબઈ.**

## વિષયાનુક્રમણિકા.


1 Give us men–A Poem–(Oliver Wendell Holmes) 261
2 Naya-Karnika A Primer of Jain Logic. 262
3 A Synospis of the theory of Karma. (Sushil) 271
4 Karmas. (A Seeker) 277
૫ ખમાવું છું ક્ષમા કરજો! —એક કાવ્ય. ૨૮૧
૬ ક્ષમાપના (રા. રા. અમૃત) ૨૮૧
૭ શ્રી પર્યૂષણ પૂર્ણાહુતિ (રા. રા. મનઃસુખ કિરતચંદ મહેતા) ૨૮૨
૮ પર્યૂષણ પર્વ ને આપણું કર્તવ્ય.
(રા. રા. ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની બી. એ., એલ્ એલ્ બી. ૨૮૭
૯ શ્રીમન્ વીરપ્રભુ સ્તુતિ.—કાવ્ય (રા. રા. પ્રાણજીવન મોરારજી શાહ.) ૨૯૨
૧૦ વીરપ્રભુનો જન્મોત્સવ (રા. રા. વીરમણી.) ૨૯૫
૧૧ શ્રી મહાવીર જયન્તિ (ગં. સ્વ. બ્હેન નિર્મળા.) ૨૯૬
૧૨ ઐતિહાસિક પુરૂષોનો ઉત્સવ શામાટે કરવો જોઇએ? ૨૯૯
૧૩ પ્રભુશરણે--કાવ્ય. (રા. રા. વસન્ત) ૩૦૩
૧૪ શાલિભદ્રનો ગૃહત્યાગ--ખંડકાવ્ય (રા. રા. અમૃત.) ૩૦૪
૧૫ શાલિભદ્ર—એક ટુંકી ધર્મકથા. ૩૦૬
૧૬ સદ્ગત શ્રી ગોવિન્દજીને......સ્નેહાંજલિ !--કાવ્ય (રા. રા. અમૃત.) ૩૧૨
૧૭ સાધારણ જિનસ્તવન.--કુમારપાળ ભૂપાળ વિરચિત
(સન્મિત્ર મુનિશ્રી કર્પૂરવિજયજી. ૩૧૩
૧૮ મિ. હર્બર્ટ વૉરનનાં પ્રશ્નોનાં ઉત્તર. (રા. રા. મનઃસુખલાલ કિરતચંદ મહેતા. ૩૧૬
૧૯ પત્ર પ્રાસાદ—બહેનનો પત્ર (રા. રા. સંન્યાસી.) ૩૧૯
૨૦ શિયળ વિનાની નારી —કાવ્ય. (રા. રા. પ્રાણજીવન મોરારજી શાહ.) ૩૨૫
૨૧ જૈન સાહિત્યની ગુજરાતપર અસર
(રા. રા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી. એમ. એ, એલ્એલ્ બી.) ૩૨૬
૨૨ જૈન પારિભાષિક શબ્દો અને ગુજરાતી ભાષાના શબ્દકોશો.
(રા. રા. ચુનીલાલ વર્ધમાન શાહ.) ૩૨૮
૨૩ એક પર્યેષક ચિત્ર --કાવ્ય. (રા. રા. અમૃત.) ૩૩૧
૨૪ વ્હાલ ઘેલાંની દેવપૂજા.--કાવ્ય. (રા. રા. લલિત.)
૨૫ જૈન સંસ્થાઓ. (રા. રા. ભોગીન્દ્રરાવ ર. દિવેટિયા. બી. એ.) ૩૩૨
૨૬ દાનધર્મ (રા. રા. હાકેમચંદ હરજીવન મણિયાર. એમ. એ., એલ્એલ્. બી) ૩૩૭
૨૭ અમે તો દીનવત્સલ (રા. રા. લલિત) ૩૪૨
૨૮ શ્રીમદ્ જ્ઞાનસારજી ૩૪૩

૨૯ મનનું પ્રાબલ્ય--કાવ્ય, (શ્રીમદ્ જ્ઞાનસારજી) ૩૪૪
૩૦ નિશ્ચયે 'હું'-કાવ્ય ,, ,, ,,
૩૧ આત્મવિસ્મૃતિ--કાવ્ય ,, ,, ૩૪૫
૩૨ સાધુનો ભેખ--કાવ્ય ,, ,, ,,
૩૩ ધર્મનાં ચિન્હ (રા. રા. કુંવરજી આણંદજી) ૩૪૬
૩૪ પ્રભુજી! આપ વિના કોઇનો આધાર નથી-કાવ્ય. (રા. રા. વસન્ત.) ૩૫૦

૩૫ કોન્ફરન્સ ગૌમાતાનું રક્ષણ કરો.--કાવ્ય (મુનિશ્રી બુદ્ધિસાગરજી) ૩૫૧
૩૬ હિંદની દોલત—કાવ્ય. (રા. રા. દિવાનો.) ૩૫૨
૩૭ હિંદનો વ્યાપાર—કાવ્ય. (રા. રા. દિવાનો) ૩૫૩
૩૮ વાર્ષિક સરવૈયું. (રા. રા. અમરચંદ ઘેલાભાઇ.) ૩૫૩
૩૯ નિરાશા — કાવ્ય. (રા. રા. વસન્ત) ૩૫૭
૪૦ નિરાધાર દશા —કાવ્ય (,, ,, ,,) ૩૫૮
૪૧ હવે શું કરવું!--કાવ્ય (,, ,, ,,) ૩૫૮
૪૨ હવે કયે રસ્તે જઇશું (રા. રા. સમયધર્મ) ૩૫૯
૪૩ પ્રબલ આશા.-કાવ્ય (રા. રા. વસન્ત) ૩૭૦
૪૪ પ્રતિક્રમણ (મુનિશ્રી ચારિત્રવિજયજી) ૩૭૧
૪૫ ધાર્મિક સૈનિકને પ્રોત્સાહ—કાવ્ય (રા. રા. વસંત) ૩૮૨
૪૬ પ્રેમપોથી [રા. રા. ઉપશમ] ૩૮૪
૪૭ ગુરૂદેવની સ્તુતિ -- કાવ્ય [ગં. સ્વ, નિર્મળા બ્હેન] ૩૯૫
૪૮ नय विचारणा (मुनि श्री रत्नचंद्रजी) ૩૯૭
૪૯ ચિત્ર પરિચય (સર વસનજી ત્રીકમજી, શેઠ લાલભાઇ દલપતભાઇ, શ્રીયુત મ્હેપાણી, નગરશેઠ ચીમનભાઇ લાલભાઇ) ૪૦૦
૫૦ જૈન કોન્ફરન્સ વર્તમાન ૪૦૯